વાર્ષિક લવાજમ
રૂા. ૧૫૦/-

વર્ષ : ૩૮મું
જૂન : ૨૦૧૩
અંક : ૪૨૧

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર



લક્ષ્મી વિલાસ પેલેસ
વડોદરા

તંત્રી મંડળ :
અશોક મહેતા - મુખ્ય તંત્રી
મનુભાઈ શાહ
દિનેશચંદ્ર મહેતા

મુખ્ય કાર્યાલય
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-કુંદરોડીવાળા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchi_jainamd@hotmail.com • Website : www.kutchijainahd.org

navbharat
sahitya mandir
An icon of literature

બાળસાહિત્ય હોય કે કિશોર સાહિત્ય, યુવાવર્ગ હોય કે પ્રૌઢ વર્ગ
દરેક વર્ગને ઉપયોગી સાહિત્ય અમારી પાસેથી આપને મળી રહેશે.

## નવભારત સાહિત્ય મંદિર પ્રકાશિત પરિવારમાં વસાવવા જેવાં પુસ્તકો

| પુસ્તકનું નામ | લેખક | કિંમત |
|---|---|---|
| કૃષ્ણાયન | કાજલ ઓઝા-વૈદ્ય | ૨૫૦.૦૦ |
| વ્હાલી અવસ્થા | કાજલ ઓઝા-વૈદ્ય | ૨૫૦.૦૦ |
| મારી મમ્મી મારા પપ્પા | કાજલ ઓઝા-વૈદ્ય | ૨૦૦.૦૦ |
| પ્રેમનો પાસવર્ડ | અંકિત ત્રિવેદી | ૨૦૦.૦૦ |
| હાર્ટ બીટ | અંકિત ત્રિવેદી | ૧૫૦.૦૦ |
| મૌનની મહેફિલ | હર્ષ બ્રહ્મભટ્ટ | ૧૫૦.૦૦ |
| ખુદનેય ક્યાં માપ્યો છું | હર્ષ બ્રહ્મભટ્ટ | ૧૭૫.૦૦ |
| શબ્દ સાથે મારો સંબંધ | સં. હર્ષ બ્રહ્મભટ્ટ/અનિલ ચાવડા | ૨૫૦.૦૦ |
| સુખ-દુઃખ મારી દૃષ્ટિએ... | સં. અનિલ ચાવડા | ૪૦૦.૦૦ |
| એકલતી વાર્તા | અનિલ ચાવડા | ૧૨૫.૦૦ |
| કોફીબ્રેક | તુષાર શુક્લ | ૮૫.૦૦ |
| વેમન ટી | તુષાર શુક્લ | ૧૨૦.૦૦ |
| નરેન્દ્ર મોદીની જીવનકથા | આદિત્ય વાસુ | ૨૦૦.૦૦ |
| પ્રોફેશનલ: ખુશ્બોનાં ભાગ્ગી | અનુ. આદિત્ય વાસુ | ૨૨૫.૦૦ |
| રહસ્યની પેલે પાર | ચંદ્રકાંત બક્ષી | ૩૯૫.૦૦ |
| સમગ્ર મરીઝ | સં.રાજેશ વ્યાસ 'મિસ્કીન' | ૪૦૦.૦૦ |
| સ્વસ્થ હૃદય સ્વસ્થ શરીર | ડૉ. વિવેક કે. મેહતા | ૧૫૦.૦૦ |
| યુ કેન હીલ યોર લાઈફ | અનુ. આદિત્ય વાસુ | ૨૫૦.૦૦ |
| જસ્ટ એક મિનિટ ભા. ૧-૨ | રાજુ અંધારિયા | ૩૦૦.૦૦ |
| તમે... સફળતાના શિલ્પી | રાજુ અંધારિયા | ૧૫૦.૦૦ |
| ચિંતનને ચમકારે | કૃષ્ણકાન્ત ઉનડકટ | ૨૦૦.૦૦ |
| અવિસ્મરણીય ભા. ૧-૨ | ઈશા-કુન્દનિકા | ૫૦૦.૦૦ |
| સાત પગલાં આકાશમાં | કુન્દનિકા કાપડિયા | ૩૨૫.૦૦ |
| પ્રેમ તારો, મારો અને આપણો | ડૉ. હંસલ ભચેચ | ૨૯૫.૦૦ |
| પણ હું તો તને પ્રેમ કરું છું | ડૉ. હંસલ ભચેચ | ૨૫૦.૦૦ |
| દીકરી વ્હાલનો દરિયો | સં. વિનોદ પંડ્યા-કાન્તિ પટેલ | ૨૪૦.૦૦ |
| દીકરી એટલે દીકરી | કાન્તિ પટેલ | ૩૩૦.૦૦ |
| સફળતાનાં સ્વાતિબિંદુ | દીપક કાશીપુરિયા | ૧૫૦.૦૦ |
| તારક મહેતાના ઊંધા ચશ્મા | તારક મહેતા | ૧૪૦.૦૦ |
| પીડામાંથી પ્રેરણા | કાન્તિ ભટ્ટ | ૯૦.૦૦ |
| થિન્ક એવરેસ્ટ | અતુલ કરવલ/અનિતા કરવલ | ૩૨૫.૦૦ |
| ચિંતનની વિસ્તરતી ક્ષિતિજે | હર્ષદ પ્ર. શાહ | ૧૮૦.૦૦ |
| મનદુરસ્તી | ડૉ. પ્રશાંત ભીમાણી | ૨૦૦.૦૦ |
| સફળતાનો મંત્ર | કિશોર મકવાણા | ૧૯૫.૦૦ |

**નવભારત સાહિત્ય મંદિર**

આપને મનગમતાં કોઈ પણ પુસ્તક માટે સંપર્ક કરો તથા અમારે બે સેન્ટ્રલ એ.સી. શો-રૂમની મુલાકાત લો.



BHARAT B. GALA

NAVINCHANDRA D. DEDHIA

SRE

Raju
ENTERPRISE

**RE-ROLLING / S.S. PATTA - PATTI**

179 & 323, Unit-2, G.V.M.M., Odhav, Ahmedabad - 382 415.
Telefax : 2290 0896, 2290 0300 Mob. : 93270 05460, 80006 05460

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

**Deep Industries Limited**

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

**Deep Industries Limited**

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email **info@deepindustries.com**

BVQi UKAS QUALITY MANAGEMENT

AN ISO 9001 - 2000 COMPANY

IADC

ROMAN
GROUP

Give Your Society The Best!













Pest Control

Water Purifier

Water Proofing

Building Facilities

Silicon Acrylic Paint

Water Treatment Plant

Rain Water Harvesting

Solar Water Heating Systems

Tank And Ringwell Cleaning

Property Redevelopment And solutions

Landscaping And Play Equipment For Gardens

Roman Group of Companies
Sant Villa, Road No. 2, Juhu Scheme, Vile Parle (W), Mumbai - 400056
Tel: +91 22 6152 2400 / 6692 6166 / 67 / 68
Email Id: info@romangroup.in
www.romangroup.in

# કેર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ

**સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર**

**મલ્ટી-સુપર સ્પેશિયાલીટી ગ્રીન હોસ્પિટલ**

**આપનો વિશ્વાસ...અમારી સારવાર**

**કેર ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાઇન્સીઝ એ અમદાવાદના હાર્દસમા વિસ્તારમાં ૧૫૦ બેડ ધરાવતી અતિ આધુનિક ઉપકરણોથી સજ્જ એક અદ્વિતિય મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલ છે.**












## હૃદયની સર્જરી ફક્ત ૩-૪ ઇંચના કાપાથી

**મીનીમલી ઇન્વેસીવ કાર્ડિયાક સર્જરી (MICS)**




MICS ના અત્યાધુનિક સાધનોથી સુસજ્જ પશ્ચિમ ભારતની પ્રથમ હોસ્પિટલ

આ હૃદય રોગ સર્જરી (MICS) ના ફાયદા:

ઝડપી રીકવરી • ઓછા રોકાણ • ઓછો દુ:ખાવો • કોસ્મેટીક ફાયદો

**પ્રથમ ૧૦૦ ટેમીનાર એરફ્લો મોડ્યુલર ઓપરેશન થીએટર્સ**

### ૩૦૦૦ થી વધારે હૃદયની સર્જરીનો અનુભવ ધરાવતી કાર્ડિયાક સર્જરી ટીમ

- બાયપાસ સર્જરી
- નબળા અને પહોળા હૃદય માટેની વિશેષ પ્રકારની સર્જરી (SVR)
- વાલ્વ રિપેર અને રિપ્લેસમેન્ટ સર્જરી
- નાના ચેકાવાળી ઓપન હાર્ટ સર્જરી
- પીડિયાટ્રીક કાર્ડિયાક સર્જરી
- થોરાસીક સર્જરી
- મગજ અને હાથ-પગની ધમનીઓની સર્જરી
- હાઇબ્રીડ સર્જરી

### સીમ્સ કાર્ડિયોલોજી ટીમની સિદ્ધિઓ

- ૨૫ વર્ષથી વધારે અનુભવ ધરાવતી ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજી ટીમ
- ૧૫૦૦૦ થી વધારે એન્જિયોપ્લાસ્ટી અને ૫૦૦૦૦ થી વધારે એન્જીયોગ્રાફીનો અનુભવ
- ઇન્ડિયાની અગ્રણીય ટીમ દ્વારા ૨૪ x ૭ કાર્ડિયોલોજીની સેવાઓ
- પશ્ચિમ ભારતમાં સૌપ્રથમ વાર કાર્ટો-૩ સીસ્ટમ - હૃદયના અનિયમિત ધબકારા વાળા દર્દી માટે
- સ્ટેન્ટ/સર્જરીની જરૂર ન હોય ત્યાં દવા, કસરત, યોગ દ્વારા સારવાર
- પ્રથમવાર પીડિયાટ્રીક કાર્ડિયાક ઇન્ટરવેન્શનલ અને સર્જીકલ યુનિટ નિષ્ણાંત ટીમ સાથે

## સીમ્સ કાર્ડિયાક ટીમ

| | |
|---|---|
| **કાર્ડિયાક સર્જન** | |
| ડૉ. ધીરેન શાહ (ચોંભીયા) | (મો) +૯૧-૯૮૨૫૫ ૭૫૯૩૩ |
| ડૉ. ધવલ નાયક | (મો) +૯૧-૯૦૯૯૯૧ ૧૧૧૩૩ |
| **કાર્ડિયાક એનેસ્થેટીસ્ટ** | |
| ડૉ. નિરેન ભાવસાર | (મો) +૯૧-૯૮૭૭૫ ૭૧૯૧૭ |
| ડૉ. હિરેન ધોળકિયા | (મો) +૯૧-૯૫૮૧૩ ૭૫૮૧૮ |
| **પીડિયાટ્રીક કાર્ડિયોલોજી** | |
| ડૉ. કશ્યપ શેઠ | (મો) +૯૧-૯૯૨૪૬ ૧૨૨૮૮ |
| ડૉ. મિલન ચગ | (મો) +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭ |
| **નીઓનેટોલોજીસ્ટ અને પીડિયાટ્રીક ઇન્ટેન્સીવીસ્ટ** | |
| ડૉ. અમિત ચિતલીયા | (મો) +૯૧-૯૦૯૯૯ ૮૭૪૦૦ |
| **કાર્ડિયાક ઇલેક્ટ્રોફિઝિયોલોજીસ્ટ** | |
| ડૉ. અજય નાઈક | (મો) +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬ |

| | |
|---|---|
| **કાર્ડિયોલોજીસ્ટ** | |
| ડૉ. અનિશ ચંદારાણા | (મો) +૯૧-૯૮૨૫૦ ૯૬૯૨૨ |
| ડૉ. અજય નાઈક | (મો) +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬ |
| ડૉ. સત્ય ગુપ્તા | (મો) +૯૧-૯૯૨૫૦ ૪૫૩૮૦ |
| ડૉ. ગુણવંત પટેલ | (મો) +૯૧-૯૮૨૪૦ ૬૧૨૬૬ |
| ડૉ. કેયૂર પરીખ | (મો) +૯૧-૯૮૨૫૦ ૨૬૯૯૯ |
| ડૉ. મિલન ચગ | (મો) +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭ |
| ડૉ. ઉર્મિલ શાહ | (મો) +૯૧-૯૮૨૫૦ ૬૬૯૩૯ |
| ડૉ. હેમાંગ બક્ષી | (મો) +૯૧-૯૮૨૫૦ ૩૦૧૧૧ |
| ડૉ. જોયલ શાહ | (મો) +૯૧-૯૮૨૫૩ ૧૯૬૪૫ |
| ડૉ. રવિ સિંઘવી | (મો) +૯૧-૯૮૨૫૧ ૪૩૯૩૫ |

**CIMS®**
Care Institute of Medical Sciences

સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
ફોન :+૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫ (૫ લાઇન)
મો : +૯૧-૯૮૨૫૦૬૬૬૬૪, ૯૮૨૫૦૬૬૬૬૮
એપોઇન્ટમેન્ટ માટે ફોન : +૯૧-૭૯-૩૦૧૦ ૧૨૦૦, ૩૦૧૦ ૧૦૦૮
મોબાઇલ: +૯૧-૯૦૯૯૦ ૬૬૫૪૦
ઇમેલ : opd.rec@cims.me વેબ : www.cims.me

એમ્બ્યુલન્સ અને ઇમરજન્સી :
+૯૧-૯૮૨૪૪ ૫૦૦૦૦, ૯૭૨૩૪ ૫૦૦૦૦, ૯૦૯૯૦ ૧૧૨૩૪



# જીવદયાપ્રેમીઓ દાનવીર દાતાઓ



## આપના અમૂલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

- આપનો કે આપના પરિવારજનોનો, બાળકોનો જન્મદિવસ.
- લગ્નદિવસ, લગ્નતિથીની ઉજવણી, લગ્નના ૨૫ કે ૫૦ વર્ષની ઉજવણી.
- આપની જીંદગીના ૫૦/૭૫ વર્ષની ઉજવણી.
- આપના સ્વજનની પૂણ્યતિથી, દેવ-દેવીના પહેડી પ્રસાદનો દિવસ વગેરે પ્રસંગોને નિરાધાર-મુંગા જીવો માટે અભયદાનનો અવસર બનાવો.
- વર્તમાનકાળે પાંજરાપોળોને મુશ્કેલ પરિસ્થિતિ ઉદ્‌ભવી છે.
- વધુ વરસાદના કારણે લીલા દુકાળની પરિસ્થિતિ ઉદ્‌ભવી છે.
- ઘાસ-ચારા-દાણખાણના ભાવ વધતા જાય છે. ખુબ તંગી વર્તાય છે.
- હાલમાં પરિસ્થિતિ વિકટ છે તો ઉનાળામાં શું થશે ? પરિસ્થિતિ વધુ બગડશે.
- વધતા જતા વહિવટી ખર્ચ-મોંઘવારી અને ઘટતા જતા વ્યાજદરથી બે પાસા ભેગા કરવા મુશ્કેલ બન્યા છે.
- દરેક પાંજરાપોળોના બજેટખર્ચ દોઢાથી બમણા થઈ જવાની શક્યતા છે.
- વર્તમાનકાળમાં નવા નવા કતલખાના ખોલાતા પાંજરાપોળોની જરૂરિયાત વધી છે.
- યાંત્રિકરણ, શહેરીકરણ, વાહન વ્યવહાર વધવાથી પશુઓનો વપરાશ ઘટતો જાય છે.
- ચરિયાણ ગૌચરની જમીનો ઉદ્યોગોને અપાતા મોંઘી થતી જાય છે.
- ખેતીની પેદાશમાં રોકડીયા પાક તરફ ખેડુતોનું વલણ વધી ગયુ છે. ચરિયાણ ગૌચર જમીનો પર દબાણ થતા જાય છે.
- ખેડુતો તરફથી ભેટમાં મળતું ઘાસ ઓછું થવા લાગ્યું છે.
- આપણો વસવાટ શહેરોમાં થતા પશુઓ પ્રત્યે દયા-ભાવના લાગણી ઘટી છે.
- માંસાહારનો પ્રચાર વધતા, માંસની નિકાસ વધતા પશુઓની બેફામકતલ વધી છે.
- પશુ બચશે તો દેશ બચશે, ખેતી બચશે, પર્યાવરણ બચશે, ગરીબી, ભૂખમરો ઘટશે.

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકશો,
લિસ્ટ મંગાવી શકશો અથવા પ્રતિનિધીને રૂબરૂ બોલાવી લેશો.

## શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)

કાર્યાલય : શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલા માળે, ઓફિસ નં. ૧૨૭/૧૩૦. ભુજ-કચ્છ (ગુજરાત) ૩૭૦ ૦૦૧.

ભુજ ઓફિસ : ૦૨૮૩૨-૨૨૭૩૦૪. મો. ૦૯૯૦૪૮ ૩૧૫૧૪ (શ્રી ભરતભાઈ સંઘરવા)

## સૌજન્ય દાતા : દીપક તથા ગીરીશ ધારશી માલશી ભેદા - મોખા (થાણા)

: મુંબઈ ઓફિસ :

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)

૩૦૭/૩૧૧, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.

ટે. નં. ૨૩૮૧૩૭૩૩ / ૬૬૩૮૦૫૦૦. મો. ૯૯૨૦૨ ૯૮૭૨૬ / ૯૯૧૩૯ ૫૩૮૫૬

છેલ્લા ૩૮ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**
અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
દિનેશ આર. મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**સુડોકુ અને શબ્દ રમત**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક પાના નં.*

- તંત્રી લેખ :
  કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના સિંચાઈ માટેના પાણી
  તથા ડી-સેલિનેશન પ્લાન્ટના પાણી .......... અશોક મહેતા ........ ૯
- આગામી કાર્યક્રમોની એક ઝલક .......... ૧૨

*લેખ વિભાગ :*

### કચ્છ

- નેતાગીરીની ઉદાસીના કારણે
  કચ્છને ફાળવાયેલ વધારાના પાણીની યોજનાનું કાર્ય અટકે છે .......... અશોક મહેતા ..... ૧૩
- જખૌનું કબ્રસ્તાન .......... ડૉ. પુલીન વસા ..... ૧૫
- ખારોઈમાં રચાઈ રહી છે અજબ સૃષ્ટિ .......... લતિકા સુમન ...... ૧૭
- કચ્છનો કેસરી વીર કારાયલ અને સતી કપૂરી (ગતાંકથી ચાલુ)
  કચ્છની રસધાર : મણકો-૧૦ .......... દુલેરાય કારાણી ..... ૧૯
- મહારાવે ભાયાતો અને જાગીરદારો પર મહેસૂલી કર લાદયો .......... નરેશ અંતાણી ..... ૨૫

### શિક્ષણ

- વિદ્યાર્થી, વિવાહાર્થી કે પેટાર્થી? .......... મુનિ વિદ્યાવિજયજી ..... ૩૨

### ધર્મ

- જૈન ધર્મનો પરિચય
  કચ્છમાં જૈન સંસ્કૃતિ – એક દષ્ટિપાત : મણકો-૧ .......... ડૉ. નીતા ઠાકર ..... ૩૭

### સમાજની ક્ષિતિજો

- કચ્છી સંસ્થા વિશેષાંકના વિશ્લેષણની ઘડીએ .......... અશોક મહેતા ..... ૪૪
- સ્ત્રીઓ ઉપરના અત્યાચાર –
  કેટલાક અભ્યાસ અને તેના તારણો .......... મગનલાલ મોતીચંદ સંઘવી ..... ૫૩
- વાસ્તુશાસ્ત્રથી નહીં, વસ્તુશાસ્ત્રથી સુખ મળી શકે .......... દિનેશ પાંચાલ ..... ૫૪
- જન્માક્ષર .......... શાંતિલાલ સંઘવી ..... ૫૬
- આપરો જે.આર.ડી.
  સંભારણાની સફર : મણકો-૨ .......... ડૉ. સુધા મૂર્તિ ..... ૫૭

### ઇતિહાસ

- અલ્લુરી સીતારામ રાજુ
  ફાંસીના વરરાજાઓ : પ્રકરણ-૪ .......... સ્વામી શ્રી સચ્ચિદાનંદજી ..... ૬૧
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઈતિહાસ
  પ્રકરણ-૧૮ .......... સંકલન : પ્રતાપ નારાણજી દંડ ..... ૬૩

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી દિનેશ રતિલાલ મહેતા
ઘર : ૨૬૬૭૦૨૪૬
મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## માહિતી


- હક્કો – સેવાઓ પ્રાપ્તિનો ટુ-વે પ્રોજેક્ટ – "આધાર" કાર્ડ ............ પ્રા. સૂર્યકાંત ભટ્ટ..... ૬૫


## તંદુરસ્તી


- 'મને નવા ફ્લેટમાં રહેવું ગમતું નથી' .................ડૉ. મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ શાહ (ગડા) ...... ૬૭


## વાર્તા


- ઈશાને અમદાવાદ નથી ગમતું.................................................. ડૉ. ઊર્મિલા શાહ..... ૬૯


## હળવાશની ક્ષણોમાં


- બાલુડેં જ્યું ગાલિયું ........................................સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા..... ૭૧
- બોધ કથા : અડધો કલાક બીજા માટે જીવીએ.................... ગુલાબચંદ ધારશી રાંભિયા..... ૭૨


## નિયમિત વિભાગો


- લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી ........................................................................ ૭૩
- આંજો કાગર....................................................................................... ૭૪
- અન્ય સંસ્થાઓના સમાચાર ............................................................................ ૭૬
- 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ............................................................ ૭૬
- સાર સમાચાર............................................................ સંકલન : શાંતિલાલ સંઘવી..... ૭૭
- શબ્દ રમત-૮૩.......................................................... સંકલન : રજનીકાંત પારેખ..... ૭૯
- સુડોકુ – ૧૦૩૯......................................................... સંકલન : રજનીકાંત પારેખ..... ૮૧
- જાણવા જેવું ........................................................... સંકલન : રજનીકાંત પારેખ..... ૮૨
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકો – સાભાર સ્વીકાર ............................................................ ૮૩
- વલોવતન.................................................................. સંકલન : દિનેશ આર. મહેતા..... ૮૪
- સમાજ દર્પણ....................................................................................... ૮૭
- સંસ્થા સમાચાર.................................................................................... ૮૮
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ........................................ ૯૨
- ઊડતી નજરે....................................................................................... ૯૪


## અભણ

જે માણસ ભણેલ હોય છતાં પુસ્તક ન વાંચે તે અભણ છે. જે યુવક સ્નાતક થયો હોય તોય દહેજ લઈને પરણે તે અભણ છે. જે પતિ ડિગ્રીધારી હોય, પરંતુ પત્ની પર જુલમ કરતો હોય તો તે અભણ છે. જે પત્ની ડિગ્રીધારી હોય, પરંતુ પતિને તેની મા વિરુધ્ધ ઉશ્કેરતી હોય તે અભણ છે. પી.એચ.ડી. થયેલો માણસ વ્યસનમાં ડૂબેલો હોય તો તે અભણ છે.

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના સિંચાઈ માટેના પાણી તથા ડી-સેલિનેશન પ્લાન્ટના પાણી

*— અશોક મહેતા*

કાળના ચક્રમાં છેલ્લા સેંકડો વર્ષથી કચ્છ એક દુષ્કાળગ્રસ્ત અથવા તો અછતગ્રસ્ત પ્રદેશ રહેવા પામેલ છે. આ સૂકા પ્રદેશમાં થઈને કોઈ બારમાસી નદી પણ પસાર થતી નથી કે જેથી અહીં સુનિશ્ચિત ખેતી થઈ શકે અને તેથી જ સ્થાનિક પ્રજાને રોજી - રોટી રળવા અન્યત્ર વસવાટ કરવો પડે છે. ૨૦૦૧ના ધરતીકંપ બાદ કચ્છની સ્થાનિક વસતી ૨૦ લાખની થઈ જવા પામી. તો એટલા જ કચ્છીઓએ આ અગાઉ રોજી-રોટી મેળવવા સ્વહસ્તે દેશવટો વહોરી લીધેલ છે.

### • કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના પાણી :

અગાઉ કચ્છ સિંધુ તટનો પ્રદેશ ગણાતો હતો. ઉત્તરની નદીઓના ભારત-પાકિસ્તાનના ઝઘડા સામે ૧૯૫૪માં વિશ્વ બેંકે એક પ્રપોઝલ આપી કે જેનો બંને દેશોએ સ્વીકાર કર્યો. આ પ્રપોઝલ મુજબ પશ્ચિમની ત્રણ નદીઓ — સિંધુ, જેલમ અને ચિનાબના પાણી પાકિસ્તાનને ફાળવવામાં આવ્યા અને પૂર્વની ત્રણ નદીઓ — રાવી, બિયાસ અને સતલજના પાણી ભારતને ફાળવવામાં આવ્યા. આ રીતે સિંધુ નદીના સંપૂર્ણ પાણી પર ભારતે પાકિસ્તાનનો હક્ક માન્ય રાખતાં સિંધુના તટ પ્રદેશ તરીકે તેના પાણી માટે કચ્છનો હક્ક પણ જતો રહ્યો. ત્યારબાદ ભાખરા-નાંગલના પાણી રાજસ્થાનથી કેનાલ દ્વારા કચ્છમાં લાવવાની વાતો ચાલી પરંતુ એ પણ કામિયાબ ના રહી. જે-તે સમયે કચ્છનો રાજકીય અવાજ બોદો પુરવાર થયો. છેવટે એકમાત્ર નર્મદા નદીના પાણી પર કચ્છની ખેતીનો આધાર રહ્યો. વર્ષોની કાર્યવાહીના અંતે નર્મદા નદીના નિયમિત પાણીમાંથી ૦.૫ એમ.એ.એફ. અને વધારાના પાણીમાંથી ૧.૦૦ એમ.એ.એફ. પાણી કચ્છને ફાળવવામાં આવ્યા. (૧ એમ.એ.એફ. એટલે ૧૦ લાખ એકર જમીન પર ૧ ફૂટ પાણીનો જથ્થો)

### • કચ્છને ફાળવવામાં આવેલ પાણીના સૂચિતાર્થ :

કચ્છને ફાળવવામાં આવેલ ઉપરોક્ત પાણી નિયમિતપણે કચ્છના ખેતરોમાં પહોંચાડવામાં આવે તો ૦.૫ એમ.એ.એફ. નિયમિત પાણીથી ૨,૮૫,૦૦૦ એકર જમીનમાં ખેતી થઈ શકે અને વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણીથી (ચોમાસામાં વરસતા વરસાદના પાણી સહિત) ૧૦,૮૦,૦૦૦ એકરમાં ખેતી સુનિશ્ચિત થઈ શકે. ટોટલ ૧૩,૬૫,૦૦૦ એકરમાં આ પાણીથી ખેતી થઈ શકે. આજની ગણનાએ ખેતી માટે એક એકરે બધા જ પ્રકારના ખર્ચ બાદ કરતાં રૂા. ૧૫,૦૦૦/-ના નફાની ગણનાએ દર વર્ષે રૂા. ૨૦૪૭ કરોડ જેટલી આવક આ ખેતીથી કચ્છના ગામડાના ખેડૂતોની થવા પામે. કચ્છના ગામડાની એક વ્યક્તિનો ખાવા-પીવા-રહેવાનો ખર્ચ મહિને રૂા. ૨,૦૦૦/- ગણીએ તો દર વર્ષે તે ખર્ચ રૂા. ૨૪,૦૦૦/- થાય. **આ હિસાબે અંદાજિત ૮,૫૦,૦૦૦ વ્યક્તિના એક વર્ષના ખર્ચનો નિભાવ આ આવકમાંથી થઈ શકે.** કચ્છ પ્રદેશ માટે નર્મદા નદીના પાણીની આ યોજના અદ્વિતીય અને પ્રભાવકારક ગણી શકાય. કચ્છની સ્થાનિક વસતિમાં અસરકારક બદલાવ આવી શકે. કચ્છમાં જાહેર કાર્યોને સમર્પિત એકેએક વ્યક્તિએ આ યોજના શક્ય ત્વરાએ ચરિતાર્થ થાય તેવા પ્રયાસો આદરવા ઘટે. **૦.૫ એમ.એ.એફ. નિયમિત પાણીના આયોજનો સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા કરવામાં આવે છે, જ્યારે ૧.૦૦ એમ.એ.એફ. વધારાના પાણીના આયોજનો જળસંપત્તિ વિભાગ દ્વારા કરવામાં આવે છે.**

### • નિયમિત પાણી :

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે** વર્ષ ૨૦૦૩થી આ યોજનામાં રસ લેવાનું શરૂ કર્યું. આ યોજનાનો અભ્યાસ કરતા તેને આ યોજનાની વિશિષ્ટતા સમજાઈ. તરત જ તેણે નર્મદા નિગમના અધિકારીશ્રીઓ સાથે શ્રેણીબધ્ધ મીટિંગોના આયોજનો શરૂ કર્યા. છેવટે વર્ષ ૨૦૦૫માં ૩૫૪ કિ.મી. લાંબી કચ્છ બ્રાંચ કેનાલમાંથી ૭૬ કિ.મી.ના ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા. ત્યારબાદ વિભાગ પ્રમાણે જે તે કોન્ટ્રાક્ટરો પાસેથી કામો પણ શરૂ કરાવવામાં આવ્યા. આગળ જતાં આ કાર્યોની ગતિ ધીમી પડી ગઈ. કોઈ સ્થળે કોન્ટ્રાક્ટરને નર્મદા નિગમ પૂરી વિગત પૂરી ના પાડી શક્યું, તો કોઈ સ્થળે કોન્ટ્રાક્ટરની કાર્યવાહી ધીમી પડવા લાગી. વર્ષ ૨૦૦૮માં ફરી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ દ્વારા નર્મદા નિગમ સામે

*સિદ્ધિ તેને જઈ વરે, જે પરસેવે ન્હાય.*

ઝુંબેશ શરૂ કરવામાં આવી. વર્ષ ૨૦૧૦માં નર્મદા નિગમ ફરી સજાગ થયું. જૂના કાર્યો પૂરા કરાવવા તરફ ધ્યાન આપ્યું અને નવી કેનાલો તથા ત્રણે પમ્પિંગ સ્ટેશનોના ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા.

આ સમયે ગુજરાત સરકારશ્રીની હકારાત્મક દૃષ્ટિના દર્શન થયા. તેની પ્રબળ રાજકીય ઈચ્છાશક્તિના દર્શન થયા. **સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના બોર્ડ ઓફ ડાયરેક્ટરમાં એક કચ્છી વ્યક્તિ શ્રી મૂકેશભાઈ ઝવેરીની નિમણૂક કરવામાં આવી.** તેઓશ્રીએ શરૂથી જ કચ્છના હિતને નજર સમક્ષ રાખીને કચ્છ બ્રાંચ કેનાલના કામો પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. ભૂતકાળમાં જી.એમ.ડી.સી.ના અધ્યક્ષ તરીકે તેઓએ જે રીતે કચ્છના હિતોને લક્ષમાં રાખેલ હતા એજ લક્ષના ફરીથી તેઓશ્રીએ સરસંધાન ધરેલ છે. હાલે કચ્છ બ્રાંચ કેનાલના કાર્યોમાં પૂરેપૂરી ઝડપ આવેલી દેખાય છે. તેમ છતાં નીચેની બાબતોની પણ આપણે અવગણના કરવી જોઈએ નહિ.

(૧) કચ્છ બ્રાંચ કેનાલના બાકી રહેતા ૧૧૫ કિ.મી.ના કાર્યોમાંથી અંદાજિત ૩૦ કિ.મી.ના કાર્યો જે તે કોન્ટ્રાક્ટરને સુપરત કરવામાં આવેલ છે. પરંતુ હજુ પણ ૮૫ કિ.મી. જેટલી લંબાઈના ટેન્ડરો બહાર પાડવાના બાકી છે.

(૨) ૭૬ કિ.મી. લાંબી દૂધઈ બ્રાંચના બધા જ ટેન્ડરો બહાર પાડવાના બાકી છે.

(૩) ૩૦ કિ.મી. લાંબી વાંઢિયા બ્રાંચના ૨૩.૭૪ કિ.મી.ના કાર્યો શરૂ થયેલ છે પરંતુ બાકી રહેતી ૬.૨૬ કિ.મી. લાંબી કેનાલની કાર્યવાહી બાકી છે.

(૪) ૭૬ કિ.મી. લાંબી ગાંગોદર બ્રાંચના ૩૯.૫૪૨ કિ.મી.ના કામો જે તે કોન્ટ્રાક્ટરને સુપરત કરવામાં આવેલ છે પરંતુ બાકી રહેતી ૩૬.૪૬૬ કિ.મી. લાંબી કેનાલના કાર્યો હજુ બાકી છે.

(૫) **ખેતર સુધી પાણી પહોંચાડવા માટે મેઈન કેનાલ બાદ ડિસ્ટ્રીબ્યુટરી, માઈનોર અને સબ-માઈનોર કેનાલના કાર્યો કરવાના રહે છે કે જેના વગર જે-તે ખેતરમાં પાણી ના પહોંચી શકે.** આ બધા જ કામોની કાર્યવાહી સંપૂર્ણપણે બાકી રહે છે.

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના કચ્છી ડાયરેક્ટરશ્રીના ધ્યાન બહાર ઉપરોક્ત હકીકત ના હોય તેવું ના જ બને. આપણે ઈચ્છીએ કે આવતાં બે-ત્રણ વર્ષમાં નર્મદા નદીના ફાળવાયેલા નિયમિત પાણી કચ્છના ખેતરોમાં સંપૂર્ણપણે પહોંચે અને કચ્છનો ખેડૂત તેનાથી પોતાના પાકો લેવાનું શરૂ કરે.

- **વધારાના પાણી :**

જે રીતે કચ્છને ફાળવાયેલ નિયમિત પાણી માટે ગુજરાત સરકારશ્રીની રાજકીય ઈચ્છાશક્તિના દર્શન થયા, એ રીતે કચ્છને ફાળવાયેલ વધારાના પાણી માટે રાજકીય ઈચ્છાશક્તિ દૃષ્ટિગોચર થતી નથી. અહીં કોઈ કચ્છી રાજકીય વ્યક્તિએ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરેલ નથી. વર્ષ ૨૦૦૫માં ગુજરાત સરકારશ્રી દ્વારા નર્મદા નદીના ૧.૦૦ એમ.એ.એફ. વધારાના પાણી ફાળવવાની જાહેરાત કરવામાં આવી. વર્ષ ૨૦૦૬માં આ કાર્યોની જવાબદારી જળસિંચાઈ વિભાગને સુપરત કરવામાં આવી. જળસિંચાઈ વિભાગ દ્વારા આ કાર્યના આયોજનો વર્ષ ૨૦૧૨માં પૂરા કરવામાં આવ્યા. આયોજનો માટે છ વર્ષનો ગાળો આજના જમાનામાં અતિ હાસ્યાસ્પદ કહેવાય. **રૂા. ૪૨૦૦ કરોડના આ પ્રોજેક્ટ માટે ગુજરાત સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૧૩-૨૦૧૪માં એક પણ પૈસો ફાળવવામાં આવેલ નથી.** આયોજનો ધૂળ ખાતા એમ ને એમ પડી રહ્યા છે. જે પાણીથી કચ્છની ૧૦,૮૦,૦૦૦ એકર જમીન પર ખેતી સુનિશ્ચિત થઈ શકે એ પાણી માટેની કેનાલના કાર્યો તેની જાહેરાતના ૮ વર્ષ બાદ પણ હજુ સુધી હાથ પર લેવાયેલ નથી. ગુજરાત સરકારશ્રીમાં **"બોલે તેના બોર વેચાય"** જેવી પરિસ્થિતિ છે. પરંતુ અહીં કોઈ કચ્છી કે કચ્છની તરફેણમાં બોલવાવાળું જ નથી. કચ્છની પ્રજાએ જે ૬ પ્રતિનિધિઓને કચ્છના વિકાસની જવાબદારી સુપરત કરેલ છે એ પ્રતિનિધિઓએ હજુ સુધી આ યોજના તરફ લક્ષ આપેલ હોય તો તેના કોઈ જ સમાચાર નથી. **"કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા"** જેવી જાહેરાતો, રણોત્સવો, શ્યામજી કૃષ્ણવર્માનું સ્મારક કે ઝારાના યુધ્ધની સ્મૃતિ વિના ચાલી શકશે પરંતુ દુષ્કાળગ્રસ્ત પ્રજાને આ પાણી વગર કઈ રીતે ચાલી શકે? તેની પ્રાથમિકતા આ પાણી છે. તે પ્રશ્ન સામે અન્ય દરેક વાત ગૌણ બની જાય છે. માટે જ આ પાણીના કાર્યો માટે એકે એક કચ્છીએ ધ્યાન કેન્દ્રિત કરવું ખૂબ જરૂરી બની રહે છે.

- **વધારાના પાણી માટે કરવાની રહેતી કાર્યવાહી :**

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદે હાલે આ પ્રશ્ને પોતાનું ધ્યાન કેન્દ્રિત કરેલ છે અને તે કચ્છને ફાળવાયેલ વધારાના

*સપનાં સાકાર કરવા હસતા ચહેરે દરેક અવરોધનો સામનો કરતાં શીખીએ.*

પાણીના કાર્યો શરૂ કરાવવા પોતાનાથી બનતા પૂરતાં પ્રયાસો કરવાનું ચાલુ જ રાખશે. ઈચ્છીએ કે કચ્છમાંથી અન્ય સંગઠનો પણ આ પ્રશ્ને પોતાની કાર્યવાહી શરૂ કરે.

વર્ષ ૨૦૧૨ની ગુજરાત વિધાનસભાની ચૂંટણી સમયે કચ્છમાંથી અનેક ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્રો વિવિધ પક્ષના માધ્યમ દ્વારા અથવા તો સ્વતંત્રપણે ભરેલ હતા. આ બધા જ ઉમેદવારોની ઈચ્છાશક્તિ કચ્છની પ્રજાનું ભલું કરવા માટેની હતી. અને તેથી તેઓ વિધાનસભ્ય જેવી મોટી જવાબદારી લેવા તૈયાર થયેલ હતા. આજે તેઓ વિધાનસભ્ય હોય કે ન હોય પરંતુ તેઓ તેમની ફરજ અને જવાબદારીમાંથી મુક્ત થઈ શકે નહીં. તેઓ સહુ માટે આ એક વિશાળ તક ઊભી થવા પામેલ છે કે જેથી તેઓ કચ્છની પ્રજાનું અદ્વિતીય હિત જાળવી શકે. એજ રીતે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત કે ગ્રામ પંચાયતના સભ્યોને પણ પોતાની જવાબદારી નિભાવવાનો અવસર પ્રાપ્ત થયેલ છે. કચ્છના દરેક રાજકીય પક્ષના પ્રમુખ તથા કારોબારી સમિતિએ પણ આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવી ઘટે. આપણે ઈચ્છીએ કે તેઓ સહુ દ્વારા કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના વધારાના પાણી માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

- **ડી-સેલિનેશન પ્લાન્ટ :**

કચ્છ માટે ત્રીજો વિરાટ પ્રશ્ન છે ડી-સેલિનેશન પ્લાન્ટનો. વર્ષ ૨૦૦૧ના ધરતીકંપ બાદ સરકારશ્રીની **"ટેક્ષ હોલી ડે"** યોજનાના કારણે કચ્છમાં અનેક ઉદ્યોગો સ્થાપિત થયા. એક સર્વે અનુસાર આ ઉદ્યોગોની દૈનિક પાણીની જરૂરિયાત ૩૦૦ એમ.એલ.ડી. જેટલી રહેવા પામેલ છે. (૧ એમ.એલ.ડી. એટલે દરરોજના ૧૦ લાખ લીટર. ૩૦૦ એમ.એલ.ડી. એટલે દરરોજના ૩૦ કરોડ લીટર) આ જરૂરિયાત જોઈને અધધધ.... થઈ જવાય. આ સામે ગુજરાત સરકારશ્રી દ્વારા પીવાના પાણીની પાઈપ લાઈનમાંથી તેઓને દરરોજના ૫૦ એમ.એલ.ડી. પાણી ફાળવવામાં આવે છે. બાકીનું ખૂટતું ૨૫૦ એમ.એલ.ડી. પાણી તેઓ કચ્છના ભૂ-તળનું વાપરે છે. પરિણામે કચ્છના ભૂગર્ભના પાણીની સપાટી નીચે જાય છે અને ખેડૂતોનો પાણી માટે અથવા ગામડાઓમાં ઘર-વપરાશ માટે જોઈતા પાણી ખૂબ ઊંડેથી ખેંચવા પડે છે. આપણે જાણીએ છીએ કે આ ઉદ્યોગો પોતાની વપરાશના જરૂરી પાણી કચ્છ બહારથી લાવી શકવાના નથી અને આપણે આ ઉદ્યોગોના વિરોધી પણ નથી. પરંતુ કચ્છમાં યોગ્ય સ્થળે ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થાપીને દરિયાનું ખારું પાણી મીઠું બનાવી આ ઉદ્યોગોને તે પાણી પહોંચતું કરી શકાય. આ પાણી થોડું મોંઘું પડે પરંતુ ઉદ્યોગની પડતર કિંમતમાં તે વધારો નજીવો ગણાય. ગુજરાત સરકાર આ જરૂરિયાતને પહોંચી વળવા આજ દિન સુધી નિષ્ફળ ગયેલ છે. રાજકીય સેવાભાવી વ્યક્તિઓએ આ કાર્ય પણ ત્વરીત રીતે હાથ પર લેવું જરૂરી છે. કચ્છના ખેડૂતોના હિતમાં અને કચ્છના ગામડાની પ્રજાના હિતમાં પણ ઉદ્યોગોને જોઈતા પાણી માટે ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થપાય એ આજની તાતી જરૂરિયાત છે.

- **ઉત્તમ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિ :**

**અન્ય કોઈ પણ સેવાકીય પ્રવૃત્તિઓ કરતાં નિયમિત પાણી, વધારાના પાણી તથા ડી-સેલિનેશન પ્લાન્ટના પાણીના આયોજનો પરિપૂર્ણ કરાવવાની સેવા અતિ ઉત્તમ કક્ષાની સેવા છે. કોઈ પણ પ્રકારના રાજકીય ક્ષેત્રે કાર્યરત રહેતી વ્યક્તિઓના ખાંખત, ખંત અને ખમીરના દર્શન કરાવવાનો આ અવસર છે.**

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

## તમારૂં કામ ધપાવે જાવ

દુનિયાનો એવો કયો શક્તિશાળી સુધારક કે પ્રચારક થયો છે કે જેની પાછળ વિરોધીઓ ન જાગ્યા હોય? મહાવીર કે બુદ્ધ, વિવેકાનંદ કે રામતીર્થ, શંકરાચાર્ય કે દયાનંદ, એવો કયો પ્રચારક થયો છે કે જેની પાછળ ઈર્ષ્યા અને દ્વેષથી બળીગળીને નિંદા કરનારાઓ ન નીકળ્યા હોય! શક્તિની પાછળ વિરોધ નિર્માણ થયેલી વસ્તુ છે. સત્કાર્યમાં વિઘ્નો આવવાનાં જ. કોઈ પણ કાર્યકર્તાએ વિઘ્નોથી, નિંદાઓથી કે વિરોધોથી જરા પણ ડરવાનું ન જ હોય. ઈશ્વરને પ્રાર્થના કરતાં કહો કે હજારો વિઘ્નો, હજારો નિંદકોની નિંદાઓ અને હજારો આફતોને સહન કરવાની મને શક્તિ આપો! વિરોધીઓ સામે વિરોધ કદી ન કરવો. નિંદકો સામે નિંદાઓ કદી ન કરવી. આત્માની સાક્ષીથી તમારા અંતરાત્માના અવાજ પ્રમાણે તમે તમારૂં કામ છપાવે જાઓ, વિજય જરૂર મળશે.

*વિદ્યાવિજયજી*
*તેમના 'મારી કચ્છ યાત્રા' પુસ્તકમાંથી*

*ધર્મ તો પ્રગતિની રાહ ચીંધે છે, રોકતો નથી.*

## "મંગલ મંદિર" માસ જુલાઈ-૨૦૧૩નો અંક
## અષાઢી બીજ – "કચ્છી સંસ્થા વિશેષાંક-૨" તરીકે પ્રસિધ્ધ થશે

સામાજિક પ્રવૃત્તિઓ અને તેને અનુરુપ સાર્વજનિક ક્ષેત્રની યોજનાઓ ધરાવનાર ભારતભરની બાવન જેટલી "કચ્છી સંસ્થાઓ"ની વિસ્તૃત માહિતી સાથે "મંગલ મંદિર"નો વિશેષાંક માસ એપ્રિલ-૨૦૧૩ પ્રસિધ્ધ થઈ ગયેલ છે. આ વિશેષાંક પ્રસિધ્ધ થયા બાદ અન્ય કેટલીક સંસ્થાઓ તરફથી તે પ્રકારની માહિતી અત્રે મળેલ છે.

આ પ્રકારની બાકી રહેતી બહુલક્ષી - હેતુલક્ષી સંસ્થાઓ તરફથી સંપૂર્ણ માહિતી અગર પૂરતા પ્રમાણમાં મળશે તો માસ જુલાઈ-૨૦૧૩નો અંક અષાઢી બીજ – "કચ્છી સંસ્થા વિશેષાંક-૨" તરીકે પ્રસિધ્ધ કરવામાં આવશે.

આ માટે નીચેની બાબતો ધ્યાનમાં લેવા અનુરોધ છે.

★ સંસ્થાની વિગત મોકલનારે પોતાનું નામ, ટેલિફોન નંબર, હોદ્દો અને સંસ્થાનું સંપૂર્ણ સરનામું, ટેલિફોન નંબર, ઈ-મેઈલ, વેબસાઈટ વગેરે અવશ્ય જણાવવા.

★ સંસ્થાની પ્રવૃત્તિઓ, કાર્યક્રમો માત્ર સર્વ સામાન્ય કક્ષાના નહીં પરંતુ હેતુલક્ષી - બહુલક્ષી પ્રકારના સમગ્ર પરિવારજનો - આમ જનતાને અસરકર્તા હોવા જોઈએ.

★ લેખ પ્રસિધ્ધ કરવા અથવા તો તેમાં સુધારા વધારા સંબંધી તંત્રી મંડળનો નિર્ણય અબાધિત રહેશે.

★ વિગત લેખ સ્વરૂપે ગુજરાતીમાં વ્યવસ્થિત રૂપે હોવી જરૂરી છે.

★ લેખની સાથે જરૂરી બે-ત્રણ તસવીરો પણ મોકલાવી શકાશે.

★ ફક્ત માહિતી અથવા તો પુસ્તક, પેમ્ફલેટ વગેરે મોકલાવવાનું અર્થહીન છે.

***આ માટે પૂરતા સહયોગની અપેક્ષા છે.***

***– તંત્રી મંડળ : 'મંગલ મંદિર'***

## આ સંસારનું એક્સ્ટ્રા ઓર્ડિનરી મ્યુઝિયમ

**પરિવારની વ્યાખ્યા શું કરવી? જે ઘરમાં પતિ અને પત્ની બે જ હોય, એમાં શું પરિવારના આદર્શ સ્થાપિત થઈ શકે? જે ઘરમાં "અમે બે અને અમારા બે"ની સંકુચિત ભાવના સ્થાપિત હોય, તેને પરિવાર કહેવો કેટલો ઉચિત ગણાશે? આ એક વિચારણીય બાબત છે. પરિવારની કલ્પના એવી હોવી જોઈએ કે ઓછામાં ઓછી ત્રણ પેઢીઓએ તો સાથે રહેવું જોઈએ. જે ઘરમાં દાદા-દાદી કે નાના-નાની હોય એવાં જ ઘરમાં પરિવારની સુષમા રેલાતી હોય છે. એવા જ ઘરમાં સ્નેહની સુરભિ મહેંકે છે. જે ઘરમાં એક સાથે ત્રણ પેઢી રહે છે તે પરિવાર છે અને જો પુણ્યયોગે ત્રણથી વધુ પેઢી સાથે રહેતી હોય તો તે આ સંસારનું એક્સ્ટ્રા ઓર્ડિનરી મ્યુઝિયમ છે. પરિવારમાં સાથે રહેવું, એ પણ જીવન નિર્માણની વિશિષ્ટ કલા છે.**

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • ગુરુવાર, તા. ૬-૬-૨૦૧૩ સાંજના ૪.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | વયસ્ક સમિતિ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | વયસ્ક સમિતિના સભ્યશ્રીઓ માટે ગીત - સંગીતનો કાર્યક્રમ – કવિ રાજ દ્વારા. |
| • રવિવાર, તા. ૯-૬-૨૦૧૩ સવારના ૧૦.૦૦થી ૦૬.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | શિક્ષણ અને ઇતર ડેવલપમેન્ટ સમિતિ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | સમાજના યુવા વર્ગ માટે સેમિનાર વિકાસની તક, યુવા વર્ગ શું કરી શકે? સમાજ પ્રત્યેની ફરજ વગેરે. |

*બાળકોને સન્મતિ આપો. નહિ તો સંતતિ અને સંપત્તિ બંને ગુમાવશો. – પ્રમુખસ્વામી*

# નેતાગીરીની ઉદાસીના કારણે
## કચ્છ
## કચ્છને ફાળવાયેલ વધારાના પાણીની યોજનાનું કાર્ય અટકે છે.

• અશોક મહેતા •

નર્મદા નદીના વધારાના ૩.૦૦ એમ.એ.એફ. પાણીમાંથી ૧.૦૦ એમ.એ.એફ. પાણી કચ્છને ફાળવવાનો નિર્ણય ગુજરાત સરકારશ્રીએ જૂન-૨૦૦૬માં લીધેલ હતો. તે નિર્ણય અનુસાર આ પાણીનો કચ્છના સંદર્ભમાં સારી રીતે ઉપયોગ થઈ શકે અને તેનાથી સમગ્ર કચ્છની ખેતીને પ્રોત્સાહન મળે તે માટે તેના કાર્યના સર્વે આયોજન અને અમલીકરણની જવાબદારી જૂન-૨૦૦૭ માં નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગને સોંપવામાં આવેલ હતી. જળસંપત્તિ વિભાગ દ્વારા આ કાર્યના આયોજન અને સર્વેની જવાબદારી અમદાવાદ સ્થિત એક કન્સલ્ટન્સી કંપની મલ્ટીમેન્ટેક ઈન્ટરનેશનલ પ્રા. લિ.ને રૂ. ૨.૫૯ કરોડની કિંમતે અને બાર માસમાં કાર્ય પૂર્ણ કરી આપવાની શરતે સપ્ટેમ્બર-૨૦૧૦ માં સુપરત કરવામાં આવેલ હતી. આ કંપનીએ સમગ્ર યોજનાને ૮ ભાગમાં વિભાજિત કરી પોતાનો ફાઈનલ રિપોર્ટ રજૂ કરી દેતાં, તેના જુદા જુદા વિકલ્પ અનુસાર દરેક વિકલ્પ પણ જળસંપત્તિ વિભાગે ફેબ્રુઆરી-૨૦૧૧ ના ફાઈનલ કરી લીધેલ હતા. ત્યાર બાદ ૮ વિભાગમાંથી બે વિભાગ સારણ જળાશય તથા બન્ની જળાશયના કાર્યો પૂર્ણ કરી તેના ખર્ચની મંજૂરી માટે ડિસેમ્બર-૨૦૧૨ માં સરકારશ્રી પર મોકલી આપવામાં આવેલ હતા. સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૧૩ - ૨૦૧૪ માં આ યોજના માટે કોઈ પણ નાણા ફાળવેલ ન હોતાં હાલના તબક્કે આ યોજનાનું કામ અટકી જવા પામેલ છે.

ઉત્તર ગુજરાતને વધારાના પાણી ૧.૦૦ એમ.એ.એફ. ફાળવવામાં આવેલ છે તેના સંપૂર્ણ આયોજન ૧૪ પાઈપ લાઈન દ્વારા કરવામાં આવેલ છે. ૧૪ પાઈપ લાઈનમાંથી ૮ પાઈપ લાઈનના કાર્યો રૂ. ૨૨૫૩ કરોડના ખર્ચે વર્ષ ૨૦૦૪ - ૨૦૦૫ માં પૂર્ણ કરવામાં આવેલ છે અને બાકી રહેતી ૬ પાઈપ લાઈનના કાર્યો રૂ. ૪૦૦૦ કરોડના ખર્ચે હાલે અમલીકરણ હેઠળ છે. સૌરાષ્ટ્રને જે ૧.૦૦ એમ.એ.એફ. વધારાના પાણી ફાળવવામાં આવેલ છે તેના અમલીકરણનો અંદાજ હાલના તબક્કે રૂ. ૧૦,૦૦૦ કરોડનો આવેલ છે અને તેની સામે ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન રૂ. ૧૦૦૦ કરોડ ફાળવવામાં આવેલ છે. **જ્યારે કચ્છને જે ૧.૦૦ એમ.એ.એફ. પાણી ફાળવવામાં આવેલ છે તેના અંદાજિત ખર્ચ રૂ. ૪૨૦૦ કરોડની સામે ચાલુ નાણાંકીય વર્ષમાં એક પણ પૈસો ફાળવવામાં આવેલ નથી.** આ રીતે જ્યાં લગી વધારાના પાણીનો સવાલ છે ત્યાં લગી કચ્છ પ્રત્યે ગુજરાત સરકારશ્રી દ્વારા પૂરેપૂરો અન્યાય કરવામાં આવી રહેલ છે તેવું જણાય છે. આ ખાતુ કેબિનેટ કક્ષાના મંત્રીશ્રી બાબુભાઈ બોખીરિયા હાલે સંભાળી રહેલ છે.

વિગતોના વધુ ઊંડાણમાં જતાં એ જાણવા મળ્યું કે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતની સરખામણીએ કચ્છના માત્ર છ જ ધારા સભ્યો છે અને એ છ ધારાસભ્યોમાંથી પણ આજ દિન લગી કોઈએ પણ આ બાબતે એક શબ્દ પણ ઉચ્ચારેલ નથી કે કોઈએ પણ જળસંપત્તિ વિભાગમાં આવી, આ યોજના બાબતે રસ દાખવેલ નથી. એ સામે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ધારાસભ્યો ખૂબજ સક્રિય રહેવા પામેલ છે અને પોતાના વિભાગની યોજનાઓના ખર્ચ વારંવાર મંજૂર કરાવી જાય છે અને તેથી જ કચ્છ પ્રત્યે સરકારશ્રી દ્વારા કોઈ ધ્યાન આપવામાં આવતું નથી. તેટલું જ નહીં પરંતુ ઉત્તરોત્તર નર્મદા ડેમમાંથી ઓવરફ્લોના પાણીનો ઘટાડો થતો હોવાથી કદાચ કચ્છની યોજનાનો અમલ ના થાય તેવી પણ શક્યતા ઉભરી આવેલ છે. વિગતો અને હકીકતો જાણીને ખૂબજ આઘાત લાગે તેવી પરિસ્થિતિનું નિર્માણ થતું દેખાય છે. તેથી જ્યાં લગી કચ્છના ચાલુ અને પૂર્વ ધારાસભ્યશ્રીઓ આ બાબતે જળસંપત્તિ વિભાગમાંથી યોગ્ય માહિતી મેળવી સરકારશ્રીમાં ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી, કચ્છની યોજના માટે નાણા મંજૂર નહીં કરાવે ત્યાં લગી દુષ્કાળગ્રસ્ત કચ્છની પ્રજા કે જેની ખેતીનો એકમાત્ર આધાર નર્મદા નદીના પાણી પર છે તેને એક ખૂણામાં બેસી રડવાનો સમય આવશે. કચ્છના ભાજપ અને વિવિધ પક્ષની રાજકીય નેતાગીરીએ સફાળા જાગી જઈ આ બાબતને તાત્કાલિક ધોરણે હાથ પર લેવી ઘટે છે.

કચ્છને ફાળવાયેલ ૧.૦૦ એમ.એ.એફ. વધારાના પાણીની યોજના શું છે તેની આપણે વિગતવાર ચકાસણી કરીએ.

***આ યોજનાને ૮ ભાગમાં વિભાજિત કરવામાં આવેલ છે કે જેની વિગતો નીચે મુજબ છે.***

| ક્રમ | વિભાગ | જળ ફાળવણી (એમ.એ.એફ.માં) | યોજનાના કારણે કેટલા હેક્ટર જમીનમાં ખેતી સુનિશ્ચિત થશે (હેક્ટરમાં) | યોજનાનો અંદાજિત ખર્ચ (કરોડમાં) |
|---|---|---|---|---|
| ૧ | સારણ જળાશય | ૦.૧૧૬ | ૨૯૦૦૦ | ૨૪૭.૯૦ |
| ૨ | બન્ની જળાશય | ૦.૧૩૪ | ૫૭૮૫૦ | ૨૬૮.૧૪ |
| ૩ | સધર્ન લિંક કેનાલ | ૦.૧૫૨ | ૬૫૬૨૦ | ૧૨૬૨.૦૮ |

*સમયસરનું મૌન બોલાયેલા શબ્દોથી વધુ અસરકારક હોય છે.*

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | નોધર્ન લિંક કેનાલ | ૦.૧૭૩ | ૭૪૬૯૦ | ૧૧૭૭.૨૫ |
| ૫ | હાઈકન્ટુર સ્ટોરેજ | ૦.૦૪૧ | ૧૪૮૨૩ | ૨૧૫.૫૯ |
| ૬ | હાઈકન્ટુર કેનાલ | ૦.૧૧૪ | ૪૯૨૧૮ | ૩૪૫.૯૬ |
| ૭ | કચ્છ બ્રાંચ કેનાલનું મોડકૂવાથી એક્ષ્ટેન્શન | ૦.૧૮૨ | ૧,૨૬,૪૯૩ | ૬૫૭.૧૫ |
| ૮ | ડાયરેક્ટ જળાશયો ભરવાના | ૦.૦૨૪ | ૧૪૬૦૯ | ૭૪.૦૭ |
| | **ટોટલ** | **૦.૯૩૬ એમ.એ.એફ.** | **૪,૩૨,૩૦૩ હેક્ટર = ૧૦,૮૦,૭૫૭ એકર** | **૪૨૪૮.૧૪ કરોડ** |

આ રીતે ૧.૦૦ એમ.એ.એફ. નર્મદા નદીના વધારાના પાણી કચ્છને ફાળવવામાં આવે તો કચ્છમાં વરસાદના કારણે જે અનિશ્ચિતતા પ્રવર્તે છે તેની સામે જળસંપત્તિ વિભાગના આ આયોજનના કારણે કચ્છની ૧૦,૮૦,૦૦૦ એકર જમીનમાં ગમે તેવા દુષ્કાળની સામે પણ ખેતી સુનિશ્ચિત થઈ શકશે. **એક એકરે દરેક પ્રકારના ખર્ચ બાદ કરતા ખેડૂતને રૂ. ૧૫૦૦૦ નો નફો મળે તેવી ગણનાએ કચ્છના ખેડૂતના ઘરમાં દર વર્ષે રૂ. ૧૬૨૦ કરોડની કમાણી થઈ શકશે.** કચ્છનો ખેડૂત આબાદ થઈ શકશે. (આ તબક્કે એ વાતની નોંધ લઈએ કે નર્મદા નદીના ૦.૫ એમ.એ.એફ. નિયમિત પાણી જે કચ્છને ફાળવવામાં આવેલ છે અને નર્મદા નિગમ દ્વારા જેના કામો હાલે અમલીકરણ હેઠળ છે. તેનાથી ૨,૮૫,૦૦૦ એકર જમીનમાં ખેતી થશે તે અલગ વાત છે)

જે યોજનાથી કચ્છના ખેડૂતને દર વર્ષે રૂ. ૧૬૦૦ કરોડની કમાણી થઈ શકતી હોય તે યોજના પ્રત્યે બેદરકારી દાખવવી તે કોઈ પણ જાહેર કાર્યકર માટે ઈચ્છનીય નથી અને વિશેષપણે અગર ચૂંટાયેલા ધારાસભ્યો અને એમ.પી. આ બાબત એક હરફ પણ ના ઉચ્ચારતા હોય અને એ બાબતે સંપૂર્ણપણે અજાણ હોય તો તે બિલકુલ યોગ્ય નથી. તેઓએ આ બાબતે સજાગતા કેળવી કચ્છના હિત માટે આ યોજનાના કાર્યો શક્ય ત્વરાએ અમલીકરણ હેઠળ લાવવા જોઈએ.

*જાહેર જનતાના હિત ખાતર આ યોજનાની ટૂંક વિગત પણ અત્રે રજૂ કરેલ છે.*

(૧) **સારણ જળાશય :** રાપર તાલુકાના ફતેહગઢની ઉત્તરે આવેલ આ જળાશયમાં પાણી ભરી અથવા ડાયરેક્ટ કેનાલ દ્વારા ગેડી, વ્રજવાણી, આણંદપર, બેલા, મૌવાણા તથા શિવગઢની આજુબાજુના વિસ્તારમાં આ પાણી જરૂરિયાત અનુસાર પહોંચાડવામાં આવે.

(૨) **બન્ની જળાશય :** દૂધઈ બ્રાંચ કેનાલના અન્ય તરફના છેડાથી બન્ની વિસ્તારમાં પાણી લઈ જઈ ત્યાં ત્રણ જળાશય બનાવી સંગ્રહવામાં આવે અને એ વિસ્તારની ઘાસીયા જમીનને આ પાણીથી નવપલ્લવીત કરવામાં આવે.

(૩) **સધર્ન લિંક કેનાલ :** અંજાર તાલુકાના હયાત ટપ્પર જળાશયમાંથી આ કેનાલ દ્વારા દક્ષિણ કચ્છની વિવિધ જળસીંચાઈ યોજનાઓને જોડી પશ્ચિમ કચ્છના છેક સાનન્ધ્રો જળાશય સુધી આ પાણી લઈ જવામાં આવશે. આ યોજનાથી કચ્છ જિલ્લાના અંજાર, ભુજ, મુન્દ્રા, માંડવી, નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાના કુલ ૫૬ ગામોને લાભ મળી શકશે.

(૪) **નોર્ધન લિંક કેનાલ :** અંજાર તાલુકાના હયાત ટપ્પર જળાશયમાંથી આ કેનાલ ઘાણેટી, રૂદ્રમાતા, કાયલા, નિરોણા, ભૂખી, મથલ, ગજણસર થઈને નરા સીંચાઈ યોજના સુધી જશે. આ યોજનાથી અંજાર, ભુજ, નખત્રાણા અને લખપત તાલુકાના કુલ ૪૭ ગામોમાં ખેતી થઈ શકશે.

(૫) **હાઈકન્ટુર સ્ટોરેજ કેનાલ :** આ લિંક કેનાલ અંજાર તાલુકાની સત્તાપર નાની યોજનાથી શરૂ થઈ ભુજ તાલુકાની જામારા નાની સિંચાઈ યોજના સુધી જશે. તેનાથી અંજાર અને ભુજ તાલુકાના ૧૯ ગામોમાં ખેતી થઈ શકશે.

(૬) **હાઈકન્ટુર કેનાલ :** આ કેનાલ કચ્છ બ્રાંચ કેનાલની સાંકળ ૨૫૪.૦૦ થી એટલે કે દેવાડિયા અને ભદ્રેશ્વરની વચ્ચેથી શરૂ થઈ અબડાસા તાલુકાના નાના ખરોડિયા સુધી જશે. આ યોજનાથી અંજાર, મુન્દ્રા, માંડવી અને અબડાસા તાલુકાના ૩૫ ગામોમાં ખેતી થઈ શકશે.

(૭) **કચ્છ બ્રાંચ કેનાલનું મોડકુવાથી એક્ષ્ટેન્શન :** આ કેનાલ મોડકુવાથી શરૂ થઈ ગોયલા નાની સિંચાઈ યોજના આગળ પૂરી થશે. તેનાથી માંડવી, અબડાસા અને લખપત તાલુકાના ૪૪ ગામોને ખેતીનો લાભ મળી શકશે.

(૮) **કચ્છ બ્રાંચ કેનાલમાંથી ડાયરેક્ટ જળાશયો ભરવા :** આ યોજના દ્વારા કેટલાક હયાત જળાશયો ડાયરેક્ટ ભરવામાં આવશે અને તેના દ્વારા જે-તે જળાશય યોજનાના ગામોની ખેતી સુનિશ્ચિત થશે.

**ઉપરોક્ત યોજનાનું અમલીકરણ જેટલું જલ્દી થાય તેટલું કચ્છના હિતમાં છે. તે માટે કચ્છની રાજકીય નેતાગીરીએ ગાંધીનગરમાં પોતાનો અવાજ પહોંચાડવો જરૂરી છે.** ■

*આપણે બીજી પેઢીને જેટલું વધુ જ્ઞાન આપીશું, તેટલા આપણે આગળ વધીશું.*

# જખૌનું કબ્રસ્તાન

● ડૉ. પુલીન વસા ●

જખૌના ઉત્સાહી કાર્યકર અને માજી સરપંચ ચેતનભાઈ ઠક્કરે મને એક પ્રાચીન કબ્રસ્તાન જખૌમાં પણ છે તેવી માહિતી મોકલી. મારા મિત્ર અને સહસંશોધક દલપતભાઈ સાથે એક રવિવારના અમે જખૌ ગયા અને ચેતનભાઈ તથા પાંજરાપોળના બુઝુર્ગ કાર્યકર શાહભાઈને લઈને જખૌનું કબ્રસ્તાન જોવા ગયા.

ત્યાં પહોંચતા તો આંખો પહોળી થઈ ગઈ. જૂના જખૌ બંદર અને જખૌ શહેર વચ્ચે, જખૌ શહેરથી ૨ કિ.મી. દૂર આટલી બધી કબરો! લગભગ ૧૫૦૦થી પણ વધુ કબરો હશે. અડધા ચોરસ કિ.મી.ના વિસ્તારમાં પથરાયેલા વિશાળ પ્રાચીન કબ્રસ્તાનમાં જાત જાતની ભાતભાતની કબરો જોવા મળી. ત્યારબાદ બીજી વખત ચેતનભાઈ અને પાર્થને લઈને અહીં અભ્યાસ કર્યો અને પાર્થે ફોટા પાડ્યા.

અહીં જોવા મળતી કબરોની વિવિધતા ખૂબ જ ધ્યાન ખેંચે તેવી છે.

અમુક કબરો તેના બે છેડે માત્ર એક એક પથ્થર ગોઠવીને દર્શાવવામાં આવી છે તો અમુક ઉપર વ્યવસ્થિત રીતે પથ્થરો ગોઠવવામાં આવ્યા છે. અમુક પર ગોઠવેલા પથ્થરો લંબચોરસ આકારમાં ગોઠવાયા છે તો ક્યાંક પિરામીડના આકારમાં ગોઠવાયેલા છે. કોઈક ઠેકાણે પથ્થરનું પાકું બાંધકામ કરવામાં આવ્યું છે. એક બે ઠેકાણે તો દેરી જેવું બાંધકામ પણ જોવા મળે છે. કોઈક કબર ઉપર જનાજા આકારમાં કોતરેલા પથ્થરો છે તો ક્યાંક સુંદર પલંગની ડિઝાઈન કરવામાં આવી છે. એક કબરના બાંધકામમાં તેની અંદર ઉતરવાનો રસ્તો બનાવવામાં આવ્યો છે. મારા અભ્યાસ દરમ્યાન જોયેલા અસંખ્ય કબ્રસ્તાનોમાં ક્યાંય આટલી બધી વિવિધતા જોવા મળી નથી.

સહુથી વધુ ધ્યાન ખેંચે તેવી બાબત છે કેટલીક કબર પરના પથ્થરમાં કોતરવામાં આવેલી આકૃતિઓ. અમુક કબરના પથ્થર પર લાંબું પાંદડું છે તો અમુક પર વહાણ દર્શાવાયું છે. અમુક પર એક ગોળાકાર અને નીચે એક લીટી છે તો ક્યાંક ક્યાંક એક ગોળાકાર અને બે લીટી છે. ક્યાંક ખંજર કોતરાયું છે અને કોઈક પથ્થર પર ખંજર અને ગ્લાસ જેવો આકાર બન્ને એક સાથે જોવા મળે છે. તેથી પણ વધુ આકર્ષક બાબત છે કે દરેક કોતરણીવાળા પથ્થરોનો એક સમૂહ છે. અર્થાત વહાણની કોતરણીવાળા પથ્થરવાળી કબરો એક સમૂહમાં છે તે ગોળ મીંડાવાળી પણ પોતાના સમૂહમાં છે.

શું અર્થ થતો હશે આવી નિશાનીઓનો? શું તે વખતે લિપિ નહી હોય? શું આ નિશાનીઓ તે મૃત માનવીની જ્ઞાતિ કે તેનો હુન્નર દર્શાવતી હશે? દરિયા કિનારાની આટલી નજીક એક સમયના ધીકતા બંદરની પાસે આવેલી આ કબરોમાં કરવામાં આવેલા વહાણના નિશાન, ખંજર, તેઓ વહાણવટી હશે, યોદ્ધાઓ હશે એમ સૂચવે છે? જો આ કબરની પ્રાચીનતાનો સમય નક્કી થાય તો તે સાથે જ જખૌ બંદરની પ્રાચીનતાનો પણ ખ્યાલ આવી શકે. ત્રણેક કબરો પરના પથ્થર પર લખાણ છે. તેમાંની એક કબર પર અરબી ભાષામાં લખાણ છે અને તે ઘણું જ સ્પષ્ટ રીતે વાંચી શકાય છે. તે લખાણનું ગુજરાતી ભાષાંતર મુફ્તી-એ-કચ્છ વિદ્વાન હાજી અહમદશા બાપુએ કરી આપ્યું :

'કલમાં તૈયબા, લા ઈલાહાઈલ્લલ્લા, મુહમદરસુલલલ્લાહ, સલલ્લા અલેવસલમ' ઈસા અલી હિજરી : ૧૩૨'

આજે ૧૪૩૦ હિજરી ચાલી રહી છે તે મુજબ આ કબર ૧૨૦૦ વર્ષ જૂની થઈ. તે સમયે ભારતમાં મોગલોનો પ્રવેશ થયો નહોતો અને તેથી આપણા આ ભાઈ ઈસા અલી જરૂર અરબસ્તાનથી વહાણમાં આવેલા મુસાફર હોવા જોઈએ અને વ્યાપાર અર્થે જખૌ આવ્યા હોવા જોઈએ. બીજી કબર પરનું અરબી લખાણ ઝાંખું પડી ગયું છે અને ત્રીજી કબર પરના પથ્થર પરના અક્ષરો નહી વાંચી શકાય તેવી ભાષાના અક્ષરો હોય તેમ જણાય છે. આ અક્ષરો ઉકેલાશે ત્યારે તેની પ્રાચીનતા વિષે વધારે માહિતી મળશે.

બીજી અત્યંત વિશિષ્ટ ધ્યાન ખેંચે તેવી બાબત છે કબરમાં મૃતદેહ પર પાથરેલા છીપલા! અમુક કબરોની માટી વરસાદથી ધોવાઈ ગઈ છે. તે ઠેકાણે મોટા સફેદ છીપલા પાથરવામાં આવ્યા હોય તેવું જણાય છે. મધ્યપૂર્વમાં ઈરાકમાં થયેલા ઉત્ખનન દરમ્યાન મળેલી ૧૦,૦૦૦ વર્ષ જૂની કબરોમાં પણ આ રીતે પાથરવામાં આવેલા છીપલા જોવા મળ્યા છે. (ડોન ઓફ સિવિલાઈઝેશન પુસ્તકમાંથી) તો શું છીપલા પાથરવાનો આટલો પ્રાચીન રિવાજ જખૌમાં પણ પાળવામાં આવતો હશે? કે પછી ખરે જ આમાંની અમુક કબરો ઈરાકની કબરો જેટલી જ પ્રાચીન અર્થાત ૧૦ હજાર વર્ષ પહેલાના માનવીઓની હશે? અને શા માટે આવું વૈચારિક સામ્ય જખૌ અને ઈરાક વચ્ચે!

આવા અસંખ્ય સવાલો, અસંખ્ય રહસ્યોથી ભરેલું જખૌનું કબ્રસ્તાન પુરાતત્ત્વવિદો અને ઈતિહાસકારો માટે અભ્યાસનો ખજાનો છે. કમનસીબે આ નિર્જન કબ્રસ્તાન પવન, તડકો અને ભેજ જેવા કુદરતી પરિબળોને કારણે નાશ પામી રહ્યું છે. તેના એક છેડાને દરિયો ગળી જઈ રહ્યો છે અને કેટલીક કબરોને દરિયાનું પાણી તાણી ગયું છે. આ રીતે ખવાઈ ગયેલી જમીનમાંથી મૃતદેહના હાડકાં પણ દેખાય છે.

ખરેખર તો આ કબ્રસ્તાનનો વ્યવસ્થિત નકશો બનાવી તેની અંદરની જુદી જુદી જાતની કબરોનું વર્ગીકરણ કરી તેમાંથી દરેક પ્રકારની એક એક કબરનું ઉત્ખનન કરવામાં આવે તો કચ્છના પુરાતન માનવી વિશે જ નહિ પણ કચ્છના પ્રાચીન વહાણવટા વિશે, કચ્છના દુનિયા સાથેના વ્યાપારી સંબંધો વિશે, જખૌ

*લોકોને સફળતા દેખાય છે, સફળતા પાછળનો શ્રમ દેખાતો નથી.*

બંદર વિશે ઘણી ઉપયોગી માહિતી મળી શકે કે જે માત્ર કચ્છના જ નહીં પણ ભારતના વહાણવટાના ઈતિહાસ પર પ્રકાશ ફેંકી શકે. જે ઠેકાણે સમુદ્રને કારણે કબ્રસ્તાનની જમીન ખવાઈ રહી છે તે ઠેકાણે પાળો કે પીચિંગ જેવી કોઈ વ્યવસ્થા કરી બાકીના કબ્રસ્તાનને તણાઈ જતું રોકવું પણ અત્યંત જરૂરી છે.

યુવાન સંશોધક અનિલભાઈ જોષી તથા તેમના મિત્રોએ નાના લાયજા ગામ પાસે જોયેલા કબ્રસ્તાનમાં પણ અમુક પથ્થરો પર કોતરણી કરી છે તેવું મને જણાવ્યું. ત્યાં જઈને અભ્યાસ કરતા તે પથ્થરો પર ઘણું કરીને તીર કામઠાનું ત્રિશુળનું ચિહ્ન કોતરવામાં આવ્યું છે. એક પથ્થર પર ગુજરાતી ભાષામાં 'સોનબાઈ' એવું લખાણ કર્યુ છે અને બાજુમાં તીર કામઠું દેખાય છે. આ પથ્થરોની આકૃતિ જખૌની કબરો પરના પથ્થરની આકૃતિ કરતાં અલગ છે અને કદાચ અર્વાચીન છે છતાં પણ આકૃતિ કરીને કશુંક દર્શાવવાની ચેષ્ટા બન્નેમાં દેખા દે છે તેથી નાના લાયજાનું આ કબ્રસ્તાન પણ સંશોધન માંગી લે છે.

કચ્છમાં આવા કેટલાક વિશાળ કબ્રસ્તાનો છે જેમાં એક હજારથી વધારે કબરો હોય અને છતાં આજે ત્યાં ૨૦૦ માણસોની વસતી પણ ન હોય. જખૌમાં પણ આવું જ કંઈક છે. આજના ભાંગેલા જખૌમાં રહેતા અને દફન કરતા લોકો માટે નવું નાનકડું કબ્રસ્તાન છે. જ્યારે આટલું મોટું પ્રાચીન કબ્રસ્તાન વાપરતા જખૌની વસતી કેટલી હશે તે કલ્પના કરવી રહી.

ટુંકમાં પુનરાવલોકન કરીએ તો માંડવી તાલુકાના મેગાલીથીક સંસ્થાનો નદીના કિનારે આવેલા છે. ખેતી પ્રધાન અને પશુ પાલક આ જાતિઓને ટકાવી રાખતો વરસાદ એ સમયમાં જરૂર વધુ થતો હશે, જમીન પણ વધારે ફળદ્રુપ અને કાંપવાળી હશે, પૂર્વ દિશાનું આટલું બધું મહત્ત્વ શું સૂર્ય પૂજા દર્શાવે છે? ઉત્તર દિશાએ માથું રાખવાની પ્રથા ઉપનિષદમાં દર્શાવવામાં આવેલા આત્માના ઉર્ધ્વગમન બાબત સૂચન કરે છે? એક વિદ્વાનના કહેવા પ્રમાણે કબરમાં દાટવામાં આવેલું માટલું માતાના ગર્ભનું પ્રતિક છે, માણસ પુર્નજન્મ લઈ ફરીથી માતાના પેટમાં આવે છે એમ દર્શાવવા તેઓ માટલું દાટતા હશે.

તેઓ કોણ હતા, શું કરતા હતા, તેમની ધાર્મિક અને સાંસ્કૃતિક માન્યતાઓ કેવી હતી તેમનો દેખાવ તથા શારીરિક બાંધો કઈ જાતનો હતો ...? આ બધા સવાલોના જવાબો અહીં કબ્રસ્તાનમાં દટાયેલા છે, વિદ્વાન પુરાતત્ત્વવિદો આ મેગાલીથીક અવશેષોનું વ્યવસ્થિત ઉત્ખનન કરે, તો પુષ્કળ માહિતીઓ બહાર આવી શકે. આ સ્થાનોને રક્ષિત જાહેર કરવા અતિ જરૂરી છે જેથી આવા દુર્લભ અને ઐતિહાસિક પ્રમાણો નામશેષ થતા અટકે અને આ અવશેષો હંમેશાં જળવાઈ રહે.

*૧૮, નંદનવન સોસાયટી,*
*માંડવી, કચ્છ - ૩૭૦ ૪૬૫.*
*ફોન : (૦૨૮૩૪) ૨૨૩૫૪૦, ૨૨૩૨૮૭*
*મો. ૯૮૨૫૫ ૬૪૪૪૪*

***(નોંધ : 'મંગલ મંદિર' કચ્છના સક્ષમ વર્ગને જખૌ તથા નાના લાયજા જેવા અનુકૂળ પુરાતત્ત્વીય સ્થાનોનું સંશોધન કરવા પોતાનો સહકાર આપવા અપીલ કરે છે. અન્ય વ્યવસ્થા યોગ્ય સંસ્થા દ્વારા થઈ શકશે તેની ખાતરી ઉચ્ચારવામાં આવે છે.)***

શ્રીહરિ ડેન્ટલ ક્લીનીક
ઉપલબ્ધ સારવાર

* (Implant Dentistry)
* દાંતમાં ચાંદી તથા દાંતના કલરનું (Composite) ફીલીંગ કરવું.
* દાંતમાં મૂળની સારવાર કરવી. (Root Canal Treatment)
* દાંતમાં કવર તથા કઢાવી નાંખેલ દાંત ફીટ કરવા (મેટલ, સીરામીક, ઝરકોનીયા તથા સોનાના બ્રીજ દ્વારા ફીટ કરવા).
* દાંતના ચોકઠા બનાવવા. (Complete or Partial Removable Dentures)
* દાંત સાફ કરવા (Ultrasonic Scaler દ્વારા)
* Depigmentation of Gums






* પાયોરીયા, ફુલેલા પેઢા, ઉતરી ગયેલા પેઢા વગેરેના ઓપરેશન. (Flap Surgery with / without bonegrafting) Guided tissue
* દાંત કાઢવા, ડહાપણ દાઢ કઢાવવી.
* જડબામાં કેન્સરની ગાંઠ, રસોળીની ગાંઠ વગેરેના ઓપરેશન.
* દાંત, જડબાના ફ્રેક્ચરનું ઓપરેશન.
* બાળકોના વાંકા ચૂકા દાંત સીધા કરવા તેમજ તેમાં ચાંદી ભરવી, મૂળની સારવાર તથા કવર કરવા વગેરે.
* X-ray સુવિધા ઉપલબ્ધ છે.
* દાંતમાં Dimond Fit કરવા.

ડો. (મીસીસ) રૂપાંગ નાકરાણી
(B.D.S., M.D.S.)
દાંત તથા જડબાના રોગોનાં નિષ્ણાંત સર્જન
Sr. Lecturer નૂતન ડેન્ટલ કોલેજ. વિસનગર
Prof. અમદાવાદ ડેન્ટલ કોલેજ
૩-બી, મિલેનીયમ પ્લાઝા, સ્વામિનારાયણ મંદિર સામે,
માનસી ચાર રસ્તા, વસ્ત્રાપુર, અમદાવાદ.
ફોન : (ક્લીનીક) ૨૬૭૩૦૮૯૧
મો. : ૯૨૨૮૧૪૧૮૦૧, ૯૨૭૫૦૩૮૮૯૭
સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫-૩૦ થી ૯

ડો. દિનેશભાઈ નાકરાણી
(B.D.S., M.D.S.)
દાંત તથા જડબાના રોગોનાં નિષ્ણાંત સર્જન
પહેલો માળ, જય જલારામ કોમ્પ્લેક્ષ,
નવદીપ મેડીકલની ઉપર, ઈન્ડીયા કોલોની રોડ,
બાપુનગર, અમદાવાદ.
ફોન : ૯૮૨૫૦૨૦૪૦૭ મો. : ૯૮૨૫૩૭૯૭૧૩
સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૯

www.shriharidentalclinic.com
rupangn@yahoo.co.in

# ખારોઈમાં રચાઈ રહી છે અજબ સૃષ્ટિ

• લતિકા સુમન •

*કચ્છમાં ૨૦૦૧માં આવેલા વિનાશક ભૂકંપનું તાંડવ જોયા બાદ ત્યાંના લોકો બીકના માર્યા સ્થળાંતર કરવા લાગ્યા હતા, એ સમયથી ગામડાં ખાલી થવા લાગ્યાં હતાં. પોતાના વતનની આ પરિસ્થિતિ જોઈ મુંબઈ વસતા એક કચ્છી માડુ ખૂબ વ્યથિત થયા અને તેમણે પોતાના ગામ ખારોઈમાં કશુંક એવું કરવાનો વિચાર કર્યો કે લોકો ગામ છોડીને જવાને બદલે ગામમાં આવે. પોતાના ગામને વિશ્વના નકશા પર મૂકવા અને આકર્ષણનું કેન્દ્ર બનાવવાના તેમના નિર્ધારથી આજે ખારોઈમાં ૩૫ એકરમાં ફેલાયેલી એક અજાયબ દુનિયા તૈયાર થઈ ગઈ છે. અહીં જમીનની અંદર આઠ ફૂટ નીચે બ્રહ્માંડની ઝલક છે, જુરાસિક યુગની અનુભૂતિ મેળવી શકાય છે તેમ જ જીવસૃષ્ટિ વિશે જાણકારી મળી રહે છે. ચાલો, આપણે પણ એની ઝલક મેળવીએ.*

૨૦૦૧માં આવેલા ભૂકંપથી સમગ્ર ગુજરાત હચમચી ઊઠ્યું હતું. ભૂકંપના ધ્રુજારાની સૌથી વધુ અસર કચ્છને થઈ હતી. આમ તો સમગ્ર ગુજરાતના વેપાર-ધંધાને ભૂકંપના કારણે અસર થઈ, પરંતુ સૌથી વધુ અસર કચ્છમાં થઈ. આ હોનારત પછી લોકો સ્થળાંતર કરી કચ્છ છોડી જવા લાગ્યા. ગામડાં ખાલી થવા લાગ્યાં. આવી પરિસ્થિતિ જોઈ કચ્છમાં જ રહેવાનું પસંદ કરનારા વ્યથિત થયા. કચ્છની બહાર રહેનારા કચ્છી માડુઓ પણ ખૂબ વ્યથિત થયા. મુંબઈમાં રહેતા રાયચંદભાઈ કોરશી શાહને પણ આવી જ વ્યથા હતી. એ વખતે તેમણે દુનિયાભરના લોકોને તેમના ખારોઈ ગામમાં આકર્ષવાનો નિર્ધાર કર્યો. જેના માટે ખૂબ મનોમંથન પછી તેઓ એક ખુલ્લું વૈજ્ઞાનિક સંગ્રહાલય રચી રહ્યા છે. પશ્ચિમ ભારતનું આ પહેલું અનોખું સંગ્રહાલય છે.

આ સંગ્રહાલયને ‘ખારોઈ-ડિસ્કવરી મ્યુઝિયમ ઑફ કચ્છ’ નામ આપવામાં આવ્યું છે. દેશના સૌથી વિશાળ ગણાતા કચ્છ જિલ્લામાં ભુજથી ૯૦ કિલોમીટરના અંતરે આવેલા ખારોઈ ગામમાં આવેલી તેમની ૨૭૦ એકર જમીનમાંથી ૩૫ એકરમાં આ વિશાળ પ્રોજેક્ટ આકાર લઈ રહ્યો છે. તેમાં માનવી, ઈતિહાસ, ભૂગોળ અને જીવશાસ્ત્રની માહિતી આપતું એક અનોખું મોડેલ તૈયાર થઈ રહ્યું છે. એ કામ ‘કોરશી હીરજી શાહ ચેરિટેબલ ટ્રસ્ટ’ ના નેજા હેઠળ થઈ રહ્યું છે. આજે તો એનો ઘણોખરો ભાગ તૈયાર થઈ ગયો છે, પરંતુ તેનો આરંભ ખૂબ મૂંઝવણભર્યો રહ્યો હતો.

કચ્છની હોનારતના એ સમયને યાદ કરતાં રાયચંદભાઈ કહે છે, ‘હું વિચારતો હતો કે, એવું શું કરું કે જેનાથી લોકો કચ્છમાં પાછા ફરે. પહેલાં તો મને એક ટુરિસ્ટ સેન્ટર બનાવવાનો વિચાર આવ્યો હતો. એ પછી થયું કે કશુંક વધુ યાદગાર બનાવું. એટલે સંગ્રહાલયનો વિચાર આવ્યો. સંગ્રહાલય કેવું બનાવવું એ વિશે વિચારતો રહ્યો. ખૂબ મનોમંથન છતાં કોઈ સ્પષ્ટ ચિત્ર ન ઊતર્યું ત્યારે ૨૦૦૫માં ઉદ્યોગપતિઓ અને

## છ મહિનાની ઉંમરે મુંબઈ આવ્યા હતા

મુંબઈના આ સફળ બિઝનેસમેન રાયચંદભાઈ વિશે જાણીએ. તેમના પિતાજી કોરશી હીરજી શાહ ફક્ત આઠ વર્ષની ઉંમરમાં પોતાના એક પિતરાઈ ભાઈની સાથે કામધંધાની શોધમાં મુંબઈમાં આવ્યા. શરૂઆતમાં તેઓ નાનાં-મોટાં કામ કરતા હતા. એ પછી તેમણે ગ્રાન્ટ રોડ વિસ્તારમાં અનાજની એક નાનકડી દુકાન શરૂ કરી. કોરશીભાઈના બે સગા ભાઈ અને બે પિતરાઈ ભાઈ એમ કુલ મળીને પાંચ જણ આ દુકાન ચલાવતા હતા.

ઘર નાનું હતું એટલે તેમણે એક વ્યવસ્થા નક્કી કરી હતી. એ મુજબ દરેક ભાઈ તેની પત્ની અને બાળકો સાથે છ મહિના સુધી મુંબઈમાં રહેતા હતા. બાકીના ભાઈઓનાં પત્ની બાળકો વતન (કચ્છ) માં રહેતાં હતાં. આ રીતે વારાફરતી તેઓ પોતાના પરિવારને મુંબઈમાં બોલાવતા હતા. કોરશી શાહ પોતાની પત્નીને મુંબઈ લાવ્યા. એ સમયે રાયચંદભાઈ માતાની સાથે પહેલી વાર મુંબઈ આવ્યા હતા. એ સમયે તેમની ઉંમર છ મહિનાની હતી.

એ પછી તેઓ પાંચ વર્ષની ઉંમરે મુંબઈમાં ફરી આવ્યા હતા. બેથી ત્રણ વર્ષ પછી કોરશીભાઈએ ગાવદેવીમાં ૬૦૦ રૂપિયાની પાઘડી પર ઘર લીધું અને રેડીમેઈડ ગારમેન્ટની દુકાન શરૂ કરી. એ પછી રાયચંદભાઈ હંમેશ માટે માતા-પિતા સાથે મુંબઈ રહેવા લાગ્યા. ગ્રાન્ટ રોડની સેન્ટ્રલ સ્કૂલ, વિલ્સન કોલેજ, ભવન્સ કોલેજ, ગવર્નમેન્ટ લો કોલેજમાં અભ્યાસ કરતા કરતા તેમણે એમએ એલએલબી કર્યું. એક વર્ષ વકીલાતની પ્રેક્ટિસ કરી. પરંતુ તેમની નસેનસમાં તો બિઝનેસ જ હતો. આથી આટલો અભ્યાસ કરવા છતાં તેઓ કપડાંના બિઝનેસમાં જ રહ્યા અને ધીરેધીરે તેમનો બિઝનેસ વધતો ગયો. આજે મુંબઈમાં ‘રૂપમ’ અને ‘રૂપ મિલન’ નામના મોટા શો-રૂમના તેઓ માલિક છે. ૭૫ વર્ષની ઉંમરમાં પણ તેમનો જોશ અને ઉત્સાહ અકબંધ રહ્યો છે. આજે એ જ ઉત્સાહથી તેઓ પોતાના ગામને એક નવી દિશામાં લઈ જવાનો પ્રયાસ કરી રહ્યા છે.

*નિષ્ફળતાથી હારી જઈને બેસી રહીએ તો ક્યારેય વિકાસ નહિ સાધી શકાય.*

વ્યવસાયકર્તાઓની એક મિટીંગ બોલાવી. તેમને સંગ્રહાલયનો વિચાર જણાવી સૂચનો આપવા જણાવ્યું. જેમાં દામજીભાઈ એંકરવાલા સહિત સોથી વધુ ઉદ્યોગપતિ સામેલ થયા હતા. મિટીંગમાં બધાએ સંગ્રહાલય તૈયાર કરવાના વિચારને આવકાર્યો. સંગ્રહાલયમાં શું-શું હોવું જોઈએ એના માટે લોકો તરફથી ૧૫૦ સૂચનાપત્ર આવ્યા અને ૫૨૫ નામ પણ પણ સૂચવવામાં આવ્યાં. આખરે મેં બધાનો મત લઈ સંગ્રહાલયનું નામ 'ખારોઈ-ડિસ્કવરી મ્યુઝિયમ ઓફ કચ્છ' નક્કી કર્યું. એ પછી મ્યુઝિયમનો લોગો ખજૂરનું ઝાડ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો.

રાયચંદભાઈના જણાવ્યા અનુસાર એ બેઠકમાં અને તે પછી સંગ્રહાલયની સામાન્ય રૂપરેખા નક્કી કરવામાં આવી, પરંતુ તેમને એ યોજનાથી સંપૂર્ણ રીતે સંતોષ નહોતો થયો. આખરે તેમણે વડોદરાના મ્યુઝિયોલોજિસ્ટ ઈલેશભાઈ વ્યાસની મદદ મેળવી. ઈલેશભાઈએ રાયચંદભાઈની વાત સાંભળીને તેની ઉપર વિચાર કર્યો. પહેલાં તો તેમને શંકા જાગી કે, રાયચંદભાઈ જેવું વિચારે છે એ મુજબ ખરેખર મ્યુઝિયમ તૈયાર થશે ખરું? જોકે, રાયચંદભાઈને અનેકવાર મળવાનું થતાં ધીમેધીમે વાતની ગેડ તેમના મગજમાં પણ બેસતી ગઈ. તેમનો ઉત્સાહ જોઈ જોઈને ઈલેશભાઈનો ઉત્સાહ પણ વધ્યો. આખરે તેમણે રાયચંદભાઈને સૂચન કર્યું કે તમારી કલ્પના સાકાર કરતા અગાઉ તમે યુરોપ જઈ ત્યાંનાં સંગ્રહાલયો જોઈ આવો. ઈલેશભાઈની ફ્રેન્ચ મિત્ર સારા કેલર સાથે રાયચંદભાઈએ ૧૬ જૂન, ૨૦૧૦ થી ૧૭ જુલાઈ, ૨૦૧૦ એટલે કે એક મહિના સુધી કારમાં રઝળપાટ કર્યો. તેમણે યુરોપના લગભગ બધાં જ સંગ્રહાલયોની મુલાકાત લીધી અને તેનો અભ્યાસ કર્યો. એના પરિણામે ડિસ્કવરી મ્યુઝિયમ ઓફ કચ્છમાં શું હોવું જોઈએ એનો તેમને સ્પષ્ટ ખ્યાલ આવ્યો.

રાયચંદભાઈ પ્રવાસ દરમિયાન રોજેરોજની ડાયરી લખતા હતા તેની ઉપરથી 'યુરોપમાં પ્રવાસ ચાર પૈડાં પર' નામનું પુસ્તક લખવામાં આવ્યું છે. આજે રાયચંદભાઈના જીવનસ્વપ્ન એવા સંગ્રહાલયનું ૮૦ ટકા કામ થઈ ગયું છે. ૨૦૧૩ ની પહેલી ડિસેમ્બરના રોજ સંગ્રહાલય જાહેર જનતા માટે ખુલ્લું મૂકવાની તેમની ગણતરી છે.

***"અભિયાન"માંથી સાભાર***

## ડિસ્કવરી મ્યુઝિયમ ઓફ કચ્છની વિશેષતા

**(૧) કચ્છ ઇન્ટરપ્રિટેશન સેન્ટર**

મ્યુઝિયમમાં કચ્છ ઈન્ટરપ્રિટેશન સેન્ટર છે. જેના પ્રવેશદ્વાર પરથી આ મ્યુઝિયમ અને સમગ્ર કચ્છ વિશે જાણકારી મળી રહે છે. કચ્છનાં પર્યટન સ્થળોએ જવા માટે અહીંથી બારોબાર બુકિંગ પણ કરાવી શકાશે.

**(૨) અર્થપાર્ક**

અર્થપાર્કને ભૂત બંગલા પણ કહી શકાય. આ પાર્ક જમીનની અંદર આઠ ફૂટ નીચે બનાવાયો છે. એમાં પ્રવેશતાં જ ફરતા બ્રહ્માંડની એક સંપૂર્ણ ઝલક મેળવી શકાય છે. આ સમગ્ર આભાસ સાઉન્ડ અને લાઈટ ઈફેક્ટસની મદદથી તૈયાર કરવામાં આવ્યો છે. પરંતુ તે એટલો આબેહૂબ છે કે આપણે સાચે જ બ્રહ્માંડમાં આવી ગયા હોઈએ એવું જ લાગ્યા કરે છે. આ અનોખી યાત્રામાં પૃથ્વીની ઉત્પત્તિથી માંડીને આજ સુધીની ઘટનાઓ અને દિવસ-રાત કેમ થાય છે, ઋતુઓ કેમ બદલાતી રહે છે, તેની જાત-અનુભવથી માહિતી મળતી જાય છે.

**(૩) સાયન્સ સેન્ટર**

આ કેન્દ્ર સાચે જ અદ્‌ભુત છે. તેમાં મનુષ્ય, પ્રાણીઓ, તમામ જીવજંતુઓ તેમજ છોડ-વનસ્પતિની દુનિયાનું એક નાનકડું મોડેલ જોવા મળે છે. અહીં જીવસૃષ્ટિને સંબંધિત બધી જ માહિતી તેના અસલી રૂપમાં તાદશ કરીને પીરસવામાં આવી છે. આ કેન્દ્રમાં વિજ્ઞાન આધારિત જુદી જુદી રમતો રમવાની પણ સગવડ છે.

**(૪) એમ્ફી થિયેટર**

પુરાણા જમાનામાં રોમનોના યુગમાં જેનું ખૂબ ચલણ હતું તેવું પગથિયાવાળી બેઠક વ્યવસથા ધરાવતું એમ્ફી થિયેટર અને તેને અડીને જ આવેલું વિશાળ કૃત્રિમ સરોવર મન મોહી લે છે. જેને સરોવરના પાણી ઉપર મોજ કરવી હોય તેમના માટે બોટિંગની પણ સગવડ છે.

**(૫) કચ્છી સરલ રિસોર્ટ**

આ રિસોર્ટમાં મુલાકાતીઓ માટે રહેવાની શ્રેષ્ઠ સગવડ છે, પરંતુ તેને કચ્છી ઑપ આપવામાં આવ્યો છે. માટી અને ઘાસથી બનેલા ખાસ કચ્છી પરંપરાના ઘરોમાં રહેવાની સગવડ ઊભી કરવામાં આવી છે.

**(૬) ધ મેઈઝ**

બે એકર જમીનમાં આર્ટિસન બજાર એટલે કે સ્થાનિક કારીગરોએ બનાવેલી કૃતિઓનું બજાર બનાવવામાં આવ્યું છે. જ્યાં ગ્રામીણ કારીગરો દ્વારા બનાવવામાં આવેલી જાતજાતની વસ્તુઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

**(૭) ડાયનોસોર પાર્ક**

આ પાર્ક આપણને સદેહે જુરાસિક યુગમાં જવાનો અનુભવ કરાવવા સક્ષમ છે.

'ખારોઈ-ડિસ્કવરી મ્યુઝિયમ ઓફ કચ્છ' ના સમગ્ર આયોજનમાં ઈકો-ફ્રેન્ડલી વિચારનો અમલ કરવાનો ભરપૂર પ્રયાસ કરવામાં આવ્યો છે. મ્યુઝિયમમાં સૂર્ય અને પવનઊર્જાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેથી પ્રદૂષણ જન્માવતી સામાન્ય વીજળી ન વપરાય. સૂર્ય અને પવનની ઊર્જા ઊણી ઊતરે તો વધારાની વીજળી અને ઊર્જા નિતારવા માટે ગોબર ગેસ પ્લાન્ટ લગાવવામાં આવ્યો છે. તેને જોયા પછી કોઈને એવો પ્લાન્ટ લગાવવાની ઈચ્છા જન્મે તો આ પ્લાન્ટ કેવી રીતે ઊભો કરી શકાય એની માહિતી પણ અહીં આપવામાં આવે છે.

*જગતમાં ફેંકી દેવા જેવી એક મૂડી છે અને તે છે અહંકાર.*

કચ્છ, કચ્છી પ્રજા અને કચ્છીયતને ઉજાગર કરતી ચાલુ રસધાર કથા

# કચ્છનો કેસરી વીર કારાયલ અને સતી કપૂરી

કચ્છની રસધાર : મણકો - ૧૦

• દુલેરાય કારાણી •

(ગતાંકથી ચાલુ)

## કપૂરી સંઘાર

કારાયલ સમાના નિવાસ સ્થળેથી થોડે દૂર ભાંજડો★ ડુંગર આવેલો હતો. આ ભાંજડા ડુંગર પર ઊજર રામો નામનો એક પ્રખ્યાત લૂંટારો રહેતો હતો. આ ઊજર રામો ઘણી લૂંટફાટો કરીને તાલેવંત બન્યો હતો. ચારે તરફ એના નામનો ડંકો વાગતો. ચોરી અને લૂંટ એ જ એનો ધંધો હતો.

એક વખત આ ઊજર રામો ફરતો ફરતો પોતાની ટોળકી સાથે થર પ્રદેશ તરફ નીકળી ગયો હતો. ત્યાંથી પાછા ફરતાં તે બન્નીમાંથી પસાર થતો હતો. ઉનાળાની ઋતુ હતી. બપોરનો સમય હતો. પાણીના અભાવે સૌ આકુળવ્યાકુળ બની ગયા હતા. સખત તાપમાં બન્નીનો રસ્તો કાપતા આ લોકો અહીં પડેલી સંઘારની વાંઢમાં આવી પહોંચ્યા.

અહીં સાઓ સંઘાર નામનો એક ધણાર પોતાની જંગી આથો સાથે પડેલો હતો. એ સમયે શ્રીમંત લોકોની શ્રીમંતાઈ તેમની પાસેના પશુધન પરથી અંકાતી. બન્નીનો પ્રદેશ એટલે પશુધનનું મહાન ધામ. પશુધનનું પાલન પોષણ કરવું એ જ અહીંના ધણારોનો મુખ્ય ધંધો હતો. દૂધ-દહીં એ જ એમનું દરરોજનું ભોજન. રોટલો તો ભાગ્યે જ એમની નજરે ચડે.

સાઆ સંઘારને સંતતિમાં માત્ર એક પુત્રી હતી. તેનું નામ કપૂરી હતું. કપૂરીની ઉંમર સોળ-સત્તર વર્ષની હતી. ઘણે ભાગે દુગ્ધપાનથી જ ઊછરેલી હોવાથી તે વીસ વરસની યૌવના જણાતી હતી. યૌવનનો વસંતવાયુ તેના અંગેઅંગને વિકસાવીને તેમાં કંઈ અજબ લાલિત્ય ફૂંકી રહ્યો હતો. ગુલાબી લાલીથી લાલ બનેલા તેના ગોરા ગાલ જાણે પૂર્ણ ખીલેલાં લાલ કમળ હોય એવા લાગતા હતા. શરદ પૂનમના ચંદ્ર જેવું તેનું વદન શીતળ કિરણો ફેલાવી રહ્યું હતું. કાળી અણિયાળી આંખો પર આવી રહેલી કામદેવના ધનુષ્ય જેવી તેની ભ્રમર-કમાનો, સિંહને શરમાવે એવો કટિપ્રદેશ અને મદમસ્ત બાલહસ્તિની જેવો તેનો થનગનાટ પ્રથમ દૃષ્ટિએ જ જોનારને મહાત કરવાને બસ હતાં. સરગવાના સોટા જેવું તેનું સીધું કદ અને જાડી ઓઢણીમાંથી બહાર પડતા કેળના ગર્ભ જેવા તેના સફેદ હાથની છટા કંઈ અદ્‌ભુત આકર્ષણ વ્યક્ત કરતાં હતાં. સ્વર્ગમાંથી ઊતરી આવેલી અપ્સરા જેવી આ કપૂરી સંઘાર જેવી ખૂબસૂરત હતી તેવી જ શક્તિમાન હતી. તેણે તેના પિતાનાં અસંખ્ય ઢોરોને પાણી પાવાનું કામ પોતા પર લઈ લીધું હતુ. કૂવામાંથી પાણી ખેંચવાની તેની રીત પણ અજબ હતી. તેણે મોટા પાડાની ખાલનો એક જબરો ચડો (ચડસ) બનાવ્યો હતો. પાણીથી ચીકાર ભરેલો આ ચડો કૂવામાંથી ખેંચી કાઢવો તેને માટે એક રમત વાત હતી. દરરોજના આ પ્રકારના વ્યાયામથી તેનું શરીર પણ કસરતબાજ બની ગયું હતું. જેની મૂછે લીંબુ ઠરે એવા જવાંમર્દો પણ કપૂરીની આ કળા પાસે મસ્તક ઝુકાવતા. કપૂરી સંઘારે ખુલ્લો એકરાર કર્યો હતો કે જે માણસ આ ચડો કૂવામાંથી ખેંચી કાઢે તેને જ વરવું. કેટલાયે યુવાનો પોતાના નસીબને અને બળને અજમાવવા અહીં આવ્યા હતા અને નિરાશ થઈને પાછા ફર્યા હતા. જે કાર્ય કપૂરી સંઘાર હસતા રમતાં કરતી તે કોઈ મર્દ મુશ્કેલીથી પણ કરી શકતો ન હતો. આ કારણથી કપૂરીના પિતાનું મન તેના ભવિષ્ય માટે રાત-દિવસ ચિંતામગ્ન રહેતું હતું. પરંતુ કપૂરીના અડગ નિશ્ચયને ડગાવવાની કોઈની શક્તિ ન હતી.

ઊજર રામો જ્યારે પોતાના બેલીઓ સાથે કૂવામાંથી પાણી ખેંચતી કપૂરી પાસે આવી પહોંચ્યો ત્યારે કપૂરીનું સુંદર મુખમંડળ નિહાળતાં જ તે મુગ્ધ બની ગયો.

અહીં આવતાં જ ઊજર રામાની દૃષ્ટિ ત્યાંથી પસાર થતી એક રોઝડી પર પડી. કપૂરીને પોતાની બહાદુરી બતાવીને ચક્તિ કરવા માટે આ સરસ અવસર આવેલો જાણીને તેણે ભાથામાંથી એક તીર બહાર કાઢી, તેને કમાન પર ચડાવ્યું. કમાનની દોર ખેંચી તીરના એક જ ઘાથી તેણે રોઝડીને જમીન પર પાડી દીધી.

ઊજર રામાનું આ નિર્દય વર્તન કપૂરીને જરા પણ ગમ્યું નહિ. આમ છતાં તે કશું બોલી નહિ. શાંતિપૂર્વક તે પોતાનું કાર્ય કરતી રહી. ઊજર રામો વધુ નજદીક આવ્યો. તેણે કપૂરી સંઘાર પાસે પાણી પીવાની માગણી કરી.

*કુંજલડી કપૂરી, નજર કરેને ન્યાર,*
*થરનું થકી આવેઆ, પાણી મીઠો પિયાર!*

ભાવાર્થ : ઓ કુંજ જેવી કપૂરી તું નજર કરીને જરા જો તો ખરી! થર પ્રદેશથી થાકીપાકીને આવેલા પ્રવાસીઓને મીઠું પાણી પીવડાવ!

કપૂરીએ ઊજર રામાને ટૂંકો જવાબ આપતાં કહ્યું :

*'પાણી પાતારા, સિંજે કઢે સે પીએ.'*

અર્થાત્ આ પાતાળી પાણી જે સીંચીને બહાર કાઢે તે જ પી શકે છે.

કપૂરીએ કહ્યું : પાણી પીવું હોય તો આ ઢોરોને પીવાનો અવેડો આખો ભર્યો છે. ખુશીથી પી લ્યો! પણ કૂવાનું પાણી જોઈતું

★ *અહીં જૂના વખતમાં ભાંજડો નામનો એક યોગી તપશ્ચર્યા આદરી રહેલો હોવાથી આ ડુંગર ભાંજડા ડુંગરના નામે ઓળખાય છે. કાળી ચૌદસની રાતે મેલીવિદ્યાના સાધકો સાધના માટે ત્યાં પહોંચી જાય છે. 'ભાંજડે જી ડેણ' એવી કહેવત આજ પણ કચ્છમાં પ્રચલિત છે.*

*ખુદમાં જો હોય દમ, સફળતા મળે છે હરદમ.*

હોય તો તેને સીંચી કાઢનારો જ તે પી શકે છે.

કપૂરીની કટાક્ષ વાણી સાંભળીને ઊજર રામાનું અભિમાન જાગી ઊઠ્યું. ત્વરિત ગતિએ તે કૂવાના પડથાર પર ચઢી ગયો. ચામડાનો ચડો પોતાના હાથમાં લઈને તે સરસર કરતો કૂવામાં ઊતરવા લાગ્યો.

જ્યારે ચડો પાણીથી ચિકાર ભરાઈ ગયો ત્યારે ઊજર રામો તેને બહાર કાઢવાને બળ કરવા લાગ્યો. તેણે પોતાની તમામ તાકાત અજમાવી દીધી પણ પાણી ભરેલા ચડાને કૂવામાંથી એક હાથ પણ ઊંચે લાવી શક્યો નહિ. તેનું મોઢું મહેનતથી લાલચોળ થઈ ગયું. શિયાવિયા પણ થઈ ગયું. ચહેરા પર ભોંઠપ તરી આવી. હવે સુયોગ્ય પ્રસંગ આવ્યો જાણી કપૂરીએ ફરીથી કટાક્ષ કરતાં કહ્યું :

*ઊજર તું અબોટ, પટ પછાડે રોઝડી,*
*ડઈ ચડે કે ચોટ, બાર કઢીને ન્યાર તું!*

ભાવાર્થ : ઊજર રામા, તે પવિત્ર રોઝડીને જમીન પર પાડી દીધી પણ હવે આ ચડાને તું કૂવામાંથી બહાર કાઢી જો તો તારી ખબર પડે!

કપૂરીનો આ કટાક્ષ ઊજર રામાના અંતરમાં તીરની પેઠે વાગ્યો. તેણે કેટલીયે જહેમત ઉઠાવી, રાતોપીળો બની ગયો, પણ પાણી ભરેલો પખાલ જેવો ચડો કૂવામાંથી બહાર ન નીકળ્યો તે ન જ નીકળ્યો. અંતે લાચાર બનીને તે કૂવા પરથી નીચે ઊતર્યો.

શૂરાતનથી કૂવાના પડથાળ પર ચડ્યો હતો અને વીલે મોઢે પાછો ફર્યો.

કપૂરીનો હાથ ગ્રહણ કરવા માટે આજ સુધી આ ઊજર રામા જેવા કેટલાયે વીર જવાનો પોતાનાં તકદીર અજમાવવા આવી ચડ્યા હતા અને એ જ રીતે પાછા ફર્યા હતા. સૌના નસીબે નિષ્ફળતા સિવાય બીજું કંઈ લખાયેલું ન હતું.

આ વાતની જ્યારે કારાયલ સમાને જાણ થઈ ત્યારે તેને કપૂરી સંઘારને જોવાની ઈચ્છા જાગી ઊઠી. એક દિવસ તે પોતાના સાથીદારો સાથે ફરતો ફરતો સાઆ સંઘારની વાંઢમાં આવી ચડ્યો. સમય મધ્યાહ્નનો હતો, તાપ પણ પ્રચંડ હતો. પાણીની તરસથી સૌનાં ગળાં સૂકાઈ ગયાં હતાં.

એ વખતે વીર કન્યા કપૂરી પોતાના પશુ સમુદાય વચ્ચે કૂવાના પડથાળ પર ઊભીને પાણી ખેંચવાના પોતાના કાર્યમાં મશગૂલ હતી. ઓઢણીનો એક છેડો છાતી પરથી કમ્મર પર વીંટાળી લઈને ખુલ્લા મસ્તકે પદ્મણીના અવતાર સમી એક સુકોમળ કન્યાને લહેરથી એક ભયાનક ચડા સાથે ખેલતી જોઈને કારાયલ આશ્ચર્યમુગ્ધ બની ગયો. કોઈ દિવસ ન જાગેલી એવી અનેક લાગણીઓ તેના મનમાં જાગી ઊઠી. તેની તેજસ્વી આંખોએ આ મનોહર મુગ્ધા તરફ મીટ માંડી.

જેના માત્ર નામસ્મરણથી મૂછાળા મર્દો પણ થરથરી જતા એવો એક બળવાન બહારવટિયો એક બાળાની આ શક્તિ નિહાળીને યંત્રવત્-જડવત્ બનીને ઊભો રહ્યો. અગ્નિના તણખા વરસાવતી એની ચકચકતી આંખોએ પોતાના કાર્યમાં નિમગ્ન બની ગયેલી વીરબાળા પર કશી અસર કરી નહિ. અહીં તો આવ્યા તેવા પાછા ફરનારાનો કોઈ તોટો ન હતો. આવનાર સામે ઊંચી આંખ કરીને જોવાની તસ્દી પણ તે ભાગ્યે જ લેતી.

કારાયલ સમો કૂવામાંથી પાણી ખેંચતી આ વીર રમણી તરફ એકીટસે જોતો જેમનો તેમ ઊભો હતો. આ અદ્ભુત દૃશ્યના અવલોકનમાં તે પોતાની તૃષાને પણ ઘડીભર ભૂલી ગયો.

થોડીવાર સુધી આ દેખાવ અનિમિષ નયને નિહાળીને તેણે વાતની શરૂઆત કરી.

"વીર કુમારી! તૃષાતુરોની તૃષા અહીં ટળી શકે છે?"

કપૂરીએ ઊંચુ જોયું. હરિણી જેવી તેની ચપળ આંખો જાણે કારાયલનું સામર્થ્ય માપી રહી હતી.

"રાજપૂત વીર, અહીં તો જે પાણી ખેંચી શકે છે તે જ પી શકે છે. નહિ તો ચોપાંનો આ અવેડો વિશાળ છે એમાંથી સૌ કોઈને પાણી પીવાની છૂટ છે." કપૂરીએ ધીરેથી પણ બેપરવાઈથી તલવારની ધાર જેવા તીક્ષ્ણ શબ્દોનો ઉચ્ચાર કરતાં કહ્યું.

કપૂરીનો આવો વિચિત્ર જવાબ સાંભળીને કારાયલ ક્ષણવાર તો વિચારમાં પડી ગયો. તેનું હૃદય તેને કૂવાના પડથાળ પર ચડી જવા ધકેલવા લાગ્યું. કપૂરીના પડકારનો કશો પ્રત્યુત્તર ન આપે એવું કારાયલનું માનસ ન હતું. તે જ ક્ષણે ત્વરિત ગતિએ તે કૂવાના પડથાળ પર ચડી ગયો. પેલો ભીષણ ચડો હાથમાં લઈ ચિત્રનાથ ગુરુનું સ્મરણ કરીને તે તેણે સરરર કરતાં કૂવામાં સેરવી દીધો.

કારાયલની ચપળતા અને ચાલાકી જોઈને કપૂરી પણ સ્તબ્ધ બની ગઈ. કેટલાયે સમયથી સુકાતી જતી તેના અંતરની આશાવેલીને જાણે નવલ જળનું સિંચન થતું હોય એવું તેને લાગ્યું. વીર નરની શોધ કરી કરીને આખરે નિરાશ બની થાકેલી તેની આંખો એક પલકારો પણ લીધા વિના કારાયલની કળાને નિહાળતી રહી.

પેલો રાક્ષસી ચડો કૂવામાં પડ્યો તેવો જ ભરાઈને આ યુવાન બળવાન બાહુ વડે ઉપર ચડવા લાગ્યો. જેમ જેમ ચડો ઉપર આવવા લાગ્યો તેમ તેમ કપૂરીની કરમાઈ ગયેલી આશાલતા વધુ ને વધુ પાંગરવા લાગી. તેના સ્નેહ સાગરના ઓસરી ગયેલા નીરમાં પાછી ભરતી આવવા લાગી. તેને માટે આજે એક નવી જ દુનિયા રચાતી હોય એવું તેને જણાવા માંડ્યું. વિધાતાએ કપૂરી સંઘારનો આજનો દિવસ જાણે સોનાનો સરજ્યો હતો.

જોતજોતામાં જ પેલો જંગી ચડો બહાર પડથાળ પર આવીને પછડાયો. પાણીની રેલમછેલ થઈ રહી. સાથે સાથે કપૂરીનું અંતર પણ આનંદના ઊભરાથી રેલમછેલ થઈ ગયું. કારાયલ તરફ તેને અપૂર્વ માન ઉત્પન્ન થયું. તેણે તરત જ ઓઢણીને કમ્મર પરથી ખસેડીને માથા પર ઓઢી લીધી. તેના હૃદય પરનો વધતો જતો બોજો આજે ઊતરવા લાગ્યો હતો.

કારાયલ પાણી પીને શાંત થયો. તેના સંગાથીઓ પણ તૃષા ટાળી તૃપ્ત થયા.

કપૂરીનો પિતા સાઓ સંઘાર પણ આજે સંયોગવશાત્ અહીં હાજર થઈ ગયો. તે પણ આનંદાવેશમાં આવીને કારાયલને ભેટી પડ્યો. એકબીજાને ઓળખાણો અપાઈ. કારાયલ સમાનું નામ સાંભળીને તેના આનંદનો પાર

*ભલે તમે ગરીબ ન હો પણ માત્ર પૈસાથી જ સુખ ખરીદી શકાતો નથી.*

રહ્યો નહિ.

કારાયલ તથા તેના સઘળા સંગાથીઓ આજે સાઆ સંઘારના મહેમાન બન્યા. રાત પડતાં કપૂરીના પિતાએ કપૂરીની પ્રતિજ્ઞા સંબંધી સવિસ્તર હકીકત કારાયલ પાસે રજૂ કરી અને કપૂરીનું હસ્ત ગ્રહણ કરવા અરજ કરી.

કારાયલ વીર પણ પૂર યૌવનમાં હતો. જેવો તે સ્વરૂપવાન અને સામર્થ્યવાન હતો તેવી જ પત્ની પ્રાપ્ત કરવા માટે અનાયાસે આવી ચડેલા આ સુયોગને તેણે વધાવી લીધો.

ઉભય પક્ષે નિર્ણય લેવાઈ ગયો. થોડા જ દિવસમાં કપૂરી સંઘાર અને કારાયલ સમાનાં વિધિપુરઃસર સ્નેહલગ્ન થઈ ગયાં.

કપૂરીના પિતાએ પુષ્કળ પ્રમાણમાં પહેરામણીઓ અને માલધનની નવાજેશ કરીને પોતાની સમર્થ પુત્રી કપૂરીને વિદાય કીધી.

કારાયલ સમો કપૂરી સંઘાર સાથે સીધો પચ્છમાઈ ડુંગર પરના પોતાના સ્થાનકે આવી પહોચ્યો. પરંતુ હવે તેને ગૃહસ્થાશ્રમનું જીવન જીવવાનું હોવાથી પચ્છમાઈ ડુંગર જેવું ભયાનક સ્થાન ફાવે તેમ ન હતું. આથી તેણે પચ્છમાઈ ડુંગરનો ત્યાગ કર્યો અને કચ્છમાં પોલડિયા ટંકારા આવી પહોંચ્યો. આ સ્થાન તેને પોતાના નિવાસ માટે યોગ્ય જણાવાથી અહીં જ તેણે મેલાણ નાખ્યું.

*પોલડિયે ટકાર, મણઘર મેડી અટઈ!*
*જિત હીડોરા ખાટ તેં, ઝુલે લાલ સંઘાર*

ભાવાર્થ : પોલડિયામાં ટંકારમાં મણિધર જેવા સમા સરદારે પોતાનું મહાલય તૈયાર કર્યું જ્યાં હીંડોળાખાટ પર કપૂરી સંઘાર ઝૂલવા લાગી.

ઉત્તમ પ્રકારની સીપ અને સ્વાતિ બિંદુના સંયોગથી જેમ મૂલ્યવાન મોતી પાકે તેમ કારાયલ અને કપૂરીના સંયોગથી એમને ત્યાં વીરકુમાર વીંઝારનો જન્મ થયો. વીંઝાર પણ જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ તેનામાં માતા-પિતાના ગુણો વૃદ્ધિ પામતા ગયા.

વીંઝારકુમારને બાલ્યકાળથી જ તીર, તલવાર, બંદૂક આદિ અસ્ત્ર-શસ્ત્રો વાપરવાનો શોખ જાગ્યો હતો. કંઈક મોટો થતાં તે તેનો કુશળતાપૂર્વક ઉપયોગ કરવા લાગ્યો. એક રાજકુમારને છાજે તેવી સર્વ કળામાં તે પારંગત બની ગયો.

કપૂરી સંઘારના સૌંદર્ય - સામર્થ્યનું અને કારાયલ સમાના શૌર્ય - ઔદાર્યનું એકીકરણ તે વીરકુમાર વીંઝાર!

★

## ચૌર્ય કળા

એક વખત કારાયલ સમાને વીંઝારની કસોટી કરવાની ઈચ્છા થઈ આવી. એમના મકાનના આંગણામાં એક મોટું લીમડાનું ઝાડ હતું. આ ઝાડ પર એક કાગડીએ માળો બાંધ્યો હતો. માળામાં કાગડીનાં ઈંડા હતાં. આ ઈંડાં સેવવા માટે કાગડી આખો દિવસ માળામાં બેસી રહેતી.

કારાયલે કહ્યું : “વીંઝાર, આ લીમડા પરના કાગડીના માળામાંથી કાગડીને ખબર ન પડે એવી રીતે એનાં ઈંડાં તું સરકાવી શકે ખરો?”

“બાપુજી, બધાં પંખીઓમાં કાગડા બહુ ચતુર અને ચકોર પંખી છે. એને ઠગી લેવાની કળા તો આજ સુધી તમે મને શીખવી જ ક્યાં છે?”

“પણ આવી કળાઓ કાંઈ શીખવાથી ઓછી જ શીખી શકાય છે? એ તો આપોઆપ શીખાય છે. ત્યારે તું એટલો કાચો ખરો?”

“અને બાપુજી, તમે એનાં ઈંડાં એ રીતે ઉઠાવી શકો ખરા?”

“કેમ નહિ? હું તો એનો આખો માળો ઉઠાવી લઉં તો પણ એને ખબર ન પડે?” કારાયલે પોતાની કળાની ખાતરી આપતાં કહ્યું.

“ત્યારે એ પ્રયોગ તો મારે જરૂર જોવો છે.”

“તો જોઈ લેજે! હું તને હમણાં જ એ પ્રયોગ નજરોનજર બતાવું!”

આમ કહેતાં જ કારાયલ સમો સડસડાટ કરતો લીમડા પર ચડી ગયો.

એની પાછળ વીંઝાર પણ બાપાને ખબર ન પડે એ રીતે બિલ્લીપગે લીમડા પર ચડતો ગયો.

કપૂરી નીચે બેઠીબેઠી બાપ-દીકરાની આ ચાલાકીનું અવલોકન કરી રહી હતી.

કારાયલે કળાપૂર્વક ઘણી જ સીફતથી કાગડીના માળા નીચેની ડાંખળીઓ પવનથી લાગતા આંચકાના મેળ સાથે ધીરે ધીરે ખસેડીને દૂર કરી. પછી તે ઈંડાં એક પછી એક ઉઠાવતો ગયો અને પોતાની ભેઠમાં મૂકતો ગયો.

અને પિતાની ભેઠમાંથી આ ચાલાક પુત્રે એટલી જ ચાલાકીથી એ જ ઈંડાં સરકાવી લઈને પોતાના ખિસ્સામાં મૂકવા માંડ્યાં.

કાગડીના માળામાંથી કારાયલે ચોરેલાં ચારે ઈંડાં આ રીતે વીંઝારના હાથમાં જ આવી ગયાં.

પોતાનું કામ પૂરું થઈ જતાં વીંઝાર ગૂપચૂપ નીચે આવી ગયો અને ડાહ્યો ડમરો થઈને માતા કપૂરી પાસે છાનોમાનો બેસી ગયો. એટલામાં કારાયલ પણ લીમડા પરથી નીચે ઊતરી આવ્યો.

“બાપુજી, માળામાં ઈંડાં હતાં ખરાં?” વીંઝારે અજ્ઞાનતા બતાવતાં પિતાને પ્રશ્ન કર્યો.

“હતાં જ ને! ઈંડાં તો ચાર હતાં!”

“અને ચારે ઉઠાવી લાવ્યા?”

“ત્યારે બીજા કોને માટે રાખું? અને જો, પેલી કાગડી બાઈ તો હજુ એમને એમ બેઠાં છે! એ બિચારી માને છે કે હું હજુ મારાં ઈંડાં પર જ બેઠી છું.”

“પણ કાગડીનાં ઈંડાં હોય કેવાં?” વીંઝારે દિશા બદલી.

“તે હું તને હમણાં જ બતાવું! શું તે હજુ કાગડીના ઈંડાં જોયાં નથી? નવાઈ!”

MILAN® MASALA
K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883
MILAN® MASALA

આમ કહેતાં જ કારાયલ સમો પોતાની ભેઠમાં ઈંડાંને શોધતો ખાંખાખોળા કરવા લાગ્યો. પણ ઈંડાં ભેઠમાં હોય તો મળેને? તેને નવાઈ લાગી. ચારે ઈંડાં એકાએક ક્યાં ઊડી ગયાં? તે પોતાની ભેઠ છોડી ઈંડાં શોધવા લાગ્યો.

આટલો વખત કપૂરી મોઢા આડે કપડું મૂકીને મહામુશ્કેલીએ પોતાનું હસવું ખાળી રહી હતી. પણ હવે તેનું હાસ્ય તેનાથી રોકી શકાયું નહિ. તે મોટે સાદે ખડખડાટ હસી પડી.

ચતુર કારાયલ ચેતી ગયો કે દાળમાં કંઈક કાળું છે. એટલામાં વીંઝારે પોતાના ખિસ્સામાંથી એક પછી એક ચારે ઈંડાં બહાર કાઢી બાપના હાથમાં મૂકી દીધાં.

કારાયલ આ જોઈને ક્ષણભર તો આભો જ બની ગયો. તરત જ તે બધી હકીકત પામી ગયો. ત્રણે જણના ખડખડાટ હાસ્યની એક લહરી વાતાવરણમાં વેરાઈ ગઈ.

"વીંઝાર! તેં તો જાદુ કર્યું. તું તો મારાથી પણ આગળ નીકળી ગયો." કારાયલ મુક્ત કંઠે વીંઝારનાં વખાણ કરવા લાગ્યો. "ગુરુ કરતાં ચેલા સવાયા જ હોય ને!" કપૂરીએ ટહુકો કર્યો.

"અને વીંઝાર આ ઈંડાં હવે પાછાં તું જ મૂકી આવ!" કપૂરીના માતૃહૃદયે ગરીબ કાગડીની દયા ખાધી.

વીંઝાર તરત જ પાછો લીમડા પર ચઢી ગયો અને ચારે ઈંડાં જેમનાં તેમ કાગડીના માળામાં યુક્તિપૂર્વક ગોઠવી દીધાં.

"વીંઝાર, આજની પરીક્ષામાં તું ખરેખર સફળ થયો!" કારાયલે વીંઝારને પ્રમાણપત્ર આપતાં કહ્યું.

"ત્યારે બાપુ, આજે વાઘેલા રાજાના રાજમહેલની જડતી લેવા વખતે મને તેડી જશોને?' વીંઝારે તક સાધી.

"વારુ, ત્યારે આજે તો તું પણ તૈયાર થઈ જજે!" કારાયલે સંમતિ આપતાં કહ્યું.

ઘણા દિવસની માગણીનો આજે સ્વીકાર થવાથી વીંઝાર રાજીના રેડ થઈ ગયો.

★

## મસ્તક વિચ્છેદન

કારાયલ સમાના નિવાસ સ્થળથી થોડે દૂર ધારાનગર નામનું એક મોટું શહેર હતું. અહીં વીશળદેવ વાઘેલાનો અમલ હતો. વીશળ વાઘેલાનો ખજાનો ચિકાર હતો. પરંતુ તે પ્રજાકલ્યાણ અર્થે તેમાંથી એક પાઈ પણ વાપરતો નહિ. કારાયલની નજર કેટલાયે દિવસથી વાઘેલાના આ અખૂટ ખજાના પર ચોંટી હતી.

એટલામાં આખા કચ્છમાં એક કાળો ધુકાળ ઊતરી આવ્યો. ભૂખના દુઃખે તાવડામાં ધાણી ફૂટે તેમ પશુઓ ટપોટપ પડવા લાગ્યાં. ઘાસચારાની તંગીથી ત્રાસીને પશુ સમુદાયના માલિકો પોતપોતાનાં પશુધનને લઈને તેમના નિર્વાહ માટે કોઈ સિંધ, કોઈ હાલાર અને કોઈ ગુજરાત એમ જુદા જુદા પ્રદેશોમાં ઊતરી પડ્યા. કચ્છ વેરાન જેવું થઈ ગયું.

સમય દુષ્કાળનો હોવાથી ભૂખે મરતા અને રઝળતા દુકાળિયા વિશળ વાઘેલાનો આશ્રય લેવા આવ્યા. પરંતુ, વાઘેલા રાજાએ આ ભૂખે મરતા લોકોને હડધૂત કરીને કાઢી મૂક્યા. કારાયલ સમાનું નામ સાંભળીને આ લોકો એની પાસે ધસી આવ્યા. આશરો માગવા આવેલાને તરછોડી કાઢે એવો કારાયલ ન હતો. તેણે આ તમામ લોકોને માટે વ્યવસ્થા કરીને આશરો આપ્યો. હવે કારાયલનો હાથ તંગીમાં આવી પડ્યો. દુકાળને લીધે યાચકોની સંખ્યા પણ દિન પ્રતિદિન વધવા લાગી. કારાયલની મૂંઝવણ હવે વધી ગઈ.

જે સમયે લોકોને પેટ પૂરતા દાણા મળવાના પણ સાંસા હતા તે વખતે વીશળ વાઘેલો પોતાના ખજાનામાં સોનાની ઈંટો ખડક્યે જતો હતો. આ વાત કારાયલના મનમાં ઘણા વખતથી ખટકતી હતી. તેણે પોતાના મન સાથે નિશ્ચય કરી લીધો કે આવા કૃપણ રાજાનો ખજાનો ખાલી કરવો અને તેનો ઉપયોગ ગરીબોને રાહત આપવામાં કરવો એ પાપ નહિ પણ પુણ્ય જ હોઈ શકે.

ત્યાર પછી કારાયલ દરરોજ વીશળ વાઘેલાની કચેરીમાં જવા લાગ્યો. ત્યાંથી તે પોતાના ઉપયોગની બાતમી મેળવવા લાગ્યો. થોડા જ સમયમાં તેણે વીશળ વાઘેલાના ખજાના, ભોંયરાં અને ભંડારોની તમામ હકીકત કુશળતાપૂર્વક પ્રાપ્ત કરી લીધી. હવે તેણે વાઘેલાનો ખજાનો લૂંટવાનો નિર્ણય કરી લીધો.

એક રાતે તે પોતાની ચંદન ઘો★ લઈને ધારાનગરના કિલ્લા પાસે આવી પહોંચ્યો. ચંદન ઘોની મદદથી કિલ્લા પર ચડીને તે શહેરમાં દાખલ થયો. ક્યાં જવું અને કાર્ય કેવી રીતે પાર ઉતારવું એ યોજના તેના મગજમાં પ્રથમથી જ ઘડાઈ ગઈ હતી. આ કારણથી તેનું કાર્ય સરળ બની ગયું. વાઘેલા રાજાના રત્નભંડારમાંથી કિંમતી રત્નો લઈને કારાયલ જેમ આવ્યો હતો તે જ રીતે પાછો પોતાના સ્થાન પર પહોંચી ગયો.

રાજાનો રત્નભંડાર ચોરાઈ જવાની વાત વળતે દિવસે આખા નગરમાં ફરી વળી. પરંતુ ચોરને શોધી કાઢવાના સઘળા પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા.

થોડા જ વખતમાં કારાયલ સમાએ વાઘેલા રાજાના ભંડારમાંથી બીજી વાર પણ એક મોટી ધાડ મારી. વાઘેલો રાજા હવે ક્રોધાયમાન બની ગયો. ચોરને પકડી પાડવા તે જુદા જુદા ઈલાજ કામે લગાડવા લાગ્યો.

હવે આ તરફ કારાયલ સાથે તેના કુંવર વીંઝારે પણ રાજના ખજાનામાંથી એક છેલ્લી ધાડ મારવાનો નિર્ણય કરી લીધો. આથી વીંઝાર પણ આજે પિતા સાથે ચૌર્યકળાનો જાતઅનુભવ લેવા તૈયાર થઈ ગયો.

***પે ને પુતર પાણ મેં, પૂરો કેઆં પરિયાણ,***
***માણક સુર્જે મોલ મેં, સે પિટે અચોં પાણ,***
***પોય રાતોય ડીં રેઆણ, જાચક જકોરું કરીં.***

---

★ *જૂના સમયમાં ચોરો કિલ્લા પર ચડવાને ચંદન ઘોનો ઉપયોગ કરતા. એક દોરડી આ ચંદન ઘોની કમરે બાંધવામાં આવતી. બીજી તેના નાકમાં પરોવવામાં આવતી. ચંદન ઘો જ્યાં પડે ત્યાં ચોંટી જવાનો તેનો સ્વભાવ હોવાથી કિલ્લા પર ફેંકતાં તે ત્યાં ચોંટી જતી. પછી કમર પર બાંધેલી દોરીના સહારે ચોર ઉપર ચડી જાય અને બીજી બાજુ ઊતરી પણ જાય. પછી તેના નાકમાંની દોરીને ખેંચવાથી તે નીચે આવી પડતી.*

***બુદ્ધિ સ્થિર હશે તો જ જીવનનાં ચિત્રો દેખાશે.***

ભાવાર્થ : પિતા અને પુત્રે વિચાર કર્યો, કે રાજમહેલનાં રત્નો આપણે તફડાવી આવીએ તો યાચકો ભલે આનંદમંગળ કરે!

રાત પડી. કારાયલ સમો અને વીર વીંઝાર શસ્ત્ર સજ્જ થઈને ઉપડી નીકળ્યા.

*વારી વીસલ વીરજી, ધારાનગરી ધામ,*
*પોત્રો વાંગડ જખરે, બાપ નારાયણ નામ,*
*વાંઝણ ઘર વિશ્રામ, કારાયલ કોટેં ચડે.*

ભાવાર્થ : વીશળ વાઘેલાના વખતમાં પુત્રહીન માતાના વિશ્રામ જેવો, જખરા જામનો પૌત્ર અને નારાયણ સમાનો પુત્ર એવો કારાયલ ધારાનગરીના કિલ્લા પર ચઢે છે.

આજે વીશળ વાઘેલાના મંત્રી ઓધવે ચોરને પકડવા માટે પાકો નિશ્ચય કરી લીધો હતો. તેણે ધારાનગરની ચારે બાજુ ખાઈ ખોદાવીને તેમાં કીલ પથરાવી દીધું હતું. ઓધવ મંત્રી કાબેલ હતો. કેટલાયે દિવસથી કારાયલ સમા તરફ તે શંકાની દૃષ્ટિએ નિહાળી રહ્યો હતો. કારાયલને ફસાવવા માટે તેણે આજે આ ઘાટ ઘડ્યો હતો. આ હકીકત કારાયલના લક્ષ બહાર ન હતી. પરંતુ આવી અનેક ખાઈઓ કુદાવી જવાની શક્તિ ધરાવનાર કારાયલ તેની દરકાર કરે તેમ ન હતો. ખાઈની નજદીક આવતાં તે ચિત્તાની છલાંગથી ખાઈ કૂદીને કિલ્લાની બાજુમાં આવી ઊભો. પાછળ વીંઝાર પણ વીજળીના સબાકાની પેઠે આવી પહોંચ્યો. બંને જણ ચંદન ઘોની મદદથી ગઢ ઓળંગીને રોજની રીતે રાજમહેલમાં દાખલ થયા.

આજે એમનો આ છેલ્લો દાવ હતો. હાથ આવે એટલું ઉઠાવી જવાનો તેમણે નિશ્ચય કરી લીધો હતો. વાઘેલા રાજના કિંમતી ભંડાર ખોળીખોળીને તેમણે ખાલી કરવા માંડ્યા. હીરા, મોતી વગેરે ઝવેરાતના ખડીઆ ખભે ચડાવીને પિતા-પુત્ર ત્યાંથી સટકી જવા તૈયાર થયા. ગઢ પર ચઢી તેમણે ગાંસડાં-પોટલાં ખાઈની પેલી પાર ફેંક્યા. પોતે પ્રથમની રીતે જ નીચે ઉતરી ગયા. હવે તેમને માત્ર એક ખાઈ કૂદાવવાની જ બાકી હતી. કૂદકો મારવા પહેલાં થોડું દોડવાથી મોટી છલાંગ મારી શકાય છે. અહીં આવવા વખતે બંને જણ સામી બાજુથી દોટ મૂકીને કૂદી આવ્યા હતા. પણ પાછા ફરતાં કિલ્લો આડો ઊભેલો હોવાથી દોટ મૂકી શકાય તેવું ન હતું. આ કારણથી ખાઈ કુદાવી જવાનું કાર્ય જરા મુશ્કેલ હતું. કારાયલને પોતાની છલાંગમાં પૂરી શ્રદ્ધા હતી. તેને વીંઝારની ચિંતા હતી. આ ચિંતા દૂર કરવા તેણે ચિત્રનાથ યોગીનું યંત્ર પોતાના બાહુમાંથી છોડીને વીંઝારની સલામતી માટે તેના બાહુમાં બાંધી દીધું. વીંઝાર તે જ ક્ષણે વાનર છલાંગથી ખાઈ કુદાવી ગયો. વીંઝારને સહીસલામત સામે પાર પહોંચી ગયેલો જોઈને કારાયલના મનને નિરાંત થઈ. હવે તેણે પોતે પણ ખાઈ કૂદી જવા તૈયારી કરી. કારાયલની કૂદવાની કળા કંઈ ઓછી ન હતી. પરંતુ કુદરત ક્યારે શું કરી નાખશે તે કોણ જાણી શકે છે? કારાયલનો કૂદકો કમનસીબે ખાઈની પાળથી માત્ર એકાદ હાથ ઘટી ગયો.

કૂદકાએ દગો દીધો. કારાયલનું આખું શરીર કીલની અંદર ખૂંપી ગયું. જેમ જેમ તેણે બહાર નીકળવા માટે બળ કરવા માંડ્યું, તેમ તેમ તે અંદર ઊતરતો ગયો. વીંઝારે પણ પોતાના પ્રયત્નો અજમાવવા કશી મણા રાખી નહિ. પરંતુ કીલના રાક્ષસી પંજામાંથી પિતાને મુક્ત કરવા તે આખરે અશક્ત નીવડ્યો. જ્યાં કુદરત વિફરે ત્યાં માનવપ્રાણી શું કરી શકે?

કારાયલ સમાએ જાણી લીધું કે હવે તેના માટે એક પણ રસ્તો બાકી નથી. એટલે આ રહસ્યની ગુપ્તતા જાળવવા ખાતર-પોતાની આબરૂને અખંડિત રાખવા ખાતર તેણે એક નવો જ માર્ગ લીધો. પોતાનું મસ્તક ઉતારી લેવાની તેણે વીંઝારને આજ્ઞા કરી.

પિતાની આજ્ઞા સાંભળતાં વીંઝાર પથ્થરની પેઠે સ્તબ્ધ બની ગયો. કારાયલની આ કપરી આજ્ઞાનો અમલ કેમ કરવો, તેના વિચારમાં વીંઝારનું મગજ ગોથાં ખાવા લાગ્યું. વીંઝારને મુંઝાતો જોઈને કારાયલ બોલી ઊઠ્યો:

"વીંઝાર! આ વખત વિચાર કરવાનો નથી. હવે તો જે સમય જાય છે તે અત્યંત ગંભીર છે જોખમી છે. મારા વીર પુત્ર! તારી તેજીલી તલવાર મ્યાનમાંથી બહાર ખેંચી કાઢ! હવે આંખો મીંચી, ઈશ્વરનું નામ લઈ તારા પિતાનું મસ્તક સમારી લે! વીંઝાર, હું મરતો નથી, પણ તારા હાથે અમર બની જાઉં છું. ઈતિહાસમાં આજનો પ્રસંગ સુવર્ણાક્ષરે અંકિત કરવા માટે તારા થરથરતા હાથને અને તારા હૃદયને દૃઢ બનાવીને તારી કમ્મર પર લટકી રહેલી મહાદેવીનો ઉપયોગ કરી લે! રાત્રિ પોતાનું કાર્ય કરતી ચાલી જાય છે. હવે સમયનો વ્યય ન કરતાં તારી કપરી ફરજને તું ઝટ બજાવી લે! એમ નહિ કરે તો બધી બાજી ધૂળમાં મળી જશે. ચાલ તૈયાર થઈ જા! મારું મસ્તક કપૂરીને આપીને તેને દિલાસો દેજે!

*સારે ડીજ સંઘાર કે, વઢે સર વીંઝાર,*
*કોટેં કારાયલ કે, લોડે લાલ સંઘાર.*

ભાવાર્થ : વીંઝાર! મારું મસ્તક વાઢીને તું સંભાળથી કપૂરી સંઘારને સોંપજે! કપૂરી સંઘાર કારાયલના મસ્તકને ભલે કોડથી ઝુલાવે!

કુરૂક્ષેત્રમાં આપ્તજનોનો સંહાર કરવાની ભાવનાથી દુઃખી થઈને હથિયાર ફેંકી દેવા તૈયાર થયેલા અર્જુનના અંતરપટ પર કૃષ્ણ ભગવાનનાં અમર વચનોએ જે અસર કરી હતી, તે જ અસર કારાયલના સ્નેહ અને શૌર્યથી નીતરતા શબ્દોએ વીંઝારના હૃદર પર કરી. વીંઝારને કર્તવ્યપંથનું ભાન થયું. તેના અંતરમાં નિર્બળતાને બદલે જ્વલંત જુસ્સાએ સ્થાન લીધું. મનને મજબૂત કરીને તેણે તલવારની મૂઠ પર હાથ નાખ્યો. તેનો હાથ પાછો ખેંચાયો. હાથને પાછો ખેંચાતો જોઈને વીંઝારને પોતા પર ક્રોધ ચઢ્યો. તરત જ તેણે પોતાના હૃદય પર પાછો કાબૂ મેળવી લીધો. મ્યાનમાંથી ઝગઝગતી મહાદેવી તેણે બહાર

**Shree Simandhar Shipping Services**
CLEARING FORWARDING & SHIPPING AGENT
C.H.A. No. 11/1024
407, 4th Floor, Anna Bhuvan, Devji Ratanshi Marg, Mumbai-400 009.
Phone : (Off.) 91-22-2372 6347 • 2231 2422 • Telefax : 2378 2045

ખેંચી કાઢી.

કારાયલના મુખમાંથી આનંદનો એક ઉદ્‌ગાર બહાર આવી પડ્યો. અને કાળી રાતના અઘોર અંધકારમાં મળી ગયો.

"શાબાશ, બેટા! વીરધર્મ તે આનું નામ!" વીંઝારને સતેજ થતો જોઈને કારાયલે તેની બહાદુરીને બિરદાવતાં કહ્યું : "મારા બહાદુર બેટા! ચલાવ તારા હાથમાંની ભવાનીને! શિવ ... શિવ ... શિ ..."

ખેલ ખલાસ થયો. કારાયલનું રક્ત ટપકતું મસ્તક વીંઝારે પોતાના હાથમાં લઈ લીધું. તરત તેને પછેડીમાં લપેટી લીધું. ભાગતા પગે અને રડતા હૃદયે તે ઘર તરફ ચાલવા લાગ્યો. એટલામાં તેને ઓધવ મંત્રી યાદ આવ્યો. એનું વેર પણ વસૂલ કરવાની આજની તક સાધી લેવા વીંઝારે વિચાર કર્યો.

તેણે પોતાની પાસેની બધી વસ્તુઓ એક ઠેકાણે અંધકારને ખોળે અનામત રાખી દીધી. પોતે પાછો શહેરમાં દાખલ થઈને ઓધવ મંત્રીના ઘર તરફ ચાલવા લાગ્યો. મંત્રીના ઘરનાં બારણાં તે જોરથી ખખડાવવા લાગ્યો.

આ વખતે મોટી પરોઢનો વખત થવા આવ્યો હતો. મંત્રી તરત જાગી ઊઠ્યો. અત્યારે કોણ દરવાજો ખખડાવે છે, તેની તપાસ કરવા તે બહાર નીકળ્યો. દરવાજો ખોલીને પોતાનું ડોકું બહાર કાઢવા જાય છે કે તરત જ વીંઝારની રક્તભૂખી તલવાર તેના પર તૂટી પડી. મંત્રીનું મસ્તક ધડ પરથી જુદું થઈને જમીન પર પટકાઈ પડ્યું. વીંઝારે મંત્રીનું ધડ એક મોટા પથ્થર સાથે બાંધીને કૂવામાં નાખી દીધું અને તેનું મસ્તક ઉઠાવીને આગળ ચાલ્યો.

કિલ્લા બહાર આવીને કારાયલ સમાના ધડ પર મંત્રીનું મસ્તક તેણે ગોઠવી દીધું. વીંઝારના હૃદયનો ભાર હવે કંઈક હળવો થયો. તે પોતાની સઘળી વસ્તુઓ સંભાળીને હવે ઘર તરફ ચાલવા લાગ્યો.

આજની રાત કપૂરી સંઘાર માટે કાળરાત્રિ સમાન સરજાઈ હતી. વારંવાર તેને ભયાનક સ્વપ્નનાં સતાવી રહ્યાં હતાં. થોડી થોડી વાર રહીને તે બહાર રસ્તા પર પોતાની દૃષ્ટિ ફેંકતી તો કાળા આકાશમાં ભયંકર હાસ્ય હસતા તારલા સિવાય બીજું કશું દૃષ્ટિગોચર થતું નહિ. આજે ઘુવડોના ઘૂઘવાટ, આપસમાં લડતી ચીબરીઓના કચકચાટ અને સૂસવતા વાયુથી ડોલતાં વૃક્ષોનાં સૂકાં પાંદડાંના ખખડાટથી તે જરા જરા વારમાં ઝબકીને જાગી ઊઠતી. જાણે કોઈ તેના કાનમાં કહી રહ્યું હોય કે "કપૂરી! આજે તારો કારાયલ રખે પાછો ન ફરે!" સદાની સ્વસ્થ કપૂરી આજે અસ્વસ્થ બની ગઈ હતી. માથાં હાથમાં લઈને મેદાને પડેલા પતિ-પુત્રને 'ખીલી ખુટકો' પણ ન થાય તે માટે પ્રભુને પ્રાર્થના કરી રહી હતી.

એટલામાં બહારથી આવતાં કોઈનાં પગલાંનો અવાજ તેના કર્ણ પટ પર પડ્યો. તે સફાળી ઊઠી અને એકદમ બહાર આવી જુએ છે તો ખભે ચડાવેલા ખડિયા સાથે એકલા વીંઝારને આવતો દીઠો.

એકલા વીંઝારને જોતાં જ કપૂરીની આંખ ફાટી ગઈ. તે બેબાકળી-દીવાની જેવી બની ગઈ. એના અંગે અંગમાં અકથ્ય વેદના જાગી ઊઠી. શ્વાસ રૂંધાવા લાગ્યો, હૃદય અકળાવા લાગ્યું.

'વીંઝાર! આ ગોઝારું કૃત્ય કોણે કર્યું?" કપૂરીએ રડતાં રડતાં વીંઝારને પ્રશ્ન કર્યો.

"માડી આ કાળું કામ કરનાર તારો કુલાંગાર તારી સામે ખડો છે," વીંઝારે ગળગળા અવાજે અને થરથરતી જીભે જવાબ દીધો.

"તું?" કપૂરીએ ફાટી આંખે મીટ માંડી.

***ખાતર ડીંધે ખોરડે, ખભા ખે ભર્યા,***
***સિર વઢીંધે પે જો, હથડા કીં વર્યા?***

ભાવાર્થ : ખોરડે ખાતર પાડતાં તારા ખભા ધૂળથી ભરેલા છે. પિતાનું મસ્તક વાઢતાં વીંઝાર! તારા હાથ કેમ વળ્યા?

"માતા! આ સમય રૂદન કરવાનો નથી. રડવાનો સમય પાછળથી પુષ્કળ મળી રહેશે. હમણાં તો આ વાતની સહેજ પણ અસર બહાર જશે તો બધી બાજુ બગડી જશે. જે ટેક અને વટને માટે મારા પિતાએ શીશ સમર્પણ કર્યું તે ધૂળમાં મળી જશે. મારા અવટંકી પિતાના આત્માને શાંતિ આપવી હોય તો રોવા કકળવાનું હાલ ભૂલી જવા વિના છૂટકો જ નથી." વીંઝારે કપૂરીને આ વાતનો ભેદ સમજાવવા માંડ્યો.

"પણ વીંઝાર! મનમાં હોળી સળગતી હોવા છતાં બહાર દિવાળી શી રીતે દેખાડી શકાશે?"

"અનેક વીરોના મદનું મર્દન કરનારી મારી માતાના મુખમાં આ શબ્દો શોભતા નથી." કપૂરીને તેની શક્તિનું ભાન કરાવતાં કહ્યું.

વીંઝારનાં વચનોથી કપૂરીનું હૃદય શાંત થાય તેમ ન હતું. કારાયલના વિયોગમાં તે રાતદિવસ રૂદન કરવા લાગી. તેનું જીવન કડવું બની ગયું. ખાનપાન ખારાં ઝેર થઈ ગયાં. કારાયલના મસ્તકને પારણામાં મૂકી તે તેને ઝુલાવવા લાગી અને વિરહનાં ગીતો ગાવા લાગી.

કપૂરી સંઘાર કારાયલના મસ્તક સાથે પોતાના વતન પચ્છમ પ્રદેશમાં પહોંચી જાય છે. ત્યાં એ મસ્તકને ખોળામાં લઈને સતી થાય છે. કારાઈડા સૂરની એની અનેક કાફીઓ આજે પણ કચ્છમાં ગવાય છે.

આ તરફ વીંઝાર અનેક યુક્તિ - પ્રયુક્તિઓ વાપરીને ધારાનગરીના ચોકીદારો વચ્ચેથી પિતાના દેહને ઉઠાવી જાય છે અને તેને અગ્નિદાહ આપે છે.

એક પ્રતિષ્ઠાને માટે પુત્રને પોતાનું મસ્તક વાઢી લેવાની પિતા આજ્ઞા કરે અને પુત્ર પોતાના હાથે પિતાનું મસ્તક વધેરી લે એવા દાખલા દુનિયાના ઈતિહાસમાં પણ ભાગ્યે જ જોવા મળશે. ■

Upendrabhai (M) 098241 91393 (O) 02646-226292, 222399, 226044 (R) 226506 Amitbhai (M) 098331 92294

PRIYANKA ROADLINES PRAVIN ROADLINES

15, Matangi Estate,
N.H. No.-8, G.I.D.C., Ankleshwar-393 002.

109, Vardhman Chamber, Kalyan St.
Dana Bunder, Mumbai-400 009.

# મહારાવે ભાયાતો અને જાગીરદારો પર મહેસુલી કર લાદયો!

• નરેશ અંતાણી •

*ત્રિભુવનદાસ જે. રાજાના દીવાનપદે કચ્છમાં કચ્છ રાજ્ય અને ભાયાતો વચ્ચેના સંબંધો તંગ બનતા ગયા અને રાજ્ય દ્વારા જાડેજા કોર્ટ બંધ કરી ભાયાતોના કેસ પણ ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ કોર્ટમાં ચલાવવાના તથા ભાયાતો અને જાગીરદારો પર મહેસૂલી કર વસુલ કરવાના જાહેરનામાએ, ઉગ્ર બનતા સંબંધોમાં ઘી હોમવાનું કામ કર્યુ અને રાજપુતોને સંગઠિત બનવા તરફ પ્રેરિત કર્યા.*

કચ્છમાં રાજપુતોના હિતોના રક્ષણ, રાજકીય જાગૃતિ, શૈક્ષણિક, સામાજિક, આર્થિક નૈતિક ઉત્થાન માટે કાર્યરત કચ્છ રાજપુત સભાની સ્થાપના કચ્છના અગ્રણી રાજપુતોની હાજરીવાળી સભામાં ૧૮-૦૫-૧૯૪૭ ના કરાઈ. આ સ્થાપના કેવા સંજોગોમાં કરાઈ તેનો પણ એક ઈતિહાસ છે. કચ્છમાં જાડેજા વંશે લાંબા સમય સુધી રાજ કર્યું. રાજવી પરિવારના ભાયાતો અને ગરાસદારો વચ્ચે નાની મોટી સમસ્યાઓ સર્જાયા કરતી અને આવી જ એક સમસ્યા કચ્છ રાજપુત સભાની સ્થાપનાના મૂળમાં રહેલી છે. 'કચ્છના મહારાવ અને ભાયાતો સંઘર્ષ અને સમાધાન' એ પુસ્તિકામાં કચ્છના ભાયાતો અને રાજવી પરિવાર વચ્ચે સર્જાયેલા વિવાદ અને તેમાં થયેલા સમાધાનની વિગતો વિગતે આપી છે. સંવત ૨૦૦૩ - ૨૦૦૪ (ઈ.સ. ૧૯૪૭-૧૯૪૮)ના સમયની આ ઘટનાનો ચિતાર નલિયાના વડીલ દોલતસિંહભાઈ જાડેજાના સૌજન્યથી સાંપડેલી નાગ્રેચાવાળા નટવરસિંહજી જાડેજાએ પ્રસિદ્ધ કરેલી આ પુસ્તિકામાં આપ્યો છે.

કચ્છ રાજપુત સભાની સ્થાપના પહેલાં કચ્છ રાજપુત સેવા સમાજનું અસ્તિત્વ હતું પરંતુ તે સુષુપ્ત હતું. એ સમયે કચ્છ રાજ્ય અને બિદડા જાગીરદારો વચ્ચે જમીનના પ્રશ્ને તકરાર થઈ હતી અને એ સમયે બિદડાના ગરાસદારોએ સત્યાગ્રહ પણ કર્યો હતો. આ અને આવી અનેક નાની મોટી બાબતોમાં રાજવી પરિવાર અને ભાયાતો, જાગીરદારો અને ગરાસદારો વચ્ચે વિવાદ ચાલ્યા કરતા. આ બધા વિવાદોમાં કચ્છ રાજ્યના એક એવા નિર્ણયે ઉગ્ર સ્વરૂપ લીધુ અને ભાયાતોને સંગઠિત થવાની ફરજ પડી અને તે કચ્છ રાજપુત સભાની રચનાનું તાત્કાલિક કારણ પણ બન્યો.

રાવ વિજયરાજજીએ ૨૬-૦૩-૧૯૪૨, ચૈત્ર સુદ ૯, સંવત ૧૯૯૮ના રાજગાદી સંભાળી. એ સમયે એમણે કચ્છની રૈયત અને ભાયાતોને રાજ્યના આધાર સ્તંભ સમાન ગણાવ્યા હતા અને ભાયાતોને પણ તેણે રાજપુત કુળની પ્રાચીનતાની યાદ અપાવી તેમના વિકાસ માટેના અનેક પગલાં ભરવાની ખાતરી આપી હતી. એ સમયે કચ્છના દીવાનપદે એસ. કે નાયમપલ્લી હતા. તેમના ગયા પછી પોરબંદરના દીવાન રહી ચૂકેલા ત્રિભુવનદાસ જે. રાજાની નિમણૂક કરાઈ. એમના દીવાનપણા નીચે રાજ્ય અને ભાયાતો વચ્ચેના સંબંધો તંગ બનતા ગયા. એમના સમયમાં કેટલાંક એવાં જાહેરનામા પ્રસિદ્ધ કરાયા કે જેનાથી ભાયાત અને રાજ્ય વચ્ચેની કડવાશ વધી ગઈ.

આવું એક જાહેરનામું તા. ૧૧મી માર્ચ, ૧૯૪૭ના એમની સહીથી બહાર પડાયું. આ જાહેરનામાની જોગવાઈ મુજબ ગેરંટી હોલ્ડરોની યાદી રાજ્ય રાખશે અને તેમાં તાજના પ્રતિનિધિ (બ્રિટિશ સરકારના પ્રતિનિધિ) ની મંજૂરીથી તેમાં સુધારો વધારો પણ કરી શકશે.

કચ્છ રાજ્યમાં એક ખાસ વરિષ્ઠ જાડેજા અદાલતની સ્થાપના સંવત ૧૯૩૪માં થઈ હતી. આ અદાલત ગેરંટી હોલ્ડર્સે કરેલ ઠરાવો તથા તાલુકા કોર્ટ ગેરંટી સાઈડના કામે કરેલ ઠરાવો પર અપીલ સાંભળતી. અને જે કામોમાં ગેરંટી હોલ્ડર્સની પ્રજા પક્ષકાર હોય તેવા કોરી ૫૦૦૦થી ઉપરના દાવા તથા ગેરંટી સાઈડના સેસન્સ કેસ તથા જે ફોજદારી કેસમાં ગેરંટી હોલ્ડર્સ પક્ષકાર હોય તેવા કેસો આ અદાલતમાં ચાલતા. ગેરંટી હોલ્ડર્સ અને રાવ વચ્ચેના કેસો પણ આ કોર્ટ ચલાવતી. ઉપરાંત ગેરંટી હોલ્ડર્સની મુલ્કની હદ બાબતની તકરારના કેસો પણ આ જ કોર્ટમાં ચાલતાં.

આ વરિષ્ઠ જાડેજા કોર્ટ પાંચ સભ્યોની બનેલી હતી. તેમાંથી ભાયાતોમાં ચાર સભ્યોની નિમણૂક મહારાવ કરતા અને પાંચમાં સભ્ય નાયબ દીવાન રહેતા. આ નાયબ દીવાન બેંચના પ્રમુખ રહેતા. બેંચનું કોરમ ત્રણ સભ્યોનું થતું. તેમાં સભ્યોનો અભિપ્રાય લેવામાં આવતો. પરંતુ પ્રમુખનો નિર્ણય આખરી ગણાતો. તા. ૧૫-૩-૧૯૪૭નાં જાડેજા કોર્ટ બંધ કરવામાં આવી. વરિષ્ઠ જાડેજા અદાલતના ઠરાવની અપીલ અગાઉ મહારાવ જાતે સાંભળતા પરંતુ પાછળથી હજૂર કોર્ટમાં દીવાન પાસે અપીલ ચાલતી. પરંતુ ગેરંટી

TEJ WALA

હોલ્ડર્સવાળા જો પક્ષકારો હોય તો તેવા કેસોની અપીલ પોલીટીકલ એજન્ટ પાસે થતી. હદની તકરારમાં મહારાવ જાતે પક્ષકાર હોય તો જાડેજા કોર્ટના ઠરાવ ઉપર પરભારે અપીલ પોલીટીકલ એજન્ટને થતી.

જાડેજા અદાલત બંધ થતાં આ જોગવાઈમાં સુધારો કરી દીવાને બહાર પાડેલા ૧૯૪૭ના આ જાહેરનામાથી ગેરંટી હોલ્ડર જેમાં કોઈપણ રીતે પક્ષકાર હોય તેવા કેસો આમ જનતાના કેસો જ્યાં ચાલતા તે ડિસ્ટ્રીક્ટ કે સેશન્સ કોર્ટમાં ચલાવવાની જોગવાઈ કરવામાં આવી.

આ ઉપરાંત આ ઓછું હોય તેમ મહારાવ વિજયરાજજીએ ત્રિભુવનદાસ રાજાની સહીથી વધુ એક જાહેરનામું ૨૩મી એપ્રિલ, ૧૯૪૭ના બહાર પાડ્યું અને તેમાં કરાયેલી જોગવાઈ મુજબ તમામ ગેરંટી હોલ્ડર અર્થાત ભાયાતો પાસેથી વહીવટી કર ઉઘરાવવાનું ઠરાવવામાં આવ્યું અને તેમાં એવું પણ જણાવાયું કે જો કોઈ ભાયાત કે જાગીરદાર આ વહીવટી કર ભરવામાં નિષ્ફળ જાય તો જપ્તીથી કે જાગીરદારની સ્થાવર કે જંગમ મિલકતના વેચાણથી આ કર વસૂલ કરવામાં આવશે. આ કર દરેક જાગીરની મહેસુલી આવકના આધારે નક્કી કરવામાં આવ્યો હતો. તે આ પ્રમાણે હતો : (૧) વાર્ષિક ૧,૫૦,૦૦૦ કોરીથી વધારે મહેસુલી આવક ધરાવતા જાગીરદાર માટે ૨૦ ટકા, (૨) ૭૫,૦૦૦ કોરીથી વધારે અને ૧,૫૦,૦૦૦ કોરીથી ઓછી આવકવાળા માટે ૧૫ ટકા, (૩) ૭૫,૦૦૦ થી ઓછી અને ૩,૬૦૦ કોરીથી વધારે આવકવાળા માટે ૧૦ ટકા મહેસુલી કર નક્કી કરવામાં આવ્યો હતો અને ૩,૬૦૦ કોરીથી ઓછી આવકવાળા જાગીરદારને આ કરમાંથી મુક્તિ આપવામાં આવી હતી.

કચ્છ રાજ્યના આ ફરમાનોએ ભાયાતો અને જાગીરદારોમાં ખાસ્સો રોષ ઉભો કર્યો અને પરિણામે કચ્છ રાજપુત સભાના નિર્માણ માટે આ ઠરાવો કારણભૂત બન્યા.

- **સંગઠન તોડવા રાજ્યે દમન અને દમદાટી કરી :**

દીવાન ત્રિભુવનદાસ રાજાના કચ્છમાં આગમન પછી કચ્છ રાજ્ય અને ભાયાતો વચ્ચેના સંબંધો તંગ બનતા ગયા અને રાજ્ય દ્વારા બહાર પડાયેલાં જાડેજા કોર્ટ બંધ કરી ભાયાતોના કેસ પણ ડિસ્ટ્રીક્ટ અને સેશન્સ કોર્ટમાં ચલાવવાના તથા ભાયાતો અને જાગીરદારો પર મહેસૂલી કર વસુલ કરવાના જાહેરનામાં એ ઉગ્ર બનતા સંબંધોમાં ઘી હોમવાનું કામ કર્યું અને રાજપુતોને સંગઠિત થવા તાત્કાલિક કારણ આપ્યું. કચ્છ રાજ્ય દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા આ જાહેરનામાનો કચ્છભરના ભાયાતો, જાગીરદારો અને ગેરંટી હોલ્ડરોમાંથી વ્યાપક વિરોધ કરાયો અને કચ્છના રાજપુતોમાં પુનઃસંગઠન લાવવા માટેના પ્રયાસોએ જોર પકડ્યું. આ જાહેરનામાને પરિણામે તા. ૧૮મી મે, ૧૯૪૭ના ભુજ ખાતે રોહા જાગીરના કુમાર વિજયસિંહજીના પ્રમુખ સ્થાને કચ્છના રાજપુત આગેવાનોની બેઠક મળી અને તેમાં કચ્છ રાજપુત સભાની રચના કરવામાં આવી. એક સ્ટેન્ડિંગ કમિટીની રચના કરવામાં આવી. બે દિવસ ચાલેલી આ સભાના બીજા દિવસનું પ્રમુખ સ્થાન લાકડિયા ઠાકોર ગજસિંહજી જાડેજાએ સંભાળ્યું હતું. આ બેઠકમાં રાજપુતોના સંગઠનને મજબૂત કરવાનાં શપથ લેવાયા. ઉપરાંત કેટલાય યુવાનોએ આજીવન દારૂ અને કૉલન વોટર છોડી દેવાની પણ પ્રતિજ્ઞાઓ લીધી. આમ, રાજપુત યુવાનોમાં જાગૃતિ લાવવાના પ્રયાસો પણ આ સભા દ્વારા કરવામાં આવ્યા હતા. આ બેઠક પછી પણ વખતોવખત કચ્છના ગામેગામ મળતી સભાઓમાં યુવાનોએ દારૂ છોડવાના શપથ લીધા હતા.

આ સભામાં એક સ્ટેન્ડિંગ કમિટીની રચના કરવામાં આવી. સભાનું બંધારણ રચવામાં આવ્યું. આ બેઠકમાં ખાસ કરીને સુમરી રોહા, લાકડિયા, વાંઢિયા, કોટડી મહાદેવપુરી, પલાંસવા, વિજપાસર, મોટી મઉ વગેરેના જાગીરદારો હાજર રહ્યા હતા. સ્ટેન્ડિંગ કમિટીના પ્રમુખ તરીકે લાકડિયા ઠાકોર ગજસિંહજી જાડેજાની વરણી કરાઈ હતી.

તેમણે કચ્છની પ્રવર્તમાન પરિસ્થિતિ અને ઘટનાઓથી કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતના ગરાસદારો અને રાજપુત સંસ્થાઓને માહિતગાર કરવા અને તેઓનો સહકાર મેળવવા એક નિવેદન મોકલ્યું હતું જેમાં રાજ્ય દ્વારા લાદવામાં આવેલો વહીવટી કર શા માટે યોગ્ય નથી તેના વિગતવાર કારણો આપ્યાં હતા. આ આખા નિવેદનનો ટૂંકસાર અહીં રજૂ કર્યો છે. જેમાં તેમણે સ્પષ્ટ કર્યું હતું કે રાજ્ય અને ગરાસદારો વચ્ચે થયેલા કરારોનો આ ફરમાનથી ભંગ થાય છે. વળી ૧૮૩૪ના કરાર મુજબ તો રાજ્ય ચલાવવામાં પણ રાજપુતોની સહમતી અને સલાહ લેવાની હોય છે તેને બદલે રાજ્ય રાજપુતોનું કંઈ સાંભળતું જ નથી, કોઈ અસરકારક અવાજ પણ સાંભળવામાં આવતો નથી. આવક જાવકની નજરે આવો કર વાજબી છે કે કેમ? તેની સ્પષ્ટતા પણ રાજ્ય દ્વારા કરાઈ નથી અને બજેટ પણ પ્રસિદ્ધ કરાતું નથી. તેમ બજેટ તૈયાર કરવામાં પણ રાજપુતોની લાગણીને ધ્યાનમાં લેવાતી નથી. આ બધું ઓછું હોય તેમ રાજપુતો પાસેથી આડકતરા કરો બંદરી જકાત, આબકારી જકાત, વાહન વ્યવહાર વગેરે દ્વારા પણ વર્ષે લાખો કોરીની રાજ્યને આવક થાય છે તે પ્રમાણે રાજપુતોને વળતર રાજ્ય તરફથી અપાતું નથી. આ નિવેદનમાં વધારામાં રાજપુતોનો સહકાર રાજ્યને વધારે શા માટે જરૂરી છે તેની પણ રજૂઆત કરવામાં આવી હતી. તેમના આ નિવેદન પછી કેટલાક ગરાસદારો અને સંસ્થાઓએ કચ્છ મહારાવને પોતાના આ ફરમાનો પરત ખેંચવા વિનંતી કરતા પત્રો પણ લખ્યા હતા.

રાજપુતોનું સંગઠન વધુને વધુ મજબૂત થતું જતું હતું. દરેકે દરેક સભામાં વધુને વધુ યુવાનો જોડાતા જતા હતા અને દારૂ છોડવાની પ્રતિજ્ઞા પણ લેતા હતા. આ બધું જોઈ કચ્છ રાજ્યે રાજપુતોનું સંગઠન તોડવા, નબળું પાડવા શામ, દામ, દંડ અને ભેદની નીતિ અખત્યાર કરવા માંડી. અને ગામડે ગામડે

*જીવનનું ગણિત ઊંધું છે. વર્તમાનને સુધારો તો ભવિષ્ય આપમેળે જ સુધરી જાય છે.*

રાજની મોટરો મારફત અમલદારોને મોકલી રાજપુત સંગઠન તોડવા પ્રયાસો કરવામાં આવ્યા. 'ભાગલા કરો અને રાજ કરો'ની અંગ્રેજ નીતિ પણ અમલમાં મૂકી લઠેડી, દેવપર, સુથરી અને માનકુવાના ગરાસદારો મારફત નવું રાજપુત સંગઠન તૈયાર કરવા પણ પ્રયાસ કરાયો. પણ આ બધામાં રાજને નિષ્ફળતા મળતાં દમનના પગલાં લેવાયાં. આવાં કેટલાંક પગલામાં નટવરસિંહના નાના ભાઈ ઉમેદસિંહને રાજની નોકરીમાંથી ફારેગ કરાયા અને એક મહિનાનો પગાર દંડમાં વસૂલ્યો. હીતુભા નામના કર્મચારીનું પેન્શન બંધ કરવામાં આવ્યું, વેરસાલજી નોંધણજીનો પગાર રોકી રાખવામાં આવ્યો, જટુભા દેશળજી જેલરને કામ વિનાના કરાયા, કચ્છ રાજય દ્વારા જાગીરદારો, ગરાસદારો માટે ભુજમાં આપવામાં આવતા ઉતારા પૈકી સુથરી સિવાયના તમામ ઉતારા પાછા ખેંચી લેવાયા. આ ઉપરાંજ રાજ સામે થનારા રાજપુતો પૈકીના કેટલાયના જૂનાં બંધ કરાયેલા પોલીસ કેસો પુનઃ ખોલવામાં આવ્યા અને પડતી મુકાયેલી તપાસો પણ ફરી ચાલુ કરવામાં આવી. આત્મરક્ષણ માટે હથિયારો પર જે અત્યાર સુધી કોઈ પરવાનાની જરૂર નહોતી તેને બદલે આત્મરક્ષણ માટે હથિયારો રાખવા પર જ પ્રતિબંધ લાદવામાં આવ્યો. આમ, કચ્છ રાજય તરફથી રાજપુતોને સંગઠિત થતા રોકવા વ્યાપક પગલાં ભરવામાં આવ્યા. આમ છતાં સંગઠનને મજબૂત બનાવવાનો પ્રચાર આગળ વધતો જ રહ્યો હતો. ધ્રાંગધ્રા બાવળીના ભાયાત કુમાર મંગળસિંહજીએ ભેખ લીધો હતો અને તે સ્વામી વિજબંધુ તરીકે જાણીતા હતા. તેમણે આ સંગઠનને પોતાના આશીર્વાદ આપ્યા હતા અને અનેક બેઠકોમાં ભાગ લેવા પણ આવ્યા હતા. આમ, સમગ્ર કચ્છણાં રાજપુતો સંગઠિત થઈ રહ્યા હતા તો કચ્છ બહારથી પણ રાજપુત સંગઠનોનો સહકાર મળવાની ખાતરી મળવા લાગી હતી. ધ્રાંગધ્રા રાજપુત બોર્ડિંગના વિદ્યાર્થીઓએ તો પોતાના લોહીથી લખેલા કાગળ દ્વારા સહકારની ખાતરી આપતાં જણાવ્યું હતું કે જરૂર પડ્યે અમે અમારા અભ્યાસનો પણ ભોગ આપીશું.

- **કુમાર મદનસિંહજીની સમાધાનકારી જાહેરાતો :**

કચ્છ રાજય અને ભાયાતો વચ્ચેના સંબંધો તંગ બનતા ગયા હતા અને રાજય દ્વારા બહાર પડાયેલા જાડેજા કોર્ટ બંધ કરી ભાયાતોના કેસ પણ ડિસ્ટ્રીક્ટ અને સેશન્સ કોર્ટમાં ચલાવવાના તથા ભાયાતો અને જાગીરદારો પર મહેસુલી કર વસુલ કરવાના જાહેરનામાં એ ઉગ્ર બનતા સંબંધોમાં ઘી હોમવાનું કામ કર્યુ અને રાજપુતોને સંગઠિત થવા તાત્કાલિક કારણ આપ્યું. આ પછી કચ્છ રાજપુત સભાની રચના કરવામાં આવી અને રાજપુતોનું સંગઠન વધુને વધુ મજબૂત થતું જતું હતું. પરિણામે ગુજરાત અને કાઠિયાવાડમાંથી કચ્છના રાજપુત સંગઠનને ટેકો મળવા લાગ્યો.

કચ્છ રાજયના અભિગમથી રાજપુતોમાં કડવાશ વધતી જતી હતી. તેથી કચ્છના ખૂણે ખૂણેથી રાજપુતો સંગઠિત થવા લાગ્યા. સ્વામી વિશ્વબંધુએ પણ કચ્છમાં ઠેર ઠેર ફરી મિટીંગો કરી રાજપૂતોને જાગૃત કરવામાં મોટું યોગદાન આપ્યું. તેમણે કચ્છના ગામડે ગામડે ફરી આત્મશુદ્ધિ યજ્ઞ જ આરંભ્યો હતો. પત્રી, હટડી, ભસર, ભડાલા, રતાડિયા, ચીરઈ, સમાઘોઘા, દેશલપર, નાની ખાખર સહિતના ગામોમાં ફરી લોક જાગૃતિ ફેલાવી લોકોને દારૂ જેવાં વ્યસનો છોડાવવાની તો એમણે ઝુંબેશ જ ઉપાડી લીધી. દારૂના પીઠા પણ બંધ કરાવવા પ્રયાસો કર્યા. જેમાં પણ ધારી સફળતા મેળવી. ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના સ્વાતંત્ર્ય દિનની ઉજવણી પણ કચ્છ રાજપુત સભાના નેજા હેઠળ કચ્છના જુદા જુદા વિસ્તારોમાં કરવામાં આવી જેના અહેવાલો પણ "કચ્છના મહારાવ અને ભાયાતો સંઘર્ષ અને સમાધાન" પુસ્તકમાં આપવામાં આવ્યા છે. લોક જાગૃતિ ફેલાવી લોકોને દારૂ જેવાં વ્યસનો છોડાવવાની તો એમણે ઝુંબેશ જ ઉપાડી લીધી.

દરમ્યાન કચ્છ રાજયના યુવરાજ મદનસિંહજી ઈચ્છતા હતા કે રાજપુત મોવડીઓ પોતાને મળે અને નિખાલસ ચર્ચા કરે તો કંઈક સંતોષકારક નિકાલ લાવી શકાય અને એ માટે તેઓ આતુર હોવાનો સંદેશ મોવડીઓ સુધી પહોંચતાં તા. ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૪૭ના ભુજમાં રાજપુત આગેવાનોની બેઠક બોલાવવામાં આવી અને તેમાં યુવરાજ મદનસિંહજીને મળવા અને પોતાની રજૂઆત કરવા તથા રાજ્યે જાહેર કરેલા નિયમો અંગે વિચારણા કરવા રજૂઆત કરવા એક પ્રતિનિધિ મંડળ મોકલવા તથા તેમાં રજૂઆત કરવામાં મુદ્દાઓ સંબંધી ચર્ચા કરવામાં આવી. જો કે આ પછી રાજપુત મોવડીઓ મદનસિંહજીને મળવા ગયા ત્યારે તેમણે દીવાન આશરને મળવાનું જણાવી મુલાકાત ન આપી. આશર સાથેની પ્રતિનિધિ મંડળની મુલાકાત પછી પણ કોઈ સમાધાનની આશા જણાઈ નથી. આ પછી સ્વામી વિશ્વબંધુએ મદનસિંહજીની મુલાકાત લીધી અને રાજપુતોના પ્રશ્નો માટે સમાધાનની એક નવી ભૂમિકા ફરી સર્જાઈ. મદનસિંહજીએ સામેથી આ સમાધાનની ભૂમિકાને વધુ સરળ બનાવવા માંડવાના કુમાર નરેન્દ્રસિંહ મહીડાને આમંત્રણ આપ્યું. (આ નરેન્દ્રસિંહ મહીડા પાછળથી લોકસભાના સભ્ય તરીકે પણ ચૂંટાયા હતા.) તેઓ તાત્કાલિક વિમાન માર્ગે ભુજ આવ્યા અને તેમણે તથા સ્વામી વિશ્વબંધુએ સાથે મળી મદનસિંહજી સાથે અનેક બેઠકો કરી પરિણામે કચ્છ રાજય અને રાજપુત સંગઠન સાથે સમાધાન માટેની ફોર્મ્યુલા નક્કી કરાઈ.

યુવરાજ મદનસિંહજીના જન્મદિવસ તા. ૧૩-૧૦-૧૯૪૭, ભાદરવા વદ તેરસના દિવસે એક ખાસ સમારંભ યોજાયો અને તેમાં સમાધાનના ૧૫ મુદ્દાઓની જાહેરાત મદનસિંહજીએ કરી.

શિખરજીની એકમાત્ર અને સર્વપ્રથમ
★★★ જેવી અદ્યતન એ.સી. હોટલ
SHIKHARJI Continental

ફાર ઈસ્ટ
All Inclusive Rs. 69,999/-
10 Days • Dep. : 21 Apr., 01, 12, 22 May, 1 June
સીંગાપોર • મલેશિયા • થાઈલેન્ડ

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા
TAN MAN® TOURS & TRAVELS
મુલુંડ • દાદર • પાર્લા
✆ : 93233 60708 / 25903514 • 5 • 6

(૧) કચ્છ સરકાર દ્વારા ભાયાતોને ખાતરી અપાઈ કે, તેમના રેવન્યુ હિતો અબાધિત રહેશે. (૨) ભાયાતોને અગ્રક્રિયા અધિકાર આપવા સંબંધે વિચારણા ચાલુ હોવાની ખાતરી અપાઈ. (૩) ઈન્ફન્ટીસાઈડ ખાતુ બંધ કરવાની જાહેરાત કરવામાં આવી. (૪) રાજ્ય દ્વારા કરવામાં આવતા નવા સુધારાઓના અમલમાં લાવવા માટેની સમિતિમાં ભાયાતો માટે બે બેઠકો અનામત રાખવા ઘટતું કરવાની ખાતરી અપાઈ. (૫) ભાયાતોને જે માન-મરતબો આપવામાં આવતાં તે હવેથી પુનઃ રાબેતા મુજબ આપવામાં આવવાની ખાતરી અપાઈ. (૬) ભુજના રાજપુત છાત્રાલયનો વહીવટ રાજ્યના અધિકારીઓ અને ભાયાતોની એક સમિતિને સોંપવામાં આવશે એ પ્રકારની જાહેરાત કરાઈ અને આ છાત્રાલયના ખર્ચમાં રાજ્ય તરફથી ૫૦ ટકા રકમ અનુદાન આપવાનું પણ ઠરાવવામાં આવ્યું. (૭) ભાયાતી જાગીરોના વહીવટ માટે તૈયાર કરવાના નિયમો ભાયાતો સાથે વિચારણા કરી કરવામાં આવશે. (૮) અગ્રણી ભાયાતોને હથિયારના કાયદામાંથી બાકાત રાખવા અંગે વિચારણા કરવામાં આવશે. (૯) આણાંની વેલો પર જકાત ન લેવા સંબંધી હુકમો તાત્કાલિક બહાર પાડવાની પણ ખાતરી અપાઈ. (૧૦) ભાયાતો ઉપરના કરજની પતાવટ કરવા માટે રાજ્ય તરફથી યોગ્ય નિયમો તૈયાર કરી બહાર પાડવાની જાહેરાત કરાઈ. (૧૧) ભાયાતોની વિધવાઓ જેમને ખાસ મદદની જરૂર હશે તેમને મદદ આપવામાં આવશે તે પ્રકારની પણ ખાતરી અપાઈ. (૧૨) ભાયાતોનું હિત કાયમ રાજ્યની નજરમાં રહેશે. તેમની વાજબી મુશ્કેલીઓ વિશે સહાનુભૂતિપૂર્વક વિચારણા કરવામાં આવશે એવી ખાતરી અપવાની સાથે ભાયાતો તરફથી પણ પૂરા સહકારની આશા વ્યક્ત કરાઈ. (૧૩) વહીવટી કર ફાળો સંબંધે રાજ્ય દ્વારા એવી સ્પષ્ટતા કરવામાં આવી કે કચ્છ સરકારનો ઈરાદો આ ફાળાની થતી આવકમાંથી ભાયાતી ગામોમાં વસતી પ્રજાના હિત માટે, પ્રજા ઘડતરના કામો કરવાનો રહેલો છે. આ સંબંધે કોઈ ભાયાતને કોઈ મુશ્કેલી હશે તો તેની વિચારણા કરવામાં આવશે અને આ રકમ કઈ રીતે ક્યાં વાપરવી તેનો વિચાર વ્યક્ત કરવાની પણ ભાયાતોને તક આપવામાં આવશે જેના પર સહાનુભૂતિપૂર્વક વિચાર કરવાની પણ ખાતરી આપવામાં આવી. (૧૪) વહીવટી કર (ફાળો) વસૂલ કરવાની મર્યાદા જે વાર્ષિક ૩૬૦૦ કોરીની ઠરાવવામાં આવી હતી તેમાં સુધારો કરી વાર્ષિક ૭૦૦૦ કોરીથી વધારે આવકની મુકરર કરવામાં આવી અને આ હુકમ માત્ર ભાયાતોના કબજાવાળા ગરાસોને જ લાગુ પડશે એવી પણ સ્પષ્ટતા કરવામાં આવી. (૧૫) મજમુ ગરાસ કે જેમાં રાજ્યે કઈ ભાગ ખરીદ્યો હશે તો તેનો કોઈ પણ ભાગ વહેંચણ કરવાનો દાવો ન્યાયની કોર્ટમાં દાવાની ફી સિવાય દાખલ કરી શકવાની પણ જાહેરાત કરવામાં આવી.

આમ, આ મુજબની સમાધાનની દરખાસ્ત રાજ્યના દીવાન ત્રિભુવનદાસ રાજાની સહીથી બહાર પાડવામાં આવી.

કચ્છ રાજ્યની સમાધાનકારી દરખાસ્તો પછી કચ્છ રાજપૂત સભા અને કચ્છ રાજ્ય વચ્ચે કોઈ કડવાશ વધવાની ઘટના નોંધાઈ નથી. આ પછી કચ્છ રાજ્યે કેટલાક વધુ નિર્ણયો કર્યા જેમાં (૧) રાજપૂતોને હથિયારોના પરવાના વિનામૂલ્યે આપવાનું ઠરાવવામાં આવ્યું. (૨) વગાડના જાગીરદારો સાથેની ઈ.સ. ૧૮૧૯ની સંધિ રદ થયેલી હોતા જમા રકમ વસૂલ ન કરવાનો હુકમ કરાયો (૩) વહીવટી કર અંગેનું મૂળ જાહેરનામું જ રદ કરવાનું ઠરાવવામાં આવ્યું. (૪) નોકરીમાંથી છૂટા કરાયેલા રાજપૂત ભાઈઓને પુનઃ નોકરીમાં સમાવવાનો નિર્ણય કરવામાં આવ્યો (૫) નાગ્રેચા જાગીરદાર વેરસાલજીનું બંધ કરવામાં આવેલું પેન્શન ચાલુ કરવા તથા તેનું ચડત પેન્શન પણ ચૂકવવા નિર્ણય કરવામાં આવ્યો. (૬) પ્રત્યેક રાજપુતના પરિવારમાંથી એક દિકરાને ફી વગર રાજપુત બોર્ડિંગમાં પ્રવેશ આપવાનું નક્કી કરવામાં આવ્યું. (૭) જરૂરમંત રાજપુત પરિવારની કન્યાઓના લગ્ન પ્રસંગે આર્થિક મદદ કરવી તથા લાયક રાજપુત યુવાનોને નોકરી આપવાની પણ ખાતરી આપવામાં આવી.

આમ, કુમાર મદનસિંહજીના સમાધાનકારી વલણથી રાજપુતો અને કચ્છ રાજ્ય વચ્ચે કાયમી સમાધાન થતાં એક પ્રકરણનો સુખદ અંત આવ્યો અને કચ્છ રાજપૂત સભાની પ્રવૃત્તિ રાજપુતોના વિશાળ હિતમાં ચાલુ રહી હતી.

- **કચ્છના અંતિમ મહારાવ મદનસિંહજીની ઉદાર જાહેરાતો :**

૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ના ભારતને આઝાદી મળ્યા પછી તેના દેશી રાજ્યોના વિલીનીકરણની પ્રક્રિયા હાથ ધરાઈ અને તે અંતર્ગત ૧લી જૂન, ૧૯૪૮ના કચ્છનું પણ ભારતસંઘમાં વિલીનીકરણ થયું અને આ દિવસે કચ્છને ધારાસભા વિનાના 'ક' વર્ગના રાજ્યનો દરજ્જો મળ્યો. પરંતુ આ પહેલા કચ્છનો વહીવટ ભારત સરકારને સોંપતાં પહેલા કચ્છના અંતિમ રાજવી મદનસિંહજીએ કેટલીક ઉદાર જાહેરાતો દ્વારા રાજપુત સમાજ, ગરાસદારો અને ભાયાતોનો ખુશ કર્યા હતા. અને જાહેરાતોની પ્રસિદ્ધી કરવા 'રાજપુત બંધુ' એ પોતાના તા. ૨૫મી મે, ૧૯૪૮ના અંકમાં ખાસ 'કચ્છ પૂર્તિ' પ્રસિદ્ધ કરી હતી. આ પૂર્તિમાં કચ્છ રાજ્ય દ્વારા કરાયેલા હુકમો અને ઠરાવો પ્રસિદ્ધ કરાયા છે.

સદર વિશેષ પૂર્તિમાં છપાયેલા અહેવાલ મુજબ કચ્છ રાજ્યનો વહીવટ હિંદ સંઘ ૧લી જૂનથી પોતાના હસ્તક લઈ રહેલ હોઈ કચ્છ રાજ્ય હવે ભારતનું એક સરહદી રાજ્ય બનનાર છે. આથી તેના નિરીક્ષણ માટે તથા કચ્છ કાઠિયાવાડ ગુજરાત ક્ષત્રિય સભા તરફથી રચનાત્મક ભૂમિકા તૈયાર કરવા નરેન્દ્રસિંહ મહીડા ૧૧મી મે, ૧૯૪૮ના ભુજ ગયા હતા અને પોતાની ભુજની આ મુલાકાત દરમ્યાન કચ્છના મહારાવ મદનસિંહજી, દીવાન શ્રી આશર, રાજપુત આગેવાનો તથા કચ્છી પ્રજાકીય પરિષદના આગેવાનો સાથે મસલત કરી હતી. તેમની મહારાવ સાથેની મુલાકાત પછી મહારાવ મદનસિંહજીએ રાજપુત ગરાસદારોની કરજવાન સ્થિતિને ધ્યાનમાં લઈ તેમની આર્થિક પરિસ્થિતિ સુધરે અને સામાજિક અને કેળવણી વિષયક ઉન્નતિ થાય અને એ દ્વારા કચ્છની પણ ઉન્નતિમાં તેઓ

*આપીને જે આનંદ અનુભવે છે તે સ્નેહ, લઈને જે રાજી રહે છે તેનું નામ સ્વાર્થ.*

પોતાનું યોગદાન આપે, એ માટે કેટલીક ઉદાર જાહેરાતો કરી હતી. ઉપરાંત રાજપુત વર્ગ શિક્ષણમાં પછાત હોવાથી ભુજમાં આવેલું વિશાળ ભવન રાજપુત છાત્રાલય માટે આપવાનો તથા તેના નિભાવ માટે ત્રણ લાખ કોરી આપી એક ટ્રસ્ટની રચના કરી છાત્રાલયનો વહીવટ તેને સોંપવાનો પણ હુકમ કર્યો હતો. આ રાજપુત છાત્રાલયની સહાયતા માટે પોતાના અંગત નાણાંમાંથી પણ વાર્ષિક સાડા સાત હજાર કોરી આપવાની પણ જાહેરાત કરી હતી.

રાજપુત સમાજના ભાઈઓ અને બહેનો ભુજ આવે ત્યારે તેમના ઉતારા માટે બે મોટા ભવનોની સગવડ પણ કરી આપી હતી. રાજપુત વિધવાઓની સહાયતા માટે તથા રાજપુત કન્યાઓના લગ્ન માટે ૮૭૦૫૭ કોરીનું ફંડ પણ આપ્યું હતું.

આ ઉપરાંત ગરાસને લગતા હકોના પણ કેટલાય ઠારવો એ સમયે એમણે કર્યા હતા. રાજ્યના ઠરાવ નં. ૧૫૨થી રાજપુત ગરાસદારોના વટંતર તથા જપ્તી વહીવટમાં તથા ચિતઠામ પર નોંધાયેલા ગરાસો પાસેથી લેણા નીકળતા નાણા પરનું ચડત વ્યાજ તથા હવે પછી બાકી રકમ પરનું વ્યાજ માફ કરવામાં આવ્યું હતું. જે ગરાસ રાજ્યના જપ્તી વહીવટમાં હતા તેવો તથા રાજ્ય દ્વારા વટંતરથી વહીવટ કરાતા ગરાસના મૂળ મતદારો કે તેના વારસો છેલ્લા દસ્તાવેજ મુજબની રકમ ભર્યેથી તેમને સોંપી આપવાનું પણ ઠરાવમાં જણાવાયું હતું. આ જ રીતે જે ગરાસો ચિતઠામ મંડાયેલા હતા તે ગરાસના વારસો તરફથી મુદ્દલ રકમ ભરાયેથી ચિતઠામનો કબજો ઉઠાવી લેવાનું પણ આ ઠરાવમાં ઠરાવાયું હતું.

રાજ્યના દરેક લેણદાર ગરાસનું ૩૦૦૦ કોરી સુધીનું લેણું માફ કરવા તથા ૧લી જૂન, ૧૯૪૮ લેણી રકમ ભરી ગરાસ છોડાવે તેને ૧૦ ટકા રકમ માફ કરવાની જાહેરાત પણ રાજ્યના ૧૭૭ નંબરના ઠરાવમાં જણાવાયું છે.

કચ્છનો રાજપુત સમાજ એ સમયે કેળવણીમાં પછાત હતો તેમના શિક્ષણને ઉત્તેજન મળે અને તેમનામાં એ પ્રત્યે જાગૃત્તિ આવે એ માટે કચ્છ રાજ્ય દ્વારા ૧૪મી મે, ૧૯૪૮ના એક ખાસ ઠરાવ પ્રસિદ્ધ કરી કેટલીક મહત્ત્વની જાહેરાતો કરી હતી. એ મુજબ રાજ્ય સંચાલિત રાજપુત છાત્રાલયને સ્વતંત્ર કરી તેના સંચાલન માટે એક ટ્રસ્ટની રચના કરવાની જાહેરાત કરાઈ જેના ટ્રસ્ટીઓ તરીકે રોહા ઠાકોર હમીરસિંહ, કુમાર નરેન્દ્રસિંહ મહીડા, નટવરસિંહ જાડેજા, નાગ્રેચા, વિંઝાણના અરજણસિંહ જાડેજા તથા કેપ્ટન કુમાર રણજીતસિંહજીની વરણી કરવામાં આવી હતી.

છાત્રાલય માટે હવા ઉજાસ તથા જરૂરી તમામ સગવડવાળા ભવનની જરૂરિયાત હતી. આ માટે આ ઠરાવથી ભુજમાં હાટકેશ્વર મંદિર સામે છોટાલાલ માસ્તરનું વિશાળ ભવન આ છાત્રાલય માટે આપવાની જાહેરાત પણ આ ઠરાવમાં કરાઈ હતી. ભુજમાં આવતા રાજપુત સમાજના ભાઈ બહેનોના ઉતારા તરીકે ઉપયોગમાં લેવા માટે એ સમયે રાજપુત છાત્રાલય જે મકાનમાં ચાલતું તે જૂની કન્યાશાળા વાળું મકાન તથા સુથરી જાગીરદારના ઉતારાવાળું મકાન કચ્છ રાજપુત સમાજને બક્ષીસમાં આપવાનું પણ આ ઠરાવમાં ઠરાવાયું હતું.

આમ, કચ્છ રાજ્યની ધૂરા ભારતસંઘને સોંપતાં પહેલા રાજ્યે પોતાના ગરાસદારો અને રાજપુત સમાજની ખાસ તરફદારી કરી તેઓના વિકાસ માટે ખાસ ધ્યાન રાખ્યું હોવાનું આ ઠરાવોથી જોઈ શકાય છે.

*('રાજપુત બંધુ',*
*અંક સૌજન્ય : દોલતસિંહ જાડેજા - નલિયા)*

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ પાર્ક*
*નાના યક્ષ મંદિર પાસે, માધાપર રિંગ રોડ*
*ભુજ, કચ્છ - ૩૭૦ ००૧.*

## સંવેદના

શ્રી જસ્ટીસ એસ.ટી. દેસાઈ ગુજરાતના હાઈકોર્ટના પહેલા ચીફ જસ્ટીસ. નિવૃત્ત થયા પછી સુપ્રીમ કોર્ટમાં પ્રેક્ટીસ શરૂ કરી. કેટલાંક વર્ષો બાદ શ્રી જસ્ટીસ એમ.પી. ઠક્કર ગુજરાતના ચીફ જસ્ટીસ થયા અને બઢતી પામી સુપ્રીમ કોર્ટમાં ગયા. એકવાર તેઓની ડિવિઝન બેંચ સમક્ષ ગુજરાતના એક ભાડુઆતની અપીલની સુનાવણી શરૂ થઈ. ભાડુઆત એક વયસ્ક મહિલા હતી. મકાન ભાડું ભરી શકેલ નહીં તેથી રેન્ટ એક્ટની જોગવાઈ અન્વયે મકાન ખાલી કરવાનો હુકમ તેની સામે થયેલો. હાઈકોર્ટમાં પણ અપીલમાં નિષ્ફળ જતાં તે મહિલા સુપ્રીમ કોર્ટ સમક્ષ આવેલ. ડિવીઝન બેંચના બીજા ન્યાયમૂર્તિ સિનિયર હતા. તેઓએ કહ્યું હતું કે, આમાં ઍપેલન્ટનો કોઈ કેસ બનતો નથી અને અપીલ ડિસમીસ કરીએ. ઠક્કર સાહેબને થયું કે કાયદાની દૃષ્ટિએ વાત સાચી છે પણ આ વૃદ્ધ મહિલા તાત્કાલિક ક્યાં રહેવા જશે? એટલે એમણે સૂચન કર્યું કે, એપેલન્ટને થોડો સમય આપીએ. સિનિયરે કહ્યું કે, એક મહિનો આપીએ. શ્રી ઠક્કર સાહેબ કહે, એક વર્ષ આપીએ. સિનિયર સંમત થયા.

પછી એવો હુકમ કર્યો કે મહિલા તમામ બાકી ભાડું ભરી આપે એ શરતે એક વર્ષનો સમય આપવામાં આવે છે. શ્રી ઠક્કર સાહેબને થયું કે આ મહિલા પાસે પૈસા ભરવાની શક્તિ હોત તો આ કેસ જ ન થયો હોત. તેથી કોર્ટનું કામ પત્યા પછી પોતાના પી.એ.ને ભાડાની પૂરી રકમનો ચેક આપ્યો અને શ્રી દેસાઈ સાહેબને મોકલાવ્યો અને વિનંતી કરી કે તેઓ રકમ કોર્ટમાં ભરી આપે. શ્રી દેસાઈ સાહેબે શ્રી ઠક્કર સાહેબને ફોન કર્યો તેમની સંવેદના માટે આનંદ વ્યક્ત કર્યો અને કહ્યું કે, ચેક પાછો સ્વીકારી લેશો. રકમ ભરાઈ જસે. અને બીજા દિવસે શ્રી દેસાઈ સાહેબે કોર્ટમાં પૂરી રકમ ભરી આપી.

*આવા ન્યાયમૂર્તિઓ ગુજરાતનું ગૌરવ છે.*

*– ડી. એમ. વસાવડા (ઍડવોકેટ)*

JAYANT STEELS જયંત સ્ટીલ્સ
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar, Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે, મુંબઈ-૪૦૦ ००૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

# શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ

**કાર્યાલય : ઉપાશ્રય (૧) : શ્રી ચ. વ. બહુંતેર જિનાલય ટ્રસ્ટ સંચાલિત આચાર્યશ્રી ગુણસાગરસૂરિશ્વરજી જ્ઞાનમંદિર** યાને **શેઠશ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા કચ્છ ગામ લાયજાવાળા**
શ્રી અચલગચ્છ જૈન ઉપાશ્રય, વિનય માર્કેટ, ૧લે માળે, મણિનગર, અમદાવાદ - ૩૮૦ ૦૦૮.

**ઉપાશ્રય (૨) : શ્રી વિસત નવનીત અચલગચ્છ જૈન ભવન,**
સુપર માર્કેટ, ૧લે માળે, નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.

**મોબાઈલ : (શ્રી ટોકરશીમામા) ૯૮૨૫૦ ૦૮૫૦૦**

## ચાલો... ચાલો... ચાલો....

## અચલગચ્છાધિપતિશ્રી તપસ્વીરત્ન આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબના ચાતુર્માસ પ્રવેશમાં ચાલો સૌ પાલીતાણા તીર્થભૂમિએ....

તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિશ્રી પ.પૂ. આચાર્ય ભગવંત **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ**નું ચાતુર્માસ પાલીતાણા મુકામે શેઠશ્રી કેશવજી નાયક ધર્મશાળામાં છે. તેઓશ્રીનો ચાતુર્માસ પ્રવેશ સંવત ૨૦૬૯ના અષાઢ સુદ-૩, બુધવાર, તા. ૧૦-૦૭-૨૦૧૩નાં રોજ છે. આપણે સૌ સંઘ સાથે પ.પૂ. સાહેબજીના પ્રવેશ પ્રસંગે ઉપસ્થિત થવાનું આયોજન કરેલ છે.

સંઘ સાથે જવાનો કાર્યક્રમ નીચે મુજબ રહેશે.

**મંગળવાર, તા. ૦૯-૦૭-૨૦૧૩ :**

- સવારમાં ૫.૩૦ કલાકે બસ મારફતે મણિનગર ઉપાશ્રયેથી પ્રયાણ.
- સવારનાં ૭.૩૦ કલાકે તગડી તીર્થે દર્શન તેમજ નવકારશી.
- બપોરના ૧૧.૩૦ કલાકે પાલીતાણા. બપોરનાં જે કોઈને ગિરીરાજની જાત્રા કરવાની હોય તેઓ ગિરીરાજની જાત્રા કરી શકશે.

**બુધવાર, તા. ૧૦-૦૭-૨૦૧૩ :**

- સવારમાં નવકારશી બાદ પ.પૂ. સાહેબજીનાં ચાતુર્માસ પ્રવેશમાં હાજરી.
- બપોરનાં સાધર્મિક ભક્તિનો લાભ આપી અમદાવાદ તરફ પાછા ફરવાનું.
- અનુકૂળતાએ સાંજે ચૌવિહાર.

૨ x ૩ બસમાં જવાનું. બે દિવસનો ચાર્જ રૂા. ૫૦૦/- નક્કી કરેલ છે. વધઘટ સંઘ ભોગવશે. વહેલા તે પહેલાના ધોરણે રૂા. ૫૦૦/- ભરી આપનું સ્થાન બુક કરાવી લેશો.

**નામ નોંધાવવા સંપર્ક કરો :**

- **વિજય દેઢિયા : મો. ૮૧૨૮૮ ૮૪૬૦૦**
- **ટોકરશી મામા : મો. ૯૮૨૫૦ ૦૮૫૦૦**
- **શશીકાંત ગાલા : મો. ૯૪૨૮૧ ૧૨૨૪૨**
- **દિનેશભાઈ લખમશી મૈશેરી : મો. ૯૨૨૮૩ ૫૬૨૬૬**

# ચાતુર્માસનાં વધામણા

આપણાં શ્રી સંઘમાં પ.પૂ.આચાર્ય ભગવંત ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની દિવ્ય કૃપાથી વર્તમાન અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન **પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**નાં આશિષ અને આજ્ઞાથી યુવા આચાર્ય **પ.પૂ.શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા.**ના આશિષથી **પ.પૂ.સાધ્વીશ્રી ગુલાબશ્રીજી મ.સા.**ના શિષ્યા, વર્તમાન અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના આજ્ઞાવર્તિની **પ.પૂ.સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.**ના શિષ્યા **પ.પૂ.સાધ્વીશ્રી અર્હતકિરણાશ્રીજી મ.સા.**નાં શિષ્યા **પ.પૂ.સાધ્વીશ્રી અનંતકિરણાશ્રીજી મ.સા.** (કચ્છ ગામ ચીયાસર), **પ.પૂ.સાધ્વીશ્રી કૈવલ્યકિરણાશ્રીજી મ.સા.** (કચ્છ ગામ ચીયાસર), **પ.પૂ.સાધ્વીશ્રી મુક્તિકિરણાશ્રીજી મ.સા.** (કચ્છ ગામ પુનડી), **પ.પૂ.સાધ્વીશ્રી જ્ઞાનાજન્યકિરણાશ્રીજી મ.સા.** (કચ્છ ગામ ભોજાય) આદિ ઠાણા ચારનું ચાતુર્માસ આપણા શ્રી સંઘને મળેલ છે. જે સંઘના અહોભાગ્ય છે.

પૂજ્યોશ્રીનો ચાતુર્માસ પ્રવેશ સંવત ૨૦૬૯નાં અષાઢ સુદ-૭, રવિવાર તા. ૧૪-૦૭-૨૦૧૩નાં સવારના ૮.૩૦ કલાકે **શ્રી ખીમજી નાનજી ગાલા** (કચ્છ ગામ દેવપુરવાળા) ઠેકાણું : ૧૦/એ, મધુકુંજ સોસાયટી, કાશી વિશ્વનાથ મહાદેવ પાસે, મણિનગર (ઈસ્ટ)ના ઘરેથી કરાવવામાં આવશે. ત્યાંથી વાજતે ગાજતે મણિનગર વાસુપૂજ્ય જિનાલયે દર્શન કરી ૯.૩૦ વાગે મણિનગર શ્રી સંઘના ઉપાશ્રયે ગુરૂ ભગવંતો પ્રવેશ કરશે. ઉપાશ્રયમાં અન્ય કાર્યક્રમની વિગતો "મંગલ મંદિર"ના આવતા અંકમાં જાહેર કરવામાં આવશે.

ચાતુર્માસે પધારનાર ગુરૂ ભગવંતોની હાલમાં અમદાવાદમાં સ્થિરતા છે અને તેઓશ્રી પંડિતજી પાસે અભ્યાસ કરી રહ્યા છે. તેઓશ્રીને અભ્યાસ કરાવવામાં જો કોઈને લાભ લેવાનો હોય તો તેઓ લઈ શકે છે. તે માટે મંત્રી **શ્રી ટોકરશી મામા** (મો. ૯૮૨૫૦ ૦૮૫૦૦) ઉપર સંપર્ક કરશો.

ચાતુર્માસ પ્રવેશનાં કાર્યક્રમમાં હાજર રહી શાસન અને સંઘની શોભા વધારશો.

**લી.**

**લક્ષ્મીચંદ શામજી છેડા - પ્રમુખ** **ટોકરશી કેશવજી શાહ (મામા) - માનદ્ મંત્રી**

**શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ**


## યાત્રા | ઈન્ટરનેશનલ ટુર્સ | પ્રવાસ

યાત્રા: શિખરજી, સૌરાષ્ટ્ર દર્શન, રાજસ્થાન, પાલિતાણા - પંચતીર્થ, ગીરનાર - સોમનાથ, કચ્છ પંચતીર્થ, જગન્નાથપુરી, નાગેશ્વર (એમ. પી), પુના -કાત્રજ, કાવી-ગંધાર-ઝગડીયા, કુલપાકજી - હૈદરાબાદ, ચારધામ, પંજાબ પંચતીર્થી

ઈન્ટરનેશનલ ટુર્સ: દુબઈ, ફારઈસ્ટ, ન્યુઝીલેન્ડ, કેનેડા, શ્રીલંકા, હોંગકોંગ, ઓસ્ટ્રેલીયા, ચાઈના, મોરેશીયસ, માલદીવ્સ, યુરોપ, અલાસ્કા

PASSPORT ASSISTANCE | VISA
FOREX | OVERSEAS INSURANCE

Chetan Mota's tmt holyday
Bubble gum TOURS & TRAVELS

૨૦૬, નેપ્ચ્યુન અપટાઉન, એન. એસ. રોડ, મુલુંડ (વે).
૯, હેમુ પ્લાઝા, ડી. જે. રોડ, વિલેપાર્લા (વે).
Tel. : 2593 4545 | 2610 1062 | 2612 2270
Email : info@bubblegumtours.com
Web : www.bubblegumtours.com

ભારતભરના તમામ યાત્રા તેમજ ગિરિમથકો માટે વ્યકિતગત કે ગ્રુપમાં ટેલરમેડ કે અમારા બારે માસ ચાલતા આયોજીત ફેમિલિ / હનીમુન પ્રવાસોમાં બધી જ અત્યાધુનિક સગવડતાઓ સાથે...

પ્રવાસ: કાશ્મીર-વૈષ્ણોદેવી, લેહ લડાક-કાશ્મીર, દાર્જીલીંગ-સીકકીમ, હિમાચલ, ઉતરાંચલ, દક્ષિણ ભારત, કેરલા, રાજસ્થાન, હૈદ્રાબાદ-રામોજી સીટી, કોસ્ટલ કર્ણાટક, ભૂતાન-નેપાલ, આંદામાન-નિકોબાર

શિક્ષણ

# વિદ્યાર્થી, વિવાહાર્થી કે પેટાર્થી?

• વિદ્યાવિજયજી •

*જૈન મુનિ વિદ્યાવિજયજીએ ઈ.સ. ૧૯૪૨માં 'મારી કચ્છ યાત્રા' નામનું પુસ્તક બહાર પાડેલ. કચ્છની યાત્રા સમયે તેઓને જે અનુભવો થયા એ અનુભવોની નોંધ તેઓશ્રીએ આ પુસ્તકમાં વર્ણવેલ છે.*

*તેઓના વિહાર દરમ્યાન ભુજમાં એક 'વિદ્યાર્થી સંમેલન' યોજાયું. એ સંમેલનના અધ્યક્ષ તરીકે મુનિ વિદ્યાવિજયજીને નક્કી કરવામાં આવ્યા. તેઓએ વિદ્યાર્થીઓ સમક્ષ જે પ્રવચન આપ્યું તે પ્રવચન આજે ઈ.સ. ૨૦૧૩માં પણ તેટલું જ સુસંગત છે, તેનો આ પ્રકરણ વાંચનારને તરત ખ્યાલ આવી શકશે.*

*આ પ્રવચન ખૂબજ વિદ્વતાપૂર્ણ હોવાથી 'મંગલ મંદિર'ના વાચક વર્ગ સમક્ષ અત્રે પ્રસ્તુત કરેલ છે.*

***– તંત્રી મંડળ***

ભાઈઓ અને બહેનો, આજનું સંમેલન, એ 'વિદ્યાર્થી સંમેલન' છે એટલે 'વિદ્યાર્થી' શબ્દ તરફ હું તમારું ધ્યાન ખેંચવા માગું છું. 'વિદ્યાર્થી' શબ્દનો અર્થ 'વિદ્યાનો અર્થી' એ સ્પષ્ટ છે. જે વિદ્યાની ઈચ્છા કરે છે, વિદ્યાની ઉપાસના કરે છે, વિદ્યાની આરાધના કરે છે. પણ 'વિદ્યા' એ શી વસ્તુ છે? આપણાં શાસ્ત્રોએ તે વિદ્યાને વિદ્યા ગણી છે કે જે વિદ્યા મુક્તિને માટે સાધનભૂત છે. 'सा विद्या या विमुक्तये' બંધનોને તોડે, સ્વતંત્રતાને આપે તે વિદ્યા છે. પણ આજની 'વિદ્યા' સાચી 'વિદ્યા' છે કે કેમ? અને તે 'વિદ્યાનો અર્થી' સાચો 'વિદ્યાર્થી' છે કે કેમ? એ પ્રશ્ન બહુ વિચારવા જેવો છે. આજનો વિદ્યાર્થી જે સમયે વિદ્યાને પ્રાપ્ત કરવાનાં પગલાં માંડે છે, તે સમયે તે બિલકુલ અજ્ઞાત છે. તેને પોતાને ખબર નથી કે હું શા માટે આ નિશાળમાં જાઉં છું? એટલે આજનો વિદ્યાર્થી 'વિદ્યાર્થી' છે કે કેમ? એ પ્રશ્નનો ઉત્તર તો એનાં માતા-પિતા પાસેથી લેવો જોઈએ. અને જો તેઓ સાચેસાચી રીતે જવાબ આપે તો, હું ધારું છું કે આજના વિદ્યાર્થીને 'વિદ્યાર્થી' કહેવા કરતાં 'વિવાહાર્થી' કે 'પેટાર્થી' કહેવો વધારે બંધબેસતું થઈ પડે. થોડુંક ભણીને છોકરો જરાક હોંશિયાર થશે, એટલે તેને માટે કન્યા મળશે. અથવા થોડુંક ભણીને વ્યાજ વટાવ કાઢતાં આવડી જશે, ચિઠ્ઠી-પત્રી લખતાં વાંચતાં આવડી જશે, અને તાર વાંચતા આવડી જશે, એટલે દસ વીસ રૂપિયાની નોકરી મળી જશે. આવા ઉદ્દેશથી અભ્યાસ કરનાર વિદ્યાર્થીને 'વિવાહાર્થી કે પેટાર્થી' સિવાય બીજું શું કહી શકાય?

આ તો પ્રાથમિક જ્ઞાન લેનાર વિદ્યાર્થીઓની વાત થઈ, પરંતુ આજની 'ઉચ્ચ કેળવણી' લેનાર સમજદાર નવયુવકો, કે જેઓ સ્વયં વિચારી શકે છે, તેમનો પણ શો ઉદ્દેશ છે? તેઓ પણ ખરી રીતે તો ખુલ્લો એકરાર કરશે કે કોઈ પણ રીતે ગુજરાન ચલાવવાના સાધન માટે જ આ અધ્યયન અમે કરીએ છીએ એટલે એવો, ઉચ્ચ કેળવણી લેનારો, વિદ્યાર્થી પણ ખરી રીતે વિદ્યાર્થી નથી, પણ 'પેટાર્થી' છે.

### • લક્ષ અને આદર્શ :

કોઈ પણ પ્રવૃત્તિ કરવામાં સૌથી પહેલાં એક 'લક્ષ' નિશ્ચિત કરવાની જરૂર છે અને તે પછી તે લક્ષને પહોંચી વળવાની પ્રેરણા આપનાર એક 'આદર્શ' મુકરર કરવાની જરૂર છે. લક્ષ અને આદર્શ વિનાની જેટલી પ્રવૃત્તિ કરવામાં આવે છે, તેમાં જોઈતી સફળતા નથી મળી શકતી. હું અનેક કોલેજો અને સ્કૂલોમાં વિદ્યાર્થીઓને પૂછી ચૂક્યો છું કે 'તમે જે આ દોડ લગાવો છો, તે કયા લક્ષને પહોંચી વળવા? અને એમાં તમે કયો 'આદર્શ' રાખ્યો છે? જ્યાં સુધી મને યાદ છે, કોઈ પણ સ્થળેથી આ પ્રશ્નનો સંતોષકારક ઉત્તર મને નથી મળ્યો. અને તેમ બનવું સ્વાભાવિક છે; કારણકે, આપણા અત્યારના શિક્ષણનું મૂળ જ એવું છે કે જેમાંથી 'વિદ્યા'નો કોઈ અર્થ જ સરતો નથી, કારણ કે જે 'ઉદ્દેશ'થી વિદ્યા હાંસલ કરવી અથવા કરાવવી જોઈએ, તે ઉદ્દેશ રખાતો નથી. અને જીવનના ઘડતરને માટે જે 'આદર્શ' રખાવવો જોઈએ, તે આદર્શ પણ નથી. આ બે વસ્તુના અભાવમાં આજનો કોઈ પણ 'વિદ્યાર્થી' શું બતાવી શકે કે હું શા માટે ભણું છું? અથવા મારૂં શું લક્ષ છે? વસ્તુ સ્પષ્ટ છે કે બહુમાં બહુ તો આજનો વિદ્યાર્થી પોતાના ઉદરનિર્વાહ માટે જ 'વિદ્યાર્થી' બન્યો છે. આ ઉદ્દેશ કોઈ પણ રીતે સફળ થાય, તે માટેની જ ધૂમધામ ચાલી રહી છે. ખૂબી તો એ છે કે એ 'ઉદ્દેશ'ને પણ આજનો વિદ્યાર્થી સફળ કરી શકતો નથી. અર્થાત્ હજારો રૂપિયાનો વ્યય કરીને આજની ઊંચામાં ઊંચી 'વિદ્યા' પ્રાપ્ત કરવા છતાં, પણ ઉદરનિર્વાહ પૂરતું સાધન પણ ઘણા જ ઓછા મેળવી શકે છે. એ જ કારણ છે કે હિંદુસ્તાનના બેકારોમાં 'શિક્ષિત બેકારો' જગા વધારે રોકી રહ્યા છે, અને એમની બેકારીનો પ્રશ્ન વધારે જટીલ બન્યો છે.

### • પ્રાચીન શિક્ષણ પદ્ધતિ :

આ પ્રસંગે આપણી 'પ્રાચીન શિક્ષણ પદ્ધતિ' તરફ આપનું ધ્યાન ખેંચું છું. પ્રાચીન કાળમાં હિંદુસ્તાનમાં શિક્ષણની બે પદ્ધતિઓ હતી. એક 'આશ્રમ' પદ્ધતિ અને બીજી 'વિદ્યાપીઠો' ની પદ્ધતિ. બન્ને પદ્ધતિઓનો ઉદ્દેશ શારીરિક, માનસિક, વાચિક, આર્થિક અને આધ્યાત્મિક વિકાસનો હતો. શિક્ષણ તે

*ભૌતિક વસ્તુઓનું અભિમાન કરવું નિરર્થક છે.*

છે કે જેનાથી વિચાર, ઉચ્ચાર અને આચારની શુદ્ધતા થાય. પ્રાચીન પદ્ધતિમાં આ વસ્તુઓ ખાસ કરીને સિદ્ધ થતી હતી.

- **આશ્રમ પદ્ધતિ :**

હિંદુસ્તાનમાં જેઓ ગૃહસ્થાશ્રમમાંથી નીકળી ત્રીજા વાનપ્રસ્થ આશ્રમમાં જતા હતા, તેઓ ઘણે ભાગે વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનું કામ કરતાં. પાંચ-પચ્ચીસ વિદ્યાર્થીઓને પોતાને ત્યાં રાખે. સાંસારિક વાસનાઓથી દૂર રાખી વિદ્યાધ્યયન કરાવવા સાથે આધ્યાત્મિક ભાવનાઓને પોષે. વિદ્યાર્થીઓ બ્રહ્મચર્યનું પાલન કરવા સાથે શરીરને સંગઠિત કરે, વિદ્યાનું અધ્યયન કરે, ગુરૂની સેવા કરે અને એક જ ગુરૂનો આદર્શ સામે રાખીને પોતાના જીવનનું ઘડતર કરે. આઠ વર્ષની ઉંમરમાં ગુરૂની પાસે ગયેલો વિદ્યાર્થી વધારેમાં વધારે ૪૪ અને ઓછામાં ઓછા ૨૫ વર્ષ સુધી બ્રહ્મચર્યાશ્રમમાં, એક જ ગુરૂના 'આદર્શ' નીચે રહી, રાતદિવસ વિદ્યાનું અધ્યયન કરી, સુંદર સંસ્કાર મેળવનાર યુવક કેટલી શક્તિઓ મેળવી શકતો હશે? કેવો આદર્શ પુરુષ થતો હશે? કેવો સાચો નાગરિક બનતો હશે? શરીરે કેવો હષ્ટપુષ્ટ થતો હશે? બુદ્ધિમાં કેવો વિચક્ષણ થતો હશે? એની કલ્પના આપણે કરી શકીએ છીએ.

પ્રાચીન સમયના આવા આશ્રમોની ઝાંખી કોઈએ જોવી હોય, તો બંગાળના નદિયા-શાંતિ જેવાં સ્થાનોમાં જઈને જોઈ શકે છે. બંગાળના કોઈ કોઆ પ્રાંતમાં હજુ પણ આવાં આશ્રમોનો કંઈક કંઈક નમૂનો દેખાય છે, જેને બંગાળીમાં ટોલ કહેવામાં આવે છે.

- **વિદ્યાર્થીઓની વચમાં :**

હિંદુસ્તાનમાં આવા આશ્રમોની સંખ્યા ઘણી મોટી હતી. કહેવાય છે કે, બ્રિટિશ ગવર્નમેન્ટે જ્યારે બંગાળને હાથ કર્યો, ત્યારે એકલા બંગાળમાં એંસી હજાર આશ્રમો હતાં. દર ચારસો માણસની વસતિ પાછળ એક આશ્રમ હતું, એમ ઈતિહાસમાં વંચાય છે. આ ઉપરથી કલ્પના કરી શકીએ છીએ કે આખા હિંદુસ્તાનમાં આવાં કેટલાં આશ્રમો હશે?

આ આશ્રમોમાંથી નીકળતા વિદ્યાર્થીઓ સાચા વિનયી, દેશપ્રેમી અને ધર્મપ્રેમી થતા. વિદ્યાનો મહાન ગુણ 'વિનય' એ તો એમના જીવનમાં ઓતપ્રોત થયેલો રહેતો. પ્રાચીન ઈતિહાસમાં ગુરૂઓનો વિનય વિદ્યાર્થીઓ કેટલો કરતા, એનાં અનેક ઉદાહરણો આપણને ચક્તિ કરે છે. આશ્રમમાંથી નીકળતા વિદ્યાર્થીને ગુરૂઓ અંતિમ શિખામણ રૂપે જે આશિર્વચનો કહેતા તે આ હતાં :

धर्मं चर! सत्यं वद! मातृदेवो भव! पितृदेवो भव! आचार्यदेवो भव! ઈત્યાદિ.

- **વિદ્યાપીઠ :**

અત્યારની કેમ્બ્રિજ અને ઑક્સફર્ડ યુનિવર્સિટીઓની સાથે તુલના કરી શકીએ એવાં અનેક વિદ્યાપીઠો હિંદુસ્તાનમાં મૌજુદ હતાં. નાલંદા, કાન્ચી, તક્ષશિલા, વલ્લભીપુર, કાશી, અહમદનગર, અને એવાં અનેક સ્થાનોમાં વિશાળ વિદ્યાપીઠો હતાં કે જેમાં દસ દસ હજાર વિદ્યાર્થીઓ વિદ્યાધ્યયન કરતા હતા. અઢાર અઢાર જાતની વિદ્યાઓ તેમાં શીખવવામાં આવતી. ચીન અને જાપાનના વિદ્યાર્થીઓ પણ ત્યાં અભ્યાસ કરવા અર્થે આવતા. વિશાળ પુસ્તકાલયો તેની સાથે મૌજૂદ હતાં. પંદરસો પંદરસો અધ્યાપકો એક એક વિદ્યાપીઠમાં 'વિદ્યાગુરૂ'નું કામ કરતા. એવાં વિશાળ વિદ્યાપીઠોમાંથી નીકળેલા યુવકો પોતપોતાના વિષયમાં દિગ્ગજ વિદ્વાન થઈને બહાર પડતા. નાલંદા અને તક્ષશિલા વગેરે સ્થાનોની થયેલી શોધખોળો ઉપરથી તે વિદ્યાપીઠોની વિશાળતાનું અનુમાન કરી શકાય છે. દસ હજાર વિદ્યાર્થીઓની પાછળ પંદરસો શિક્ષકો કામ કરતા હોય, ત્યારે સરેરાશ એક શિક્ષકની પાછળ છ વિદ્યાર્થીની જવાબદારી આવે છે. આજે એક શિક્ષકને કેટલા વિદ્યાર્થીઓનું જીવન ઘડવાનું ભાગ્ય નિર્માણ થયું છે, તે તમે બધા જાણો છો.

આમ હિંદુસ્તાનમાં ઉપરની બે – આશ્રમ અને વિદ્યાપીઠ-પદ્ધતિથી વિદ્યાર્થીનાં જીવન ઘડાતાં હતાં. તેઓને સાચા નાગરિક બનાવવામાં આવતા હતા. પરિણામે બંને પદ્ધતિઓ વિદ્યાર્થીઓને માટે ઉપયોગી થતી અને તેઓમાં જેમ અખિલ માનવજાતિને યોગ્ય ગુણોનો વિકાસ થતો, તેવી જ રીતે પ્રત્યેક દેશકાળે ઘડેલા અવયવોની વિશેષતાઓનું ઘડતર પણ થતું.

- **અત્યારની શિક્ષણ પદ્ધતિ :**

અત્યારે હિંદુસ્તાનમાં જે રીતે શિક્ષણ અપાઈ રહ્યું છે, એ કોઈનાથી અજાણ્યું નથી. હાથકંકણને આરસીની જરૂર ન હોય. આજની શિક્ષણ પદ્ધતિ હિંદુસ્તાનની સંસ્કૃતિને બંધબેસતી છે કે કેમ? એ એક વિચારણીય પ્રશ્ન છે. ખાનપાન, વેશ વહેવાર, એ બધી વસ્તુઓ જેમ જુદા જુદા દેશની સંસ્કૃતિને અનુકૂળ હોવી જોઈએ અને હોય છે, તેવી જ રીતે શિક્ષણ પદ્ધતિ પણ જીવન વિકાસનું એક સાધન હોઈ, તે પણ દેશની સંસ્કૃતિને અનુકૂળ હોવી જોઈએ. અત્યારે જે શિક્ષણ પદ્ધતિથી હિંદુસ્તાનના બાળકો અને યુવકોને શિક્ષણ અપાઈ રહ્યું છે એ ઘણે ભાગે જીવન વિકાસની વાત તો દૂર રહી, પણ માનવતાના સામાન્ય ગુણો અને વિશેષ ગુણોને પણ વિકસાવી શકતી નથી. બલકે તેથી ઊલટું જ પરિણામ આવતું હોય એમ લગભગ દેખાય છે. પહેલાં હું કહી ગયો છું તેમ વિદ્યાના હેતભૂત વિચાર, ઉચ્ચાર અને આચારની ખીલવણી, સ્મરણ શક્તિનો વિકાસ, વિનય, શિસ્ત (Discipline) અને સેવાભાવ વગેરે બાબતો ઓછી થતી જતી હોય એમ સ્પષ્ટ દેખાય છે. જો કે આ વસ્તુઓનો પોકાર ઘણો થાય છે. દાખલા તરીકે Discipline (શિસ્ત)ની વાતો નાનામાં નાનાથી લઈને મોટામાં મોટા લોકો કરે છે, પણ ખરી રીતે 'ડિસીપ્લીન' શી વસ્તુ છે એને બહુ જ ઓછા લોકો સમજે છે અને આચરતા પણ બહુ ઓછા

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

દેખાય છે. 'કોઈ પણ પ્રકારના નિયમનું પાલન' એ શિસ્ત છે. જુદી જુદી જાતના મનુષ્યોની સાથે જુદા જુદા સમયમાં વ્યવહાર કેવો રાખવો? એ શિસ્ત છે. પણ આ શિસ્તનું પાલન કેટલું થાય છે? સાધારણ વિચાર ભિન્નતા થાય, એટલે એક બીજાનો વિરોધ કરવાને માટે માણસ તૈયાર થાય છે. એ વિરોધ ત્યાં સુધી વધે છે કે સાધારણ સભ્યતાનું પણ ઉલ્લંઘન કરી જવાય છે. કોણ કહી શકે કે આ શિસ્તનું પાલન છે? આવી રીતે શિસ્તનો ભંગ ક્યાં નથી થતો? આજના વિદ્યાર્થીઓની ઉદ્ધતાઈ, ઉચ્છૃંખલતા અને સ્વચ્છંદવૃત્તિના જ્યારે જ્યારે હું દર્શન કરૂં છું ત્યારે ત્યારે મને તો ઘણું લાગી આવે છે. એક સામાન્ય જનોચિત વ્યવહાર પણ આજના કહેવાતા કેટલાક શિક્ષિતો, વિદ્યાર્થીઓ, યુવકો ન રાખે, ત્યારે ભારે ખેદ થાય છે. આ દોષ તે દેવો કોને? શું આજના શિક્ષણમાંથી કંઈક આવી વસ્તુ તો ઉત્પન્ન નહિ થતી હોય?

આ તો મેં એક સામાન્ય વાત કરી છે, પરંતુ ખરી વાત એ છે કે શિક્ષણમાંથી જે ગુણો ઉત્પન્ન થવા જોઈએ, તે બહુ જ ઓછા થાય છે. અને તેનું કારણ શિક્ષણ નહિ પણ 'શિક્ષણની પદ્ધતિ' છે એમ ઘણા કેળવણીકારોનું કથન છે.

અત્યારની શિક્ષણ પદ્ધતિની ખામીઓમાં થોડીક આ પણ છે.

- **શિક્ષકો :**

વિદ્યાર્થીઓના જીવનનો મોટો આધાર શિક્ષકો ઉપર રહેલો છે. જ્યાં સુધી સદ્‌ગુણી, સંસ્કારી, વ્યસન રહિત અને શુદ્ધ ચારિત્રવાળા શિક્ષકોની દેખરેખ વિદ્યાર્થીઓ ઉપર ન હોય ત્યાં સુધી વિદ્યાર્થીઓનાં જીવનનો કોઈ હેતુ સફળ થઈ શકતો નથી. 'આ માણસ સાત ચોપડી ભણ્યો છે અથવા મેટ્રિક પાસ થયો છે અથવા ટ્રેઈનિંગ પાસ કરેલ છે એટલે તે શિક્ષક થવાને યોગ્ય છે.' આ ધોરણે આજે શિક્ષકો નિયુક્ત કરવામાં આવે છે. પણ શિક્ષકના ચારિત્ર સંબંધીની યોગ્યતા બહુ જ ઓછી જોવામાં આવે છે. અને તેમાંયે જ્યારે પેટના પોષણ પૂરતો પણ પગાર ન મળતો હોય, ત્યારે એ શિક્ષક ક્યાં સુધી નૈતિક જીવન જાળવી શકશે? અને નહિ જાળવી શકે તો વિદ્યાર્થીઓ ઉપર અસર શી થશે? એનો વિચાર બહુ ઓછો કરવામાં આવે છે. "શિક્ષક એટલે વિદ્યાગુરૂ." આજે કોઈ પણ વિદ્યાર્થીનો ગુરૂ કોણ છે? એ કોનો આદર્શ સ્વીકારી રહ્યો છે? એનો નિર્ણય કરવો અશક્ય છે. હમણાં હું તમને કહીશ તેમ, સ્કૂલોમાં અનેક વિષયો ચલાવવામાં આવે છે. તે દરેક વિષયોના શીખવનાર જુદા જુદા શિક્ષકો છે. ચાલીસ ચાલીસ કે પીસ્તાલીસ પીસ્તાલીસ મિનિટના એક પીરિયડમાં એક એક ગુરૂ બદલાય છે, પાંચ કલાક કે છ કલાક માત્ર વિદ્યાર્થીને સ્કૂલમાં રહેવાનું થાય છે, તેટલા સમયમાં તેટલા કે તેથી દોઢા વિધાગુરૂઓ બદલાઈ જાય છે. એટલે વિદ્યાર્થીનો કોઈ પણ સાચો ગુરૂ નથી. તે સિવાયના અઢાર કે ઓગણીસ કલાક વિદ્યાર્થી અનેક પ્રકારના જુદા જુદા સંસ્કારોમાં રહે છે. અને માતા પિતાઓએ તો સાત કે આઠ વર્ષની ઉંમરમાં પોતાના છોકરાને નિશાળમાં બેસાડ્યો ત્યારથી બાળકના જીવન ઘડતરની જવાબદારી ઉતારી નાખી છે. આવી સ્થિતિમાં આજના વિદ્યાર્થીનો સાચો ગુરૂ કોણ? એના જીવનની જવાબદારી કોના માથે? એનો આદર્શ કોણ? આ બધી સ્થિતિનો વિચાર કરતાં આજનો વિદ્યાર્થી નિરકુંશ, ધ્યેય અને આદર્શ વિનાનો, તેમ જ સ્વચ્છંદી બને, તો તેમાં આશ્ચર્ય જેવું શું છે? શિક્ષકો પોતે જ સમજે છે કે અમે તેઓના ગુરૂ નથી અમે તો માત્ર નોકર છીએ. વિદ્યાર્થીઓ સમજે છે કે અમારા શિક્ષક એ તો એક નોકર છે. આવી સ્થિતિમાં વિદ્યાર્થીઓની ગુરૂભક્તિ અને ગુરૂઓનું વાત્સલ્ય એકબીજા પ્રત્યે ન રહે તો તે બનવાજોગ નથી શું?

- **વિષયોનો બોજો :**

આજના શિક્ષણમાં વિષયોનો બોજો એટલો બધો વધારી નાખવામાં આવ્યો છે કે જેના લીધે બાળકોનાં મગજો પ્રારંભથી જ કુંઠિત બની જાય છે. પરિણામે એમનો માનસિક વિકાસ અને સ્મરણ શક્તિઓ રૂંધાઈ જાય છે. આજનો વીસ વીસ, કે તેથી વધારે વર્ષો સુધી અભ્યાસમાં જ રહેલો વિદ્યાર્થી વાતવાતમાં ડાયરીનાં પાનાં ખોલ્યા વિના રહેતો નથી. આવતા રવિવારે મારે શું શું કરવાનું છે, એ તો ડાયરીમાં નોંધી લે તે નોંધી લે, પરંતુ કાલે મારે શું કરવાનું છે? અરે આજે શું કરવાનું છે? એ પણ સવારમાં ન નોંધી લે તો તેને યાદ જ ન રહે. ક્યાં હિંદુસ્તાનના માનવીઓની ગ્રંથોના ગ્રંથો કંઠસ્થ રાખવાની અદ્‌ભુત શક્તિ, અને ક્યાં આજે, કલાક પછી કરવાનું કામ પણ ડાયરીમાં ન નોંધ્યું હોય તો ભૂલી જ જવાય, એવી સ્મરણશક્તિ! આનું કારણ મને તો એમ લાગે છે કે નાની ઉંમરથી ભણવાના વિષયોના બોજા વધારીને તેમની સ્મરણ શક્તિઓ છુંદી નાખવામાં આવે છે. જે વિષયોની સાથે જીવનનો કંઈ સંબંધ નથી, અથવા તો જે સમય અને જે સ્થાન માટે જે વિષયોની કંઈ આવશ્યકતા જ નથી, એવા વિષયોનાં પોથાંના પોટલાં માથા ઉપર મૂકીને બાળકોને સ્કૂલમાં જવું પડે, એનો તો કંઈ અર્થ છે? અભ્યાસના વિષયોની ચૂંટણીમાં સમય અને સ્થાનનો અર્થાત દેશ-કાળનો ખૂબ ખ્યાલ રાખવાની જરૂર છે. હિંદુસ્તાનમાં જન્મેલાં હિંદુસ્તાનની સંસ્કૃતિમાં પોષાયેલાં અને ભવિષ્યમાં પણ હિંદુસ્તાનના જ નાગરિકો બનવા માટે જીવનનું ઘડતર કરી રહેલાં નાનાં નાનાં બાળકોને પ્રારંભથી જ પશ્ચિમની સંસ્કૃતિના રંગથી રંગાયેલ પુસ્તકોનો અભ્યાસ કરાવવો, એનો શો અર્થ છે? પોતાના ગામની જ ભાગોળમાં શું છે? કઈ નદી છે? એનું તો જેને ભાન નથી, ને તે યુરોપ - અમેરિકાના પહાડો અને નદીઓનાં નામો ગોખ્યા કરે,

HOLIDAY PLANNERS > KERALA & SOUTH INDIA TOUR PACKAGES
A.B. SALEM ROAD, JEW TOWN, COCHIN-682 002. KERALA (INDIA) Dial : +91-7736025429, +91-8129945429
Website : www.holidayplannersonline.in • E-mail : info@holidayplannersonline.com TAKE HOME A LIFE TIME OF MEMORIES
COCHIN - MUNNAR - THEKKADY - KUMARAKOM - HOUSEBOAT - KOVALAM - WAYANAD - POOVAR - ANDAMAN
DOMESTIC & INTERNATIONAL TOUR PACKAGES - HOTEL RESERVATIONS - CAR RENTAL - AIR TICKETING Trade enquiries solicited

એનો અર્થ શો? અને તેનું શું પરિણામ આવે, એ સમજવા માટે કોઈ અર્થશાસ્ત્રી પાસે જવાની પણ જરૂર નથી. અભ્યાસના વિષયોને મુકરર કરવામાં જેમ માનસશાસ્ત્રના અભ્યાસની ખૂબ જરૂર છે તેમ દેશ-કાળને જોવાની પણ જરૂર છે.

બિનજરૂરી અને વધારે પડતા વિષયોનો બોજો વિદ્યાર્થીઓના ઉપર લાદવાનું પરિણામ એ આવ્યું છે કે - આજના બાળકો રમત-ગમતમા, ખેલકૂદમાં જેટલું લોહી વધારે છે, એના કરતાં હું ધારૂં છું કે દોઢું લોહી પોતાના બધા વિષયોને તૈયાર કરવાની ચિંતામાં બાળી નાખે છે. એટલે બિનજરૂરી અને વધારે પડતા વિષયોની ખામી, વિદ્યાર્થીઓના જીવન વિકાસને રૂંધનારી છે.

- **પરીક્ષાઓ :**

અભ્યાસક્રમના વિષયોની ખામીના જેટલી જ, બલકે તેથી પણ વધારે ભયંકર ખામી પરીક્ષાના ધોરણની છે. આજે પરીક્ષાઓનું જે ધોરણ ચાલી રહ્યું છે, એનાથી જે અનર્થો થઈ રહ્યા છે, એ કોઈથી અજાણ્યા નથી. સારામાં સારો બુદ્ધિશાળી વિદ્યાર્થી આખા વર્ષ સુધી પહેલો નંબર રાખે, પરંતુ પરીક્ષા સમયે એકાદ પેપરમાં કંઈપણ કારણે નિશ્ચિત માર્ક ન મેળવી શકે તો તેનું આખુંયે વર્ષ નકામું જાય છે તે નાપાસ થાય છે. કોણ કહી શકે તેમ નથી કે આજની પરીક્ષા પદ્ધતિથી જ્ઞાનની પરીક્ષા નથી થતી, પણ ભાગ્યની થાય છે. જુગારના અખાડામાં જુગારીઓ જેમ પોતાના ભાગ્યની કસોટી કરે છે, ઘોડદોડની રમતમાં જેમ શ્રીમંતો પોતાના ભાગ્યની કસોટી કરે છે, તેવી જ રીતની કસોટી પરીક્ષાના મેદાનમાં વિદ્યાર્થીઓના ભાગ્યની થઈ રહી છે.

આ કસોટીમાંથી પસાર થવાના દિવસો જ્યારે નજીક આવે છે, ત્યારે વિદ્યાર્થીઓ કેવી હાલતમાં પોતાના દિવસો પસાર કરે છે, એ તમે બધા સૌ જાણો છો. પરીક્ષાના દિવસો, એટલે જાણે કતલની રાતો. ખાવા પીવાનું ભાન નહિ. તંદુરસ્તીનો ખ્યાલ નહિં, કેવળ પરીક્ષામાં પાસ થવા માટે જોઈતા માર્ક મેળવવા જતાં, આખા વર્ષ સુધી ફુટબોલને ક્રિકેટ, ખોખો, ને હુતુતુતુ ખેલી ખેલીને વધારેલું લોહી એ પરીક્ષાના છેલ્લા અઠવાડિયામાં પૂરૂં કરી નાખવામાં આવે છે.

આજની પરીક્ષા પદ્ધતિમાં જ્ઞાન હોય કે ન હોય, છતાં કોઈ પણ ઉપાયે માર્ક મેળવી જેમ પરીક્ષામાં પાસ થવાનું લક્ષ્ય વિદ્યાર્થીનું હોય છે, તેવી જ રીતે શિક્ષકો પણ ગમે તે ઉપાયે પોતાના વધારે વિદ્યાર્થીઓ પાસ થયા છે, એવું બતાવવા બની શકતા બધા પ્રયત્નો કરે છે. આખા વર્ષ સુધી વિદ્યાર્થીઓના અભ્યાસ તરફ બેદરકાર રહેનાર શિક્ષક, પરીક્ષાના નજીકના દિવસોમાં વિદ્યાર્થીઓ ઉપર સોટો લઈને ઊભો થઈ જાય છે. રાતદિવસના ઉજાગરા કરાવીને ગોખવે ને વંચાવે છે, અથવા જે જે કંઈ કરવાનું હોય તે કરાવીને પણ કોઈપણ રીતે પરીક્ષામાં પાસ થનારની સંખ્યા વધારે બતાવવાનો પ્રયત્ન કરે છે. પછી ભલે વિદ્યાર્થીની શારીરિક, માનસિક બધીયે શક્તિઓ છૂંદાઈ જતી હોય. આટલું કરવા છતાં પણ જો વિદ્યાર્થી નાપાસ થવા જેવું દેખાય, તો આખા જગતમાં જે લાંચ-રુશવતની બદીએ જગતનું નૈતિક પતન કર્યું છે, એનો આશરો લેવાને પણ કેટલાકોને તૈયાર થતા સાંભળ્યા છે.

મિત્રો, મારૂં આ કથન બધે સ્થળે, ને બધાઓને લાગુ પડે છે, એવું સમજવાની કોઈ ભૂલ ન કરશો. પણ આ બદીના અપવાદથી કેળવણી જેવું પવિત્ર ખાતું પણ હવે નથી બચ્યું, એ કહેવાનો મારો આશય છે. ભલે તે અમુક સ્થાનમાં કે અમુક વિભાગમાં જ પ્રવેશ્યું હોય, પરંતુ કેળવણીખાતું, એ તો પવિત્રમાં પવિત્ર ખાતું જ હોય, એમ હું માનતો હતો ને માની રહ્યો છું. છતાં એવા પવિત્ર ખાતામાં પણ અપવિત્રતાની દુર્ગંધ આવવા લાગી છે, એમ દુઃખ સાથે મારે કહેવું પડે છે.

- **નવો યુગ ને નવો પ્રયત્ન :**

ભાઈઓ અને બહેનો, સમય એક સરખો રહેતો નથી. વખતના વહેવા સાથે માનવજાતિના વિચારોમાં, ભાવનાઓમાં, ક્રિયાઓમાં, રીતરિવાજોમાં પરિવર્તનો થાય જ છે. અનાદિકાળથી આમ થતું આવ્યું છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી લગભગ અર્ધી સદીથી આ કેળવણીના વિષયમાં પણ, અને હિંદુસ્તાન જેવા પરાધીન દેશમાં પણ જાગ્રતિનાં પ્રકાશ કિરણો ચમકવા લાગ્યાં છે. બેશક, આપણો દેશ જેટલું અનુકરણ કરવામાં શૂરો પૂરો છે, એટલું સ્વયં શોધવામાં નથી, છતાં આજે સારી વસ્તુનું અનુકરણ કરતો થશે, તો કાલે સ્વયં વિચારક અને સ્વયંશોધક પણ થશે, એવો આપણે આશાવાદ સેવવો જોઈએ.

કેળવણીના ક્ષેત્રમાં આપણા દેશે કિન્ડરગાર્ડન પદ્ધતિ અને હમણાં હમણાં મોન્ટીસરી પદ્ધતિનું અનુકરણ કરી કેળવણી આપવાનું શરૂ કર્યું છે. જો કે આ પદ્ધતિએ કેળવણી આપવાનું એવાં નાનાં બાળકોને માટે થાય છે, કે જે બાળકોને ખરી રીતે માતા-પિતાઓ તરફથી સુસંસ્કાર પાડવાના હોય છે. છતાં પણ આટલી નાની ઉમરનાં બાળકોને ઇન્દ્રિયો દ્વારા અપાતું આ શિક્ષણ, ઉપયોગી તો જરૂર છે, પણ તેથી મોટી ઉંમરના એટલે ૭-૮ વર્ષથી શરૂ થતી અને મોટી ઉંમરના બાળકોને અત્યાર સુધી અપાઈ રહેલી કેળવણીની પદ્ધતિમાં પણ હવે કંઈક ફેરફાર થતો રહ્યા છે, એ ખરેખર ખુશ થવા જેવું છે.

સાથી પહેલી વાત તો એ છે કે શિક્ષણનું કાર્ય જ્યાં સુધી આપણા હાથમાં ન લેવાય, દેશના સાચા શિક્ષણશાસ્ત્રીઓ સ્વતંત્ર રીતે પોતાના હાથમાં ન લે, ત્યાં સુધી આજના શિક્ષણથી આપણા બાળકોનો જીવન વિકાસ

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ
હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા
લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી
એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com

થઈ શકે નહિ, એ વાત તરફ આપણા નેતાઓનું ધ્યાન ગયું અને તેના પરિણામરૂપે ગુરૂકુલો, આશ્રમો, વિદ્યાલયો, છાત્રાલયો સ્થપાવા લાગ્યાં. જો હું ન ભૂલતો હોઉં તો આવાં ગુરૂકુલો વગેરે સ્થાપવાની શરૂઆત આર્યસમાજે કરી અને તે પછી જૈનો અને બીજાઓએ અનુકરણ કર્યું.

આજે આખા દેશમાં અનેક ગુરૂકુળો, છાત્રાલયો, વિદ્યાલયો વગેરે ચાલી રહ્યાં છે. આ બધાઓનો ઉદ્દેશ મારા ધારવા પ્રમાણે એ હોવો જોઈએ કે 'આપણાં બાળકોના શિક્ષણનો પ્રશ્ન આપણા હાથમાં રાખવો, વિદ્યાર્થીઓ ચોવીસે કલાક એક સાથે રહે, એક જ ગૃહપતિની દેખરેખ નીચે રહે, એક જ આદર્શ પુરુષના સંસ્કારો તે વિદ્યાર્થીઓના જીવનમાં ઉતરે.' વગેરે.

એ વાત બિલકુલ સાચી છે કે પ્રાચીન સમયની જે 'આશ્રમ પદ્ધતિ' અને 'વિદ્યાપીઠ પદ્ધતિ'નો ખ્યાલ હું તમને પહેલાં આપી ચૂક્યો છું, એ પદ્ધતિઓ અત્યારના સમયમાં અમલમાં મૂકી શકાય એમ નથી. અને તેજ કારણે પ્રાચીનતા અને અર્વાચીનતાના મિશ્રણરૂપે આ ગુરૂકુલાદિનો પ્રયત્ન અમલમાં આવ્યો છે, છતાં મારા હજારો માઈલના પાદવિહારમાં અને છેલ્લાં પચીસ વર્ષમાં જે અનેક સંસ્થાઓનું નિરીક્ષણ કરવાનું સદ્‌ભાગ્ય મને સાંપડ્યું છે, તે ઉપરથી મારા જે ખ્યાલો બંધાયા છે, એ ખ્યાલોને વ્યક્ત કરવાની જો મને છુટ મળતી હોય તો મારે કહેવું જોઈએ કે આવી સ્વતંત્ર સંસ્થાઓથી જેટલે અંશે સફળતા મળવી જોઈએ, તેટલે અંશે સફળતા નથી મળી. અર્થાત્ જે મુખ્ય વસ્તુ મેળવવી જોઈતી હતી, તે મુખ્ય વસ્તુ આપણે નથી મેળવી શક્યા. એનાં અનેક કારણોમાં મુખ્ય કારણો આ પણ છે.

(૧) બાલ્યાવસ્થામાંથી જ માતાપિતાઓ તરફથી જે સુસંસ્કારો મળેલા હોવા જોઈએ તે સુસંસ્કારો મળેલા નથી હોતા, બલકે તેથી ઊલટું, ઘણે ભાગે જે દુર્ગુણો આખી જિંદગી સુધી હાનિકર્તા થાય છે એવા દુર્ગુણોનો વારસો માતા-પિતા તરફથી મળેલો હોય છે.

(૨) બાળકોનાં જીવનનું ઘડતર કરી શકે, એવા આદર્શ શિક્ષકોનો આદર્શ સંચાલકોનો ઘણે ભાગે અભાવ હોય છે.

(૩) અત્યારના સ્વચ્છંદી વાતાવરણની અસર તે બાળકો ઉપર થયા કરે છે.

(૪) સ્વતંત્ર સંસ્થાઓ કરવા છતાં પણ શિક્ષણનું ધોરણ અને પાઠ્ય-પુસ્તકો તો સરકારી સ્કૂલોમાં જે હોય છે તે જ રાખવામાં આવે છે, એટલે સરકારી પરીક્ષાઓનો અને ડિગ્રીઓનો મોહ હજૂ છૂટ્યો નથી.

(૫) જે શ્રીમંતોની ઉદારતાથી આવી સંસ્થાઓ ઊભી થાય છે, તે શ્રીમંતો શિક્ષણના ક્ષેત્રમાં બિલકુલ અનભિજ્ઞ હોવા છતાં શિક્ષણની બાબતમાં પણ પોતાની સત્તા રાખે છે. એટલે સંસ્થાના શિક્ષકો સ્વતંત્ર રીતે કંઈ કરી શકતા નથી. બલકે ઘણે સ્થળે તે સંચાલકો અને શ્રીમંતોની વચમાં એવી અથડામણો ઊભી થાય છે કે જેના લીધે સંસ્થાને ભયંકર હાનિ પહોંચે છે.

(૬) આવી સ્વતંત્ર સંસ્થાઓની અંદર પણ વણિકવૃત્તિનું તત્ત્વ મોટે ભાગે અમલમાં આવે છે અર્થાત્ જેટલું કરકસર ઉપર ધ્યાન અપાય છે, એટલું યોગ્ય સંચાલકોને મેળવવા તરફ નથી અપાતું. તેમજ બાળકોનું હિત શામાં છે? એ ઉપર ધ્યાન નથી અપાતું.

આ અને આવાં અનેક કારણોથી, સ્વતંત્ર સંસ્થાઓ પણ જોઈતું ફળ મેળવી શકતી નથી.

છાત્રાલયોનો મુખ્ય ઉદ્દેશ ચરિત્ર ગઠનનો હોય છે, તેમાં પણ એક યા બીજાં કારણોના લીધે જોઈતી સફળતા નથી મળી શકતી.

આમ હોવા છતાં પણ મારે એ કબૂલ કરવું પડશે કે અત્યારની પરિસ્થિતિનો બધો ખ્યાલ કરતાં, કેટલાંક વર્ષોથી જે કંઈ નવો પ્રયત્ન થઈ રહ્યો છે અને ધીરે ધીરે શિક્ષણનું ક્ષેત્ર સ્વતંત્રતાના પંથે વળી રહ્યું છે, એ આવકારદાયક તો છે જ. સેંકડો વર્ષોથી પરાધીનતાની બેડીમાં જકડાઈ રહેલી પ્રજા, એક પછી એક ધીરે ધીરે સ્વતંત્રતામાં પગલાં માંડતી થાય, તો તે શુભ ચિહ્ન છે, એમાં તો બે મત હોઈ શકે જ નહિ. બેશક, નવા અખતરાઓમાં આપણે ધારીએ તેટલા સફળ ન થઈ શકીએ તો પણ વખત જતાં એમાં સુધારા વધારા થતા રહે, અને પરિણામે ખામીઓ દૂર થતાં થતાં એમાં જોઈતી સફળતા મળે જ.

કામ કામને શીખવે છે, કામ કામને આગળ ધપાવે છે. આજે મહાત્મા ગાંધીજીના શુભ પ્રયાસથી શિક્ષણ માટેની જે 'વર્ધા યોજના' બહાર આવી છે, એ મારા આ કથનને પુષ્ટ કરે છે. આજે આખા દેશના શિક્ષણ પ્રેમીઓનું ધ્યાન 'વર્ધાયોજના' તરફ ગયું છે. જો કે આ યોજના ક્યાં સુધી સફળ થશે એ કહી શકાય નહિ, છતાં ઈરાદો શુભ છે, ને પ્રયત્ન આદર્યો છે, એટલે આપણે જરૂર આશા સેવીએ કે એનું પરિણામ સુધારા વધારા પછી પણ શુભ જ આવશે અને ભારતવર્ષ કેળવણીના ક્ષેત્રમાં પાછું પોતાનું અગ્રસ્થાન પ્રાપ્ત કરશે.

ભાઈઓ અને બહેનો, મારે મારા વહાલા વિદ્યાર્થી બંધુઓને અને અહીં પધારેલા શિક્ષક બંધુઓને જે કાંઈ આશીર્વચનો અને હિતવચનો કહેવાનાં છે, તે મારા અંતિમ પ્રવચન ઉપર રાખી, હાલ તુરત તો, તમે મને ઘણી જ શાંતિપૂર્વક સાંભળ્યો છે, તે માટે, અને તમે આપેલા આ માન માટે સૌનો ફરીથી આભાર માની હું મારૂં વક્તવ્ય સમાપ્ત કરું છું.

*વિદ્યાવિજયજી*
*તેમના ૧૯૪૨માં પ્રકાશિત*
*'મારી કચ્છ યાત્રા' ગ્રંથમાથી*

સાબુ, બિસ્કિટ, બ્રેડ, અગરબત્તીના રેપર્સ અને કાર્ટન બનાવનાર
cps કમર્શિયલ પેકીંગ સર્વિસીસ
સ્થાપના ૧૯૫૮ ઓફસેટ પ્રિન્ટર્સ – પેપર કન્વર્ટર્સ
53/54, યુનીક ઈન્ડ. એસ્ટેટ, ડૉ. આર.પી. રોડ, જવાહર સિનેમા સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-80.
ફોન : 67993347, 25684567
ફેક્સ : 67993357
E-mail : compack@pin2piano.net

ધર્મ

# જૈન ધર્મનો પરિચય

## કચ્છમાં જૈન સંસ્કૃતિ – એક દૃષ્ટિપાત (મણકો : ૧)

• ડૉ. નીતા ઠાકર •

ધર્મ સમાજનું એક અતિ આવશ્યક અંગ રહ્યું છે. તેની ઉત્પત્તિનો આદિકાળ ઐતિહાસિક દૃષ્ટિથી અજ્ઞાત છે. સમાજ વિજ્ઞાનની દૃષ્ટિએ જ્યારથી માનવનું અસ્તિત્વ છે ત્યારથી ધર્મના અસ્તિત્વનો સ્વીકાર કરવો જ પડશે. સંસારનાં કોઈપણ ખૂણામાં શિક્ષિત અથવા અશિક્ષિત માનવનો સ્વભાવતઃ કોઈ પણ વર્ગ એવો નહી હોય જેને પોતાનો કોઈ ધર્મ ન હોય. ધર્મહીન સમાજનાં જીવનમાં સમતુલા નથી રહી શકતી પછી તે વિચારમૂલક હોય કે આચારમૂલક. ધર્મનું તત્ત્વ તો સુસ્પષ્ટ છે. તે મૈત્રીભાવનો વિકાસ, પરોપકારી વર્તન અને શમવિભૂષિતવૃત્તિ જેવાં લક્ષણો ધરાવે છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને નિર્લોભતા એ શિષ્ટસંમત જગન્માન્ય સાર્વજનિક ધર્મ છે.

ધર્મની જેમ સંસ્કૃતિની પણ અનેક પરિભાષાઓ કરવામાં આવી છે. ડૉ. પી. જે. મજમુદારના મતે સંસ્કૃતિની ૧૧૬ પરિભાષાઓ આજ સુધી થઈ ચૂકી છે અને હંમેશાં નવીન પરિભાષાઓ રચાય છે. તેથી સંસ્કૃતિને એક જ વાક્યમાં સમજવી એ અસંભવ નહીં તો કઠિન તો જરૂર છે. આ ઉપરાંત ડૉ. મજમુદાર ઉમેરે છે કે સંસ્કૃતિ સામાજિક સૌંદર્ય તેમજ બૌદ્ધિક શ્રેષ્ઠતા છે. હેગલ અને કેન્ટ સંસ્કૃતિમાં સામાજિક સૌંદર્ય અને બૌદ્ધિકતાની સાથે નૈતિકતાને પણ ઉમેરે છે. મેથ્યુઆર્નોલ્ડ એમાં માધુર્ય અને શિષ્ટતાને વધુમાં ઉમેરે છે.

મહાન દાર્શનિક કૈસર તથા સમાજશાસ્ત્રી સોરોકિન અને મેકાઈવરે સંસ્કૃતિ શબ્દનો પ્રયોગ મનુષ્યની નૈતિક, આત્મિક અને બૌદ્ધિક પક્ષની સમુન્નતિ માટે કર્યો છે. જ્યારે સંસ્કૃતિનાં મહાન વ્યાખ્યાકાર ટેલટ લખે છે કે 'સંસ્કૃતિ' શબ્દ વિશ્વાસ, વિચાર, પ્રથા, કાનૂન, નૈતિકતા, કલા તથા યોગ્યતા તેમજ ચતુરાઈ માટે પ્રયોજવામાં આવે છે કે જેને માનવ સમાજ સદસ્યના રૂપે મેળવે છે. જ્યારે રેડફિલ્ડે સંસ્કૃતિની પરિભાષા આ રીતે આપી છે : "સંસ્કૃતિ કલા અને ઉપકરણોમાં વ્યસ્ત પરંપરાત્મક જ્ઞાનનું તે સંગઠિતરૂપ છે, જે પરંપરાથી સંસ્કૃતિ બની માનવસમૂહની વિશેષતા બને છે." વળી ઍડવર્ડ શાપિરની દૃષ્ટિએ સંસ્કૃતિ માનવનાં પ્રાકૃતિક અને આધ્યાત્મિક જીવનમાં સમાયેલ એક સામાજિક તત્ત્વ છે.

આમ, ધર્મ અને સંસ્કૃતિનો અભિન્ન સંબંધ છે. ધર્મના અભાવમાં સંસ્કૃતિ અને સંસ્કૃતિનાં અભાવમાં ધર્મનું અસ્તિત્વ રહેતું નથી. ઈ.સ. પૂર્વેની છઠ્ઠી સદી સમગ્ર જગતમાં સ્વતંત્ર વિચારો અને ધાર્મિક ક્રાંતિના સીમાચિહ્નરૂપ હતી. આ સદીમાં અનેક દેશોમાં પુરાતન વિચારો અને અંધવિશ્વાસોને આઘાત આપનારા તેમજ નવીન ચેતન પ્રગટાવનારા ધાર્મિક નેતાઓ પેદા થયાં. એમાં ભારતમાં મહાવીર અને ગૌતમબુદ્ધ, ચીનમાં કોન્ફ્યુશિયસ, ગ્રીસમાં પાયથાગોરાસ, ઈરાનમાં અષોજરથુષ્ટ્ર વગેરે નોંધપાત્ર વિભૂતિઓ મનાય છે. આ બધા વિચારકો જગતનાં ધાર્મિક પ્રશ્નોને હલ કરવા સક્રિય હતાં. એમણે અનેક નવીન તાર્કિક સિદ્ધાંતો દ્વારા જનતાને કઠોર અને અંધવિશ્વાસભર્યા ધાર્મિક જીવનમાંથી છુટકારો અપાવવા માટે પ્રયાસો કર્યા. સમગ્ર માનવજાતને પ્રેરણા આપનાર વ્યક્તિઓમાં મહાવીર સ્વામીનું સ્થાન અનોખું છે. જેણે જૈનધર્મનો પ્રચાર અને પ્રસાર કર્યો.

### • જૈન ધર્મનો ટૂંકમાં પરિચય :

શરૂઆતમાં પશ્ચિમના વિદ્વાનોએ જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મમાં ગોટાળો કર્યો. મિ. વેબરે જૈન સાહિત્ય ઉપર પહેલો નિબંધ લખ્યો એમાં એવું પ્રતિપાદન કર્યુ કે જૈન ધર્મ એ બૌદ્ધ ધર્મનો ફાંટો છે. પરંતુ, બે ધર્મમાં તફાવત છે. આ બધા ગોટાળાનું કારણ એ હતું કે જૈન ધર્મનાં જૂના ગ્રંથો - 'જૈન સાહિત્ય'માં તીર્થંકરો માટે 'બુદ્ધ' અને 'જિન' એ શબ્દો વપરાયા છે તેમજ બૌદ્ધ સાહિત્યમાં પણ બુદ્ધને માટે 'બુદ્ધ' અને 'જિન' શબ્દો વપરાયા છે. ડૉ. બુહ્લરે જૈન ધર્મનો અભ્યાસ કર્યો પછી તેણે બહાર પાડ્યું કે જૈન ધર્મ એ સ્વતંત્ર ધર્મ છે. બન્ને ધર્મના પ્રચારકો મહાવીર અને બુદ્ધ સમકાલીન હતા, પણ તેમના ધર્મના સિદ્ધાંતો બારીકાઈથી તપાસતા માલુમ પડે છે કે બન્ને ધર્મો તદ્દન નિરાળા છે અને જૈન ધર્મ અન્ય ધર્મનો ફાંટો નથી.

જૈન સાહિત્યનો મહાન સંશોધક જર્મનીમાં બોન શહેરમાં ડૉ. હર્મન જેકોબી છે. તેમણે હસ્તલિખિત ગ્રંથોનું લિસ્ટ બનાવી બે હજાર પાનાનું 'કેટલોગ' બહાર પાડ્યું. બીજા એક જર્મન પ્રો. ગ્લાસેનોપરિએ ૭૦૦ પાનાનો એક ગ્રંથ લખ્યો જેમાં જૈન ધર્મનું સઘળું રહસ્ય આવી જાય છે. પેરિસના ડૉ. શુબ્રાનો 'ડી જૈન' નામનો ગ્રંથ એટલો બધો પ્રખ્યાત છે કે તેમાં વિશાળ દૃષ્ટિથી જૈન ધર્મનું વિહંગાવલોકન કર્યું છે.

જૈન સાહિત્યનો અભ્યાસ કરવા માટે યુરોપનાં કેન્દ્રોમાં મુખ્યત્વે : લંડન શહેરમાં બ્રિટિશ મ્યુઝિયમ, બર્લિનની સ્ટેટ લાઈબ્રેરી તેમાં આર્ય વિભાગ જુદો છે. પેરિસમાં જાહેર પુસ્તકાલય, જૈન સાહિત્ય સંગ્રહનું બીજું અગત્યનું સ્થળ ઈટાલીનું ફ્લોરેન્સ છે ત્યાં હસ્તલિખિત ગ્રંથો છે. અને એક કેન્દ્ર હોલેન્ડની રાજધાની - આમ્સટર્ડહામ છે.

હિન્દુ ધર્મમાં કોઈ પ્રવર્તક નથી પણ જૈન ધર્મમાં છે. જૈન ધર્મ કેટલો પ્રાચીન છે તે સંદર્ભે કેટલાંક મંતવ્યો અત્રે ઉલ્લેખનીય છે.

**'મારૂં કથન જરાપણ અતિશયોક્તિ યુક્ત નથી કે વેદ રચનાના કાળ પહેલાં પણ જૈનધર્મ હતો.'**

***- ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન***

*રોટલો કેમ રળવો તે નહિ પરંતુ દરેક કોળિયો મીઠો કરી માણવો તે ખરી કેળવણી છે.*

**'જૈન સિદ્ધાંત' નિ:સંશય પ્રાચીનકાળથી છે. કારણકે 'अर्हन् इदं दयसे विश्वमल्वम्' ઇત્યાદિ વેદ વચનથી માલૂમ પડે છે.**

*- પ્રો. વિરુપાક્ષ, વેદતીર્થ.*

**'ऐतिहासिक शोधसे यह प्रकट हुआ है कि यथार्थ में ब्राह्मणधर्म के सद्भाव अथवा उसके हिंदु धर्म में परिवर्तन होने के बहुत पूर्व जैन धर्म इस देश में विद्यमान था ।'**

*– ન્યાયમૂર્તિ રાંગણેકર (મુંબઈ હાઈકોર્ટ)*

ભારતીય ધર્મ વિચારધારામાં બે પરંપરાઓ જાણીતી છે : એક બ્રાહ્મણ અને બીજી શ્રમણ. બ્રાહ્મણ પરંપરાનો વિકાસ 'બ્રહ્મન્' શબ્દની આસપાસ થયો જ્યારે શ્રમણ પરંપરાનો વિકાસ 'શ્રમ' ની આસપાસ થયો. શ્રમણ પરંપરા પ્રમાણે ધર્મ એ કોઈ એક વ્યક્તિ કે સમાજનો ઈજારો નથી, પરંતુ તે સમાજનાં દરેક માનવીને માટે સરખા અધિકારની ભાવના બતાવે છે. કોઈપણ મનુષ્ય સ્વપુરૂષાર્થ વડે અર્હંતપદ કે તીર્થંકરપદ મેળવી શકે છે. અને તેથી જ સમર્થ નાટ્યકાર, ચિંતક તથા મહાન સલાહકાર બર્નાડ શૉ ને પૂછવામાં આવ્યું કે જો પરલોક જેવી વસ્તુ હોય તો તમે આ જન્મ પછી ક્યાં જન્મ થાય તેમ ઈચ્છો છો? **બર્નાડ શો એ જવાબ આપ્યો કે, "હું જૈન થવા માગું છું, કારણ કે જૈન ધર્મમાં ઈશ્વર પરમાત્મા બનવાનો પરવાનો કોઈપણ એક વ્યક્તિને જ નથી આપી દેવામાં આવ્યો. પરંતુ વિશિષ્ટ યોગ્યતાવાળો કોઈપણ મનુષ્ય આત્માની ઉન્નતિ-ઉર્ધ્વીકરણ કરીને પરમાત્મા બની શકે છે. તેમજ એ માટે એમાં વ્યવસ્થિત, ક્રમિક સાધનામાર્ગ બનાવ્યો છે. જે વૈજ્ઞાનિક પણ છે. એવો વ્યવસ્થિત સક્રિય, ક્રમિક અને વૈજ્ઞાનિક સાધનામાર્ગ બીજે નથી."**

જીવનના આખરી ધ્યેયને સિદ્ધ કરવાને માટે અહિંસાને મુખ્ય સાધન ગણવામાં આવ્યું છે. શ્રમણ પરંપરામાં ધર્મભાવના, દર્શન અને તત્ત્વજ્ઞાન 'અહિંસા' શબ્દમાં વ્યક્ત થાય છે. બ્રાહ્મણ પરંપરામાંથી વેદ ધર્મનો વિકાસ થયો જ્યારે શ્રમણ પરંપરામાંથી જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મનો વિકાસ થયો. એક મત એવો છે કે બ્રાહ્મણ પરંપરા કરતાં શ્રમણ પરંપરાની વિચારધારા ઘણી પ્રાચીન છે. તેની પ્રાચીનતા હડપ્પા સંસ્કૃતિ સુધી બતાવવામાં આવે છે. તેના પ્રવર્તકોમાં સૌ પ્રથમ ઋષભદેવ છે. ભાગવતમાં ઋષભદેવને વિષ્ણુના ૨૨, અવતારોમાં આઠમો અવતાર માને છે. જો કે ઋષભદેવ વિશે કોઈ ઐતિહાસિક અન્ય માહિતી ઉપલબ્ધ થતી નથી.

જૈન ધર્મ, શ્રમણધર્મ અને નિર્ગ્રંથ સંપ્રદાયના નામે જાણીતો થયેલો છે. 'નિર્ગ્રંથ' શબ્દનો અર્થ ગ્રંથિ વિનાનો થાય છે. આ નિર્ગ્રંથ સંપ્રદાયમાં જે આચાર્યો અને સંતો થયા તેમણે તપ દ્વારા પોતાનાં મન, વાણી અને કાયાને તદ્દન જીતી લીધાં હતાં. આવા મહા-પુરુષોને માનની દૃષ્ટિથી 'જિન' નામ આપવામાં આવ્યું છે. જિન સંસ્કૃત ધાતુ જિ = જીતવું ઉપરથી થયેલો છે. તેનો અર્થ જેણે રાગ, દ્વેષ આદિ સર્વદોષોમાંથી પોતાનું મન નિર્મળ કર્યું છે અને મન, વચન અને કાયા ઉપર સંપૂર્ણપણે કાબૂ મેળવ્યો છે. આ જિનોએ તપ વડે પોતાના અંતરનાં શત્રુઓને હણીને તેમના ઉપર વિજય મેળવ્યો હોવાથી તેઓ 'અર્હંત' ને નામે પણ ઓળખાય છે. આ અર્હંતો કેવળજ્ઞાન મેળવ્યા પછી 'તીર્થ' એટલે કે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓના બનેલા ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે. **તેથી તેઓ તીર્થંકર કહેવાય છે. આ જિનોએ પ્રતિપાદિત કરેલો ધર્મ તે જૈન ધર્મ કહેવાય છે.** જૈન ધર્મનો વ્યવહાર અનેક નામોથી થાય છે. જેમ કે નિર્ગ્રંથ, શ્રમણ ધર્મ, અર્હત ધર્મ અનેકાંત માર્ગ, વીતરાગ માર્ગ, જિનમાર્ગ વગેરે.

પહેલાં તીર્થંકર ઋષભદેવ ક્યાં અને ક્યારે થઈ ગયા તે અંગેની ઐતિહાસિક વિગતો પ્રાપ્ત થતી નથી. જૈન અનુશ્રુતિ અનુસાર બાવીસમાં તીર્થંકર નેમિનાથ યાદવકુળમાં જન્મ્યા હતાં અને તેઓ કૃષ્ણનાં પિતરાઈ ભાઈ થતાં હતાં તેવું અનુમાન છે. નેમિનાથ વિશે એવી કથા છે કે પોતાના લગ્નના દિવસે ભોજન માટે અસંખ્ય પશુહિંસા થવાની હતી આ જોઈને તેઓ ખૂબ દુ:ખી થઈ ગયા અને લગ્નને બદલે તેમણે દીક્ષા ગ્રહણ કરી. તેઓ સૌરાષ્ટ્રનાં ગીરનારમાં કાળધર્મ પામ્યા હોવાથી ગીરનાર જૈનો માટે મહત્ત્વનું તીર્થ ગણાય છે. ત્રેવીસમાં તીર્થંકર પાર્શ્વનાથ છેલ્લા તીર્થંકર મહાવીર સ્વામી પહેલાં આશરે ૨૫૦ વર્ષ અગાઉ થયાં હતાં. જ્યારે ચોવીસમાં તીર્થંકર મહાવીર સ્વામીએ પોતાનાં આયુષ્યના ૩૦માં વર્ષે સંસારત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરી હતી. તેમણે પોતાનાં ઉપદેશમાં અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અસ્તેય, અપરિગ્રહ, ક્ષમા, નમ્રતા અને વિવેક ઇત્યાદિ સદ્‌ગુણો ઉપર ભાર મૂકીને પ્રજાને પ્રેમમય અને નિર્ભય જીવન જીવવાના મંત્ર આપ્યા. 'સર્વ ધર્મનું મૂળ દયા છે' એમ જણાવી ધર્મક્ષેત્રે તેમણે અહિંસાને એટલી બધી પ્રતિષ્ઠિત કરી કે સમય જતાં તે ભારતીય ધર્મોનો પ્રાણ બની ગઈ. મહાવીર સ્વામીએ ૩૦ વર્ષ સુધી ગૃહસ્થપણામાં, ૧૨ વર્ષ સાધકપણામાં અને ૩૦ વર્ષ સર્વજ્ઞપણે વિચરી ૭૨ વર્ષનું પોતાનું આયુષ્ય પૂર્ણ કરી રાજગૃહ પાસે પાવાપુરીમાં ઇ.સ. પૂર્વે ૫૨૭ માં નિર્વાણ પામ્યાં.

આમ, ૨૪ તીર્થંકરો થયાની જૈન ધર્મમાં માન્યતા છે. પરંતુ આદ્યતીર્થંકર ઋષભદેવ, સોળમાં તીર્થંકર શાંતિનાથ, બાવીસમાં તીર્થંકર નેમિનાથ, ત્રેવીસમાં તીર્થંકર પાર્શ્વનાથ અને ચોવીસમાં તીર્થંકર મહાવીર સ્વામી આ પાંચનાં નામ આમ જનતામાં વધારે પ્રચલિત છે. મહાવીર સ્વામી એવા ધાર્મિક નેતા હતા જેમણે રાજયનો કે કોઈ બહારી શક્તિનો સહારો લીધા વગર કેવળ પોતાની શ્રદ્ધાનાં બળ પર જૈન ધર્મની પુન: પ્રતિષ્ઠા કરી.

**૧. ત્રિરત્ન :**

જૈન ધર્મમાં દર્શન, જ્ઞાન અને ચારિત્રને ત્રણ રત્નો તરીકે ઓળખવામાં આવે છે. દર્શન, જ્ઞાન અને ચારિત્ર જીવનમાં પરસ્પર સંકળાયેલા છે. દર્શનથી જ્ઞાન અને જ્ઞાનથી ચારિત્ર ઉત્પન્ન થાય છે. આ ત્રણે રત્નોની આગળ 'સમ્યક્' એટલે કે 'સાચું' વિશેષણ લગાડવામાં આવે છે. અર્થાત્ સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર.

**૨. વ્રત :**

જૈન ધર્મમાં સાધુઓ અને ગૃહસ્થીઓએ

*કૃતજ્ઞતા હૃદયની સ્મૃતિ છે, ક્ષમા મોટાઈની નિશાની છે.*

પાળવાનાં કેટલાંક વ્રત બતાવેલાં છે. સાધુ-સાધ્વીઓ અને શ્રાવક-શ્રાવિકાઓ માટે પાંચવ્રત એટલે કે આચારના નિયમો નક્કી કરવામાં આવ્યા છે. જૈન ધર્મમાં સાધુ-સાધ્વીઓ આ પાંચ વ્રત સંપૂર્ણ રીતે પાળે તેને મહાવ્રત કહેવાય છે. અને શ્રાવક-શ્રાવિકાઓ પોતાની પરિસ્થિતિ અને સંયોગ પ્રમાણે પાળે ત્યારે તે અણુવ્રત કહેવાય છે. આ પાંચ વ્રત આ પ્રમાણે છે : (૧) અહિંસા વ્રત, (૨) સત્ય વ્રત, (૩) અસ્તેય વ્રત, (૪) બ્રહ્મચર્ય વ્રત, (૫) અપરિગ્રહ વ્રત. **જૈન ધર્મની વિશેષતા એ છે કે એમાં જાતિ કે વર્ણના કોઈ ભેદ નથી.** મહાવીર સ્વામી આર્ય-અનાર્યના ભેદ રાખ્યા વગર સર્વજનોને ઉપદેશ આપતાં હતાં.

### ૩. ચાર ભેદ :

જૈન ધર્મમાં સંઘના ચાર ભેદ છે. સાધુ-સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા. દરેક ધર્મમાં વ્યક્તિ અને સમાજનું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે. જૈનોમાં બંને માટે જુદા જુદા આચારના નિયમો બનાવ્યાં છે. આમાંના પહેલા બે સંસારનો ત્યાગ કરી વૈરાગ્ય અને તપના તીવ્ર નિયમો પાળે છે અને છેલ્લા બે સંસારમાં રહી સાધુ-સાધ્વીઓનો ઉપદેશ સાંભળી યથાશક્તિ ધર્મનું આચરણ કરે છે.

### ૪. સંપ્રદાયો :

જૈન ધર્મમાં મુખ્યત્વે બે સંપ્રદાયો છે : એક શ્વેતાંબર અને બીજો દિગંબર. શ્વેતાંબર એટલે જે સફેદ વસ્ત્ર ધારણ કરે છે તે, અને દિગંબર એટલે કે જે નિર્વસ્ત્ર છે તે. અર્થાત્ 'દિશાઓરૂપી જેમનું વસ્ત્ર છે' તે. આ બંને પંથો એકબીજાથી પોતાને પ્રાચીન કહેવડાવે છે. મૂળ તો આ ભેદ સાધુઓમાં પડ્યો હતો અને પાછળથી તે શ્રાવકોમાં પણ પડ્યો. **આ બન્ને પંથોના પાયામાં સિદ્ધાંત વિશે મતભેદ નથી.**

### • તફાવત :

બન્ને સંપ્રદાયો વચ્ચે જે તાર્કિક તફાવત છે. તેમાં (૧) દિગંબરો સ્ત્રીઓ મોક્ષાધિકારીણી બને તેમ માનતા નથી. પણ શ્વેતાંબરો માને છે. (૨) દિગંબરોના મતે તીર્થંકરો વીતરાગી હોવાથી તેમની પૂજા ફૂલ, ધૂપ અને વસ્ત્રાભૂષણથી કરવી જોઈએ નહીં જ્યારે શ્વેતાંબરો એ બધા દ્રવ્યોથી તીર્થંકરોની પૂજા કરે છે. (૩) દિગંબરો આગમો 'જૈનશાસ્ત્રો' નો સ્વીકાર કરતા નથી જ્યારે શ્વેતાંબરો કરે છે. (૪) દિગંબરોના મતે કેવલીને આહાર હોઈ શકે નહીં જ્યારે શ્વેતાંબરો એમ માને છે કે કેવલીને અમુક અંશે આહારની છૂટ હોવી જોઈએ. ટૂંકમાં આ બન્ને પંથોમાં કોઈ તાત્વિક ભેદ નથી પરંતુ બાહ્ય રહેણીકરણી પરત્વે જ મતભેદ છે. સ્થાનકવાસી જૈનોની એક શાખા નીકળી છે જેઓ મૂર્તિ પૂજામાં માનતા નથી અને દહેરાવાસી મૂર્તિપૂજામાં માને છે. આ ઉપરાંત આ દરેકમાંથી આચાર વિષયક મતભેદને લીધે અનેક ગચ્છો, ઉપશાખાઓ, ઉપસંપ્રદાયો અને સંઘાડાઓ રચાયા છે.

ઉપર્યુક્ત બંને સંપ્રદાયોમાં બીજી એક પ્રવૃત્તિનો જન્મ થયો. જેમ કે વર્ષાઋતુમાં મુનિઓ-સાધુઓ એક સ્થળ પર રહેતા હતા. બાકીનો સમય વિહાર કરતા રહેતા. ઈ.સ.ની પાંચમી કે છઠ્ઠી સદીથી સ્થાયી રીતથી કેટલાંક મુનિઓ ચૈત્યાલયોમાં કાયમી રહેવા લાગ્યાં તેથી તેઓ ચૈત્યવાસી કહેવાતા. અને જે ભ્રમણ કરતા તે વનવાસી મુનિ કહેવાય. ચૈત્યવાસીઓમાં આચાર શિથિલતા આવી ગઈ અને ધીરે ધીરે મંદિરોમાં પોતાની અને તેના પછી પોતાના શિષ્યોની ગાદી સ્થપાવા માંડી. એક જગ્યા પર રહેવાનો આશય તો પઠન-પાઠન કરીને સાહિત્ય રચનામાં સુવિધા મેળવવાનો હતો. તેને કારણે અનેક શાસ્ત્રભંડારો સ્થપાયાં. આ ભંડારો સમસ્ત ભારતમાં ફેલાયા છે. મુખ્યત્વે ગુજરાત, રાજસ્થાન તથા મૈસુરમાં. પંદરમી સદીમાં મૂર્તિપૂજા વિરોધી આંદોલન શરૂ થયાં અને તેને કારણે શ્વેતાંબરોમાં અલગ સંપ્રદાયોની સ્થાપના થઈ. આ અલગ સંપ્રદાય સ્થાનકવાસી કે ઢૂંઢિયાના નામથી પ્રચલિત થયો. તેમાં મંદિરોના સ્થાને આગમોની પ્રતિષ્ઠા થઈ. તેઓને બત્રીસ આગમ માન્ય છે. તેઓ બીજા આગમોનો સ્વીકાર કરતા નથી.

ભગવાન મહાવીરના નિર્વાણ બાદ ગૌતમ સ્વામી, સુધર્મા સ્વામી અને જંબુ સ્વામીના સમય સુધી કેવળજ્ઞાન રહ્યું અને જંબુ સ્વામીના નિર્વાણ પછી કેવળજ્ઞાન વિચ્છેદ થયું. શ્વેતાંબર સ્થાનકવાસી બાવીસ સંપ્રદાયના આચાર્ય પૂ. શ્રી રઘુનાથજી સ્વામી પાસે મારવાડ પ્રદેશના કંટાલીયા ગામના ઓસવાલ ભીખણજીએ દીક્ષા અંગીકાર કરેલી પણ પાછળથી તેને મતભેદ થતાં 'બગડી' મુકામે સંઘ બહાર જાહેર કરાયા. તેમણે ૧૩ સાધુઓ અને ૧૩ શ્રાવકોથી બનેલ તેરહ અથવા 'તેરાપંથ' સંપ્રદાયની સ્થાપના કરી.

### • ગચ્છો વિશે કેટલીક નોંધ :

જેમ જૈન શ્રમણોમાં ૮૪ ગચ્છો થયા તેમ મનાય છે તેવી રીતે ગૃહસ્થ જૈનોમાં પણ ગામ વગેરેના કારણે ૮૪ જ્ઞાતિઓ બની જેમકે ઓસવાલ, શ્રીમાલ, પોરવાલ, પલ્લીવાલ, ડીસાવાલ, નાગવંશ, સાવયકુલ, હુબડ વગેરે. આમ પ્રાચીન કાળમાં ૮૪ જ્ઞાતિઓ જૈન હતી તેમ મનાય છે.

જૈન મહાજનની ૮૪ જ્ઞાતિઓ છે તેમાં નાગર પણ એક જ્ઞાતિ છે. એ જ રીતે ગચ્છોમાં પણ નાગરગચ્છનો ઉલ્લેખ જોવા મળે છે. મેત્રાણા એ મધ્યકાળના નાગર ગચ્છનું જૈન તીર્થ હતું. ગુજરાતનું કાવીતીર્થ પણ નાગર જૈનોના ઉજ્જવલ ઇતિહાસનું પ્રતીક છે.

શ્રી મહાવીર સ્વામીના પંચમ ગણધર શ્રી સુધર્મા સ્વામીની પાટ-પરંપરાએ ૩૫મા પટ્ટધર પૂ. આચાર્ય શ્રી વિજયઉદ્યોતન સૂરિશ્વરજી મહારાજ થયાં. તેઓશ્રીના શિષ્ય-પ્રશિષ્યનો પરિવાર વડની શાખાની જેમ વિસ્તરતાં તેમનો ગચ્છ વડગચ્છ નામે પ્રસિદ્ધ થયો. કેટલાક વિદ્વાનોના મત મુજબ ૮૪ ગચ્છોની શાખાઓ આમાંથી નીકળી છે. તેમાં તપગચ્છ પરંપરા અને ખરતરગચ્છ પરંપરા બહુ વિશાળ પ્રમાણમાં પ્રવર્તમાન રહી છે.

ખરતરગચ્છની શરૂઆત સં. ૧૦૮૦ (ઇ.સ. ૧૦૨૪) માં થઈ. પાટણની રાજસભામાં મહારાજા દુર્લભરાજ સમક્ષ ચૈત્યવાસીઓ અને વડગચ્છ પરંપરાના શ્રી જિનેશ્વરસૂરિજી વચ્ચે શાસ્ત્રાર્થનો વાદવિવાદ થતાં તેમાં શ્રી જિનેશ્વરસૂરિજી વિજયી બનતાં, તેમજ તેમનાં તપ - ત્યાગથી પ્રભાવિત થઈને દુર્લભરાજાએ શ્રી જિનેશ્વરસૂરિજીને 'ખરતર'નું

*ખોટો ઘમંડ સર્વનાશનું કારણ બને છે.*

બિરૂદ આપી બહુમાન કરતાં 'ખરતરગચ્છ' ખ્યાતિમાં આવ્યો.

અચલગચ્છ પૂર્વે વિધિપક્ષ તરીકે ઓળખાતો હતો. આર્યરક્ષિત સૂરિશ્વરજી મહારાજ એ શ્રી સુધર્માસ્વામીની પાટપરંપરામાં ૪૭મી પાટે થયેલા મહાન આચાર્ય હતા. તેમણે સંવત ૧૧૬૯ (ઈ.સ. ૧૧૧૩) માં વિધિપક્ષગચ્છની સ્થાપના કરેલ. જે પાછળથી અચલગચ્છ તરીકે ઓળખાયો. ગુજરાતમાં કુમારપાળના શાસન દરમ્યાન શ્રી જયસિંહસૂરિ થઈ ગયાં. તેઓ પર્યુષણ સંવત્સરી ભાદરવા સુદ પાંચમની સમાચારી બાબતમાં અચલ રહ્યા, ત્યારથી 'અચલગચ્છ' એવું નામ પ્રસિદ્ધ થયું હોવાનું મનાય છે. જ્યારે જિનેન્દ્રસાગર સૂરિશ્વરજીના સ્મૃતિગ્રંથમાં નોંધ્યું છે કે આર્યરક્ષિત સૂરિશ્વર મહારાજના પટ્ટાલંકાર શ્રી જયસિંહ સૂરિશ્વરજી દિગંબર છત્રસેન ભટ્ટારક સાથેના વાદમાં મેરૂ સમાન અચલ રહ્યા એટલે એમનો આ ગચ્છ 'અચલગચ્છ' કહેવાયો. તેઓ સં. ૧૨૫૮ (ઈ.સ. ૧૨૦૨) માં સ્વર્ગવાસી થયા.

મહાન ક્રિયોધ્ધારક, શુદ્ધિના પ્રખર પુરસ્કર્તા યુગ પ્રધાન શ્રી પાર્શ્વચંદ્રસૂરિશ્વરજીની પાટ પરંપરા આજે પાર્શ્વચંદ્રગચ્છના નામે ઓળખાય છે અને વર્તમાન શ્રમણસંઘમાં સહુથી નાના ગચ્છનું સ્થાન શોભાવે છે. અન્ય સર્વ ગચ્છોની જેમ એણે પણ એકથી વધુવાર નામાંતર ધારણ કર્યા છે. એનું પ્રાચીન નામ વડગચ્છ, વડતપગચ્છ, નાગોરી તપાગચ્છ અને શ્રી પાર્શ્વચંદ્રસૂરિજીના સમય બાદ પાર્શ્વચંદ્રગચ્છથી પ્રચલિત બન્યું છે.

### ૫. આગમો :

મૂળ વૈદિક શાસ્ત્રોને જેમ 'વેદ', બૌદ્ધ શાસ્ત્રોને જેમ 'પિટક' કહેવાય છે, તેવી જ રીતે જૈન શાસ્ત્રોને 'શ્રુત', 'સૂત્ર' અથવા આગમ કહેવાય છે. વર્તમાનમાં 'આગમ' શબ્દનો પ્રયોગ વધુ પ્રચલિત થયો છે.

સૂત્ર, ગ્રંથ, સિદ્ધાંત, પ્રવચન, આજ્ઞા, વચન, ઉપદેશ, પ્રજ્ઞાપન, આપ્તવચન, ઐતિહ્ય, આમ્નાય અને જિનપ્રવચન — આ બધા 'આગમ' ના જ પર્યાયવાચી શબ્દો છે.

'આગમો' ના બે વિભાગ પડે છે : એક પૂર્વ અને બીજો અંગ. પૂર્વની સંખ્યા ૧૪ છે અને અંગની ૧૨ છે. ઉપાંગોની સંખ્યા પણ ૧૨ ની ગણવામાં આવે છે. જો કે આ શાસ્ત્રોની રચના વિશે શ્વેતાંબરો અને દિગંબરોમાં જુદી જુદી માન્યતાઓ છે. આ શાસ્ત્રો અર્ધમાગધી ભાષામાં રચાયેલાં છે. તેમાં તીર્થંકરોનાં ચરિત્રો, ઉપદેશો, તત્ત્વજ્ઞાનના વાદવિવાદો, સાધુ-સાધ્વીઓ, શ્રાવક - શ્રાવિકાઓના ધર્મો, તીર્થો અને વ્રતો ઇત્યાદિ બાબતોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. **ભારતીય સાહિત્યમાં જૈન આગમોનું સ્થાન અનેરૂં છે.** જગતના બીજા ધર્મોની જેમ જૈન ધર્મમાં પણ યાત્રા, વ્રત અને તીર્થોનો મહિમા સ્વીકારાયેલો છે.

જૈનાગમોમાં હિંસા - અહિંસાના સંબંધમાં બહુજ વિસ્તૃત, વિશદ અને ગહન મીમાંસા કરવામાં આવી છે. કોઈ બીજા ધર્મનાં શાસ્ત્રોમાં એવી મીમાંસા નથી મળતી તેનું કારણ એ છે કે સમગ્ર જૈનાચારનો આધાર અહિંસા જ છે. ૩૦ સૂત્રયુગના પ્રતિષ્ઠાપક ઉમાસ્વાતિ, ભારતનાં મહાન દાર્શનિક સિદ્ધસેન દિવાકરે જૈન તર્કશાસ્ત્રનું વ્યવસ્થિતરૂપ પ્રદાન કર્યું અને આચાર્ય કુન્દકુન્દે આધ્યાત્મિક ગ્રંથોની રચના કરીને તથા સ્વામી સમંતભદ્રે તર્કશાસ્ત્રની પ્રતિષ્ઠા કરીને જૈન સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું છે.

### ૬. દીક્ષા :

જૈનોમાં દીક્ષાની ક્રિયા બે વખત થાય છે. પ્રારંભમાં જ ગૃહસ્થ દીક્ષા લે તેને 'નાની દીક્ષા' કહેવામાં આવે છે. અને તે પછી અનુકૂળ સમયે એને સાધુક્રિયામાં અનુભવી બનાવી એક મહિનાની ચોક્કસ તપશ્ચર્યા કરાવીને તેનાં તે મહાવ્રતોની પ્રતિજ્ઞા ઉચ્ચારવામાં આવે છે. જેને 'વડીદીક્ષા' કહેવામાં આવે છે.

### ૭. જૈનોના તહેવારો :

જૈનોના તહેવારોમાં પર્યુષણ, નવપદની ઓળી, કાર્તિક પૂર્ણિમા અને મહાવીર જયંતી મુખ્ય છે. ભારતીય સંસ્કૃતિ પર્વ પ્રધાન છે. પર્વ બે પ્રકારનાં હોય છે : એક લૌકિક અને બીજું લોકોત્તર. લૌકિક પર્વ એ છે કે જેમાં રાષ્ટ્રીય, સામાજિક વિચારધારા ગુંજતી હોય છે. અને લોકોત્તર પર્વ એ છે જેમાં આધ્યાત્મિક વિચારધારા કલકલ નિનાદ કરતી વહેતી હોય છે.

- **પર્યુષણ પર્વ :**

જૈન સંસ્કૃતિનું પાવન પર્વ પર્યુષણ છે. પર્યુષણ પર્વ એટલે શું? 'પરિ' ઉપસર્ગ, 'વસ' ધાતુ અને 'અન' પ્રત્યયથી પર્યુષણ શબ્દ નિષ્પન્ન થયો છે. એટલે કે આત્માની વધારે નજીક વસવું તે પર્યુષણ. સદ્‌વર્તન - સદ્‌વિચાર દ્વારા પાપને જલાવી હૃદયશુદ્ધિ - ચિત્તશુદ્ધિ કરવા માટે નિર્માણ કરેલો દિવસ તેનું નામ પર્યુષણ. આ મહાયજ્ઞનો પ્રારંભ અને પ્રવર્તન યુગ - પ્રવર્તક ભગવાન મહાવીરે એ સમયે કર્યો જ્યારે ભારતવર્ષમાં મૂંગા પશુઓના યજ્ઞ થતાં હતાં અને તેમને જીવતાં યજ્ઞકુંડમાં હોમી દેવામાં આવતાં હતાં. ત્યારે મહાવીરે ઊંચે સ્વરે કહ્યું : પશુપક્ષી અને મનુષ્યોની આહૂતિ દેવી એ યજ્ઞ નથી. સાચો યજ્ઞ તે જ છે કે જેમાં મનના વિકારોની, ઇન્દ્રિયોના વિષયોની અને ખરાબ વિચારો વાસનાઓની આહૂતિ દેવામાં આવતી હોય. પર્યુષણ પર્વ આત્મામાં જે પરભાવની ખરાબીઓ, અનિષ્ટો આવી ચૂક્યાં હોય તેને વિસર્જન કરવાની પવિત્ર પ્રેરણા લઈને આ પર્વ ઉજવાય છે. શ્રી સંવત્સરિક પ્રતિક્રમણ પછી નૂતન વર્ષનો આરંભ થાય છે એમ કહી શકાય. પાક્ષીક પ્રતિક્રમણથી નવા પખવાડિયાનો, ચાતુર્માસિક પ્રતિક્રમણથી નવા ચાતુર્માસનો અને સંવત્સરિક પ્રતિક્રમણથી નવા આધ્યાત્મિક સંવત્સરનો આરંભ થાય છે.

પ્રતિક્રમણ એટલે દિવસ કે રાત દરમિયાન જાણતાં કે અજાણતાં જે કંઈ ભૂલો થઈ હોય, પાપનું સેવન થયું હોય તેની નિંદા આલોચના કરવી અને બાહ્યવૃત્તિ અને પ્રવૃત્તિમાં પરોવાયેલા આત્માને ભીતર પરમાત્મા તરફ વાળવો અને સ્થિર કરવો. આમ પાપથી પાછા હટવાની ક્રિયાને પ્રતિક્રમણ કહે છે. જૈનોનો એક પક્ષ ભાદરવા સુદ પાંચમે અને બીજો પક્ષ ભાદરવા સુદ ચોથે સાંવત્સરિક પ્રતિક્રમણ કરે છે. દિગંબરોનો દશલક્ષણ પર્વ ભાદરવા સુદ પાંચમથી શરૂ થાય છે.

*મોટા બનવું હોય તો પહેલાં નાના બનો.*

● **'સિદ્ધચક્ર' :**

જૈન ધર્મના દરેક મંદિરમાં 'સિદ્ધચક્ર' પૂજા માટે રાખવામાં આવે છે. તે ઘણું જ માનીતું તાંત્રિક યંત્ર છે. તેમાં પંચ પરમેષ્ઠિન્ અને ચાર મોક્ષ માટે જરૂરી તત્ત્વો મળીને કુલ 'નવપદ' હોય છે. ચાંદીની કે પિત્તળની તાસકમાં પાંચ નાની આકૃતિઓ કોરેલી હોય છે. આ પાંચ પરમેષ્ઠીમાં અર્હત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ હોય છે. અને ચાર તત્ત્વોમાં ત્રિરત્નો અને તપ અર્થાત્ સમ્યક્‌જ્ઞાન, સમ્યક્ ચરિત્ર, સમ્યક્ દર્શન અને સમ્યક્ તપ. શ્વેતાંબર સંપ્રદાયમાં સિદ્ધચક્રની આકૃતિ ઘણી પ્રિય હોય છે. તે સમગ્ર જૈન ધર્મનો મુખ્ય પ્રાણ મનાય છે. દિગંબર સંપ્રદાયમાં તેની પૂજા 'નવદેવતા' તરીકે થાય છે. ટૂંકમાં સિદ્ધચક્રમાં જૈન ધર્મના મહત્ત્વનાં સૂત્રો કોરેલાં હોય છે. વર્ષમાં બે વખત પાનખર અને વસંતઋતુમાં તેની અલગ પ્રકારે પૂજા કરવામાં આવે છે.

● **કાર્તિક પૂર્ણિમા :**

વર્ષાઋતુના ચાર મહિના સાધુઓ વિહાર કરતા ન હોવાથી એક જ સ્થળે રહે છે. અને તે ચાતુર્માસ પૂર્ણ થતાં કારતક સુદ પૂનમના રોજ તેની પૂર્ણાહૂતિના રૂપે મનાવવામાં આવે છે. આ દિવસ શ્રી હેમચંદ્રાચાર્યનો જન્મદિવસ પણ છે. કારતક પૂનમના દિવસે 'શત્રુંજય' ની પવિત્ર યાત્રા ખૂલ્લી મૂકાય છે.

● **મહાવીર જયંતી :**

ભગવાન મહાવીર સ્વામીની જન્મતિથિ ચૈત્ર સુદ તેરસના રોજ મનાવાય છે. આ દિવસે ભગવાન મહાવીરની પાલખીયાત્રા પ્રયોજવામાં આવે છે. દિગંબર જૈનો શ્રાવણ વદ એકમના રોજ વીરશાસન જયંતી ઉજવે છે. આ દિવસે મહાવીર સ્વામીએ સિદ્ધિની પ્રાપ્તિ બાદ પ્રથમ ઉપદેશ આપેલ.

### ૮. ચોવીસ તીર્થંકર :

જૈન ધર્મમાં જે ચોવીસ તીર્થંકરો થયાં તે અનુક્રમે : ઋષભદેવ, અજિતનાથ, સંભવનાથ, અભિનંદનનાથ, સુમતિનાથ, પદ્મપ્રભુ, સુપાર્શ્વનાથ, ચંદ્રપ્રભપ્રભુ, સુવિધિનાથ, શીતલનાથ, શ્રેયાંસનાથ, વાસુપૂજ્ય, વિમલનાથ, અનંતનાથ, ધર્મનાથ, શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ, મલ્લિનાથ, મુનિસુવ્રત, નમિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીર સ્વામી.

જૈનોના ૨૪ તીર્થંકરો છે તેમ કહે છે. આ બધા તીર્થંકરોનું ઐતિહાસિક પ્રમાણ સિદ્ધ કરવું મુશ્કેલ છે. હિંદુઓ અને બૌદ્ધો પણ ૨૪ અવતારો થયા એમ કહે છે. કદાચ હિંદુ અવતારો ૨૪ મનાય છે. તેમાંથી જૈનો અને બૌદ્ધોએ ૨૪ની સંખ્યા લીધી હોય તેવું અનુમાન કરી શકાય. જો આ તથ્યો વજૂદવાળા હોય તો હિંદુનો ૨૪ અવતારનો આંકડો વધુ જૂનો છે અને આ રીતે ત્રણે ધર્મોએ સામ્ય માટે ૨૪ની સંખ્યા અવતાર માટે રાખેલી જણાય છે.

### ૯. ચોવીસ તીર્થંકરો અને તેમનાં લાંછનો :

જિન મૂર્તિ અને બુદ્ધ મૂર્તિમાં કેટલુંક સામ્ય છે તેને કારણે સામાન્ય માણસ કઈ મૂર્તિ કોની છે તે સમજવામાં ભૂલ કરે છે. તો આ બંને મૂર્તિઓમાં શો ફરક છે? તેના પ્રત્યુત્તરરૂપે, જૈન તીર્થંકરોની મૂર્તિઓ જૂની કે નવી હોય તો પણ તેમાં 'શ્રીવત્સ' નું ચિહ્ન મૂર્તિની છાતી પર હોય છે અને મૂર્તિના મસ્તક ઉપર છત્ર હોય છે. જૈન તીર્થંકરોની એક સરખા દેખાવની વિવિધ મૂર્તિઓને ઓળખવા માટે મુશ્કેલી ઊભી થતાં લાંછનની જરૂરિયાત જણાઈ અને તેથી ગુપ્તસમય અને તે પછીની તમામ મૂર્તિઓમાં લાંછન મૂકવામાં આવે છે. ચોવીસ તીર્થંકરો અને તેમનાં લાંછનોની યાદી નીચે મુજબ છે.

(૧) ઋષભદેવ : પોઠિયો, (૨) અજિતનાથ : હાથી, (૩) સંભવનાથ : ઘોડો, (૪) અભિનંદન : વાંદરો, (૫) સુમતિનાથ : ક્રૌંચપક્ષી, (૬) પદ્મપ્રભુ : કમળ, (૭) સુપાર્શ્વનાથ : સ્વસ્તિક, (૮) ચંદ્રપ્રભપ્રભુ : ચંદ્રમા, (૯) સુવિધિનાથ : મગર, (૧૦) શીતલનાથ : શ્રીવત્સ, (૧૧) શ્રેયાંસનાથ : ગેંડો, (૧૨) વાસુપૂજ્ય : પાડો, (૧૩) વિમલનાથ : વરાહ, (૧૪) અનંતનાથ : સીંચાણોપક્ષી, (૧૫) ધર્મનાથ : વ્રજ, (૧૬) શાંતિનાથ : હરણ (૧૭) કુંથુનાથ : બકરો, (૧૮) અરનાથ : નંદ્યાવર્ત, (૧૯) મલ્લિનાથ : કળશ, (૨૦) મુનિસુવ્રત : કાચબો, (૨૧) નમિનાથ : નીલકમલ, (૨૨) નેમિનાથ : શંખ, (૨૩) પાર્શ્વનાથ : સર્પ, (૨૪) મહાવીર પ્રભુ : સિંહ.

### (૧૦)ચોવીસ યક્ષો અને ચોવીસ યક્ષિણીઓ :

યક્ષો અને યક્ષિણીઓ કે શાસન દેવતાઓ જૈન દેવ-દેવીઓમાં કેવી રીતે સ્થાન પામ્યાં તે સંબંધી કાંઈ કહી શકાય એમ નથી. પરંતુ યક્ષો અને શાસન દેવતાઓના નામો જોઈએ તો તેઓનું હિંદુઓના દેવો સાથે સામ્ય જણાય છે. જૈન માન્યતા પ્રમાણે અનુચરો તરીકે દરેક તીર્થંકરની સેવા કરવા માટે ઇન્દ્ર, એક યક્ષ અને એક યક્ષિણીને નીમે છે. યક્ષ તીર્થંકરની જમણી બાજુએ અને યક્ષિણી તેની ડાબી બાજુએ હોય છે. આથી તેઓ શાસનદેવતા કે અનુચર દેવતા તરીકે પણ ઓળખાય છે.

● **ચોવીસ યક્ષો :**

ચોવીસ તીર્થંકરો થયાં હોવાથી ચોવીસ યક્ષોનાં નામો જાણવા મળે છે : ગોમુખ, મહાયક્ષ, ત્રિમુખ, યક્ષેશ્વર, યક્ષનાયક, તુમ્બુરૂ, કુસુમ અથવા પુષ્પયક્ષ, માતંગ અથવા વરનન્દિ, વિજય, અજિત, બ્રહ્મયક્ષ, ઈશ્વરયક્ષ, કુમાર, ષણ્મુખ અથવા ચતુર્મુખ યક્ષ, પાતાલયક્ષ, કિન્નરયક્ષ, ગરૂડ યક્ષ, ગંધર્વયક્ષ, યક્ષેન્દ્ર, કુબેર, વરૂણ, ભૃકુટિ, ગોમેધ અથવા ગોમેદ, પાર્શ્વયક્ષ અથવા ધરણેન્દ્ર અને માતંગયક્ષ.

● **ચોવીસ યક્ષિણીઓ :**

ચોવીસ યક્ષિણીઓમાં : ચક્રેશ્વરી, અજિતા અથવા રોહિણી, દુરિતારિ અથવા પ્રજ્ઞપ્તિ, કાલિકા, મહાકાલી અથવા પુરુષદત્તા, અચ્યુતા અથવા શ્યામા કે મનોવેગા, શાંતા અથવા કાલી, ભૃકુટિ અથવા જ્વાલામાલિની, સુતારા અથવા મહાકાલી, અશોકા અથવા માનવી, ગૌરી, ચંડા અથવા ગાંધારી, વિદિતા અથવા વિજયા અથવા વૈરોટી, અંકુશા અથવા અનંતમતી, કંદર્પામાનસી, નિર્વાણી અથવા અપરાજિતા, નરદત્તા અથવા બહુરૂપિણી,

*ચંદ્ર પોતાના પ્રકાશને સમસ્ત આકાશમાં ફેલાવે છે. પણ પોતાના કલંકને પોતાની પાસે રાખે છે. – રવીન્દ્રનાથ*

ગાંધારી અથવા ચામુંડા, અંબિકા કુષ્માણ્ડિની અથવા આમ્રા, પદ્માવતી અને સિદ્ધયિકા.

**૧૧. અન્ય જૈન દેવતાઓ :**

અન્ય દેવ દેવીઓ જૈન ધર્મમાં છે પરંતુ તે રૂપાંતરિત થયેલા જણાય છે. જેમાં મુખ્યત્વે હરિણૅગમેષી અથવા નૈગમેષ, ક્ષેત્રપાલ, ગણેશ, શ્રી અથવા લક્ષ્મી, શાંતિદેવી અને સાથે આગમ સારસંગ્રહમાં ચોસઠ યોગિણીના નામ આપેલા છે. મણિભદ્ર, ઘંટાકર્ણ મહાવીર અને પદ્માવતી વગેરેનો સમાવેશ થાય છે.

● **જૈનોમાં ક્ષેત્રપાલ :**

શબ્દાર્થની દૃષ્ટિએ જોઈએ તો 'ક્ષેત્રપાળ' અને 'ખેતરપાળ' શબ્દ પરસ્પર સંકલિત છે. 'ક્ષેત્ર' શબ્દમાંથી 'ક્ષેત્રપાલ' શબ્દ બન્યો છે. જૈનોમાં ખેતરપાળનું એક જુદું જ રૂપ વ્યંતર તરીકેનું જોવા મળે છે. તપગચ્છીય લક્ષ્મીસાગરસૂરિના શિષ્ય કવિ લવણ્યસમયે જૂની ગુજરાતીમાં રચેલ 'વિમલપ્રબંધ' (ઇ.સ. ૧૫૧૨) માં એક દંતકથા આપેલી છે. તે દંતકથા મુજબ આબુ પર્વત ઉપર દેલવાડા ગામમાં બ્રાહ્મણીય દેવી શ્રીમાતાના ક્ષેત્રની જમીન દંડનાયક વિમલે ખરીદી. તે જમીન ઉપર મંદિર બંધાવવા માંડ્યું ત્યારે એ સ્થાનનો ક્ષેત્રપાળ (ખેતરપાળ) વાલીનાહ નામનો વ્યંતર જે બાંધકામ થતું તે દરરોજ રાત્રે તોડી નાંખતો હતો. વિમલમંત્રીએ તેને નિર્દોષ ભોગાદિથી તૃપ્ત કર્યો ત્યારપછી તે મંદિરનું કામ આગળ વધ્યું આ પ્રકારની દંતકથા અન્ય જૈનગ્રંથોમાં પણ આપેલી છે. ૧૫મી સદીમાં રચાયેલા મેઘમુનિની 'તીર્થમાળા'માં વ્યંતર સંબંધી આવી વાત નોંધાયેલી છે. ત્યાં તેને 'ક્ષેત્રપાલ', 'ખેતલવીર' અને 'વલભીનાથ'નું ભ્રષ્ટરૂપ છે. મરીને અવગતે જતા અને વાસના અપૂર્ણ રહી જવાથી પોતાનાં સ્થાનમાં રહી ઉપદ્રવ કરનાર ભયંકર અશાંત આત્માને ખેતરપાળરૂપે પૂજવાની પ્રથા મધ્યકાળ અને ઉત્તર મધ્યકાળ દરમિયાન પ્રચલિત હતી. કેટલાક ક્ષેત્રપાલને ભૈરવનું એક રૂપ માને છે. દેલવાડામાં શ્રીમાતાના મંદિર સામે રખાયેલ મૂર્તિઓમાં મુખ્યમૂર્તિ ક્ષેત્રપાલની છે અને તે 'રસિયાવાલમ' તરીકે ઓળખાય છે. તે મૂર્તિ ભૈરવની મૂર્તિનું સ્મરણ કરાવે છે. જૈનોમાં ક્ષેત્રપાલની ઉપાસના થતી હતી એમ જૂના ઉલ્લેખો પરથી પણ જણાય છે. દા.ત. ખરતર ગચ્છના જિનકુશલસૂરિએ લાદણમાં (ઇ.સ. ૧૩૨૪) જે પ્રતિષ્ઠાઓ કરેલી તેમાં ક્ષેત્રપાલની મૂર્તિનો પણ સમાવેશ થતો હતો. એમ 'ખતરતગચ્છ ગુર્વાવલિ' (ઉત્તરાર્ધ સં. ૧૩૯૩) માં નોંધાયેલ છે.

એમ પણ કહેવાય છે કે ક્ષેત્રપાલ ભૈરવ છે અને તે યોગિણીઓનો અધિપતિ છે. તેના નામ પ્રમાણે તેનું કાર્ય ખેતરોનું રક્ષણ કરવાનું છે તેથી તેની પાસે કૂતરો હોય છે. જે ખેતરની સંભાળ રાખે છે. અને તેના માલિકને કોઈપણ આક્રમકોની સામે રક્ષણ આપે છે. બ્રાહ્મણ ધર્મના ભૈરવો જેવા કે કાલભૈરવ અને બટુકભૈરવ હંમેશ કૂતરાની સાથે સંકળાયેલા છે. ટૂંકમાં ક્ષેત્રપાલનો બટુકભૈરવ સાથેનો સંબંધ જૈનગ્રંથોમાં બતાવેલો છે. જયારે 'દીપાર્ણવ' ગ્રંથમાં ક્ષેત્રપાલનું વર્ણન જુદું આપેલું છે.

**૧૨. જૈન દહેરાસર :**

દરેક ધર્મ - સંપ્રદાયના ભગવાનનું પોતાનું સ્થાનક હોય છે. એ દરેકને પોતાનું વિશિષ્ટ નામ હોય છે. હિંદુઓનું મંદિર, મુસલમાનોની મસ્જિદ, શીખોનું ગુરૂદ્વારા, ખ્રિસ્તીઓનું ગીરજાઘર (ચર્ચ), વૈષ્ણવોની હવેલી હોય છે. તે જ પ્રમાણે જૈનોના ભગવાન તીર્થંકર, જિનેશ્વર કે વીતરાગ માટેના મંદિરને દહેરાસર કે જિનાલય કહે છે.

'દહેરાસર' શબ્દ વિચાર અંગે તેના મૂળમાં 'દેવાશ્રય' શબ્દ છે. (દેરૂં = 'દેવગૃહ', દેવગૃહ - દેવહર = દેહર = દેરૂં) દેવ શબ્દ અહીં કોઈ સ્વર્ગાદિકમાં વસનાર અમુક ચોક્કસ જાતિ કે વર્ગ માટે પ્રયોજાયેલો નથી. 'દેવ' શબ્દની વ્યુત્પત્તિ ચાર ક્રિયાઓ પરથી દર્શાવી છે. દ્રવ્યનું કે જ્ઞાનનું અતિશય દાન કરે તે દેવ. જેનું જીવન પ્રકાશમય હોય તે દેવ. જે બીજાના જીવનમાં પ્રકાશ રેલાવે તે દેવ અને દ્યુ નામના લોકમાં વસે તે દેવ. આ પણ વ્યાખ્યા સાંભળવામાં આવી છે. મંદિર માટે શબ્દ વપરાયો છે દેવળ (દેવકુલ - દેવઉલ - દેવુલ - દેવલ - દેવળ) તે દેવળોમાં ઇશ્વર અર્થાત્ શ્રેષ્ઠત્તમ દેવળ તે દેવળેશ્વર તેમાંથી દેવેશ્વર થતાં દેરાસર કે 'દહેરાસર' શબ્દ વ્યુત્પન્ન થયો હોવાનું મનાય છે. વિશેષમાં કલીકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીએ 'સિદ્ધહેમ' નામના વ્યાકરણ ગ્રંથમાં 'દેવ' શબ્દને સમજાવતાં લખ્યું છે કે પોતાનાં સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્ર્યથી જે પોતે ઝળહળતું જીવન જીવે અને દેવો પણ જેને નમસ્કાર કરે તે દેવ.

આ દહેરાસર શિખરવાળું, ઘુમ્મટવાળું કે ધાબાવાળું પણ હોય છે. શિલ્પશાસ્ત્રની દૃષ્ટિએ વિશિષ્ટ બાંધણી અને માંડણીથી જૈન દહેરાસર અન્ય મંદિરોથી તરત આગવું તરી આવે છે. દહેરાસર મોટાભાગે પથ્થર કે આરસનું બનેલું હોય છે. દહેરાસરમાં એકથી વધુ જિન પ્રતિમાઓ હોય છે. મુખ્ય પ્રતિમાના નામે દહેરાસર ઓળખાય છે. એ મૂળ પ્રતિમાને મૂળનાયક કહે છે. દહેરાસરમાંની મોટાભાગની જિનપ્રતિમાઓ પદ્માસન ધ્યાનસ્થ મુદ્રામાં હોય છે. દહેરાસર બંધાઈ ગયા પછી તેમાં પરમાત્માની, પ્રતિમાની પ્રતિષ્ઠા માટે વિશિષ્ટ મહોત્સવ કરાય છે. તેને 'અંજનશલાકા - પ્રતિષ્ઠા મહોત્સવ' કહે છે. જિનપ્રતિમાને સોના - રૂપા - હીરાના અલંકારોથી સજાવવામાં આવે છે. તેને 'આંગી' કહે છે.

**૧૩. જૈન ઉપાશ્રય :**

આરાધકોને ધર્મની આરાધના કરવા માટેના તેમજ જૈન સાધુ-સાધ્વીઓને કામચલાઉ કે ચાતુર્માસમાં સ્થિરવાસ કરવા માટેના મકાનને ઉપાશ્રય કે પૌષધશાળા કહે છે. સાધુ અને સાધ્વી માટેના ઉપાશ્રય અલગ હોય છે. ઉપાશ્રયનું વાતાવરણ જ્ઞાનમય અને તપમય હોય છે. અહીં જ્ઞાનગોષ્ઠીઓ યોજાય છે અને તત્ત્વજ્ઞાનના વર્ગો ચાલે છે. સુખી અને સંપન્ન ભાવિકોના દાનથી ઉપાશ્રય બાંધવામાં આવે છે, અને સ્થાનિક સંઘ તેનો વહીવટ કરે છે.

**૧૪. જૈન જ્ઞાનમંદિર :**

પુસ્તકાલય, ગ્રંથાલય માટે જૈનો 'જ્ઞાનમંદિર' શબ્દ પ્રયોગ કરે છે. 'જ્ઞાનમંદિર' માં શબ્દની યથાર્થતાનો અનુભવ થાય છે. તેમાં સમય પસાર કરવા માટેના કે મનોરંજન

*પૃથ્વી એક કાવ્ય છે. એવું કાવ્ય જેનો કદી અંત નથી.*

માટેના પુસ્તકો નહિં, પરંતુ તત્ત્વજ્ઞાન, ઈતિહાસ, સંસ્કૃતિ, જીવન ચરિત્ર વગેરે જ્ઞાનની વિવિધ શાખાઓના પ્રાચીનગ્રંથોનો સંગ્રહ હોય છે. પહેલાં પુસ્તકો તાડપત્રો પર લખાતા હતા. આ જ્ઞાન મંદિરોમાં એવા તાડપત્રો અને હસ્તપ્રતોનો કાળજીપૂર્વકનો સંગ્રહ હોય છે. સાધુ-સાધ્વીની પ્રેરણાથી આવા જ્ઞાનમંદિરો ઉભા થાય છે. સ્થાનિક સંઘ તેની સંભાળ રાખે છે.

**૧૫. જૈન પાઠશાળા :**

જ્યાં બાળકો, કિશોરો અને યુવાનોને ધર્મના જૈન શિક્ષણ અને સંસ્કાર આપવામાં આવે છે એ સ્થળને જૈન પાઠશાળા કે જૈન જ્ઞાનવાળા કહે છે. ધાર્મિક શિક્ષક - શિક્ષિકા જૈનસૂત્રો શીખવે અને ધાર્મિક ક્રિયાઓની પ્રાયોગિક તાલીમ આપે છે. જૈનો માટે બે પ્રતિક્રમણ કે પાંચ પ્રતિક્રમણનું જ્ઞાન હોવું જરૂરી છે. પ્રતિક્રમણ એ જૈનોની રોજિંદી ધાર્મિક ક્રિયા છે. જિનપૂજા પણ નિત્યની ક્રિયા છે. પાઠશાળામાં મુખ્યત્વે એ ક્રિયા - સૂત્રોનો અભ્યાસ કરાવાય છે.

**૧૬. આયંબિલ શાળા :**

વિવિધ જૈન તપોમાં આયંબિલ તપનું આગવું સ્થાન છે. આયંબિલનું તપ ઘરે કરવા માટે સુગમ અને સરળ નથી બનતું, કારણ આ તપમાં લુખ્ખું - સુકુ, મીઠા મરચાં વિનાનું તેમજ તેલ-ઘી વગરનું ભોજન એક ટંક કરવાનું હોય છે. આથી સંઘે આ તપના આરાધકો માટે આયંબિલ શાળાની વ્યવસ્થા કરી છે. આરાધકો અહીં આવીને આયંબિલ કરે છે. આ તપ કઠિન છે, પરંતુ સમુહમાં અહીં આરાધકો આયંબિલ કરતા હોવાથી આરાધકને પ્રેરણા અને બળ મળી રહે છે. આવી આયંબિલ શાળાઓ મોટા શહેરોમાં કે જ્યાં પણ જૈનો વધારે પ્રમાણમાં વસતા હોય ત્યાં હોય છે.

**૧૭. જૈન પાંજરાપોળ :**

નિરાધાર અને નિઃસહાય, અશક્ત અને અપંગ પશુ-પંખીઓની જ્યાં પ્રેમભરી માવજત કરવામાં આવે છે તે સંસ્થાને પાંગળાપોળ કે પાંજરાપોળ કહે છે. બીમાર પશુ-પંખીઓની તબીબી સારવાર ઉપરાંત કસાઈવાડે લઈ જવાતા પશુઓને છોડાવીને તેમને પાંજરાપોળમાં રાખવામાં અને સાચવવામાં આવે છે. સ્થાનિક સંઘો તેમજ જીવદયા મંડળી જેવી સંસ્થાઓ આવી પાંજરાપોળનું સંચાલન કરે છે. જૈન સંસ્કૃતિની આ એક આગવી નીપજ છે.

**૧૮. જૈન ધર્મમાં સ્ત્રીનું સ્થાન :**

મહાવીર સ્વામીએ તીર્થની સ્થાપના કરી, તે તીર્થના ચાર અંગ બનાવ્યાં : સાધુ-સાધ્વી, શ્રાવક - શ્રાવિકા, આ તીર્થમાં જેટલું મહત્ત્વ સાધુને છે તેટલું મહત્ત્વ સાધ્વીને પણ છે. અને જેટલું મહત્ત્વ શ્રાવકને છે તેટલું શ્રાવિકાને પણ આપ્યું છે. જૈન ધર્મે, સાધ્વી બનીને આત્મશુદ્ધિ, આત્મકલ્યાણ તથા આત્મ સાક્ષાત્કાર કરવાનો સમાન અધિકાર આપીને સ્ત્રીઓની પ્રતિષ્ઠા વધારી છે. મહાવીર સ્વામીના સંઘમાં ચંદનાને પ્રવર્તિનીનું સ્થાન આપેલું અને શ્રમણી સંઘનું નૈતૃત્વ એ મહાસતી ચંદનાને સોંપ્યું. આ રીતે જૈન ધર્મમાં સ્ત્રી સમાજને ધર્મનો સંપૂર્ણ અધિકાર આપવામાં આવ્યો છે. ઓગણીસમા તીર્થંકર મલ્લિનાથ પણ સ્ત્રી હતા.

પુરુષ અને નારી વચ્ચે જરાપણ ભેદભાવ જૈનશાસ્ત્રમાં જોવા મળતાં નથી. સ્ત્રી સમાનતા અને પ્રધાનતાનાં ઉદાહરણોથી જૈનાગમ ભરેલાં છે. **આ કાલચક્રમાં સૌથી પહેલાં મોક્ષમાં જનારી એક નારી જ હતી, તે હતી પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવની માતા મરૂદેવી.** ભગવાન ઋષભદેવને ભરત અને બાહુબલી સરખા સો પુત્ર હોવા છતાં તેમણે સૌથી પ્રથમ અક્ષરજ્ઞાન પોતાની કન્યા બ્રાહ્મી સુંદરીને જ આપ્યું. બ્રાહ્મણીના નામ પરથી જ લિપિનું નામ પણ બ્રાહ્મી લિપિ પડ્યું હોવાનું મનાય છે. આ રીતે જૈનધર્મે નારીને તેનું ઉચિત અને આગળ પડતું સ્થાન આપ્યું છે.

**૧૯. જૈન ધર્મ અને ખ્રિસ્તી ધર્મમાં સામ્યતા :**

(૧) ભગવાન મહાવીરના અગિયાર ગણધર શિષ્યો અને એક શિષ્યાભાસ (ગોશાલક) હતા. જ્યારે ખ્રિસ્તી ધર્મમાં પણ અગિયાર સુશિષ્ય અને એક કુશિષ્ય હોવાનું નોંધાયું છે.

(૨) જૈન ધર્મમાં પચાસમાં દિવસે સંવત્સરી પર્વ જ્યારે ખ્રિસ્તી ધર્મમાં પચાસમાં દિવસે જ અગિયાર શિષ્યોનું પ્રવચન

(૩) જૈન ધર્મમાં ૨૪ તીર્થંકરો છે. જ્યારે ખ્રિસ્તી ધર્મમાં આકાશમાં સિંહાસન પર બેઠેલા એક પુરુષની આસપાસ ૨૪ પવિત્ર પુરુષો છે.

(૪) જૈન ધર્મમાં આઠમ, ચૌદસે પ્રતિક્રમણ જ્યારે ખ્રિસ્તી ધર્મમાં દર રવિવારે પાપનો એકરાર

(૫) જૈન ધર્મમાં સમવસરણે જિન પ્રતિમા જ્યારે ખ્રિસ્તી ધર્મમાં સમવસરણ જેવા ચર્ચો (દેવળ)

(૬) જૈન ધર્મમાં સહવામાં જ સાધુતાનું મહત્ત્વ છે. જ્યારે ખ્રિસ્તીધર્મમાં ક્ષમામાં જ સાધુતાને મહત્ત્વ છે.

(૭) જૈન મુનિના સમાધિસ્થાને સ્તૂપો હોય છે જ્યારે ખ્રિસ્તી ધર્મગુરૂના સ્થાને કબરો હોય છે.

(૮) જૈન ધર્મમાં આચાર્ય, મુનિ, સિદ્ધપુત્ર જેવા પદો પ્રયોજાય છે જ્યારે ખ્રિસ્તી ધર્મમાં ધર્માધ્યક્ષ, યાજક, દીયાકોનુસ જેવા પદો પ્રયોજાય છે.

(૯) જૈન ધર્મમાં જઘન્ય ચોમાસું ૭૦ દિવસનું જ્યારે ખ્રિસ્તી ધર્મમાં પાસ્ખાપૂર્વે ૭૦ દિવસ ઉપવાસ.

(૧૦) જૈન ધર્મમાં પ્રતિમા કબૂલ છે પણ તેમાં ઈશ્વર પ્રવેશ નહીં. જ્યારે ખ્રિસ્તી ધર્મમાં ચિત્ર કે પૂતળાને માને છે પણ તેમાં પરમેશ્વર વસવાટને નહીં.

(૧૧) જૈન ધર્મનાં બે પંથો શ્વેતાંબર અને દિગંબર જ્યારે ખ્રિસ્તી ધર્મમાં પણ બે મુખ્ય પંથો, કેથોલિક અને પ્રોટેસ્ટંટ

(૧૨) જૈન ધર્મમાં પાલીતાણા - પવિત્ર સ્થાન છે. તેમ ખ્રિસ્તી ધર્મમાં પેલેસ્ટાઈન પવિત્ર સ્થાન છે.

(૧૩) જૈન ધર્મમાં સાધ્વી - શ્રાવિકા તરીકે સ્ત્રીને સ્થાને અપાયું છે તેમ ખ્રિસ્તી ધર્મમાં નન તરીકે સ્ત્રીને સ્થાન અપાયું છે.

આમ, જૈન ધર્મ અને ખ્રિસ્તી ધર્મમાં માળખાની દૃષ્ટિએ ઘણું સામ્ય જોવા મળે છે.■

*લાગણી જેટલી ઉલ્લાસ આપતી હોય છે, એવી રીતે વિષાદ પણ મળતો હોય છે. લાગણીને યોગ્ય સંદર્ભમાં સમજવી જોઈએ.*

સમાજની ક્ષિતિજો

# કચ્છી સંસ્થા વિશેષાંકના વિશ્લેષણની ઘડીએ

• અશોક મહેતા •

સમાજમાં અનેક લોકો એવા હશે કે જેઓ સ્વઉદ્ધારની સાથે સાથે અન્યોના ઉદ્ધાર અંગે પણ વિચારતા હશે. અન્યોનું કઈ રીતે ભલું થાય એ વિચારસરણીને લક્ષમાં રાખીને તેઓ કાર્યરત રહેતા હશે. આ પ્રકારના કાર્યકરોના આપણે મુખ્યત્વે ત્રણ ભાગમાં વર્ગીકરણ કરી શકીએ : (૧) સેવાભાવી સંસ્થાઓ દ્વારા કામ કરતા સામાજિક કાર્યકરો, (૨) કોઈ એક રાજકીય પક્ષને અનુસરીને પ્રજાની સેવા કરતા કાર્યકરો અને (૩) નવું નવું સંશોધન કરીને પ્રજાને ઉપયોગી થાય તેવા પરિણામો લાવતા કાર્યકરો.

સંશોધન ક્ષેત્રે કાર્ય કરતા લોકો ભારતના અત્યારના વાતાવરણ મુજબ જૂજ લોકોજ આ ક્ષેત્રમાં કાર્યરત રહેતા હશે. બાકી રહેતા બે ભાગના જ કાર્યકરો આપણને ભારતમાં જોવા મળશે.

★ **સામાજિક સંસ્થાઓ દ્વારા વ્યસ્ત રહેતા કાર્યકરો :**

'મંગલ મંદિર'નો એપ્રિલ - ૨૦૧૩ નો અંક 'કચ્છી સંસ્થા વિશેષાંક' તરીકે પ્રસારિત કરવામાં આવેલ હતો. આ અંકમાં લગભગ ૫૨ (બાવન) જેટલી કચ્છી સંસ્થાઓની માહિતી પ્રસારિત કરવામાં આવેલ હતી. આ સંસ્થાઓના કાર્યક્ષેત્રને અનુસરીને આપણે તેમનું નીચે મુજબ વર્ગીકરણ કરી શકીએ. શૈક્ષણિક સંસ્થાઓ, ગ્રામલક્ષી કાર્યો કરતી સંસ્થાઓ, ભૂગર્ભ જળ વ્યવસ્થાપન ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓ, હસ્તકલા, આરોગ્ય, સામાજિક ક્ષેત્ર, સેવાક્ષેત્ર, જીવદયા, અહિંસા, સંસ્કૃતિ, પ્રવાસન, સંગીત વગેરે ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓમાં તેને વિભાજિત કરી શકીએ. આ પ્રકારની દરેક સંસ્થાઓ પોતાના ક્ષેત્રમાં રહીને ઉચ્ચતમ કક્ષાના કાર્યો કરી જન જીવનને વધુ સારી રીતે વિકસાવી શકે છે. આ બધી સંસ્થાઓના કાર્યક્ષેત્ર પર ટૂંક દૃષ્ટિપાત કરવાથીજ આપણને તેની અને તેના કાર્યકરોની ગરીમાનો સાચો ખ્યાલ આવી શકશે.

## શૈક્ષણિક ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓ

★ **સોમૈયા વિદ્યાવિહાર :** મુંબઈના સેન્ટ્રલ રેલવેના વિદ્યાવિહાર સ્ટેશનની નજદીકની વિશાળ જમીન પર આ સંસ્થા કાર્યાન્વિત રહેવા પામેલ છે. ગ્રેજ્યુએશન, પોસ્ટ ગ્રેજ્યુએશન, તકનિકી, મેડિકલ વગેરે ૩૫ પ્રકારના ઉચ્ચ અભ્યાસક્રમો સાથે અહીં ૨૮૦૦૦ વિદ્યાર્થીઓ પોતાનું જીવન ઘડી રહ્યા છે.

★ **સારસ્વતમ્ :** આ સંસ્થા કચ્છના અનેક ગામડાંઓમાં હાઈસ્કૂલના અભ્યાસક્રમો ચલાવી રહેલ છે. આ સંસ્થાના નેજા હેઠળ ૨૦ હાઈસ્કૂલ, ૯૪ આંગણવાડી, ૧ ટ્રેનિંગ સેન્ટર, ૨ બાળકો માટેની હોસ્ટેલ તથા ૧ વિમેન હોસ્ટેલ સહિત ૧૫૦૦૦ થી પણ વધુ વિદ્યાર્થી અહીં અભ્યાસક્રમમાં જોડાયેલા રહે છે.

★ **તોલાણી વિદ્યામંદિર - આદિપુર :** આર્ટસ, સાયન્સ, કોમર્સ, સિવિલ, મિકેનિકલ તથા ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ, કોમ્પ્યૂટર, ફાર્મસી, હોમ સાયન્સ, કોશ્ચ્યુમ ડિઝાઈનિંગ, મેનેજમેન્ટ, લૉ, પોસ્ટ ગ્રેજ્યુએશન જેવા વિવિધ પ્રકારના અભ્યાસક્રમો અહીં ચલાવવામાં આવે છે અને આ બધી જ શાખાઓના વિદ્યાર્થીઓની સંખ્યા ૭૦૦૦ થી પણ વિશેષ રહેવા પામે છે. ગર્લ્સ હોસ્ટેલ, બોયસ હોસ્ટેલ, આઈ હોસ્પિટલ જેવી પ્રવૃત્તિઓ પણ આ સંસ્થા દ્વારા ચલાવવામાં આવે છે.

★ **મહાવીર એજ્યુકેશન ટ્રસ્ટ, ચેંબુર - મુંબઈ :** શાહ એન્ડ એન્કર એન્જિનિયરિંગ કોલેજના નામે વિખ્યાત કોલેજમાંથી ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગ, કોમ્પ્યુટર એન્જી. ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન્સ મેનેજમેન્ટ સ્ટડીઝ વગેરે પ્રકારના ઉચ્ચ અભ્યાસક્રમો દ્વારા દર વર્ષે ૮૫૦થી પણ વધુ વિદ્યાર્થીઓ પોતાની પદવી મેળવીને બહાર પડે છે અને ભારત દેશને વિકાસની પ્રક્રિયા તરફ લઈ જવા પ્રયાસ કરે છે.

★ **વિરાયતન વિદ્યાપીઠ - જખાણિયા :** માંડવી-ભુજના રસ્તા પર માંડવીથી નજદીકના જખાણિયા ગામે આ સંસ્થાનું સંકુલ આવેલ છે. ૨૦૦૧ના ધરતીકંપ બાદ તેની સ્થાપના કરવામાં આવેલ છે. અહીં પ્રાથમિક તથા માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ, અંગ્રેજી માધ્યમની શાળા, વ્યવસાયીક અભ્યાસક્રમો, ફાર્મસી, બી.બી.એ., બી.સી.એ., એન્જિનિયરિંગ, મેનેજમેન્ટ અને સંશોધન વિભાગના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. અહીં બોયસ અને ગર્લ્સ હોસ્ટેલની વ્યવસ્થા છે.

★ **ધનવલ્લભ ચેરિટેબલ ટ્રસ્ટ - મુંબઈ :** મુંબઈની આરતી ગ્રુપ દ્વારા આ ટ્રસ્ટ કાર્યરત છે. તેના નેજા હેઠળ નાના ભાડિયામાં તુલસી વિદ્યામંદિર, વાત્રક-સાબરકાંઠામાં મહાવીર કૉલેજ ઓફ નર્સિંગ, ભચાઉમાં મણિનગર સંસ્કારધામ, રતનપર (ખડીર વિસ્તાર)

*લાગણી આપણા જીવનમાં ઉલ્લાસપૂર્ણ સ્વર્ગ સર્જી શકે છે અને અત્યંત દુઃખભર્યું નરક પણ સર્જી શકે છે.*

માં સુશિલ બોર્ડિંગ સ્કૂલ ચલાવવામાં આવે છે. રીમોટ જગ્યા પર અભ્યાસ ક્રમ ચલાવતું આ ટ્રસ્ટ અજોડ છે. તદ્ઉપરાંત તેઓ દ્વારા નવી મુંબઈમાં તિબેટીયન ઔષધાલય તથા કોષી નદીમાં પૂર આવવાના કારણે છિન્નભિન્ન થઈ ગયેલ બિહારના વિકાસમાં પોતાનો સૂર પૂરાવવા ત્યાંના અંતરિયાળ ગામમાં મહાવીર હોસ્પિટલ ચલાવવામાં આવે છે કે જ્યાં દરરોજના એવરેજ ૮૫ જેટલા દર્દીઓ પોતાની સારવાર કરાવે છે.

★ **નવચેતન અંધજન મંડળ, માધાપર - ભુજ :** શારીરિક ક્ષતિવાળા બાળકોના શિક્ષણ, સ્વાસ્થ્ય, સ્વરોજગાર અને પુનઃસ્થાપન માટે કામ કરતી આ સંસ્થા કાર્યરત છે. બાળકો માટે કુમાર છાત્રાલયમાં ૧૮૫ બાળકો, પ્રાથમિક શાળામાં ૨૨૫ બાળકો, માધ્યમિક શાળામાં ૧૪૬ બાળકો, કન્યા છાત્રાલયમાં ૧૬૦ બાળાઓ અને પ્રાથમિક કન્યાશાળામાં ૧૨૦ બાળાઓ આ સંસ્થામાં પોતાનો વિકાસ સાધી રહેલ છે.

★ **શેઠ ગો.ખી. અને મ.ખી. ચેરિટેબલ ટ્રસ્ટ - માંડવી :** આ સંસ્થાના નેજા હેઠળ અત્યારે નીચે મુજબની સંસ્થાઓ કાર્યરત રહેલ છે. (૧) શેઠ ખીમજી રામદાસ કન્યા વિદ્યાલય, (૨) શેઠ ખીમજી રામદાસ કન્યા છાત્રાલય, (૩) શ્રી રામકૃષ્ણ હાઈસ્કૂલ, (૪) શ્રી સાકરબાઈ ખીમજી રામદાસ અંગ્રેજી મેમોરિયલ સ્કૂલ તથા (૫) શ્રી ગોકુલ રંગભવન. ૧૯૫૦ માં સ્થપાયેલ આ સંસ્થાએ માંડવી વિભાગમાં કેળવણી ક્ષેત્રે અભિયાન આદરેલ છે અને ઉત્તરોત્તર તે પોતાની સેવાની પાંખો વિકસાવતી રહે છે.

★ **શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન હાઈસ્કૂલ, પાલાગલી - મુંબઈ :** ઈ.સ. ૧૯૦૫માં મુંબઈ ખાતે સ્થપાયેલી આ શાળા ૧૦૮ વર્ષ જૂની સંસ્થા છે. તેમાંથી અનેક વિદ્યાર્થીઓ બહાર પડીને આજે ઉચ્ચ પદવીએ બિરાજમાન છે. હાલે તેણે નવા વાઘા ધારણ કર્યા છે અને 'ઓર્ચીડ્સ ધી ઈન્ટરનેશનલ સ્કૂલ' નાં નામે અંગ્રેજી માધ્યમની શાળા જુન-૨૦૧૩ થી કાર્યરત થઈ જવાની છે. જમાના સાથે તાલ મેળવવા તેના ટ્રસ્ટીઓએ ગુજરાતી માધ્યમની જગ્યાએ અંગ્રેજી માધ્યમ શરૂ કરેલ છે.

★ **બી.એમ.સી.બી. ચેરિટેબલ ટ્રસ્ટ, લાખોંદ - ભુજ :** બી.એમ.સી.બી. ચેરિ. ટ્રસ્ટ દ્વારા કાર્યરત બી.એમ.સી.બી. પબ્લિક સ્કૂલ અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ દ્વારા લાખોંદ - ભુજ ખાતે ચાલતી આ શાળા ઉપરાંત વર્ધમાન વિદ્યાલય - વર્ધમાનનગર ખાતે પણ એક અન્ય શાળા ચલાવે છે. અહીં ૧૫૦૦ વિદ્યાર્થીઓ ઉચ્ચકક્ષાની તાલીમ લઈ રહેલ છે. આજ ટ્રસ્ટ દ્વારા લાખોંદ ખાતે બી.એમ.સી.બી. નર્સિંગ કોલેજ ચાલુ છે કે જ્યાં ૨૦૦ વિદ્યાર્થીઓ નર્સિંગનો અભ્યાસ કરી રહેલ છે.

★ **શ્રી હી. ભો. એન્ડ સન્સ કચ્છી વીસા ઓસવાલ જૈન છાત્રાલય, માટુંગા - મુંબઈ :** ૧૫ ઓગસ્ટ, ૧૯૧૫માં શરૂ થયેલ આ છાત્રાલય ૯૮ વર્ષ જૂની સંસ્થા છે. શ્રી ક.વી.ઓ. જૈન સમાજના અનેક વિદ્યાર્થીઓ અહીં રહી અભ્યાસ કરી અને દેશ અને દુનિયામાં આ સંસ્થાનું નામ ગજવેલ છે. હાલે જ આ સંસ્થાના મકાનને રીનોવેટ કરી તેની ક્ષમતા સારી એવી વધારવામાં આવેલ છે. આ છાત્રાલયનું બેન્ડ સમગ્ર મુંબઈના ક.વી.ઓ. સમાજમાં વિખ્યાત છે. અહીં કોમ્પ્યુટરના વર્ગો પણ ચલાવવામાં આવે છે.

**ઉપરોક્ત સંસ્થાઓની વિગતવાર માહિતી આપવાનું કારણ એ છે કે તેનાથી આ સંસ્થાઓની અને તેના પાયામાં રહેલ નિઃસ્વાર્થ કાર્યકરોની ગરીમાનો ચોક્કસપણે ખ્યાલ આવી શકે. આ પ્રકારની કચ્છી સમાજની અન્ય અનેક શૈક્ષણિક સંસ્થાઓ પણ કચ્છમાં અને ભારતભરમાં કાર્યરત રહેવા પામેલ છે.**

## ખેતીવાડી, પશુપાલન, પેયજળ, જળસંચય, પર્યાવરણ તથા ગ્રામલક્ષી રોજગારી ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓ

જે રીતે શૈક્ષણિક ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓની માહિતી આપણે ચકાસી અને તેના પાયારૂપ નિઃસ્વાર્થ કાર્યકરોની ભાવના આપણે નિહાળી, એ રીતે આ ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓ અને તેના કાર્યકરો પર એક ઊડતી નજર ફેરવી લઈએ.

★ **નવનિર્માણ અભિયાન - ભુજ :** જુન ૧૯૯૮ માં કચ્છ પર ત્રાટકેલા વિનાશક વાવાઝોડાના સમયે અસરગ્રસ્તોના પુનઃવસનની કાર્યવાહીના સમયે આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી. ત્યારબાદ કુદરતી આફતો (વાવાઝોડા, ધરતીકંપ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ વગેરે) ની સામે અસરગ્રસ્તોના પુનઃવસનના કાર્યો માટે તેની કાર્યવાહી નેત્રદીપક રહેવા પામેલ છે. તેની કાર્યવાહી માત્ર કચ્છ પૂરતી સિમિત ના રહેતા ૨૦૦૪માં તામિલનાડુના નાગાપટીનમમાં આવેલ સુનામીના સમયે, ત્યારબાદ ઈન્ડોનેશિયા પર પણ આવેલ સુનામીની આફત સમયે, કાશ્મીરમાં ૨૦૦૫ માં આવેલ ભૂકંપ સમયે અને બિહારની નદીઓમાં આવેલ ઘોડાપુર સમયે આ સંસ્થાએ ત્યાં દોડી જઈને પીડિતોના પુનઃવસન માટે ઉમદા કાર્યવાહી કરેલ છે. આ સંગઠનનો મુખ્ય હેતુ લોકભાગીદારી દ્વારા વિકાસની પ્રક્રિયાને પ્રોત્સાહન આપવાનો રહેવા પામેલ છે. અભિયાન ગ્રુપના સંગઠન આરોગ્ય, શિક્ષણ, કુદરતી સંશોધનોના પ્રબંધન, વોટરશેડ મેનેજમેન્ટ, દુષ્કાળ નિવારણ, લઘુ ધીરાણ, મહિલા શશક્તિકરણ જેવા ક્ષેત્રમાં કચ્છમાં ૬૫૦ થી પણ વધુ ગામોમાં કાર્યરત રહેવા પામેલ છે.

*લાગણીનો ગુલામ પોતાના આત્મા અને અસ્તિત્વનો દ્રોહી છે.*

★ **શ્રી વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટ - માંડવી :** કૃષિ પ્રધાન દેશ ભારતની આર્થિક ઉન્નતિ ગામડાંઓમાં કૃષિ અને પશુપાલન વિકસાવવાનો અને દુષ્કાળને નાથીને વિકાસની પ્રક્રિયા વેગવંતી બનાવવાના ઉદ્દેશ સાથે આ સંસ્થાની સ્થાપના જૂન - ૧૯૭૫ માં કરવામાં આવી. ગૌશાળા, ખેતીવાડી, જળસંચય, દુષ્કાળ નિવારણ, પેયજળ, ઘાસ બેંક, નીરણ કેન્દ્ર, એગ્રીકલ્ચર ટેકનોલોજી, આરોગ્ય, શિક્ષણ વગેરે ક્ષેત્રે આ સંસ્થા કાર્યરત રહેવા પામેલ છે. આ સંસ્થાના કાર્યોથી ખેડૂતોની પરિસ્થિતિમાં નોંધપાત્ર બદલાવ આવેલ છે. રૂકમાવતી રીવર બેઝિન પ્રોજેક્ટના સફળતાપૂર્વકના અમલીકરણે સહુનું સવિશેષ ધ્યાન દોરેલ છે.

★ **સહજીવન - ભુજ :** સહજીવન એટલે સાથે મળીને જીવવું. માનવ સાથે પશુ, પક્ષી, પરિસર, તંત્ર અને સમગ્ર જીવ સૃષ્ટિ સાથે મળીને સંવાદિતતા સાથે જીવી શકે તેવા ઉદ્દેશથી આ સંસ્થાની સ્થાપના ૧૯૯૭ માં કરવામાં આવેલ છે. પર્યાવરણની જાળવણી, ખેતી, પશુપાલન, સજીવ ખેતી, જૈવિક વૈવિધ્યતાના સંરક્ષણ, મહિલા શશક્તિકરણ વગેરે ક્ષેત્રે આ સંસ્થા કાર્યરત રહેલ છે.

★ **એરિડ કોમ્યુનિટિસ એન્ડ ટેકનોલોજિસ (એક્ટ) - ભુજ :** ભૂગર્ભ જળ વ્યવસ્થાપન ક્ષેત્રે કાર્ય કરતી આ સંસ્થાની સ્થાપના ૮ માર્ચ, ૨૦૦૪ ના રોજ ભુજ ખાતે કરવામાં આવી. તેના કાર્યક્ષેત્રના મુખ્ય મુદ્દાઓ : (૧) ગ્રામ્ય વિસ્તારના યુવકોનું ક્ષમતાવર્ધન, (૨) ભૂગર્ભજળ વ્યવસ્થાપન અને (૩) શહેરી જળસ્રોત વ્યવસ્થાપન રહેવા પામેલ છે. આ સંસ્થાનો હેતુ દરેક ગામ કે શહેરની પાણીની સમસ્યાના લાંબા ગાળાનો અને કાયમી ઉકેલ આપવાનો છે. આ સંસ્થાએ આ ક્ષેત્રે કચ્છના ૩૦૦થી પણ વધુ ગામોનો અભ્યાસ કરી તારવણ કાઢેલ છે. ભૂગર્ભ જળસ્રોત વ્યવસ્થાપન ક્ષેત્રે લોકભાગીદારીનો અભિગમ રાખવામાં આવેલ છે. તેને સંબંધિત કામગીરી એટલે વોટર એનાલિસીસ, જિઓફિઝિકલ સર્વે, પ્રોજેક્ટ સંબંધિત સર્વે, ડેટા એન્ટ્રી, ડેટા એનાલિસીસ પ્રકારની રહે છે. આ સંસ્થા દ્વારા રિસર્ચ ફેસીલીટેશન એકમની પણ રચના કરવામાં આવેલ છે. તેની કામગીરીના કારણે તે હવે માત્ર કચ્છની સંસ્થા ના રહેતા, તેની કામગીરી રાષ્ટ્રીય લેવલે પણ થઈ રહેલ છે. ભારત સરકારના આયોજન પંચે પણ આ સંસ્થાની નોંધ લઈ તેનો સાથ - સહકાર મેળવેલ છે.

★ **આશાપુરા ફાઉન્ડેશન - મુંબઈ, નખત્રાણા તથા ભુજ :** આ સંસ્થાની રચના આશાપુરા ગ્રુપની કચ્છમાં ઔદ્યોગિક કામગીરી અન્વયે સામાજિક જવાબદારી અંતર્ગત આ ગ્રુપ દ્વારા કરવામાં આવેલ છે. કચ્છમાં છેવાડાના દુર્ગમ વિસ્તાર લખપત તાલુકાથી તેમની કામગીરીની શરૂઆત થયેલ છે. વોટર હાર્વેસ્ટીંગના નેજા હેઠળ સ્ટોરેજ ટેન્ક, ચેકડેમ, નાલા પ્લગ, ખેત તલાવડી, રીચાર્જિંગ બોર, રીચાર્જિંગ કુવા, સ્ટેગર્ડ ટ્રેન્ચ સંખ્યાબંધ બનાવવામાં આવેલ છે. પીવાના પાણીની વ્યવસ્થા માટે સંખ્યાબંધ ઊંચી ટાંકી, ગ્રાઉન્ડ લેવલના ટાંકા, સમ્પ, બોર, પમ્પીંગ મશીનરી, આર.ઓ. પ્લાન્ટ, સ્ટેન્ડ પોસ્ટ, પાણીની પરબ જેવા કાર્યો કરવામાં આવેલ છે. પશુપાલન માટે સારવાર કેમ્પ, પ્રાથમિક સારવાર કેન્દ્ર, પીવાના પાણી માટે અવાડા, ઘાસચારા વિતરણ, નીરણ કેન્દ્ર, ઘાસ પ્લોટ વગેરેની કામગીરી કરવામાં આવેલ છે. ખેતી ક્ષેત્રે બાગાયતી પ્લાન્ટેશન, બિયારણ વિતરણ, ડેમ રિપેરીંગ અને ખેડૂતો માટે પ્રેરણા પ્રવાસો પણ ગોઠવવામાં આવેલ છે. શિક્ષણ ક્ષેત્રે શૈક્ષણિક કીટ વિતરણ, સ્કૂલોમાં પીવા માટે વરસાદી પાણીના ટાંકા, યુ.વી. પ્લાન્ટ તથા કેટલીયે આંગણવાડીમાં પીવાના પાણીની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. પર્યાવરણ તથા સ્વચ્છતા ક્ષેત્રે વોટર ક્વોલિટી તાલીમ, વૃક્ષારોપણ, ડસ્ટબીન તથા ટ્રોલી વિતરણ, કમ્પોસ્ટ પીટ, સેનિટેશન યુનિટ તથા ગટરલાઈન જેવા કાર્યો કરવામાં આવેલ છે. મહિલા ઉત્કર્ષ તથા રોજગારી ક્ષેત્રે અગરબત્તી તાલીમ વર્ગ તથા સીવણ ક્લાસ ચલાવવામાં આવેલ છે. સંખ્યાબંધ નિર્ધૂમ ચુલાની પણ વ્યવસ્થા કરી આપવામાં આવેલ છે. આરોગ્ય ક્ષેત્રે એમ્બ્યુલન્સ દ્વારા ફરતા મેડિકલ દવાખાનાની વ્યવસ્થા ૮૮ ગામડાંઓમાં અમલી છે. હસ્તકલા ક્ષેત્રે હીરાલક્ષ્મી મેમોરિયલ પાર્કની રચના કરી હસ્તકલાના કારીગરોના માલની વેચાણ વ્યવસ્થા કરી આપવામાં આવેલ છે. બહેનોને નિઃશુલ્ક તાલીમ આપવામાં આવે છે. રોજગારી ક્ષેત્રે ભુજની I.T.I. સાથે જોડાણ કરી અનેક વિદ્યાર્થીઓને ટેકનિકલ તાલીમ આપવામાં આવે છે. ધરતીકંપ બાદ આવાસ યોજનાનો પ્રોજેક્ટ પાર પાડવામાં આવેલ છે. વાદ્ય કલાકારો માટે પણ યોગ્ય વ્યવસ્થાપન કરવામાં આવેલ છે.

**ગ્રામ્યક્ષેત્રે એટલે કે ખેતી, પશુપાલન, જળ વ્યવસ્થાપન વગેરે ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓ નવનિર્માણ અભિયાન, શ્રી વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટ, સહજીવન, એરિડ કોમ્યુનિટીસ એન્ડ ટેકનોલોજીસ તથા આશાપુરા ફાઉન્ડેશન — એ સાચા અર્થમાં સામાજિક સંસ્થાઓ છે અને તેની ઉચ્ચ પ્રકારની કામગીરીથી જનજીવનનો ઉત્કર્ષ થયેલ છે. આ સંસ્થાના પ્રણેતાઓની ગર્વરૂપ કામગીરીથી આપણે તેઓને નત મસ્તકે વંદન કરવા જોઈએ. આ બધી જ સંસ્થાઓ કચ્છની ગૌરવરૂપ સંસ્થાઓ છે. તેના પ્રણેતાઓ સન્માનના અધિકારી છે.**

## હસ્ત કલા ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓ

હસ્તકલાક્ષેત્રે આપણે આશાપુરા ફાઉન્ડેશનની કામગીરીના ઉપરોક્ત વિભાગમાં અવલોકન કર્યું. હવે અન્ય કાર્યરત સંસ્થાઓની વાત કરીયે.

★ **શ્રુજન - ભુજોડી :** શ્રુજનની સ્થાપના શ્રીમતી ચંદાબેન શ્રોફે ૧૯૬૯ માં કરેલ હતી. તેમનો હેતુ ગામડાંની બહેનોને હસ્તકલાક્ષેત્રે

*આપણા સુખમાં સમાજનો ભાગ છે એમ સમજી માલિકી હક્ક છોડતા જવું એનું નામ દાન — વિનોબાજી.*

પારંગત બનાવી, તેને રોજી-રોટી કમાતી કરવાનો હતો. શ્રુજને શરૂથી જ વ્યાપારી સંસ્થા તરીકે કામ કરેલ છે. ગામડાંની બહેનો પાસે ભરતકામ કરાવી અલગ અલગ પ્રકારના કાપડના પીસ તૈયાર કરાવડાવે છે અને તેને દેશ - વિદેશમાં વેંચે છે. આ પ્રક્રિયાથી સ્થાપનાના ૩૦ વર્ષના અંતે કચ્છના ગામડાની ૧૮૦૦૦ બહેનોએ આર્થિક રીતે સ્વનિર્ભરતા મેળવેલ છે. શ્રુજન દ્વારા અનેક જાતના ભરતકામની તથા ટાંકાઓની શોધખોળ કરી તેનો ઉપયોગ કરવામાં આવે છે. અહીં દરેક જ્ઞાતિના ભરતકામના સંશોધન અને દસ્તાવેજીકરણ કરવામાં આવે છે. ભરતકામ ઉપરાંત બ્લોક પ્રિન્ટીંગ અને વણાટકામ ક્ષેત્રે પણ આ સંસ્થા પ્રોત્સાહન પૂરું પાડે છે.

★ **ખમીર - કુકમા, ભુજ :** ખમીરની સ્થાપના વર્ષ ૨૦૦૫માં કરવામાં આવી. કચ્છના હસ્તકલાના કારીગરોની જે પેદાશ થાય તેને નવી બજાર શોધી આપવાનું તે પ્રેરક બળ છે. તેનું કાર્ય ઊભરતાં કારીગર ઉદ્યમીઓને સહયોગ કરવાનું, મોટા કારીગરોની બ્રાંડનો વિકાસ કરવો અને સંકુલ પ્રકારના બજારોમાં કારીગરોની પહોંચ વધારવાનું રહેલ છે. આ સંસ્થા શરૂથી જ કચ્છની પરંપરાગત હસ્તકલાઓ જેવી કે હાથવણાટ, અજરખ બ્લોક પ્રિન્ટીંગ, ચર્મકલા, લાખકામ, કોપર બેલ અને ચાંદી કળા વગેરેને પ્રોત્સાહન પૂરૂં પાડે છે. તે પોતાના કેમ્પસ એટલે ખમીર ક્રાફ્ટ પાર્કમાં કારીગરોને પ્રોત્સાહન મળી રહે અને જનતાને કચ્છના કલા વારસાનો અનુભવ થાય તે માટે દર વર્ષે પ્રદર્શન પણ યોજે છે. દરેક ક્ષેત્રમાં સંશોધન પણ કરે છે.

**આ રીતે હસ્ત કલાક્ષેત્રે મુખ્યત્વે શ્રુજન અને સાથે સાથે ખમીરની કામગીરી નેત્રદીપક રહેવા પામેલ છે.**

## ઉદ્યોગોના પ્રોત્સાહન ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓ

★ **ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન - અંજાર/ભુજ :** આ સંસ્થાની સ્થાપના કચ્છના ધરતીકંપ અગાઉ એટલે કે ઓગસ્ટ - ૨૦૦૦ માં કરવામાં આવી. એ સમયે નાના મોટા ૩૫૦ ઔદ્યોગિક એકમો કચ્છમાં કાર્યરત હતા. એ સમયના સરકારી અધિકારીઓની અમલદારશાહીની સામે સ્થાપિત ઉદ્યોગોએ આ એકમની રચના કરેલ હતી. ત્યારબાદ ૨૦૦૧ ના ધરતીકંપ બાદ સરકારશ્રીએ ટેક્સ હોલીડેની જે યોજના કરી એ સમયે ફોકિયાએ યોગ્ય ભાગ ભજવેલ હતો. આજે તે ઉદ્યોગો અને કેન્દ્રસરકાર અથવા ઉદ્યોગો અને રાજ્ય સરકાર વચ્ચે કડીરૂપ સંસ્થા છે. આ સંસ્થા નીચે મુજબના ૫ ધ્યેયને વરેલી છે. (૧) સોશિયો ઈકોનોમી અને એન્વાયરોનમેન્ટ ડેવલપમેન્ટ, (૨) કચ્છમાં વધુ ઉદ્યોગો આવે તેવો માહોલ રચવો, (૩) સરકારશ્રીની પોલીસી અંગેના વચનો હોય તો તેને વાચા આપવી, (૪) ઈન્સ્પેક્ટર રાજ સામે અવાજ ઉઠાવવો, (૫) ઉધ્યોગ જગત અને તેને અનુસંગીક પ્રવૃત્તિઓ કરવી.

★ **ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી - ગાંધીધામ :** ગાંધીધામ ચેમ્બરની શ્થાપના ૧૯૫૩માં કરવામાં આવી. સંસ્થાનો હેતુ કચ્છ જિલ્લામાં અને ખાસ કરીને ગાંધીધામ- કંડલા વિસ્તારમાં વ્યાપાર ઉદ્યોગનો વિકાસ થાય તેને લગતા કાર્યો કરવાનો રહેવા પામેલ છે. આ ચેમ્બરની હાલની સભ્ય સંખ્યા ૨૨૦૦ જેટલી છે. એશિયાના પ્રથમ એવા કંડલા મુક્ત વ્યાપાર ક્ષેત્રની સ્થાપનામાં આ ચેમ્બરનું સારું એવું યોગદાન રહેવા પામેલ હતું. કંડલા - ઝુંડ બ્રોડગેજ રેલવે લાઈન ચેમ્બરના અવિરત પ્રવાસોના કારણે શરૂ કરવામાં આવી હતી. ગાંધીધામ- કંડલા વિસ્તારના સર્વાંગી વિકાસ માટે પણ આ સંસ્થા કાર્યરત રહેવા પામેલ છે.

★ **શ્રી માંડવી ચેમ્બર ઓફ કોમર્સ - માંડવી :** આ ચેમ્બરની સ્થાપના ૧૯૯૩માં કરવામાં આવી. શરૂઆતમાં અને મુખ્યત્વે તે આ વિસ્તારના વ્યાપારીઓના હિત સાચવતી સંસ્થા છે. તે સિવાય તે વર્ષભર સામાજિક કાર્યોથી ધમધમતી રહેવા પામે છે. જરૂરિયાતવાળી બહેનોને સિલાઈ મશીન આપવા, જરૂરિયાતવાળા પરિવારોને ઘઉંનું વિતરણ કરવું, જરૂરિયાતવાળા પરિવારોને ત્યોહાર દરમ્યાન રાશનની કીટ આપવી, શિયાળામાં ગરમ ધાબળાઓનું વિતરણ કરવું, શાળાઓના વિદ્યાર્થીઓને સ્કૂલ બેગનું વિસ્તરણ કરવું, મેડિકલ કેમ્પોનું આયોજન કરવું, વિવિધ સેમિનારો ગોઠવવા વગેરે પ્રકારના સામાજિક કાર્યો તેના દ્વારા પાર પાડવામાં આવે છે.

**કચ્છના ઉદ્યોગો અને સરકારશ્રી વચ્ચે સાંકળરૂપ બનતી ઉપરોક્ત ત્રણ સંસ્થા સિવાય અંજાર ચેમ્બર્સ, ભુજ ચેમ્બર્સ, મુન્દ્રા ચેમ્બર્સ જેવી સંસ્થાઓ પણ આ ક્ષેત્રે કાર્યરત છે. આ પણ જાહેર સેવાનો એક પ્રકાર છે.**

## આરોગ્ય ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓ

★ **બિદડા સર્વોદય ટ્રસ્ટ - બિદડા :** ૧૨ જૂન, ૧૯૭૨ના રોજ આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી. આ સંસ્થા મુખ્યત્વે વિવિધ કેમ્પોનું આયોજન કરે છે. દરેક વર્ષે જાન્યુઆરી મહિનામાં અહીં વિવિધ કેમ્પો યોજવામાં આવે છે. ૨૦ થી ૨૫ દિવસ આ કાર્યક્રમ ચાલે છે. આ કેમ્પમાં ભાગ લેવા દેશ-વિદેશથી અનેક ડોક્ટરો અને કાર્યકરો આવે છે. સંસ્થાની આરોગ્યલક્ષી પ્રવૃત્તિ જોઈ અહીં અઢળક નાણા ઠલવાય છે. દર વર્ષે આ કેમ્પનો ૨૮૦૦૦ થી વધુ દર્દીઓ લાભ લે છે. છેલ્લા ૩૮ વર્ષમાં અહીં ૪૨ લાખ દર્દીઓએ લાભ લીધેલ છે. આ બધુ કાર્ય લગભગ વિના મૂલ્યે કરવામાં આવે છે જે આ સંસ્થાની મુખ્ય સિદ્ધિ છે. હાલે ત્યાં નેચર ક્યોરની પણ સ્થાપના કરવામાં આવેલ છે.

*કોઈપણ ધર્મ ભેદભાવ શીખવતો નથી.*

★ **ભોજાય સર્વોદય ટ્રસ્ટ - ભોજાય :** કચ્છના માંડવી તાલુકાના ખૂબજ અંતરિયાળ વિસ્તારમાં આ સંસ્થા કાર્યરત છે. ડિસેમ્બર ૧૯૯૮માં તેની સ્થાપના કરવામાં આવી. અહીં હોસ્પિટલ, ઓ.પી.ડી. વિભાગ, પરીક્ષણના વિવિધ વિભાગો, નેત્ર વિભાગ, આઈ હોસ્પિટલ વગેરે વિભાગો ચાલુ છે. માનસિક ક્ષતિગ્રસ્ત બાળકો માટે નિવાસી તાલીમ શાળા પણ અહીં શરૂ કરવામાં આવેલ છે. સ્ત્રી રોગ સામેની કાર્યવાહી પણ અહીં વિસ્તૃતપણે ચાલુ છે. આ સિવાય પણ વિવિધ વિભાગો દ્વારા અહીં દર્દીઓની ઉત્તમ સારવાર કરવામાં આવે છે.

★ **શ્રી વાગડ સર્વોદય ટ્રસ્ટ - ભચાઉ :** શ્રી વાગડ સર્વોદય ટ્રસ્ટ દ્વારા શ્રી વાગડ વેલફેર સોસાયટી હોસ્પિટલ હાલે ભચાઉ ખાતે કાર્યરત છે. ધરતીકંપ સમયે તે બિલકુલ ધ્વસ્ત થઈ ગયેલ અને ત્યારબાદ તે નવસર્જન પામી ૧૭-૯-૨૦૦૫થી કાર્યરત થઈ ગયેલ છે. આ હોસ્પિટલ નેશનલ હાઈવે નં. ૫ ૫૨ આવેલ હોવાથી અકસ્માતના અનેક કિસ્સાઓવાળા દર્દીઓ સારવાર અર્થે અહીં આવે છે તેથી સી.ટી. સ્કેનની સગવડ પણ અહીં ઉપલબ્ધ છે. આ સંસ્થા દ્વારા અલગ અલગ રોગોની શિબિરો પણ અવારનવાર યોજવામાં આવે છે.

**કચ્છમાં તબીબી સારવાર ક્ષેત્રે ઉપરોક્ત વર્ણવેલ ત્રણેય સંસ્થાની કામગીરી ઉચ્ચ કક્ષાની રહેવા પામેલ છે. આ હોસ્પિટલો આમ જનતા માટે છે તેથી જરૂરિયાતવાળા અનેક લોકોને તે રાહતરૂપ બની શકે છે. કચ્છમાં આ સિવાય પણ સામાજિક ક્ષેત્રે અનેક હોસ્પિટલો અને મેડિકલ સેન્ટરો આમ જનતાની સેવા કરવાની ભાવનાથી કાર્યરત રહે છે.**

## સામાજિક ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓ

સામાજિક ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓનો વિકાસ ભારતના એકેએક શહેરમાં થયેલ છે. દરેક શહેરમાં રહેતા લોકો પોતાના સમાજનું સંગઠન બનાવી આ ક્ષેત્રે પોતાની સેવાની કામગીરી શરૂ કરી દે છે. આ ક્ષેત્રની કામગીરીનું વર્ગીકરણ કરીએ તો તે કામગીરી લગભગ ૨૫ જેટલા વિવિધ પ્રકારના સેવા ક્ષેત્ર મુજબ થવા જાય છે. દરેક સંસ્થા ઉપરોક્ત વર્ગીકરણમાંની ૪-૬ અથવા ૮-૧૦ પ્રવૃત્તિઓ કરતી હોય છે કે જે ત્યાંના ક્ષેત્રને ખૂબજ અનુરૂપ હોય છે અને તેનો લાભ લેનારની સંખ્યા પણ નોંધનીય હોય છે. આપણે આ સંસ્થાઓની કામગીરીનું અહીં ટૂંકમાં વિશ્લેષણ કરીશું.

★ **શ્રી કચ્છી મિત્ર મંડળ - હૈદ્રાબાદ :** (સ્થાપના વર્ષ ૧૯૪૯) શ્રી કચ્છી ભવન, અતિથિ ભવન, પ્રાઈમરી સ્કૂલ, આવાસ યોજના, બુક બેંક, શૈક્ષણિક સહાય, મેડિકલ સહાય, યુવા સમિતિ, મહિલા સમિતિ વગેરે.

★ **શ્રી કચ્છી વીસા ઓસવાલ જૈન મહાજન - મુંબઈ :** (સ્થાપના વર્ષ ૨૦૧૦) વૈદકીય સહાય, શૈક્ષણિક લોન/સહાય, માનવ રાહત યોજનાઓ તથા અન્ય યોજનાઓ.

આ સંસ્થાને અત્યાર સુધી લગભગ રૂ. ૭૩ કરોડના ડોનશન્સની ઑફર મળેલ છે. આ સંસ્થાએ અત્યાર સુધી વૈદકીય સહાય પાછળ અંદાજિત રૂ. ૪૦ લાખ, શૈક્ષણિક ક્ષેત્રે રૂ. ૧૨ લાખની સહાય અને રૂ. ૭૪ લાખની લોન, માનવ રાહત યોજનામાં રૂ. ૪૫ લાખની સહાય આપેલ છે. આ સંસ્થાની અન્ય કામગીરી પણ નેત્રદીપક રહેવા પામેલ છે.

★ **શ્રી કચ્છી વીસા ઓસવાલ સેવા સમાજ - મુંબઈ :** ૬૫ વર્ષથી આ સંસ્થા કાર્યરત છે. તે પોતાનું મુખપત્ર 'પગદંડી' ચલાવે છે. બુક બેંક યોજનામાં દર વર્ષે ૮૦૦૦ વિદ્યાર્થીઓને બુક્સ આપવામાં આવે છે. સંજીવની સ્વાસ્થ્ય યોજના હેઠળ ૧૨૦૦૦ પરિવારોની ૪૦,૦૦૦ વ્યક્તિઓનો વીમો લઈ રૂ. ૧૨ કરોડ જેટલું પ્રીમિયમ દર વર્ષે ભરવામાં આવે છે કે જે પ્રીમિયમનો હિસ્સો દરેક ગામનું મહાજન, લાભાર્થી વગેરે ભરે છે. રહેઠાણ યોજના, સમૂહ લગ્ન, વૈદકીય રાહત યોજના, જ્ઞાતિ સંમેલન, ક્રિકેટ ટુર્નામેન્ટ, રમત ગમત કોમ્પીટીશન, માર્ગદર્શક સેમિનારો વગેરે કાર્યક્રમો પણ આ સંસ્થા દ્વારા આયોજાય છે.

★ **શ્રી કચ્છી વીસા ઓસવાલ સ્થા. જૈન મહાજન - મુંબઈ :** ઈ.સ. ૧૮૬૯માં શરૂ થયેલ આ સંસ્થા દ્વારા વિવિધ શાળાઓ ચલાવવામાં આવે છે. દેવલાલી તથા લોનાવલા ખાતે સેનેટોરિયમની સગવડતા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. અન્ય અનેક યોજનાઓ પણ કાર્યરત છે. શ્રી ક.વી.ઓ.દે. જૈન મહાજન - મુંબઈ સાથે રહી સંયુક્ત ખબર પત્રિકા બહાર પાડવામાં આવે છે કે જેની દરરોજ ૩૨,૦૦૦ નકલોનું વિતરણ કરવામાં આવે છે.

★ **શ્રી કચ્છી વીસા ઓસવાલ દેરાવાસી જૈન મહાજન - મુંબઈ :** મહદ્ અંશે આ એક ધાર્મિક ટ્રસ્ટ છે. વિવિધ દેરાસરો, ઉપાશ્રમ, આયંબિલ ભવન, અતિથિગૃહ, ભોજનાલય, ધર્મશાળા વગેરેનું સંચાલન કરે છે. શૈક્ષણિક ક્ષેત્રે એક હાઈસ્કૂલ તથા સામાજિક ક્ષેત્રે પણ તેનું યોગ્ય પ્રદાન રહેવા પામેલ છે.

★ **શાહ માલશી ઘેલાભાઈ ગુંદાલાવાલા કચ્છી જૈન સર્વોદય કેન્દ્ર - મુંબઈ :** (સ્થાપના ૧૯૫૧) વિદ્યાર્થીગૃહ, આરામ ગૃહ, ભોજનાલય, હેલ્થ સેન્ટર, પેથોલોજી, સોનોગ્રાફી અને એક્સ-રે વિભાગ

*જે રીતે પાણી વગર અનાજ નથી ઊગતું તે રીતે વિનય વગર મેળવેલી વિદ્યા ફળદાયી નથી હોતી.*

★ **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ :** (સ્થાપના ૧૯૬૩) આ સંસ્થા દ્વારા ૩ અતિથિ ભવન ચલાવવામાં આવે છે કે જ્યાં મોડર્ન પદ્ધતિના ૧૦૦ એ.સી. - નોન એ.સી. રૂમની સગવડતા ઉપલબ્ધ છે. કચ્છથી આવતા દર્દીઓ માટે શાહીબાગ ખાતેનું કચ્છી વિશ્રામગૃહ આશીર્વાદરૂપ છે. જરૂરિયાતવાળા દર્દીઓ તથા તેના સગા સંબંધી માટે અહીં જલારામ અન્નક્ષેત્રની સેવા ઉપલબ્ધ છે. અહીંના પાલડી ખાતેના શ્રી કચ્છી જૈન ભવન પરના મેડિકલ સેન્ટરનો લાભ દર વર્ષે ૧,૦૦,૦૦૦ થી પણ વધુ લોકો લે છે. ૪૦ પરિવારો માટે આવાસ યોજનાનો અમલ કરવામાં આવેલ છે. સાંસ્કૃતિક હોલની સગવડતા લગ્ન વગેરે માટે ઉપલબ્ધ છે. કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની પણ રચના કરવામાં આવેલ છે. શૈક્ષણિક સહાય, મેડિકલ સહાય, સ્વાસ્થ્ય યોજના, યુવા વિકાસ પ્રવૃત્તિ, મહિલા ઉત્કર્ષ પ્રવૃત્તિ, બાલવિકાસ યોજના, વયસ્ક પ્રવૃત્તિ, ઈતર ડેવલપમેન્ટ વગેરે આ સંસ્થાની પ્રવૃત્તિઓ રહેવા પામેલ છે. છેલ્લા ૩૮ વર્ષથી આ સંસ્થાનું મુખપત્ર 'મંગલ મંદિર' નિયમિતપણે પ્રસારિત કરવામાં આવે છે. આ સંસ્થાની વિવિધ સામાજિક પ્રવૃત્તિઓનો લાભ દર વર્ષે અંદાજિત ૩ લાખ લોકો મેળવે છે.

★ **શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - ભુજ :** અતિથિ ભવન, ભોજનાલય, મેડિકલ સેન્ટર વગેરે પ્રવૃત્તિઓથી આ સંસ્થાનું ભવન કાયમ માટે ધમધમતું રહે છે. કોઈ પણ જ્ઞાતિના ભેદભાવ વગર 'મહાજનનું મામેરૂ' યોજનાએ સારાયે કચ્છમાં ચાહના મેળવેલ છે. એજ રીતે આ સંસ્થા દ્વારા ચલાવાતી 'માવિત્ર આશિર્વાદ યોજના' પણ શિરમોર છે. એ સિવાય પણ અનેક સામાજિક, શૈક્ષણિક, મેડિકલ વગેરે યોજનાઓનો અમલ નિયમિતપણે કરવામાં આવે છે.

★ **શ્રી કચ્છી જૈન ગુર્જર સમાજ - માટુંગા (પાખાડી) :** માટુંગા ખાતે સમાજે ગુર્જર વાડી ઊભી કરેલ છે. શિક્ષણ સન્માન સમારોહ, શૈક્ષણિક સહાય, આર્થિક સહાય, દિવાળીમાં મિઠાઈ, સ્વામિવાત્સલ્ય, સમૂહલગ્ન, લોનાવાલા ખાતે સેનેટોરિયમ જેવી પ્રવૃત્તિઓ આ સંસ્થા દ્વારા ચલાવવામાં આવે છે. સંસ્થા તેનું મુખપત્ર 'પાખાડી દર્પણ' પણ નિયમિતપણે પ્રસારિત કરે છે.

★ **શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મહાજન - ગાંધીધામ :** (સ્થાપના ૧૯૭૫) અતિથિ ભવન, ભોજનાલય, વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ, સખીવૃંદ, યુવામંડળ વગેરે પ્રવૃતિઓ મુખ્યત્વે રહેલ છે.

★ **આંધ્રપ્રદેશ કચ્છી વીસા ઓસવાલ સમાજ - હૈદ્રાબાદ :** યુવક યુવતી સંમેલન, મહાસંમેલન, ટ્રેકિંગ કેમ્પ, ક્રિકેટ સ્પર્ધા, યુથ કેમ્પ, પિકનિક, પબ્લિક સ્પિકિંગનો કાર્યક્રમ વગેરે પ્રવૃત્તિઓ આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

★ **માનવ જ્યોત પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ - મુંબઈ :** (સ્થાપના ૧૯૯૧) મેડિકલ સેન્ટર, ડ્રગ બેન્ક, મેડિકલ ક્ષેત્રે માર્ગ દર્શન, મેડિકલ સહાય, લોકોપયોગી સાહિત્ય પ્રકાશન, પુસ્તક, પેમ્ફલેટ, સી.ડી. વગેરે, સીક બેડ સેવા, વેસ્ટમાંથી બેસ્ટ પ્રવૃત્તિ, સ્કિનદાન, દેહદાન, અવયવદાન, ચક્ષુદાન જેવી પ્રવૃત્તિઓ, એમ્બ્યુલન્સ સેવા, મેડિકલ કેમ્પ વગેરે પ્રવૃત્તિઓ.

★ **શ્રી રામકૃષ્ણ યુવક મંડળ - ભુજ :** (સ્થાપના ૧૯૬૯) રાશનકીટનું વિતરણ, દર્દીઓને ફળપ્રસાદ, સ્વેટર વિતરણ, નિઃશુલ્ક સીવણ ક્લાસ, મડવર્ક ક્લાસ, કોમ્પ્યુટર ક્લાસ, મોટર ડ્રાઈવિંગ ક્લાસ, પ્રૌઢ શિક્ષણ ક્લાસ, ૨૫ ટકા પેમેન્ટની શરતે સીવણ મશીનનું વિતરણ, સસ્તા દરે નોટબુક, શિષ્યવૃત્તિ વગેરે

★ **શ્રી સર્વ સેવા સંઘ (કચ્છ) - ભુજ :** વિનામૂલ્યે અત્યાર સુધી ૩૬૦૦ જેટલા સીવણ મશીનનું વિતરણ, સ્વરોજગારી માટે ૮૫૦ વ્યક્તિને વિનામૂલ્યે કીટનું વિતરણ, ગરીબ અપંગ વિદ્યાર્થીઓને ૧૭૦ ટ્રાયસિકલનું વિતરણ, માંગો ત્યાં મેડિકલ કેમ્પની યોજના, એમ્બ્યુલન્સ તથા શબવાહિનીની સેવા, નીરણ કેન્દ્રો ચલાવવા, મસ્કા મધ્યે ૪૦ પથારીની જનરલ હોસ્પિટલ વગેરે પ્રકારની પ્રવૃત્તિઓ આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

★ **શ્રી ભુજ મહિલા મંડળ, છઠ્ઠીબારી - ભુજ :** (સ્થાપના ૧૯૩૬) સીવણ સર્ટીફીકેટ કોર્સ, બાલમંદિર, સંગીત વર્ગ, પુસ્તકાલય જેવી પ્રવૃત્તિઓ તથા બહેનોને વિવિધ ગૃહ ઉદ્યોગો શીખવવામાં આવે છે.

★ **શ્રી સેવા મંડળ - માંડવી :** (સ્થાપના ૧૯૭૪) જીવદયા, ગૌસેવા, ચબુતરો, જનરલ દવાખાનું, દાંતનું દવાખાનું, પેથોલોજિકલ લેબોરેટરી, કોચીંગ ક્લાસીસ, રામરોટી જેવી સેવાની પ્રવૃત્તિઓ આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

★ **માનવતા ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટ - આદિપુર :** નિઃશુલ્ક સીવણ કેન્દ્ર, વિકલાંગોને ટ્રાયસિકલનું વિતરણ, રાશનકીટનું વિતરણ, મેડિકલ કેમ્પ, બેબીકીટનું વિતરણ, બિનવારસી લાશોના અંતિમ સંસ્કાર જેવી સેવાની અનેક પ્રવૃત્તિઓ આ સંસ્થા દ્વારા ચલાવવામાં આવે છે.

★ **જનકલ્યાણ મેડિકલ સોસાયટી - માંડવી :** કેન્સર ક્ષેત્રે વિવિધ પ્રકારની કાર્યવાહી તથા ૧૫ બેડની કેન્સર હોસ્પિટલની કાર્યવાહી મુખ્યત્વે રહેવા પામેલ છે.

**આ રીતે આપણે વિવિધ સામાજિક ક્ષેત્રે કાર્ય કરતી ૧૮ સંસ્થાઓની વિગતો ચકાસી. માત્ર અને માત્ર સેવા ભાવનાથી કાર્યરત આ સંસ્થાઓએ દરેક કક્ષાના લોકોને સામાજિક ક્ષેત્રે અને સેવાક્ષેત્રે મદદરૂપ થતી જોઈ શકીએ છીએ. આ સંસ્થાના**

*નિયમોના પાલનમાં વિશેષાધિકાર બાજુ પર મૂકવો જોઈએ.*

**રાહબરો ઘરના ગોપીચંદ ખર્ચીને લોકોની સેવા કરવાનો અહાલેખ જગાવીને બેઠા છે. નિ:સ્વાર્થભાવની આ સેવાથી સમાજમાં ભાઈચારાનો અને નીતિમત્તાનો વ્યાપ નિ:શંકપણે વધતો રહેવા પામેલ છે.**

## વિશિષ્ટ સામાજિક સંસ્થાઓ

★ **શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન - મુંબઈ :** (સ્થાપના ૨૦૦૫) કોઈને કલ્પનામાં પણ ન આવે તેવું ભગીરથ કાર્ય આ સંસ્થાએ હાથમાં લીધેલ છે. અંદાજે રૂ. ૧૫ લાખ જેવી કિંમત જેની આકારી શકાય તેવા ૪૦૦૦ ફ્લેટ બનાવી, બહુજ ઓછી કિંમતે લાભાર્થીને તેનું વિતરણ કરવામાં આવે છે. અત્યાર સુધી ૧૧૧૧ ફ્લેટ બાંધીને તેનું વિતરણ કરવામાં આવેલ છે અને આગળની કાર્યવાહી ચાલુ રાખવામાં આવેલ છે. જે પરિવારને મુંબઈ જેવા શહેરમાં 'ઘરનું ઘર' એ એક સ્વપ્ન હતું તેવા લગભગ ૪૦૦૦ કચ્છી પરિવારોની વહારે આ સંસ્થા આવેલ છે. કદાચ ભારતભરમાં અહીં આવાસ યોજનાનો એક ઈતિહાસ રચાઈ રહેલ છે. આ સંસ્થાના પદાધિકારીઓને નત મસ્તકે વંદન.

★ **કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ :** (સ્થાપના ૨૦૦૪) સમગ્ર કચ્છના વિકાસ અર્થેની પ્રવૃત્તિઓ કરવા આ સંસ્થાની સ્થાપના કરવામાં આવેલ છે. કચ્છમાં નર્મદા વિરોધી આંદોલનના કારણે જ્યારે નર્મદા નિગમનો કોઈ અધિકારી નર્મદાની કચ્છ બ્રાંચ કેનાલના કામો હાથ પર લેવા તૈયાર નહોતો ત્યારે સતતપણે આ અધિકારીઓ સાથે મિટીંગો કરી કચ્છ બ્રાંચ કેનાલના કામો શરૂ કરાવ્યા એ આ સંસ્થાની મોટામાં મોટી સિદ્ધિ છે. કચ્છના વિકાસ માટે ગાંધીધામ ખાતે ઔદ્યોગિક સેમિનાર, માંડવી ખાતે જહાજવાડાના પ્રશ્ને તથા ખનીજ આધારીત ઉદ્યોગો માટે સેમિનાર, કચ્છમાં માળખાકીય સવલતો માટે અમદાવાદ ખાતે સેમિનાર, સ્કીલ્ડ મેન પાવર માટે અમદાવાદ ખાતે સેમિનાર, કૃષિ આધારીત ઉદ્યોગો માટે ભુજ અને અંજાર ખાતે સેમિનારો, રતન જ્યોતના વાવેતર માટે કચ્છના દસેય તાલુકા મથકે સેમિનારો, શિક્ષણ માટે ભુજ ખાતે શિક્ષકોની શિબિરનું આયોજન વગેરે પ્રકારની કાર્યવાહી આ સંસ્થા દ્વારા કરવામાં આવેલ છે. છેલ્લે તેણે 'કચ્છનો સર્વાંગી ઈતિહાસ' ૩૦ જેટલા વિષયો સાથે અને ૩૦ જેટલા તજજ્ઞ લેખકોની મદદથી તૈયાર કરી તેનું લોકાર્પણ કરેલ છે. આવતા દિવસોમાં આર્કિટેક્ચરલ કોલેજની કચ્છ ખાતે સ્થાપના કરવાનો તેનો હેતુ છે. એ સિવાય પણ અનેકવિધ કાર્યવાહી તેના લક્ષમાં છે.

★ **કચ્છ યુવક સંઘ - મુંબઈ :** (સ્થાપના ૧૯૮૬) કોઈ પણ વિભાગ એવો નહીં રહેવા પામેલ હોય કે જે વિભાગમાં આ સંસ્થાએ કાર્યવાહી ના કરેલ હોય. મુંબઈ ખાતે વિવિધ બ્લડ ડોનેશન કેમ્પ, રેલવે સાથે સંઘર્ષ કરી કચ્છને નવી નવી ટ્રેઈનો અપાવવી તથા મુસાફરીની સવલતો વધારવી, દર વર્ષે એક નવા કચ્છી નાટકનું આયોજન વગેરે હાલમાં તેની મુખ્ય પ્રવૃત્તિઓ રહેલ છે. કચ્છમાં શાળાઓ ચલાવવી. નર્મદાના નીર માટે રેલી, કંડલા વાવાઝોડા સમયે રાહત કાર્યો, વૃક્ષારોપણ, ૨૦૦ જેટલા કૂવાઓનું સફળતાપૂર્વક રીચાર્જિંગ, ૨૦૦૧ ના ભુકંપના સમયે રાહતની કામગીરી, ટ્રેકિંગ કાર્યક્રમો, કચ્છ પ્રવાસ દર્શન, મેડિકલ કેમ્પો, મહિલા, બાળકો તથા યુવા માટેની પ્રવૃત્તિઓ, દેશ ભક્તિના વિવિધ કાર્યક્રમો, આતંકવાદ વિરોધી રેલી જેવા અનેક કાર્યક્રમોને તે હાથ પર લઈ શકે છે. કચ્છ યુવક સંઘની અન્ય ૧૨ શાખાઓ મુંબઈ ખાતે કાર્યરત છે. કોઈ વિભાગ એવો નહીં હોય કે જ્યાં આ સંસ્થાની પ્રવૃત્તિઓ ના થયેલ હોય.

**ઉપરોક્ત સંસ્થાઓની કામગીરી 'હટ કે' લાગવાથી તેનું વિશ્લેષણ અલગ રીતે કરવામાં આવેલ છે. આ સંસ્થાઓને આપણે 'વિશિષ્ટ સંસ્થાઓ' પણ કહી શકીયે.**

## જીવદયા ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓ

★ **ઔંકરવાલા અહિંસા ધામ - પ્રાગપર રોડ :** (સ્થાપના ૧૯૯૦) આ સંસ્થાનું મુખ્ય ધ્યેય અશક્ત અને બીમાર પશુ-પક્ષીઓને આશ્રય આપવાનું અને તેની સેવા સુશ્રુષા કરવાનું રહેલ છે. આજે આ સંસ્થા ૬૦૦ એકરમાં ફેલાયેલ છે અને ૨૮૦૦ પશુ-પક્ષીઓનું આશ્રય સ્થાન છે. આ સંસ્થામાં મ્યુઝિયમ, ઓડિટોરીયોમ, આઈ.સી.યુ. યુનીટ વગેરે વિભાગો છે. નંદી સરોવરની પણ રચના કરવામાં આવેલ છે. આ સંસ્થાનો દરરોજનો ખર્ચ રૂ. ૧.૦૦ લાખથી રૂ. ૧.૨૫ લાખ જેટલો રહેવા પામે છે કે જેની સામે દાનો મેળવી લેવાય છે.

★ **ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ - અમદાવાદ :** આ સંસ્થા દ્વારા કતલખાને જતા વાછરડા, ઘેટા, બકરા, બળદ, પાડા વગેરેને બચાવીને તેને પાંજરાપોળમાં મોકલી આપવામાં આવે છે.

★ **ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ - અમદાવાદ :** આ સંસ્થા દ્વારા બીમાર પશુ-પક્ષીની સારવાર કરવામાં આવે છે.

**આ રીતે જીવદયા ક્ષેત્રે ઉપરોક્ત સંસ્થાઓ કાર્યરત રહેવા પામે છે. આ ક્ષેત્રમાં કચ્છની ૮૧ પાંજરાપોળોને પણ આવરી શકાય.**

*જગતના ન્યાયાધીશ ક્યારેય પણ બનવું નહીં.*

## અન્ય સંસ્થાઓ

★ **ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશન, કચ્છ દર્શન મ્યુઝિયમ - ભુજ :** સ્વ. રામસિંહજી રાઠોડે આ સંસ્થાની સ્થાપના ૧૯૮૦ માં કરેલ હતી. આ મ્યુઝિયમમાં કચ્છના વિવિધ વિભાગોની સંસ્કૃતિના દર્શન થાય છે. ભરતકામ, જરીકામ, તોરણ, બ્લોક પ્રિન્ટર્સના નમુના, મોતીકામના નમુના, પુસ્તકાલય, ફોટો આર્ટ ગેલેરી, કચ્છી વાજિંત્રો, મુસાફરીના જૂના સમયના સાધનો વગેરે આ મ્યુઝિયમમાં જળવાયેલા છે. કચ્છના પ્રવાસે જતા લોકો આ મ્યુઝિયમની મુલાકાત લેવાનું ચૂકે નહીં.

★ **સૂરવાણી :** ૩૬ રાગ રાગીણી અને ૩૬ તાલથી સમૃદ્ધ કચ્છી સંગીતને આ સંસ્થા પ્રોત્સાહન આપી રહેલ છે. અનેક કચ્છી સંગીત કલાકારો આ સંસ્થા સાથે જોડાયેલા છે.

★ **કચ્છડો :** નૈસર્ગિક, ગ્રામીણ પ્રવાસનના ઉદ્દેશને ફળીભૂત કરવા વિશિષ્ટ પ્રવાસન પ્રયોગોની દિશામાં આ સંસ્થા પોતાનું કાર્ય કરી રહેલ છે. આ સંસ્થા ક્રાફ્ટ ટુર અને હેરીટેજ વૉકના આયોજનો ગોઠવે છે.

**આ રીતે આ વિભાગની સંસ્થાઓ વિભિન્ન રીતે કાર્યરત રહેવા પામે છે. તેના સંચાલકો પણ ઉદ્દાત ભાવનાથી આ સંસ્થાઓ સાથે જોડાયેલ છે.**

આ રીતે આપણે વિવિધ ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓના કાર્યો પર એક ઝાંખી કરી લીધી. આ સંસ્થાઓના કાર્યપ્રદેશ (૧) શૈક્ષણિક, (૨) ખેતીવાડી, પશુપાલન, જળવ્યવસ્થાપન, ગ્રામલક્ષી રોજગારી, (૩) હસ્તકલા, (૪) ઉદ્યોગો માટે પ્રોત્સાહન, (૫) આરોગ્ય ક્ષેત્ર, (૬) સામાજિક ક્ષેત્ર અને સેવા ક્ષેત્ર, (૭) વિશિષ્ટ સામાજિક ક્ષેત્ર, (૮) જીવદયા જેવા વિભાગો રહેવા પામેલ છે. દરેક સંસ્થા નીતિમત્તામાં રહી પોતાના ક્ષેત્રની નેત્રદીપક કામગીરી કરે છે. આ સંસ્થાના સંચાલકો ઉદ્દાત ભાવનાથી પોતાની સંસ્થાની કાર્યવાહીને અમલમાં મૂકે છે. તેઓ ફળની કોઈ પણ જાતની આશા વગર અને ઘરના ગોપીચંદ ખર્ચીને નિઃસ્વાર્થભાવે જનતાની સેવા કરે છે. તેઓની કામગીરીના કારણે ઉત્તમ અને નીતિમત્તાવાળું વાતાવરણ જળવાઈ રહે છે. સોમૈયા પરિવાર, વિજયાલક્ષ્મી શેઠ, તોલાની ગ્રુપ, કેશવજી ઉમરશી છાડવા, એંકર ગ્રુપ, ચંદનાશ્રીજી, શીલાપીજી, ચંદ્રકાંતભાઈ ગોગરી, શેઠ કનકસિંહ, સ્થાનકવાસી મહાજન, દેરાવાસી મહાજન, મહેન્દ્રભાઈ મોરબિયા, ક્રાંતિસેન શ્રોફ, સુષ્મા આયંગર, મધુભાઈ માંકડ, મૂળજીભાઈ બારૈયા, યોગેશ જાડેજા, નવનીતભાઈ શાહ, ચેતનભાઈ શાહ, ચંદાબેન શ્રોફ, દીપેશ શ્રોફ, નિમેષ ફડકે, રસીક મામતોરા, હીરાલાલ પારખ, વાડીલાલ દોશી, બચુભાઈ રાંભિયા, લીલાધર ગડા, રતનશી નથુભાઈ શાહ, દામજી વીજપાર સાવલા, સ્વ. ધીરજલાલ ટોકરશી કાપડિયા, લેક્ષ જૈન, ડૉ. ઈલા દેઢિયા, પન્નાલાલ છેડા, સ્વ. શુભવિજયજી મહારાજ, શ્રી હીરજી પાસુ શાહ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી પ્રતાપભાઈ દંડ, નવનીત ગ્રુપ, મૂલચંદભાઈ શેઠ, શ્રી નાનાલાલ ખંડોર, શ્રી કુલીનકાંત લુઠિયા, શ્રી કેશવ કે. ગોર, શ્રી તારાચંદભાઈ છેડા, શ્રીમતી પુષ્પાબેન વૈદ્ય, શ્રી ઝુમખલાલભાઈ શાહ, શ્રી ગોવિંદભાઈ દનીયા, ડૉ. મધુકર કે. રાણા, શ્રી બચુભાઈ હીરજી રાંભિયા, શ્રી મહેન્દ્રભાઈ સંઘોઈ, શ્રી પંકજભાઈ શાહ જેવા અનેક કાર્યકરોએ સેવાનો ભેખ લઈ આ સમાજને વિવિધ રીતે આબાદ બનાવવા પ્રયાસ કરેલ છે. આ બધા જ મહારથીઓ કચ્છની માટીમાંથી પેદા થયેલ છે. તેઓમાં કચ્છની ધરતીની સોડમ પ્રસરેલી છે. આ બધા જ મહાનુભાવોના સંસ્કારોએ કચ્છનું નામ રોશન કરેલ છે. તેઓ આ ધરતીની જ પેદાશ છે. તેઓ આ સમાજના સંસ્કાર થકી નિરૂપાયેલા છે. તેઓ આ દેશની આમ જનતામાંથી જ આવેલા છે. તેઓ પોતે આમ આદમી છે.

## રાજકીય ક્ષેત્રે સેવા કરતા કાર્યકરો

સામાજિક ક્ષેત્રે કાર્ય કરતા કાર્યકરોની વિગત આપણે ઉપરોક્ત વિભાગમાં નિહાળી. હવે રાજકીય ક્ષેત્રે કાર્ય કરતા કાર્યકરોની વિગતો આપણે ચકાસીએ.

સ્વ. ટી.એમ.શેઠ, સ્વ. પ્રો. કે.ટી. શાહ, સ્વ. કુંદનલાલ ધોળકિયા, સ્વ. પ્રેમજી ભવાનજી વગેરેને લોકો આજે પણ યાદ કરે છે. તેઓ પ્રત્યે માનની લાગણી વ્યક્ત કરે છે. હાલના કાર્યકરોની વાત કરીએ તો તેઓ આમ જનતામાંથી જ આવે છે અને તેઓની સેવાની સરવાણીથી એકેક કચ્છી માહિતગાર છે. તેમના પ્રત્યે પણ માન અને આદરની લાગણી વ્યક્ત કરે છે.

પરંતુ રાજ્ય લેવલે અથવા કેન્દ્ર લેવલની વાત કરીએ તો પીક્ચર જુદું જ ઉપસે છે. જે રીતે આ ક્ષેત્રના કચ્છના કાર્યકરો પ્રત્યે કચ્છની જનતા માનથી જુવે છે એ રીતે રાજ્ય કક્ષાના કે કેન્દ્ર કક્ષાના કાર્યકરો આવેલા તો કોઈ ને કોઈ જિલ્લામાંથી જ હશે. ત્યાં તેઓએ પણ ઉચ્ચ કક્ષાની સેવાની કાર્યવાહી કરેલ હશે. તેમ છતાં આજે રાજ્ય લેવલ કે કેન્દ્ર લેવલે જે કાર્યવાહી ચાલે છે તેનાથી આમ જનતા ત્રાહિમામ છે. તેઓની કાર્યવાહી કોઈ પણ સંજોગોમાં નિષ્કલંક તો ના જ કહી શકાય. તેઓ અનેક રીતે ખરડાયેલા હોય તેવું પીક્ચર ઉપસી આવે છે.

ગુજરાત કોંગ્રેસના આક્ષેપ પ્રમાણે ગુજરાતની ભાજપ સરકારે છેલ્લા કેટલાક વર્ષોમાં રૂ. એક લાખ કરોડના ગોટાળા કરેલ છે. કેગે પણ તેમના ઓડિટ રીપોર્ટમાં આ અંગે નોંધ કરેલ છે. અને તેથી જ હાલની સરકાર લોકાયુક્તની નિમણૂક થવા દેતી નથી.

*ખાંભી હંમેશાં ખપી જનારની જ રચાય છે.*

કર્ણાટકની અગાઉની ભાજપ સરકારની વાત કરીએ તો યેદીયુરપ્પા, એ ભાજપ સરકારના જ મુખ્યમંત્રી હતા. કર્ણાટકની ખાણોના ભ્રષ્ટાચારમાં યેદીયુરપ્પાની સંડોવણીને ત્યાંના લોકાયુક્તે પ્રકાશમાં આણી. તેમ છતાં ભાજપ યેદીયુરપ્પાને સસ્પેન્ડ કરવા તૈયાર નહોતો. બાદમાં જ્યારે ભાજપે કાર્યવાહી કરી ત્યારે ઘણું જ મોડું થઈ ગયેલ હતું અને તેના પરિણામે ભાજપ અને યેદીયુરપ્પા એમ બંનેને ઘર પકડીને બેસી રહેવાનો વારો આવ્યો.

વિવિધ રાજ્યોની કે કેન્દ્રની કોંગ્રેસ સરકાર પણ દૂધે ધોયેલી નથી. કેન્દ્ર સરકારના તો દરરોજ નવાને નવા ભોપાડા જાહેર થાય છે. રેલમંત્રી પવનકુમાર બંસલના ભાણિયાએ જે કાર્યવાહી કરી તે રેલમંત્રીની જાણ વગર તો ન જ થયેલ હોય. રેલવેની સમિતિમાં સ્થાન માટે જ્યારે કરોડોની લાંચ અપાય ત્યારે એ પોસ્ટ પરથી ભવિષ્યમાં કેટલા રૂપિયા બનાવી શકાય? અંતે આવું તો રેલવેની એકે એક ઉચ્ચ કક્ષાની પોસ્ટ માટે થયેલ હશે. રેલ મંત્રીનો સહકાર ન હોય તો ભાણિયાભાઈ આ પોસ્ટ ઉપર લોકોને બેસાડી કેમ શકે? જાહેર દબાણ વધતા છેવટે રેલમંત્રીને રાજીનામું આપવાની ફરજ પડી. એવી જ હકીકત કાયદા મંત્રી અશ્વીનીકુમારની છે. કોલસા કૌભાંડ (મનમોહનસિંહ પાસે આ ખાતું છે) નો સીબીઆઈએ તૈયાર કરેલ રિપોર્ટ જ આ મહાનુભાવે બદલી નાંખ્યો અને ત્યારબાદ તેને હાઈકોર્ટમાં રજૂ કરવામાં આવ્યો. પી.એમ. મંત્રાલય પણ આ કિસ્સામાં સંકળાયેલ હતું. વાત સ્પષ્ટ છે કે કોલસા ખાતું હોય કે રેલ ખાતું પરંતુ ખાયકી સત્તાપક્ષ કોંગ્રેસ તરફથી જ કરવામાં આવેલ છે. આ પ્રકારના તો ભૂતકાળના અનેક કૌભાંડો હજુ ઊભા જ છે.

**પ્રશ્ન એ થાય છે કે ભાજપ હોય કે કોંગ્રેસ અથવા અન્ય પક્ષો હોય પરંતુ રાજકીય ક્ષેત્રના આ કાર્યકરો આટલી ભ્રષ્ટાચારી આદરે છે શા માટે? તેઓને આટલા બધા નાણા જોઈએ છે શા માટે? સામાજિક કાર્યકરોની જેમ તેઓ પણ એજ માટીની પેદાશ છે. તો પછી તેમના સંસ્કારમાં આટલી બધી વિકૃતતા શા માટે? રાજકીય ક્ષેત્રના આજના મોટા ગજાના કાર્યકરે શરૂઆત તો નાના લેવલેથી જ કરેલ હશે. એ સમયે એ પણ સેવાની ભાવનાના રંગે રંગાયેલ હશે. તો પછી આગળ જતા તેઓ મહાભ્રષ્ટાચારી બને છે શી રીતે? ક્યાંક સીસ્ટમમાં - પદ્ધતિમાં તો ગરબડ નથી ને! આપણે તેનું પણ વિહંગાવલોકન કરવું જોઈએ.**

ભારત દેશમાં રાજકીય પક્ષ ચલાવવા બહુ જ નાણાની જરૂરત પડે છે અને ચૂંટણી આવે ત્યારે તો તેનાથી પણ વિશેષ નાણાની જરૂરત પડે છે. પક્ષ ચલાવવા અને ચૂંટણી જીતવા આ નાણા કાઢવા ક્યાંથી? કોણ આપે આટલા નાણા? આ નાણા ભ્રષ્ટાચારની રીતે જ પેદા કરી શકાય. ભ્રષ્ટાચારનું મૂળ અહીં દેખાય છે. કહેવાય છે કે તાજેતરની ગુજરાત રાજ્યની વિધાનસભાની ચૂંટણીમાં કચ્છના કાર્યકરોને રૂ. ૨૩ કરોડ એકત્રિત કરવાનો ઉપરથી હુકમ આવ્યો હતો અને તે બાબતનું અમલીકરણ પણ કરવામાં આવેલ હતું. આ પ્રકારની પરિસ્થિતિ સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રવર્તી રહેલ હતી. એજ રીતે કેન્દ્રની ચૂંટણી સમયે સમગ્ર દેશમાં આ પ્રકારની પરિસ્થિતિ ઉત્પન્ન થતી હશે. પક્ષ ચલાવવા અને ચૂંટણી લડવા જે નાણા જોઈએ છે તેજ ભ્રષ્ટાચારની જનેતા છે. આ ક્ષેત્રમાં રહેલ એકેએક કાર્યકરે આ ભ્રષ્ટાચારીમાં ઝંપલાવ્યા વગર બીજો કોઈ ઉપાય જ નથી. ફરજિયાતપણે તેમણે ભ્રષ્ટાચારી બની જવું પડે છે.

ભ્રષ્ટાચાર ઉત્પન્ન થવાનો પ્રશ્ન આ પ્રથાનો છે. આ પદ્ધતિનો છે. તેમાંથી સમગ્ર દેશને બહાર કાઢવા શાણા માણસે વિચારણા કરવી જોઈએ.

શું એ વાતનો અમલ કરી શકાય કે રાજકીય પક્ષ ચલાવવા અને ચૂંટણી લડવા કેન્દ્ર જ નાણા ફાળવે. દરેકને પોતાની હેસીયત પ્રમાણે કેન્દ્રમાંથી અધિકૃતપણે આ નાણા ફાળવવામાં આવે કે જેથી કોઈ પણ પક્ષ કે તેના કાર્યકરને ભ્રષ્ટાચારી પ્રથા પેદા કરવાની જરૂરિયાત જ ના રહે? આ હકીકત ખૂબ જ અભ્યાસ માંગે છે.

અન્ય રસ્તો છે અમેરિકાની જેમ પ્રમુખ પદ્ધતિનો. પણ તેવા સંજોગોમાં પણ પક્ષ ચલાવવા નાણા તો જોઈએ જ. એ નાણા પણ કેન્દ્રએ જ ફાળવવા પડે.

એક ત્રીજો વિકલ્પ પણ વિચારવા જેવો છે. ગામની પ્રજા ચૂંટણી કરીને ગ્રામપંચાયત બનાવે. જે તે તાલુકાની ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયત બનાવે. જે તે જિલ્લાની તાલુકા પંચાયતો જિલ્લા પંચાયત બનાવે. જે તે પ્રદેશની જિલ્લા પંચાયતો વિધાનસભા બનાવે. અને વિધાનસભા પ્રધાન મંડળ રચે.

એ જ રીતે વિધાનસભાના જ પક્ષો જે તે પક્ષની સ્ટ્રેન્થ પ્રમાણે પોતાના સભ્યોને લોકસભામાં મોકલે અને લોકસભા કેન્દ્રનું પ્રધાનમંડળ રચે.

અથવા તો આ પ્રકારની અન્ય કોઈ યોજના પણ વિચારી શકાય.

**આ પ્રશ્ને દરેકે વિચારણા કરવી જોઈએ. સમૂહમાં ચર્ચા કરવી જોઈએ. એક મત પ્રદર્શિત થવો જોઈએ. અવાજને બુલંદીએ પહોંચાડવો જોઈએ. પ્રથામાં ધરમૂળથી ફેરફાર થાય ત્યાં લગી આ પ્રશ્નને વિસરવા ના દેવો જોઈએ.**

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

*આપણે આપણી જિંદગીને જેટલી વધારે જટિલ બનાવીશું એટલા આપણે અસંતુષ્ટ રહીશું. – અભિનવ બિંદ્રા*

# સ્ત્રીઓ ઉપરના અત્યાચાર
## કેટલાક અભ્યાસ અને તેનાં તારણો

• મગનલાલ સંઘવી •

છેલ્લા ત્રણેક મહિના દરમ્યાન યુવતીઓ અને બાલિકાઓ ઉપરના દુષ્કર્મના કિસ્સાઓ બહાર આવવાના કારણે ભારતભરમાં સારા પ્રમાણમાં જાગૃતિ આવી. સરકાર પણ જાગી અને કડક કાયદો કરી પીડિતોને સમયસર ન્યાય મળે એ માટે યોગ્ય બંદોબસ્ત પણ થયો. આ બધાનો યોગ્ય અમલ થાય એવી આશા રાખીએ.

આ બાબતમાં દરેક જગ્યાએ ઘણું લખાયું છે. એટલે એ બધાનું પુનરાવર્તન ન કરતાં થોડાક અલગ જ પાસાઓ ઉપર ધ્યાન દોરવા માગું છું.

### (૧) "સંદેશ" તા. ૧૭-૩-૨૦૧૨ની રવિ પૂર્તિ

ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ પોપ્યુલર સાયન્સીઝના શ્રીમતી મલ્લિકા એલેકઝાન્ડર દ્વારા મુંબઈ અને પૂણેની ૧૫થી ૨૪ વર્ષની છોકરીઓનો સર્વે કરેલો. વિષય હતો "લગ્ન પૂર્વેના જાતીય અથવા શારીરિક સંબંધો." આ સર્વેના તારણો :

મોટા શહેરોના આધુનિક વાતાવરણમાં પરસ્પર બોયફ્રેન્ડ કે ગર્લફ્રેન્ડ હોય એ એક ફેશન થઈ ગઈ છે. મૈત્રીની સાથે ઘણાય કિસ્સાઓમાં શરીર સંબંધો બંધાતા હોય છે. પ્રથમ દૃષ્ટિએ થાય કે પરસ્પર સંમતિથી થાય એમાં કોઈ શું કરે? પણ એવું નથી.

આ સર્વેમાં આમાંની ૩૦% છોકરીઓએ ફરિયાદ કરી કે પુરુષમિત્રે દાદાગીરીથી, એકાંતનો લાભ લઈને જબરદસ્તી પણ કરી હતી! ઉપરાંત મણિબેન કે જૂનવાણી ગણાઈ જવાના ડરથી, લગ્નનું વચન મળ્યું હોય તો લગ્ન નહિ કરે અથવા છોડી દેશે એવા ડરથી છોકરીઓ તાબે થાય છે. આમાં ગર્ભ રહી જવાના અને પરિણામે ગર્ભપાતના કિસ્સા પણ બને છે. જેમાં શરીરને તો નુકસાન થાય જ છે, પણ ક્યારેક જીવનું જોખમ પણ થઈ શકે છે. આમાંની ૯% છોકરીઓએ તો બળાત્કારની ફરિયાદ કરી!

આ તારણો જાણ્યા પછી પહેલો પ્રતિભાવ તો એ જ આવે કે આ છોકરીઓ જ બેવકૂફ બને તો કોઈ શું કરી શકે? તેઓ પોતાના માતા-પિતાને ફરિયાદ કેમ નથી કરતી?

ધારોકે છોકરીએ કુટુંબમાં બળાત્કારની જાણ કરી, અથવા થઈ, તો શું થશે? રૂઢીચુસ્ત કુટુંબ સૌથી પહેલાં છોકરી ઉપર જ પસ્તાળ પાડશે! તેનો અભ્યાસ બંધ કરી દેવામાં આવશે. કિસ્સાને દબાવી દેવાનો ભરચક પ્રયત્ન કરી છોકરીને વહેલી તકે પરણાવીને છૂટકારો મેળવશે. કુટુંગ ગમે તેવું આધુનિક હશે તો પણ મોટાભાગે કિસ્સાને દબાવવાનો જ પ્રયત્ન થશે કારણ આપણો સમાજ, પીડિતાને જ દોષ આપે છે. છોકરીનું કૌમાર્યભંગ થયાની વાત જાહેર થતાં જ સમાજમાં તેના ભવિષ્ય સામે પ્રશ્નાર્થ મૂકાઈ જાય છે. કોઈ કુટુંબ હિંમત કરીને ફરિયાદ કરી છોકરાને સજા અપાવે તો પણ છોકરીને ભાગે તો સહન કરવાનું રહે જ છે.

*આગળ જોઈએ....*

### (૨) "સંદેશ" તા. ૧-૪-૨૦૧૩માં શ્રીમતી મેનકા ગાંધી

રાજધાની દિલ્હીમાં "સાક્ષી" સંસ્થાએ ત્યાંની ૩૫૭ શાળાઓમાં વિદ્યાર્થિનીઓની જાતીય સતામણી બાબત સર્વે કરતાં જાણવા મળ્યું કે ૬૭% છોકરીઓ એક યા બીજી રીતે જાતીય સતામણીનો ભોગ બની હતી અને એમાંથી ૩૦% જેટલા કિસ્સાઓમાં તો કુટુંબની અથવા જાણીતી વ્યક્તિઓ જ જવાબદાર હતી!

અહીં આપણા કુટુંબોની માનસિકતા અને બેદરકારી છતી થાય છે. બાળાઓને થોડી પ્રાથમિક જાણકારી કે ચેતવણી પણ અપાતી નથી. અસલ તો આવી બાબતોની ચર્ચા જ કુટુંબોમાં નિષેધ હોય છે અને ફરિયાદ કુટુંબના સભ્ય વિરૂધ્ધ કરવાની હિંમત છોકરીઓ ભાગ્યે જ કરે. આમ કેટલાય કુટુંબોમાં આવું શોષણ, જેમાં છોકરાઓનું પણ થતું હોય છે (આમીર ખાનનું 'સત્યમેવ જયતે' યાદ કરો...) બેરોકટોક ચાલે છે અને મા-બાપ શાહમૃગવૃત્તિથી બધું સલામત માન્યા કરે છે. કુટુંબમાં એવું વાતાવરણ હોય કે બાળકો મા-બાપને ખુલ્લી રીતે બધી ફરિયાદ કરી શકે અને મા-બાપ કે વડીલો સાવધાન રહે તોજ આવા બનાવો અટકે.

*આગળ વધીએ....*

### (૩) "રીડર્સ ડાઈજેસ્ટ" ફેબ્રુઆરી-૨૦૧૩

ઘરેલુ હિંસાની બાબતમાં "UNICEF" સંસ્થા દ્વારા વિશ્વભરમાં ૧૫થી ૧૯ વર્ષના છોકરાઓનો સર્વે :

તેઓને પૂછવામાં આવ્યું કે જુદા જુદા કારણોસર પતિ તેની પત્નીને શારીરિક શિક્ષા કરે તો યોગ્ય ગણાય?

કારણોમાં 'રસોઈ બરાબર ન હોય, સામે દલીલો કરે, કહ્યા વગર બહાર જાય, બાળકોની સંભાળ ન રાખે, શરીર સંબંધમાં સહકાર ન આપે' – આવા અને અન્ય કારણોસર.

ભારત સહિત એશિયા આફ્રિકાના ૧૪ દેશોના ૫૦% ઉપર છોકરાઓએ આ સવાલનો જવાબ 'હા'માં આપ્યો! ભારતના ૫૭%!

અને આ જવાબ કોઈ પ્રૌઢ, વૃધ્ધ વ્યક્તિઓએ નહિ પણ ઉગીને ઊભા થતા છોકરાઓએ આપ્યો!

નવી પેઢી પાસેથી શું આશા રાખીશું? આ છોકરાઓને દોષ આપી શકાય? આનો ચોખ્ખો અર્થ એ જ થાય છે કે ભારતના ૫૦થી ૬૦% ઘરોમાં પત્નીઓ બાળકોની હાજરીમાં જ શારીરિક શિક્ષાનો ભોગ બને છે, પછી બાળકોનો જવાબ આવો જ હોય.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૫૬ ઉપર)**

*જિંદગીની સાદી સીધી બાબતોમાંથી આનંદ મેળવતા શીખવું જોઈએ.*

# વાસ્તુશાસ્ત્રથી નહીં વસ્તુશાસ્ત્રથી સુખ મળી શકે

• દિનેશ પાંચાલ •

વાસ્તુશાસ્ત્રમાં 'પોઝીટીવ ઍનર્જી' અને 'નૅગેટીવ ઍનર્જી' આ બે શબ્દો વારંવાર સાંભળવા મળે છે. સત્ય એ છે કે પોઝીટીવ - નૅગેટીવ જેવું ખરેખર કાંઈ હોય તો તે બહાર નથી હોતું, માણસની અંદર જ હોય છે. કરવો જ હોય તો એનો એવો અર્થ કરી શકાય પોઝીટીવ ઍનર્જી એટલે સદ્‌બુદ્ધિ અને નૅગેટીવ એનર્જી એટલે દૂર્બુદ્ધિ ...! સમજો તો ઝટ સમજાય એવી વાત એ છે કે વાસ્તુશાસ્ત્ર કરતાં 'વસ્તુશાસ્ત્ર'માં માનવીનું વિશેષ કલ્યાણ રહેલું છે. વસ્તુશાસ્ત્ર એટલે ભૌતિક સુખો... અર્થાત્ માણસને રહેવા માટે ઘર મળે તે જરૂરી છે. પછી એ ઘરમાં તે પૂર્વ તરફ રસોડું રાખે કે પશ્ચિમ તરફ ... કોઈ ફરક પડતો નથી. પગમાં પહેરવા માટે પગરખાં મળી રહે તેટલું પૂરતું છે. એ પગરખાને દરવાજાની ડાબી બાજુએ મૂકો કે જમણી બાજુએ... કોઈ ફરક પડતો નથી. મંદિર ઘરની ગમે તે દિશામાં મૂકો પણ દિલમાં રામ ન વસે ત્યાં સુધી તેનો કોઈ ફાયદો નથી. તિજોરી ઘરના ગમે તે ખૂણામાં મૂકો પણ પૈસા કમાવાનો પુરૂષાર્થ સાચી દિશામાં નહીં થાય ત્યાં સુધી લક્ષ્મીદેવીને તમારા ઘરનો રસ્તો મળશે નહીં.

ઘર બાંધતી વખતે વાસ્તુશાસ્ત્ર કરતાંય વિજ્ઞાનશાસ્ત્રનો ખ્યાલ રાખવો વધુ હિતાવહ છે. જેમકે પ્રકાશ, ગરમી, વરસાદ, ઠંડી, પવન, તડકો, ધૂળ વગેરેથી ઘરને સુરક્ષિત રાખી શકાય એ રીતે ઘરના બારી-બારણા, ફર્નીચર, પડદા, વગેરે ગોઠવવામાં આવે તે જરૂરી છે. પરંતુ તમે 'મ્યુઝિકવિન્ડ' અગાસીને બદલે માળિયામાં લટકાવશો તો તે વાગી શકશે નહીં. મ્યુઝિક વિન્ડ માટે પવન અને પ્રગતિ માટે પરિશ્રમ જરૂરી હોય છે.

બચુભાઈ કહે છે : 'માથુ પૂર્વમાં રાખીને સુઓ કે પશ્ચિમમાં પણ માથામાં 'ભંડોળ' હોય તો જ સુખી થવાય છે. શયનખંડ ઈશાનમાં હોય કે અગ્નિમાં પણ નોકરી ધંધો કર્યા વિનાનો માણસ આળસુ બની ઘરમાં પડી રહેતો હોય તો પત્નીના દિલમાં બારે દહાડા અગ્નિ સળગતો રહેશે. સુવાની દિશા બદલવાથી નહીં પણ વિચારોની દિશા બદલવાથી અવદશા બદલી શકાય છે. તમે ઉત્તરમાં (કે દક્ષિણમાં) પગ રાખીને બરાબર સુતા હો પણ એ પગ સવારે નોકરી ધંધાની દિશામાં જવાને બદલે દારૂ જુગારના અડ્ડા પર જતા હોય, તો વાસ્તુશાસ્ત્ર તમને બચાવી શકશે નહીં.

સંતાનો સારા માર્કસે પાસ થઈ જાય તે માટે તેમનો રીડીંગરૂમ કે દફ્તર અમુક ખૂણામાં હોવા જોઈએ. પણ દફ્તર યોગ્ય ખૂણામાં ગોઠવ્યા બાદ છોકરાઓ હંમેશાં ટીવીવાળા ખૂણામાં ગોઠવાતા હોય તો ફાયદો થઈ શકતો નથી. સ્ટોરરૂમ ગમે ત્યાં હશે તે ચાલશે પણ તેમાં તેલ-ઘી-અનાજને બદલે બંદૂકો, દારૂગોળો, હથિયાર, ચરસ, ગાંજો, અફીણ વગેરે ભર્યા હશે તો ગમે ત્યારે પોલીસ કસ્ટડીના મહેમાન બનવું પડશે. તાત્પર્ય એટલું જ, ઈશાન-અગ્નિ-નૈઋત્ય કે વાયવ્યથી નહીં પણ બુદ્ધિ, પરિશ્રમ, પ્લાનિંગ અને કૌશલ્યથી સુખી થઈ શકાય છે. છતાં હજીય તમને વાસ્તુશાસ્ત્રમાં વિશ્વાસ હોય તો એક કામ કરો. જે વાસ્તુશાસ્ત્રીએ પોતાનું ઘર વાસ્તુશાસ્ત્ર પ્રમાણે બનાવ્યું હોય તેમના જીવનની કિતાબને બારીકાઈથી તપાસો અને એ માહિતી મેળવો કે શું તેના જીવનમાં કોઈજ દુઃખ નથી આવતા? શું તે ચોવીસ કલાક સુખશાંતિમાં જીવન વિતાવે છે? તેના છોકરાં હંમેશાં ફર્સ્ટ ક્લાસમાં જ પાસ થાય છે? તેને ત્યાં ડૉક્ટરોના ખર્ચા નથી આવતા? ઝઘડા નથી થતા?

બચુભાઈ કહે છે : 'જે વાસ્તુશાસ્ત્રીને ત્યાં વાડી, ગાડી અને બંગલો હોય તો નક્કી માનજો કે વાસ્તુશાસ્ત્રના પ્રતાપે જ તે શક્ય બન્યું છે. (પરંતુ વાસ્તુશાસ્ત્રની સફળતાથી નહીં પણ તેની ધરખમ કમાણીથી તેનો ભાગ્યોદય થયો છે એવો સૂચિતાર્થ તારવજો.) હજારો લોકોના રસોડાં તૂટે ત્યારે એક જણનો બંગલો બંધાય છે. બીજા શબ્દોમાં કહીએ તો મુડદાના ગામમાં કફનનો વેપારી ભૂખે નથી મરતો. દોસ્તો, એક સત્ય સૌને જેટલું જલદી સમજાય તેટલું સારું. સુખ પૂર્વ-પશ્ચિમ કે ઉત્તર-દક્ષિણમાં સુવા બેસવાથી નથી મળી શકતું. સુખસમૃદ્ધિ ચારે દિશામાં પરિશ્રમ કરવાથી મળી શકે છે. સમાજમાં માણસની શાખ અને 'શાન' ઠેકાણે હોય તો ઈશાન કશું બગાડી શકતો નથી. પરંતુ માણસ ગેરકાનૂની ધંધા કરતો હોય, દારૂ જુગારના અડ્ડા ચલાવતો હોય, આતંકવાદીઓ સાથે મળેલો હોય અને વ્યસનોમાં ગળાડૂબ રહેતો હોય તો દશે દિશામાંની કોઈ દિશા તેની અવદશા અટકાવી શકશે નહીં. માણસની જબાન કડવી હોય, વર્તણૂક ખરાબ હોય, બુદ્ધિ ના હોય અને મહેનત કરવાની વૃત્તિ ના હોય. વધારામાં દેવું કરીને જલસા કરવાની ઉડાઉગીરી કરતો હોય તો એવા સત્યવાનોને કોઈ સાવિત્રી બચાવી શકતી નથી. શોધવા નીકળશો તો વાસ્તુશાસ્ત્ર વિના સુખી થયેલા લોકો મોટી સંખ્યામાં મળી આવશે. તેમના જીવન પર દૃષ્ટિપાત કરીશું તો સમજાશે કે અમુક તમુક દિશામાં સુવા બેસવાથી નહીં પણ સઘળી દિશામાં પરિશ્રમ કરવાથી તેઓ સુખી થઈ શક્યા છે. અઝીમ પ્રેમજી, મુકેશ અંબાણી, અનિલ અંબાણી વગેરે એના ઉદાહરણો છે.

સુખી થવા માટે થોડાક મુદ્દાઓ અંગે વિચાર કરવા જેવો છે. તમે ભલે પૂર્વમાં (એટલે કે ભારતમાં) રહો પણ પશ્ચિમી દેશોની જેમ કઠોર પરિશ્રમ કરશો તો વાસ્તુશાસ્ત્ર વિના પણ સમૃદ્ધિની દેવી તમારા ઘરમાં પ્રવેશી શકશે. આજે અનેક વિટંબણાઓથી ભરેલા જીવનમાં પાર વિનાના પ્રશ્નો હોય છે. તે સૌનો ઉકેલ ઘરનું ફર્નિચર, તિજોરી કે મંદિર અમુક ખૂણામાં ગોઠવી દેવાથી આવી જતો

*મૌન એ વ્યક્તિ પોતાની જાતને આપી શકે તેવી સર્વશ્રેષ્ઠ ભેટ છે.*

નથી. સંસારની સમસ્યાઓ ઉકેલવાની તમારામાં સૂઝ સમજ કેટલી છે તેના પર આધાર રહે છે. ગમે તે દિશામાં સુઓ પણ ભીતરથી જાગતા રહો તો સારા નરસાનો ભેદ પારખીને અવળે માર્ગે જતા અટકશો. રોજરોજના સાંસારિક કલહથી તમારૂં જીવન ખરાબે ચડી ગયું હોય તો સ્વભાવ સુધારવો પડે. જીવનશૈલી બદલવી પડે. શોધી શોધીને દોષો દૂર કરવા પડે. યાદ રહે જીવનની સમસ્યાઓ એટલી આસાન હોતી નથી કે અમુક તમુક દિશામાં પગ રાખીને સુવાથી તેનો ઉકેલ મળી જાય. માણસ કઈ દિશામાં સુએ તેનાથી નહીં પણ ઊઠ્યા પછી કઈ દિશામાં જાય તે પર તેની સુખ સમૃદ્ધિનો આધાર રહેલો છે.

આપણે ત્યાં વાસ્તુશાસ્ત્રનું લોકોને એવું ઘેલું લાગ્યું છે કે આખેઆખા ઍપાર્ટમેન્ટો હવે વાસ્તુશાસ્ત્ર પ્રમાણે બાંધવામાં આવે છે. સોસાયટીનું બાંધકામ ચાલતું હોય ત્યાં ઘણે ઠેકાણે મેં બોર્ડ વાંચ્યાં છે : 'આ સોસાયટીના તમામ બંગલાઓનું બાંધકામ વાસ્તુશાસ્ત્ર પ્રમાણે કરવામાં આવ્યું છે' આમ જ ચાલ્યું તો ભવિષ્યમાં સ્મશાનો પણ વાસ્તુશાસ્ત્રના નિયમો પ્રમાણે બનાવાશે. (મૃતદેહને અમુક તમુક દિશામાં પગ કે માથુ રાખીને બાળશો તો મરનારને સ્વર્ગ મળશે એવો પ્રચાર શરૂ થશે) બલકે અમુક તમુક દિશામાં માથુ રાખીને મડદાને બાળવાથી તેને અપાર માનસિક શાંતિ મળે છે એવું કહેનારાઓ પણ નીકળશે.

ચાલો, આપણે બુદ્ધિપૂર્વક એ સમજવાની કોશિષ કરીએ કે વાસ્તુશાસ્ત્રથી જીવનમાં સુખશાંતિ, સમૃદ્ધિ અને આર્થિક ઉન્નતિ થઈ શકતી હોત તો આપણે ત્યાં દર દસમુ ઘર વાસ્તુશાસ્ત્ર પ્રમાણે હોય છતાં અહીં આટલા દુ:ખો કેમ છે? અને અમેરિકામાં વાસ્તુશાસ્ત્રનું નામોનિશાન નથી છતાં તેઓ આટલા સુખી કેમ છે? દોસ્તો, ગંભીરતાથી વિચારો તમારે અંધશ્રદ્ધા સિવાય (અને વાસ્તુશાસ્ત્રીઓએ ધંધા સિવાય) કશું ગુમાવવાનું રહેતું નથી.

### ધૂપછાંવ

*અરવિંદભાઈએ બચુભાઈને પ્રશ્ન કર્યો. 'પોઝીટીવ એનર્જી' અને 'નેગેટીવ એનર્જી' નો અર્થ શો થાય? જવાબમાં બચુભાઈ બોલ્યા : 'જાજરુનું ટબ દક્ષિણ દિશામાં હોય તો ઘરમાં બધાંને કબજિયાત રહે એમ માનવું તે નેગેટીવ એનર્જી કહેવાય ... અને આહારમાં ફળ, દૂધ, લીલા શાકભાજી વગેરે વધારે લેવાથી કબજિયાતમાં રાહત થાય એમ માનવું તેને પોઝીટીવ એનર્જી ગણાય! તેમણે આગળ ઉમેર્યું : 'કબજિયાત દૂર કરવા માટે નબળા આંતરડાનો ઔષધિય ઉપાય કરવાને બદલે સંડાસના ટબની દિશા બદલવી તે એવી નાદાની છે, માનો હૃદયરોગ આવતો અટકાવવા માટે માણસ પલંગ નીચે કાર્ડિયોગ્રામનું મશીન રાખીને સુએ...!'*

***સી/૧૨, મજૂર મહાજન સોસાયટી, ગણદેવી રોડ, જમાલપોર***
***નવસારી - ૩૯૬ ૪૪૫. મો. : ૯૪૨૮૧ ૬૦૫૦૮***

ડિગ્રી મેળવી શકાય છે. લાયકાત અને આવડત કેળવી શકાય છે. જ્યાં લાયકાત, આવડત અને મેળવેલ ડિગ્રીનો સમન્વય થયો છે ત્યાં સારા અને સવાયા પરિણામો આવે છે.

**આ જગમાં થોડા મલે!**

**જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી**
**પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!**
**લખે લહિયા અનેક, ટેવના પરિણામથી**
**મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!**

*– રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*

**Viketa**
**Electronics**
**An ISO 9001-2000 COMPANY**
**MANUFACTURERS OF ELECTRICAL PANEL BOARDS**
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
**Phone : 02646-226257 Fax : +91-2646-252759**
**Mobile : 9824101111, 9824762141**
**E-mail : viketa53@rediffmail.com**

**કચ્છજો માડુ...**

**કચ્છજો માડુ ભુખ્ખ સૈંયેં ડુખ્ખ સૈંયેં, પણ કટીયેં ન પિંઢજો કંધ;**
**માડુ મીળે હૈંમથ વારા, તડેં રશ્મિન્ પુજેતાં પિંઢજે પંધ.**

*– રશ્મિન્ ખોના (મુંબઈ)*

**MAYUR PEER**
**NATIONAL ENTERPRISES**
**CLEARING, FORWARDING**
**SHIPPING & TRANSPORT AGENT**
277, Sahid Bhagat Singh Road, 1st Floor,
Suite No. 16, Hansraj Damodar Trust Building,
Fort, Mumbai-400 038.
**Tel. : (022) 2266 3097, 3254 7879**
**Fax : (022) 2267 3098**
**E-mail : mumbai@burleighintl.com**
**E-mail : mp@nealmp.com**
**Website : www.burleighintl.com**
**Website : www.nealmp.com**

# જન્માક્ષર

• શાંતિલાલ સંઘવી •

આજની એકવીસમી સદીમાં પણ લગભગ તમામ સામાજિક રીતરિવાજોમાં તથા કેટલાક ધાર્મિક ગણાતા રિવાજોમાં જૈનો વૈદિકોનું અનુકરણ શા માટે કરે છે તે વાત ઘણી મથામણ કર્યા પછી પણ મને સમજાતી નથી. બધા જ જાણે છે કે સૂર્યદેવ, ચંદ્રદેવ, અગ્નિદેવ, વાયુદેવ કે વરૂણદેવ એ કોઈ હાથપગને નાક કાનવાળા દેહધારી દેવો નથી પણ પ્રાકૃતિક તત્ત્વો છે. જૈનોના લગ્ન અગ્નિની સાક્ષીએ શા માટે? અગ્નિ પવિત્ર પણ નથી કે અપવિત્ર પણ નથી, એ માત્ર અગ્નિ છે, જડ છે. જૈનોએ લગ્ન ક્યારે કરવા એ બ્રાહ્મણોને પૂછવાની શી જરૂર? લગ્ન આપણે કરવાના છે તો તે આપણી અનુકૂળતા અને સંજોગો પ્રમાણે કેમ ન થઈ શકે? સમૂરતા અને કમૂરતા તથા શુભ દિવસ અને શુભઘડીની વેવલાઈ શા માટે?

હજુ આજે પણ લગ્નની કેટલાક જાહેરાતોમાં નીચે લખેલ હોય છે. "જન્માક્ષરમાં માનીએ છીએ"

જૈન યુવાનો અને યુવતીઓ વિરોધ કેમ નથી કરતા? વિદ્રોહ કેમ નથી કરતા? એવું કેમ નથી કહેતા કે અમે જે છોકરો/છોકરી પસંદ હશે એને પરણીશું, તમારા જન્માક્ષરો પડે ઊંડા ખાડામાં. શા માટે યુવાનો અને યુવતીઓ ઘેટાંની જેમ વર્તે છે?

અત્યારે લોહશાહીનો યુગ છે. માત્ર 'ના' કહેવાથી કામ ન પણ ચાલે. એ માટે વડીલો સામે મજબૂત પુરાવા રજૂ કરવા પડે. ઉપર 'જન્માક્ષર'ની વાત લખી છે. જે 'જન્માક્ષર'માં માને છે એને પૂછી શકાય કે વાલ્મીકિની રામકથા અનુસાર દશરથ રાજાને સાડા ત્રણસો રાણીઓ હતી. આ ૩૫૦ રાણીઓ જન્માક્ષર મેળવીને દશરથને પરણી હતી? જો શિવધનુષ રામ સિવાય બીજા કોઈકે તોડ્યું હોત તો સીતા તેને પરણી હોત - જન્માક્ષર જોયા વગર. અને જો મત્સ્યવેધ અર્જુન સિવાય બીજા કોઈએ કર્યો હોતતો દ્રૌપદી તેને પરણી હોત - જન્માક્ષર મેળવ્યા વગર. ભગવાન મહાવીર જન્માક્ષર મેળવીને પરણ્યા હતા? કૃષ્ણ ભગવાન આઠ રાણીઓને જન્માક્ષર મેળવીને પરણ્યા હતા? આ દલીલને ખૂબ લંબાવી શકાય એમ છે. જન્માક્ષરમાં - કુંડળીમાં માનનારાને પૂછો કે પૂરેપૂરા ૪૫ આગમ ગ્રંથોમાંથી માત્રને માત્ર એક વાક્ય શોધી આપો, રામાયણમાંથી, મહાભારતમાંથી, ભાગવતમાંથી માત્ર એક વાક્ય શોધી આપો જેમાં જન્માક્ષર મેળવીને સગાઈ કરવાની વાતનું સમર્થન કરેલું હોય. આટલી મજબૂત દલીલો સામે ધર્યા પછી પણ નહી સમજનારા નહીં જ સમજે. પછી છેલ્લે વિદ્રોહ કર્યા વગર છૂટકો રહેતો નથી.

હું ઈચ્છું છું કે આપણે બધા એટલે કે આપણો સમગ્ર સમાજ રૂઢિચુસ્ત પરંપરાવાદી ન બનતાં રેશનાલિસ્ટ (બુદ્ધિવાદી) બની રહે. છેલ્લે ખલીલ ધનતેજવીનો એક મુક્તક :

*ચાલ, પર્વત પર ચડીને ખૂબ ચીસો પાડીએ*
*જો આ સન્નાટો ના તૂટે તો તિરાડો પાડીએ*
*ને 'ખલીલ' એવું કશુંક કરીએ કે સૌ ચોંકી ઊઠે*
*થઈ શકે તો ચાલ પરપોટામાં ગોબો પાડીએ.*

*આર.એચ.-૨, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ.*
*કાશીરામ અગ્રવાલ હોલની પાસે*
*અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ફોન : ૨૬૩૦૧૭૨૯*

## સ્ત્રીઓ ઉપરના અત્યાચાર

**(અનુસંધાન : પાના નં.-૫૩ ઉપરથી ચાલુ)**

આ બધી નક્કર હકીકતો જોતાં પ્રથમ દૃષ્ટિએ નિરાશ થવા જેવું લાગે, પણ એવું તો નથી જ. તાજેતરના બનાવોમાં ભારતભરના યુવા વર્ગનો આક્રોશ જોતાં એમ કહી શકાય કે જાગૃતિ સારા પ્રમાણમાં આવી છે, પણ યુવાનોનો આ આક્રોશ ખોટી જગ્યાએ વેડફાઈ રહ્યો છે. પોલીસ અને સરકારને ગુનેગાર ઠરાવવાનું કામ સહેલું છે, પણ મૂળ ગુનેગાર આપણા પોતાના કુટુંબો અને આપણો પોતાનો સમાજ છે. સરકાર ઘેર ઘેર પોલીસ ન બેસાડી શકે. અફસોસની વાત એ છે કે આ યુવાઓના આક્રોશને યોગ્ય દિશા તરફ વાળનાર કોઈ નથી. વિરોધ સરઘસો કાઢવા અને મીણબત્તીઓ જલાવી શ્રધ્ધાંજલિઓ આપવાથી કામ પતી જતું નથી. આ પરિસ્થિતિમાં મા-બાપથી લઈને ન્યાયતંત્ર સુધી બધાની જવાબદારી બને છે. ધર્મગુરુઓ અને ધાર્મિક વડાઓની વાત જ કરવા જેવી નથી.

આ બાબતમાં કોણે શું કરવું જોઈએ, શું ન કરવું જોઈએ, કયા સુધારા કરવા જોઈએ, કયા પ્રતિબંધો લાદવા જોઈએ એ બાબત એટલી બધી ચર્ચાઓ થઈ છે કે ફરીથી અહીં તેનું પુનરાવર્તન કરવાનો અર્થ નથી. એટલું જરૂર કહેવું જોઈએ કે મૂળમાંથી જ શરૂઆત થવી જોઈએ. ઘરેલુ હિંસા સામે કાયદો બન્યો જ છે, પણ તેની જાણકારી બધી જગ્યાએ અપાય અને કાયદાનો અમલ થાય તે માટે સ્ત્રી સંસ્થાઓને જ સઘન પ્રયત્નો કરવાની જરૂરત પડે. શિક્ષણમાં જેમ માતૃ મહિમાના સંસ્કાર અપાય છે તેમ પ્રાથમિક કક્ષાએથી જ ભવિષ્યની માતાઓની ઈજ્જત કરવાના સંસ્કાર અપાય તથા માધ્યમિક કક્ષાએ યોગ્ય રીતે અને યોગ્ય પ્રમાણમાં જાતીય શિક્ષણ અપાય અને સાથે તેના ભય સ્થાનોથી પણ માહિતગાર કરાય એ ખાસ જરૂરી છે.

હાલમાં ઉપરાઉપરી આવા બનાવો જાહેરમાં આવવા લાગ્યા છે એ જોઈને કેટલાયે લોકોના મતે "હળાહળ કળિયુગ આવ્યો છે." શું ખરેખર? આ લોકોએ જાણવું જોઈએ કે ભારતમાં સ્ત્રીઓનું શોષણ અનાદિકાળથી થતું આવ્યું છે! આ એક અલગ લેખ જેવડો વિષય હોઈ તેની ચર્ચા અહીં નહીં કરીએ પણ એટલું જરૂર કહી શકાય કે કળિયુગ આવ્યો નથી, પણ જઈ રહ્યો છે! સીતા અને દ્રૌપદીને (માગ્યા છતાં પણ) ન્યાય નહોતો મળ્યો. આજે સામાન્ય સ્ત્રી ન્યાય માંગી શકે છે, ન્યાય વહેલો મોડો મળે પણ છે અને ગુનેગારોને સજા પણ થાય છે. હા, ક્યાંક નાણા કે લાગવગનું જોર ચાલતું હશે.

એટલે નિરાશ થવાની જરાય જરૂર નથી. પરિવર્તન ધીમા પણ મક્કમ પગલે આવી રહ્યું છે, જેને કોઈ રોકી નહિ શકે. અલબત્ત સામાજિક પરિવર્તન થોડો સમય માંગે છે, પણ જે રીતે સંચાર સાધનો (કોમ્યુનિકેશન)નો વિકાસ થયો છે એ જોતાં બહુ લાંબો સમય પણ નહિ લાગે.

*ત્રિવેણી બંગલો,*
*એચ.પી. પેટ્રોલ પંપ પાસે, બોડકદેવ,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : ૨૬૮૭૧૯૨૫*

# આપરો જે.આર.ડી.

**સંભારણાની સફર : મણકો-૨**

• ડૉ. સુધા મૂર્તિ (અનુવાદ : સોનલ મોદી) •

મારી ઑફિસની એક દીવાલ પર બે ફોટા લટકે છે. તે બંનેની સામે જોઈને જ હું મારો દિવસ શરૂ કરૂં છું. ફોટા બે વયોવૃદ્ધ વ્યક્તિઓના છે. પહેલો ફોટો રંગીન છે. બ્લુ સૂટમાં સજ્જ એક નખશીખ સજ્જનનો તથા બીજો બ્લેક એન્ડ વ્હાઈટ ફોટો છે. સફેદ ફરફરતી દાઢી તથા સ્વપ્નીલ આંખોવાળા એક વૃદ્ધનો.

મારી ઑફિસમાં આવતા ઘણા મુલાકાતીઓ મને પૂછે, 'મેડમ, આ તમારા કોઈ સંબધી છે?' બ્લેક એન્ડ વ્હાઈટ ફોટો જોઈને વળી એક ડગલું આગળ વધીને પૂછે, 'આ તમારા ગુરૂ છે? કયા સંત-મહાત્મા છે?'

હું તરત જ કહું, 'ના ભાઈ ના, આમાંથી એકેય મારાં સગાં-સંબંધી કે ગુરૂ નથી.'

તરત પ્રતિપ્રશ્ન આવે, 'તો પછી રોજ એમની સામે જોઈને જ કેમ દિવસ શરૂ કરો છો?'

'એનું કારણ છે. મારા જીવન પર સૌથી મોટી અસર આ બે વ્યક્તિઓની છે. હું આજે જે કંઈ છું તે તેમને કારણે છું. તેમની હંમેશ આભારી છું.' હું ગર્વથી કહું છું.

'કોણ છે બહેન આ બંને?'

'બ્લુ સૂટમાં છે તે ભારતરત્ન શ્રી જે. આર. ડી. તાતા છે અને સંત જેવા લાગે છે તે દાઢીવાળા સજ્જન શ્રી જમશેદજી તાતા છે.'

પછી પ્રશ્ન પૂછનારને આ વાત અચૂક કરૂં છું. આજે વાત નીકળી છે, તો વાચકમિત્રો તમને પણ કહું.

'ઘણી લાંબી વાત છે. વર્ષો પહેલાંની. હું ત્યારે યુવાન, તેજસ્વી, હિંમતવાન અને અત્યંત આદર્શવાદી વિદ્યાર્થિની હતી. બેંગ્લોરની તથા આજે તો દુનિયાભરની શ્રેષ્ઠ રિસર્ચ યુનિવર્સિટીઓમાં જેની ગણના થાય છે તેવી 'Indian Institute of Science and Technology' (IIST) - જે તાતા ઈન્સ્ટીટ્યૂટ તરીકે પણ ઓળખાય છે - માં હું કમ્પ્યૂટર સાયંસ વિષયમાં માસ્ટર્સ ડિગ્રી (M. Tech.)ના છેલ્લા સેમેસ્ટરમાં ભણતી હતી. દિલ દઈને અભ્યાસ કરતી અને આનંદ - મઝા પણ એટલાં જ કરી લેતી. હોસ્ટેલમાં રહેતી. મુક્ત પંખી જેવું એ જીવન હતું. અન્યાય, લાગવગ કે નિઃસહાયતા કોને કહેવાય તેની મારા જેવા આઝાદ પતંગિયાને ક્યાંથી ખબર હોય?

મને યાદ છે ત્યાં સુધી એપ્રિલ ૧૯૭૪ની આ વાત છે. બેંગ્લોરમાં ગરમી શરૂ થઈ ગઈ હતી. અમારા કેમ્પસમાં ગુલમહોરે કેસરિયાં કરવા માંડ્યાં હતાં. જેકેરેન્ડાએ જાંબુડિયા વાઘા ધારણ કરી લીધા હતા. આખા પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપાર્ટમેન્ટમાં હું એકલી છોકરી હતી. અમારી હોસ્ટેલમાં જે બીજી છોકરીઓ હતી, તે વિજ્ઞાનની અલગ-અલગ શાખાઓમાં શોધ સંશોધનમાં વ્યસ્ત હતી.

મારૂં તો એક જ ધ્યેય હતું ફટાફટ M.Sc. પતાવીને કમ્પ્યુટર સાયન્સમાં પીએચ.ડી. કરવા અમેરિકા જવું. મને ઘણે ઠેકાણેથી શિષ્યવૃત્તિની ઑફર્સ પણ મળી ગઈ હતી. કઈ યુનિવર્સિટીમાં જવું તેની પસંદગી મારે કરવાની હતી. ભારતમાં નોકરી કરવાનો તથા કારકિર્દી બનાવવાનો મેં સ્વપ્નેય વિચાર કર્યો ન હતો.

એક દિવસ હું કૉલેજના લેક્ચર હૉલમાંથી નીકળીને થાકી-પાકી મારી હોસ્ટેલ તરફ જઈ રહી હતી ત્યાં હૉલની બહાર જ નોટિસ બોર્ડમાં એક જાહેરખબર જોઈ. એ જમાનાની માતબર કંપની ટેલ્કો - જે આજે તાતા મોટર્સ તરીકે ઓળખાય છે, તેની એક બીબાંઢાળ જાહેરખબર હતી 'અમારા પૂના ખાતેના પ્લાન્ટ માટે જોઈએ છે - યુવાન, બાહોશ, મહેનતકશ એન્જિનિયરો. અત્યંત ઉજ્જવળ કારકિર્દી ધરાવતા યુવાનોએ જ અરજી કરવી.' બૉક્સ...પૂના. જાહેરખબરની નીચે ઝીણા અક્ષરે પૂરક નોંધ હતી.

'યુવતીઓએ તસ્દી લેવી નહીં.'

હું તો એ છેલ્લી લીટી વાંચીને ઊકળી ગઈ. જિંદગીમાં પહેલી વાર મને લિંગના ભેદભાવનો અનુભવ થયો. મને હાડોહાડ લાગી આવ્યું. સાચું કહું તો મને ટેલ્કોની કે ભારતની કોઈપણ કંપનીની નોકરી કરવાની લેશમાત્ર ઈચ્છા ન હતી, છતાંય હવે તો મેં નક્કી કર્યું કે આ નોકરી તો હું લઈને જ જંપીશ. મેં અરજી લખી અને બીડી દીધી. મારી કૉલેજના મોટાભાગના છોકરાઓ કરતાં મેં પાંચેય વર્ષમાં વધારે માર્ક્સ મેળવ્યા હતા. પણ અરજી કરતી વેળાએ મને ભોળીને ક્યાં ખબર હતી, કે જીવનમાં સફળ થવા માટે ઉજ્જવળ શૈક્ષણિક કારકિર્દી ઉપરાંત બીજું ઘણુંબધું જોઈએ છે.

ગુસ્સામાં ને ગુસ્સામાં મેં અરજી તો કરી દીધી, પણ હજુયે મારો ગુસ્સો શમ્યો ન હતો. અન્યાય સામે ચુમાઈને બેસી રહેવાનું મારા સ્વભાવમાં જ નહીં. મેં નક્કી કર્યું કે ટેલ્કોના ચેરમેનને પત્ર લખીને આ અન્યાયની વિગત જણાવવી જ પડે. મેં પોસ્ટકાર્ડ ખરીદ્યુ. લખવાનું શરૂ કર્યું, પણ સંબોધન કોને કરવું? મને તો ખબર પણ ન હતી કે ટેલ્કોના ચેરમેન કોણ છે! મેં મનમાં વિચાર્યું કે તાતા ગ્રુપની કંપની છે. કોઈ તાતા જ હશે ને? આપણે વિદ્યાર્થી તરીકે આ બધી કોર્પોરેટ જગતની આંટીઘૂંટીઓથી અજાણ હોઈએ છીએ. તે જમાનામાં શ્રી જે. આર. ડી. તાતાના ફોટા છાપામાં બહુ છપાતાં. તે તાતા ગ્રુપના ચેરમેન છે તેવું હું જાણતી. મને તો ઘણે મોડેથી ખબર પડી કે, તે સમયે ટેલ્કોના ચેરમેન શ્રી સુમંત

*ક્રોધનું રૂપાંતરણ કરી દુર્ગુણો પર જીત મેળવો.*

મૂલગાંવકર (SM) હતા.

આજે પણ તે પોસ્ટકાર્ડ મને ફોટોગ્રાફની જેમ યાદ છે.

'મુરબ્બી શ્રી જે.આર.ડી. તાતાસાહેબ,

આપની કંપનીઓએ પાયાની ઈંટ જેવા કેટલાય ઉદ્યોગોની ભારતમાં સ્થાપના કરી છે. લોખંડ-પોલાદ, કેમિકલ્સ, લોકોમોટિવ્સ, એંજિન્સ ... આપે કેટલાંય ક્ષેત્રો સર કર્યાં છે! ભારતમાં ૧૯૦૦ ની સાલમાં ઉચ્ચ શિક્ષણનો વિચાર કરનાર જ કોણ હતું? આપે તો બેંગ્લોરમાં ઇન્ડિયન ઇન્સ્ટીટ્યૂટ ઑફ સાયંસની સ્થાપના કરીને મારાં જેવા વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણનાં દ્વાર ખોલી દીધાં. મારા સદ્નસીબે હું આ શ્રેષ્ઠતમ કૉલેજની વિદ્યાર્થિની છું. મને આપની કંપનીની જાહેરાત જોઈને ખૂબ જ નવાઈ લાગે છે કે આવી પ્રતિષ્ઠિત કંપનીમાં પણ લિંગભેદ - gender discrimination - હોઈ શકે?'

મેં તો પોસ્ટકાર્ડ ગુસ્સામાં, કંઈક આશા તથા ઉત્સાહથી પોસ્ટ કરી દીધું. દસ જ દિવસમાં મારે નામે હોસ્ટેલ પર તાર આવ્યો. 'ટેલ્કો કંપનીના ખર્ચે આપને પૂનામાં ઇન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવે છે.' હું તો ડઘાઈ જ ગઈ. મારે તો નોકરી કરવીય ન હતી. મારા રૂમ પર બધી ફ્રેન્ડ્સ ભેગી થઈ ગઈ. મારા મિત્રો માટે તો આ તાર, એ જાહેરચર્ચાનો અત્યંત ખટમધુરો વિષય થઈ ગયો. બધાંની એક જ સલાહ મળી, 'યાર, ટેલ્કો જેવી કંપની તને બધો ખર્ચો આપે છે, તો ફરી આવને! નોકરી થોડી રસ્તામાં પડી છે? પૂનામાં મસ્ત સાડીઓ મળે છે. અમારા બધાં માટે શોપિંગ કરીને પાછી આવજે.' તમે માનશો, બધાંએ પોત-પોતાની સાડીઓ માટે મને ત્રીસ-ત્રીસ રૂપિયા રોકડા એડવાન્સમાં ગણી આપ્યા. સોંઘવારીનો જમાનો હતો, એ ત્રીસ રૂપિયામાં સરસ પૂણેરી કોટન સાડીઓ મળતી. અત્યારે પૂના જવા માટેના મારાં કારણોનો વિચાર કરૂં છું ત્યારે મને ખરેખર હસવું આવે છે. પણ એ જમાનામાં બેંગ્લોરથી પૂના સુધી મફતમાં ફરી આવવા માટે એ કારણો ખોટાં ન હતાં.

એ પૂનાની મારી પ્રથમ મુલાકાત. 'Love at first sight.' આજે પણ પૂનાનું મારા હૈયાના એક ખૂણામાં ચોક્કસ સ્થાન છે. પૂના એટલે મારૂં બીજું ઘર. એ શહેરમાં મારા જીવનના ઘણા ઉતાર-ચઢાવ જોયા, મારામાં બદલાવ લાવવામાં એ દિવસો કારણભૂત બન્યા.

હા, તો સ્ટેશને ઊતરીને જ ટેલ્કોની પીંપરી ખાતેની ઑફિસે હું ઇન્ટરવ્યૂ માટે પહોંચી ગઈ. મને અંદર બોલાવવામાં આવી ત્યારે સામે છ માંધાતાઓની પૅનલ જોઈને જ મને ભાન થઈ ગયું કે આ બચ્ચાંના ખેલ નથી. રૂમની વિશાળતા તથા મોટા ટેબલ પાછળ બેઠેલા છ જણને જોઈને, કાચાપોચાના તો હાંજા ગગડી જાય તેવું સોલિડ સિરિયસ વાતાવરણ હતું.

બે-ત્રણ જણ અંદરોઅંદર ગુસપુસ કરતા હતા. 'જે.આર.ડી. તાતાને પત્ર લખ્યો હતો, તે જ આ છોકરીને!' વગેરે. મને ખાતરી થઈ ગઈ કે મને હાંસીપાત્ર બનાવવા માટે જ આ નાટક રચાયું છે. અહીં આપણી દાળ ગળે તેમ નથી. મનમાં બીજો વિચાર પણ આવ્યો. જો આ નોકરી નથી જ મળવાની તો પછી શા માટે ગભરાવું? શાંતિથી આવડે એવા જવાબો આપવા. તરત મારી બીક ભાંગી ગઈ.

તેમાંથી એક પણ જણ મને સવાલ પૂછે તે પહેલાં જ મેં સ્પષ્ટ શબ્દોમાં તેમને કહી દીધું, 'હું ફક્ત એટલી આશા રાખી શકું કે આ ટેકનિકલ ઇન્ટરવ્યૂ જ હોય?!' (અર્થાત્, મને અંગત રીતે હેરાન કરવામાં ન આવે!')

પૅનલના સભ્યો તો મારી છોકરમતભરી સ્પષ્ટ વક્તાગીરીથી સડક જ થઈ ગયાં હશે! આજેય મને મારી એ વર્તણૂક માટે શરમ આવે છે.

મને ઘણાંબધાં ટેકનિકલ તેમજ મારા વિષયને સંલગ્ન સવાલ પૂછવામાં આવ્યા. મેં સંતોષકારક જવાબ આપ્યા હશે તેમ હું માનું છું. પછી પૅનલ પરના એક વૃદ્ધ સજ્જને મને લાગણીભીના સ્વરે કહ્યું, 'બેટા, તને ખબર છે, અમે યુવતીઓને એપ્લીકેશન કરવાની "ના" શા માટે પાડીએ છીએ ? કારણ કે આજદિન સુધી અમારાં કારખાનાં (Shop floor) પર એકપણ સ્ત્રી અમે રાખી જ નથી. સ્ત્રીઓ એકાઉન્ટસમાં કામ કરે, ઑફિસમાં કામ કરે, પણ આ તો ઓટોમોબાઈલ ઉદ્યોગ રહ્યો. કારખાનાં ચોવીસે કલાક ધમધમતાં હોય. ત્રણે પાળીમાં કામ ચાલે. ટ્રેઈનિંગ માટે અમારે તને બિહારમાં જમશેદપુર પણ મોકલવી પડે. બધે પુરુષો હોય અને મશીનરી હોય. ટ્રકો ચલાવવી પડે. ડ્રાઈવિંગ શીખવું પડે અને ટ્રકોની ટ્રાયલ લેવી પડે. પુરુષો તો ગેસ્ટહાઉસ કે ટ્રેઈની માટેની હોસ્ટેલોમાં ભેગાભેગાય પડ્યા રહે. તારા માટે અમારે જુદી વ્યવસ્થા વિચારવી પડે. વળી, કારખાનામાં જે પુરુષો કામ કરતા હોય, તે એક સ્ત્રીને 'બૉસ' તરીકે સ્વીકારે પણ નહીં. તું અમારે ત્યાં નોકરી કરતી હોય એટલે અમારી દીકરી ગણાય. તને સાચવવાની સંપૂર્ણ જવાબદારી અમારી બને. આ કૉલેજ નથી. અહીં તો સ્ત્રી-પુરુષના ભેદભાવ રહેવાનાં જ. એક કામ કર, તું હોશિયાર છે. તારા જેવાએ તો રિસર્ચના ક્ષેત્રમાં જવું જોઈએ.'

હું તો કર્ણાટકના નાનકડા ગામ હુબલીની એક યુવાન, આશાભરી વિદ્યાર્થિની હતી. મારી દુનિયા બહુ સીમિત હતી. મોટી કંપનીઓની મુશ્કેલીઓની મને શી ખબર પડે? તેથી મેં સામે જવાબ આપ્યો, 'સાહેબ, તમારે ક્યાંકથી તો શરૂઆત કરવી જ પડશે ને? નહીં તો તમારી ફેક્ટરીઓના દરવાજા સ્ત્રીઓ માટે હંમેશ બંધ જ રહેશે. ઔદ્યોગિક ક્ષેત્રે કંઈક નવીન કરવામાં આપની કંપની કાયમ અગ્રેસર રહે છે. તમારા ઉદ્યોગોમાં વપરાતી ટેકનોલોજી જુઓ! બીજી કંપનીઓ કરતાં જોજનો આગળ છો, આપ સાહેબ. આપ આ રીતે વિચારશો, તો આ પુરુષપ્રધાન ઉદ્યોગમાં સ્ત્રીઓ ક્યારેય દાખલ નહીં થઈ શકે.'

તે સાહેબે આગળ ચલાવ્યું, 'એક નવા ઉમેદવારને તાલીમ આપવા પાછળ અમારી કંપની ખાસ્સો ખર્ચ કરે છે. તું બાવીસેકની તો હોઈશ જ ને? સારો મુરતિયો મળશે એટલે પરણીને જતી રહીશ. તારો વર જે શહેરમાં રહેતો હશે, તેની પાછળ ચાલી જઈશ. અમારા તો પૈસા પાણીમાં જ જાય ને?'

તેમની વાત ખોટી ન હતી. મેં સહેજ વિચાર કર્યો અને કહ્યું, 'સાહેબ, હું આપની

*સંસારનાં કડવાં વૃક્ષોનું અમૃતફળ એટલે સજ્જન પુરુષોની સંગત.*

સાથે સંમત થાઉં છું. પણ એક અંગત સવાલ પૂછી શકું? આપમાંથી ઘણાબધા પરણેલા જ હશો. ભારતીય પરંપરા પ્રમાણે આપની પત્ની આપની સાથે જ રહેતી હશે. ભલે તે મુંબઈની હોય કે દિલ્હીની! ગુસ્તાખી માફ કરશો સાહેબ, પણ સાચું કહેજો, કેટલાય યુવાનો અહીંથી ટ્રેઈનિંગ લઈને ફક્ત બસો-પાંચસો રૂપરડીના વધુ પગાર તરફ આકર્ષાઈને બીજી કંપનીઓમાં જોડાતા નથી? સાહેબ, આપ તેમને રોકવા શું કરી શકો છો? કોઈ કાયદો છે આપની પાસે?'

પછી તો ઈન્ટરવ્યૂ લાંબો ચાલ્યો. સાંજે મને કહેવામાં આવ્યું કે, 'તમે કામિયાબ રહ્યાં છો. તમે ટેલ્કોની એન્જિનિયરિંગ ટીમના આજથી મેમ્બર છો.' હજુ તો મારૂં ભણવાનું બાકી હતું. મારે તરત જ બેંગ્લોર પાછા જવાનું હતું. હું રસ્તામા મારા ગામે - વતનમાં ઊતરી ગઈ. મારા પિતાજીને મારી બધી વાત માંડીને કહેવી હતી. તે મારા બેસ્ટ ફ્રેન્ડ હતા. મારા સાહસની વાત જાણીને ખૂબ ખુશ થશે અને બધાં સામે મારાં વખાણ કરતાં નહીં થાકે. મેં મનોમન વિચાર્યું.

ઘેર પહોંચતાં જ મેં રાજીરાજી થઈને ટેલ્કોની જાહેરખબર વાંચવાથી માંડીને નોકરી મળ્યા સુધીની વાત ભારે ઉત્સાહથી બાપુજીને કહી. પણ બાપુજીએ તો મારા ઉત્સાહ પર ઠંડું પાણી ફેરવી વાળ્યું. ખૂબ ગ્લાનિપૂર્વક મને ધીમેથી કહે, 'બેટા, તારામાં સહેજ પણ મૅનર્સ જેવું નથી. શ્રી જે. આર. ડી. તાતા જેવા સન્માનનીય વડીલને આવું પોસ્ટકાર્ડ લખાય? ખૂબ શાલીનતાથી પત્ર લખીને, કવરમાં મૂકીને પોસ્ટ કરવો જોઈએ. હવે અમેરિકા ભણવાનું ભૂત મનમાંથી કાઢીને આ નોકરીએ લાગી જા. એ તારી નૈતિક જવાબદારી બને છે.'

મારા નસીબમાં કદાચ એ જ લખાયું હશે. મેં સ્વપ્ને પણ વિચાર્યું ન હતું કે હું પૂનામાં નોકરીએ લાગી જઈશ! મારે તો અમેરિકા જ જવું હતું. પીએચ.ડી. કરવું હતું. પણ 'વહી હોતા હૈ જો મંઝૂરે ખુદા હોતા હૈ ...' પ્રભુનો દોરીસંચાર સંસારની કઈ બાબતમાં નથી હોતો? કંઈક ગુમાવો તો કંઈક મેળવવા માટે જ. પૂનાના એ વર્ષોએ મારા જીવનમાં અદ્‌ભુત બદલાવ આણ્યો. કર્ણાટકના એક અત્યંત અંતર્મુખી, શરમાળ, પ્રેમાળ આદમીનો મને ત્યાં પરિચય થયો. અમે અંતરંગ મિત્રો બન્યાં ને એકમેકને દિલ દઈ બેઠાં. એ વ્યક્તિને આપ સહુ શ્રી એન. આર. નારાયણમૂર્તિ તરીકે કદાચ ઓળખો જ છો. અમારો પરિચય પરિણયમાં અને પ્રભુતાનાં પાવન પગલામાં પરિણમ્યો.

ટેલ્કોની નોકરી માટે જેમણે મારો ઇન્ટરવ્યૂ લીધો હતો તે સજ્જન હતા. ડૉ. સત્ય મૂર્તિ. અત્યંત વિચક્ષણ બુદ્ધિમત્તા ધરાવતા એક મુઠ્ઠી ઊંચેરા માનવી. શું એમની ટ્રેઈનિંગ આપવાની પદ્ધતિ અને ઉમદા સ્વભાવ! મારા તો ગુરૂ! મેં તેમના હાથ નીચે થોડાં વર્ષ કામ કર્યુ ત્યારે મને ભાન થયું કે શ્રી જે.આર.ડી. તાતા કેવી મહાન વિભૂતિ છે!

ભારતના ઉદ્યોગ સામ્રાજ્યના એ બેતાજ બાદશાહ! ભલભલા ચમરબંધી, રાજા-રજવાડાં, પ્રધાનો, મુખ્યમંત્રીઓ તેમની સામે વામણા લાગે. જેમ જેમ તેમના વિષે જાણતી ગઈ તેમ તેમ મને તેમની ખૂબ બીક લાગવા માંડી. મેં તેમને ખુલ્લો પત્ર લખીને કેવી બાલિશ ગુસ્તાખી કરી હતી તેનું ભાન મને ટેલ્કોમાં જોડાઈ કે તરત જ થઈ ગયું. પૂનાથી મારી મુંબઈ બદલી થઈ ત્યાં સુધી તો મારે તેમના સીધા પરિચયમાં આવવાનો પ્રસંગ જ નહોતો બન્યો. તેમની ઑફિસ તળ-મુંબઈમાં બૉમ્બે હાઉસમાં હતી. તાતા ઇન્ડસ્ટ્રીઝનું તે વડું મથક.

એક દિવસ મારે મારી કંપનીના ચેરમેન શ્રી સુમંત મુલગાંવકરને થોડા રિપોર્ટ્સ બતાવવાનાં હતાં. તેમને બધાં 'SM' કહેતા. હું બૉમ્બે હાઉસના પહેલા માળે તેમની ઑફિસમાં ગઈ. હજુ તો હું SMની રૂમમાં બેઠી જ હોઈશ ત્યાં સાવ જ અચાનક શ્રી જે.આર.ડી. તે રૂમમાં આવી પહોંચ્યા. તેમનું હુલામણું નામ હતું 'આપરો જે.આર.ડી.' ગુજરાતીમાં 'આપણો' એટલે બધાનો. તે પારસી હતા તેથી તેનું અપભ્રંશ 'આપરો' થઈ ગયું હતું. પાછળ જ SM રૂમમાં પ્રવેશ્યા. હજુ તો મને શ્રી તાતાની અચાનક હાજરીની કળ વળે તે પહેલાં જ તેમણે અત્યંત સાહજિકતાથી શ્રી તાતાને મારી ઓળખાણ કરાવી.

'જેહ, આ છોકરીને મળ. કમ્પ્યૂટર સાયંસમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કર્યુ છે. હજુ તો કેટલી નાની લાગે છે! આપણે ત્યાં પૂનામાં ટેલ્કોની ફેક્ટરીમાં મજૂરો સાથેય હળીમળીને કામ લેતી હતી. કારખાનામાં આપણે સૌથી પહેલી આ છોકરીને રાખી. હવે પ્રમોશન થયું એટલે મુંબઈ આવી છે.'

શ્રી તાતા મારી સામે જોઈ રહ્યા. મને ખાતરી છે કે તેમને પેલી પોસ્ટકાર્ડવાળી વાત યાદ આવી જ હશે. પણ ખાનદાનીનું ખોળિયું કોને કહ્યું છે!? તેમણે તો મધમીઠી જબાનમાં મારી જોડે વાત માંડી. 'આપણા દેશની કન્યાઓ હવે એન્જિનિયરિંગમાં જાય છે તે જ મહત્ત્વની વાત છે. તારૂં નામ શું દીકરી?

મેં ભારે શિષ્ટાચાર દર્શાવતાં ધીમેથી કહ્યું, 'સર, જ્યારે ટેલ્કોમાં જોડાઈ ત્યારે સુધા કુલકર્ણી હતી. હવે સુધા મૂર્તિ છું.'

'ક્યાં કામ કરે છે તું?' (તાતા ગ્રુપની અનેક કંપનીઓના અસંખ્ય ડિપાર્ટમેન્ટસ હોય છે.)

નાણાવટી હૉસ્પિટલમાં ટેલ્કોનું કોઈ કામ ચાલતું હતું. તેથી મેં કહ્યું, 'સાહેબ, નાણાવટી મહાલયમાં છું.' તેમણે મને સરસ સ્માઈલ આપ્યું. ડોકું ધુણાવ્યું અને પછી એ બંને મહાન વિભૂતિઓ કંઈક ચર્ચામાં મશગૂલ થયા. હું રીતસરની રૂમમાંથી ભાગી.

પછી તો તેમને ઘણી વાર ઑફિસે જતાં-આવતાં, ચર્ચાઓ, સેમિનારો અને મિટિંગ્સમાં જોવા-સાંભળવાનો મોકો મળ્યો. તેમને મળવાનો મોકો ભાગ્યે જ મળે. તેઓ ચેરમેન અને હું અદની એન્જિનિયર. હું તો તેમની પ્રતિભાથી જ અંજાઈ ગયેલી.

એક દિવસ ઑફિસેથી છૂટ્યા બાદ હું મારા પતિની રાહ જોતી ઊભી હતી. મૂર્તિ મને રોજ લેવા આવે. સ્કૂટર નવું નવું લીધેલું તેથી જોડે જવાથી બચત થતી હતી. હજુ તો હું ઊભી જ હતી અને મેં મારી બાજુમાં શ્રી તાતાને ઊભેલા જોયા. હું તો સ્તબ્ધ થઈ ગઈ. શું બોલું? શું કરૂં? પાછું પેલું પોસ્ટકાર્ડ યાદ આવ્યું. આજે

*પ્રાણીમાત્રની સેવા અને સહાય જ સાચી ભક્તિ છે.*

તો હું એકલી હતી. મરી ગઈ! આજે એ બધું યાદ કરૂં છું ત્યારે લાગે છે કે તેઓ તો તે તુચ્છ બાબત ભૂલી પણ ગયા હશે.

શ્રી તાતા મને કહે, 'યંગ લેડી, વ્હાય આર યુ સ્ટેન્ડિંગ હિયર અલોન? ઑફિસ તો છૂટી ગઈ છે. આમ સૂનકારમાં કેમ એકલી ઊભી છે?'

મેં કહ્યું, 'સર, આઈ એમ વેઈટિંગ ફોર માય હસબંડ. મારા પતિ મને રોજ લેવા આવે છે. આજે જરા મોડા થઈ ગયા લાગે છે.'

શ્રી તાતા કહે, 'અંધારૂં થવા લાગ્યું છે. અહીં બધું સૂમસામ છે. આવે વખતે એકલાં ઊભાં રહેવામાં જોખમ છે. હું પણ તારી સાથે ઊભો છું.'

હું તો મૂર્તિની રાહ જોવા ટેવાયેલી હતી, પણ શ્રી તાતા મારી બાજુમાં ઊભા રહ્યા તેથી ખૂબ જ નર્વસ થઈ ગઈ. વારંવાર ત્રાંસી નજરે તેમને જોવા લાગી.

ખૂબ જ ઉમદા કાપડમાંથી બનેલ, સાદા સફેદ શર્ટ અને પેન્ટ તેમણે પહેર્યા હતાં. તેઓ વયોવૃદ્ધ હતાં, પરંતુ તેમના ચહેરા પર ખાનદાની તેમજ માનવતાનું મર્દાનગીભર્યુ તેજ હતું. છતાંય તે મોં પર ગુરૂતાગ્રંથિનો ગર્વ ન હતો. હું તો મનમાં વિચારતી હતી. 'આ માનવતાની મીરાત તો જુઓ. આટલા મોટા તાતા ગ્રુપના ચેરમેન. દેશની અત્યંત સન્માનનીય, પ્રતિભાશાળી વ્યક્તિ અને તે મારા જેવી એક સામાન્ય એન્જિનિયરની પરવા રાખીને અધરસ્તે ઊભા છે!

એવામાં જ મૂર્તિ આવ્યા. હું દોડીને સ્કૂટર પર બેસી ગઈ. શ્રી તાતા મને કહે, 'યંગ લેડી, તારા માટીરાને મારા વતી કહેજે, કે એકલી સ્ત્રીને ક્યારેય રાહ ન જોવડાવાય.'

૧૯૮૨માં મેં ટેલ્કોમાંથી રાજીનામું આપ્યું. મારે એ નોકરી છોડવી જ ન હતી, પણ બીજો કોઈ ઉપાય જ ન હતો. આજે પણ તાતા ગ્રુપ માટે મને એટલું જ માન છે. શ્રી જે. આર. ડી. તાતાને હું મારા ગુરૂ, role model માનું છું. તેમની સાદગી, કરૂણા, દયાદ્રતા તેમજ નાનામાં નાના કર્મચારીની તેમની સંભાળ લેવાની રીતનો જોટો જડવો મુશ્કેલ છે.

નોકરીના છેલ્લા દિવસે મુંબઈની, કંપનીની હેડ ઑફિસમાંથી મારાં બાકી પૈસા, પગાર, ભથ્થાં વગેરે મેળવીને હું પગથિયાં ઊતરતી હતી. ત્યાં જ શ્રી તાતાને મેં ઉપર ચડતા જોયા. કંઈક વિચારમાં ખોવાયેલા હતા. મારે તેમને 'ગુડબાય' કહેવું હતું તેથી હું ઊભી રહી. મને ઊભેલી જોઈને તેઓ તરત જ ઊભા રહ્યા.

ધીમેથી મને કહે, 'કેમ છો મિસ કુલકર્ણી? શું ચાલે છે?' (મને તેઓ હંમેશા યંગ લેડી કે મિસ કુલકર્ણી જ કહેતા.)

'સર, મઝામાં, પણ ટેલ્કો છોડું છું.'

'કેમ, ક્યાં જાઓ છો?'

'પૂના સેટલ થવા જઈએ છીએ, સર. મારા પતિને પોતાનો નાનો શો બિઝનેસ ચાલુ કરવો છે. "ઈન્ફોસીસ" નામની કંપની ચાલુ કરવી છે, તેથી હવે પૂના જવું પડશે. સર, આશીર્વાદ આપો.' મેં કહ્યું.

'તમે બંને સફળ થશો તો શું કરશો? સાહેબે પૂછ્યું.

'સાહેબ, હજુ તો નવાં-નવાં છીએ. સફળતા મળશે કે નહીં તેની ક્યાં ખબર છે?'

'મિસ કુલકર્ણી, કેમ ઢીલું ઢીલું બોલો છો? ખૂબખૂબ આત્મવિશ્વાસથી શરૂ કરો તો જરૂર સફળ થશો, પણ એક વાત ન ભૂલતા. સફળ થાઓ તો આ સમાજનું ઋણ ચૂકવવાનું ન ભૂલતાં. સમાજ તરફથી આપણને કેટકેટલું મળે છે?! પાછું વાળવાનું આપણે યાદ રાખવું જ જોઈએ. 'You must always give back to society. I wish you all the best.'

પછી તેઓ દાદરા ચડી ગયા. તેમની સાથેની આ મારી છેલ્લી મુલાકાત. મહામાનવોની દયા અને દુવાઓ પણ આપણી કમ સમૃદ્ધિ નથી.

વર્ષો પછી શ્રી તાતાના અનુગામી શ્રી રતન તાતાને એ જ બૉમ્બે હાઉસની કેબિનમાં શ્રી જે. આર. ડી. તાતાની ખુરશીમાં બેઠેલા જોયા. મેં શ્રી રતન તાતાને મારા ટેલ્કોના જમાનાની ખટમધુરી વાતો કરી. યાદોના પટારા ખોલ્યા. મેં કહ્યું, 'મારા પતિની માફક હું તમને 'મિસ્ટર તાતા' એવું બુઠ્ઠું સંબોધન કરી જ ન શકું. તમે તો આપરો "જે.આર.ડી." વાળી ખુરશી પર બિરાજમાન છો! તમને હું હંમેશ "ચેરમેન સર" જ કહીશ.'

પછી તો શ્રી રતન તાતાનો મારી પર પત્ર પણ આવ્યો હતો. 'આપના મોંએથી આદમિયતના અત્તરથી મધમધતા 'જેહ'ની વાતો સાંભળીને દિલ બાગબાગ થઈ ગયું. (નજીકના વર્તુળમાં શ્રી જે.આર.ડી. 'જેહ' ના હુલામણા નામથી ઓળખાતા) મને દુઃખ તો એક જ વાતનું છે. આપના બિઝનેસની સફળતાના આજે તે સાક્ષી નથી.'

જે.આર.ડી. ને હું મહામાનવ માનું છું, કેમકે સમયના સદંતર અભાવ છતાંય તેમણે એક આશાભરી યુવતીના પોસ્ટકાર્ડને કચરાટોપલી ભેગું ન કર્યું. અન્યાય સામે માથું ઊંચકનારને દબાવી ન દીધા. તેમને કદાચ રોજના હજારો પત્રો મળતા હશે, છતાંય તેમણે મારા જેવી એક તદ્દન અજાણી, લાગવગ વગરની, મધ્યમવર્ગની કોડભરી કન્યાને તેમની કંપનીમાં તક આપી. અને ફક્ત નોકરી નહીં, જીવન જીવવાનું ભાથું આપ્યું. મારી વિચારવાની તથા કોઈ પણ પ્રશ્ન સૂલઝાવવાની રીત જ તેમણે બદલી કાઢી.

આજે તો પ્રોફેસર તરીકે હું એન્જિનિયરિંગ તેમજ એમ.બી.એ. ના ક્લાસીસમાં ચાલીસથી પચાસ ટકા છોકરીઓ જોઉં છું. કારખાનાંઓમાં પણ સ્ત્રીઓ જ કામ કરે છે. દવાઓ, ઓટોમોબાઈલ્સ, રંગ-રસાયણ, બધે જ...શ્રી જે.આર.ડી.ની મહાનતાનો હવે મને અહેસાસ થાય છે. કોઈકે તો પહેલ કરવી જ પડે ને! આજે મને કોઈ પૂછે કે, 'કાળ થંભી જાય અને તમારા જીવન પાસે કંઈ માંગવાનું હોય તો આપ શું માંગો?' તો હું જરૂર માંગું કે શ્રી તાતા અમારી પ્રગતિ જોવા સદેહે પધારે. અમે જે નાનીશી કંપનીનાં સ્વપ્નો જોયાં હતાં તેને 'ઇન્ફોસીસ' સ્વરૂપે સાકાર થયેલાં, તથા 'ઇન્ફોસીસ ફાઉન્ડેશન'ના સમાજને કંઈક પરત કરવાનાં કાર્યોને જોવા તેઓ આપણી વચ્ચે હોય! ■

*તમે તમારી ફરજને સલામ કરશો તો બીજા કોઈને સલામ કરવાની જરૂર નહિ પડે પણ ફરજ ચૂકશો તો બધાને સલામ કરવી પડશે.*

ઇતિહાસ

# અલ્લુરી સીતારામ રાજુ

## ફાંસીના વરરાજાઓ : પ્રકરણ-૪

• સ્વામી શ્રી સચ્ચિદાનંદજી •

કેટલીક વાર બહુ નાના માણસો બહુ મોટું કામ કરી દેતા હોય છે અને બહુ મોટા માણસો ઝીરો થઈ જતા હોય છે!

અલ્લુરી સીતારામ રાજુ નામનો છોકરો આંધ્રના વિશાખાપટ્ટનમ્ નગરમાં ૪-૭-૧૮૯૭ના રોજ જન્મ્યો હતો. બચપણથી તે મંદિરોમાં કીર્તન કરાવતો. તેનું બચપણ કલેક્ટરને ત્યાં સામાન્ય ઘરકામ કરનાર કિશોર તરીકે શરૂ થયું હતું. પછી તો તે વૈરાગ્ય ધારણ કરીને મંદિરોમાં કથાકીર્તન કરીને આજીવિકા ચલાવતો હતો. તેને સંસ્કૃતનું અને અંગ્રેજીનું સામાન્ય જ્ઞાન હતું. પહેલાં તે ગાંધીજીના અહિંસક આંદોલનમાં દાખલ થઈ ગયો, પણ ચૌરાચોરી ઘટના પછી ગાંધીજીએ પોતાનું આંદોલન સ્થગિત કરી દીધું, તેથી ઘણા કાર્યકર્તાઓ નિરાશ થઈ ગયા. રાજા પણ નિરાશ થઈ ગયો. આંદોલન એક પ્રવાહ હોય છે. તેને રોકી ન શકાય. આચાર અને વિચાર બંને રીતે તે સતત ચાલતું રહેવું જોઈએ. ગાંધીજીનું આંદોલન જ્યારે પૂરજોશમાં ચાલી રહ્યું હતું ત્યારે એક ઘટનાથી પ્રભાવિત થઈને ગાંધીજીએ તરત જ ઓચિંતી બ્રેક મારી દીધી. સો કિલોમીટરની ગતિથી દોડતી કારને ઓચિંતી બ્રેક વાગે અને જે દશા થાય તે દશા કાર્યકર્તાઓની થઈ હતી.

રાજુને થયું કે આમ અહિંસાથી કશું વળવાનું નથી. આ તો સમયની બરબાદી જ કહેવાય. સામા પક્ષને કશી આંચ જ ન આવે તેવાં આંદોલન હજાર વર્ષ ચાલે તોય શું? ખરેખર તો આંદોલન એવું હોવું જોઈએ કે સામો પક્ષ હચમચી ઊઠે. રાજુને ગાંધીજીના સિદ્ધાંતો ઉપરથી વિશ્વાસ ઊઠી ગયો. ત્યારે સમાનાંતર હિંસક ક્રાંતિકારીઓનું પણ આંદોલન ચાલતું હતું. અંગ્રેજો આ લોકોથી ખૂબ જ ડરતા હતા, કારણ કે આ ક્રાંતિકારીઓ બોમ્બ ફોડીને હાહાકાર મચાવી દેતા હતા. રાજુ આ આંદોલનમાં દાખલ થઈ ગયો. કેટલાક લોકો જન્મજાત આંદોલનકારી હોય છે. તે કોઈ ને કોઈ પ્રકારના આંદોલન વિના રહી જ નથી શકતા અને જીવી નથી શકતા.

સર્વપ્રથમ રાજુએ મંદિરોમાં કથાકીર્તન કરવાનું કામ છોડી દીધું અને વૈરાગ્યનાં વસ્ત્રો ઉતારી દીધાં. ધર્માદાના રોટલા ખાનારા કદી ક્રાંતિકારી ન થઈ શકે. જેનું પેટ પરાધીન તેના વિચારો પણ પરાધીન જ હોય. સ્વતંત્ર વિચારો રાખવા માટે પોતાનો રોટલો અને પોતાનો ઓટલો હોવો જરૂરી છે. પારકે રોટલે અને પારકે ઓટલે ક્રાંતિ ન થઈ શકે.

રાજુએ આદિવાસીઓની સેના ભેગી કરવા માંડી. આંધ્રપ્રદેશમાં ઘણી આદિવાસી જાતિઓ વસે છે. તે બધીને એકત્રિત કરી તેમને શસ્ત્ર ચલાવવાની તાલીમ આપવા માંડી. આદિવાસી લોકો તેને પૂજ્ય માનવા લાગ્યા અને તેનો પડ્યો બોલ ઝીલવા લાગ્યા. જેણે મોટું સંગઠન કરવું હોય તેનામાં બે ગુણો હોવા જરૂરી છે : એક તો તેનામાં સંગઠન શક્તિ હોય અને બીજું, તેનામાં લોકચાહના મેળવવાના ગુણ હોવા જોઈએ. લોકચાહના બહુ મોટી મૂડી કહેવાય. ધનની મૂડી કરતાં પણ લોકચાહનાની મૂડી વધુ પરિણામદાયી થઈ શકતી હોય છે. જોતજોતાંમાં એક સારી એવી આદિવાસી સેના ઊભી થઈ ગઈ, જેમ શ્રી રામે વાનરસેના ઊભી કરી હતી તેમ.

હવે રાજુ પાસે સૌથી મોટો પ્રશ્ન આ સેનાને શસ્ત્રસજ્જ કરવાનો હતો. બધા માટે શસ્ત્રો ખરીદી શકાય તેટલા પૈસા તો હતા જ નહીં, તેથી એક જ રસ્તો હતો કે સરકારના શસ્ત્રાગાર લૂંટી લેવા.

સૌથી પહેલાં રાજુએ રંપા પરગણાના ચિંતાપલ્લીના પોલીસથાણા ઉપર હુમલો કર્યો. તેની સાથે ત્રણસો આદિવાસી સૈનિકો હતા. હુમલો સફળ રહ્યો. આ થાણામાંથી ઘણી રાઈફલો અને કારતૂસ વગેરે લૂંટી લીધી. પહેલી સફળતાની સાથે જ તેમનામાં ઉત્સાહ આવી ગયો. તેમણે તરત જ બીજો હુમલો કૃષ્ણાદેવી પૈઠ ઉપર કર્યો અને ઘણાં હથિયારો લૂંટી લીધાં. હથિયારો મળવાથી રાજુમાં હિંમત આવી. તેનો પ્રભાવ વધવા લાગ્યો. પૂરું રંપા પરગણું તેના પ્રભાવ નીચે આવી ગયું. માણસની જ્યારે સફળતાની પ્રગતિ થતી હોય છે ત્યારે સાથીદારો અને સામગ્રી સામેથી આવી મળતાં હોય છે. મલ્લૂ ડોરે અને ગૌતમ ડોરે નામના બે પ્રભાવશાળી માણસો તેની સેનામાં દાખલ થઈ ગયા. હવે તેનું જોર વધુ થઈ ગયું.

રાજુના પ્રભાવ અને ઉત્પાતથી અંગ્રેજો ગભરાયા. મિ. સ્કોટ અને મિ. આયર નામના બે સેનાપતિઓને મોટી સેના સાથે રાજુને પકડવા કે મારવા મોકલી દીધા. અંગ્રેજોની પ્રતિક્રિયા તરત જ થતી. અગ્નિને તરત જ બુઝાવી દેવી જોઈએ, રાહ જોઈને તેના ભડકા વધવા ન દેવાય. બંને સેનાપતિઓનો ૨૪-૯-૧૯૨૨ ના રોજ રાજુ સાથે સામસામો મુકાબલો થઈ ગયો. રાજુ ડુંગરાળ ભૂમિ ઉપર છાપામાર મોરચા બનાવીને લડતો હતો. કુશળ સેનાપતિની પ્રથમ કસોટી યુદ્ધભૂમિની

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA
**ચંદ્રકાંત વીરજી ભાણજી દેઢિયા** (ગઢશીશા)
**L.I.C. એજન્ટ**
**સાયન, મુંબઈ. • ફોન : 24023429, મો. 9819861440**

પસંદગીથી થતી હોય છે. ભારે ઘર્ષણમાં અંગ્રેજોના બંને સેનાપતિઓ માર્યા ગયા. અંગ્રેજ સેના વીલે મોઢે પાછી ફરી. અંગ્રેજોએ રાજુ માટે મોટું ઇનામ જાહેર કર્યું. એટલું જ નહીં, પૂરી ડુંગરાળ ભૂમિમાં તાર અને વાયરલેસની જાળ બિછાવી દીધી, જેથી તેની તરત જ ખબર પડી જાય.

આદિવાસી લોકો ઘણા ઉત્સાહથી રાજુની સેનામાં દાખલ થવા લાગ્યા. રાજુ મહા વ્યૂહબાજ હતો. તે વીર પરાક્રમી તો હતો, પણ કોઈક વાર આંધળું પરાક્રમ આત્મવિનાશ પણ કરી નાખતું હોય છે, તેથી તે વ્યૂહપૂર્વક પરાક્રમ કરતો રહેતો.

ત્યારે ભારતીય કક્ષાની વિદ્રોહી પાર્ટીના નેતા પૃથ્વીસિંહ આઝાદને ફાંસીની સજા થઈ હતી, પણ પછી તેને આજીવન કેદમાં પરિવર્તિત કરીને કાળાં પાણી અર્થાત્ આંદામાન મોકલી દેવાયો હતો. ત્યાં તેણે ઘણા ઉત્પાત મચાવ્યા હતા તેથી તેને પાછો આંધ્રપ્રદેશની જેલમાં મોકલી દેવાયો હતો.

રાજુએ જાસાચિઠ્ઠી લખીને પોલીસને જણાવ્યું કે અમુક તારીખે તે મોટી સેના સાથે જેલ ઉપર હુમલો કરીને પૃથ્વીસિંહને છોડાવી જશે. તાકાત હોય તો રોકજો. સરકાર સતર્ક થઈ ગઈ. તેણે આજુબાજુના થાણામાંથી ઘણી પોલીસ બોલાવી લીધી અને જેલની રક્ષા વધારી દીધી.

રાજુને ગુપ્તચરોથી બધી ખબર પડી ગઈ. તેણે જેલ ઉપર હુમલો ન કરતાં જે પોલીસ થાણામાંથી પોલીસ બોલાવી લીધી હતી તે થાણાંઓ ઉપર હુમલા કરી દીધા અને બધું લૂંટી લીધું. ઘણાંબધાં હથિયારો લૂંટીને તે જલદી ગાયબ થઈ ગયો.

અંગ્રેજ સરકારે હવે ‘અસમ રાઈફલ્સ’ ને રાજુની પાછળ લગાડી દીધી. ૬-૫-૧૯૨૪ ના રોજ બંને વચ્ચે ભીષણ સંગ્રામ ચાલ્યો. બંને તરફ ભારે પ્રાણહાનિ થઈ, પણ રાજુના પક્ષમાં વધુ હાનિ થઈ. રાજુ પોતે ઘાયલ થઈ ગયો, છતાં ચાલાકીથી ભાગી ગયો. સેના પાછળ પડી. ૭-૫-૧૯૨૪ ના રોજ ઘાયલ રાજુ ગોદાવરીમાં સ્નાન કરતો હતો ત્યાં અંગ્રેજ સેનાએ તેને ઘેરી લીધો. તે પોતાનાં વસ્ત્રો સુધી પહોંચે તે પહેલાં જ પાણીમાં જ તેને દબાવી દીધો. રાજુ લાચાર હતો.

અંગ્રેજ અમલદારને ભય હતો કે થોડી જ વારમાં રાજુની સેના હુમલો કરશે અને તેને છોડાવી લઈ જશે, તેથી તરત જ તેનો નિકાલ કરી દેવો જોઈએ.

રાજુને એક વૃક્ષના થડ સાથે મજબૂત બાંધીને ધનાધન ગોળીઓ છોડવામાં આવી. તેનું શરીર ચાળણી થઈ ગયું. તેના પ્રાણ ઊડી ગયા.

એક પૂજારી કીર્તનકારમાંથી ક્રાંતિવીર બનેલા રાજુને શતશત નમન! એ યાદ રહે - આપણી પાસે કોઈ સંકલન નથી હોતું. વીરતા એકાકી ઝઝૂમતી રહે છે અને વીરગતિ પ્રાપ્ત કરે છે. કાશ, જો સંકલનનો સરવાળો હોત તો રાજુ બીજો તાત્યા ટોપે થઈ શકવાનો હતો. આઝાદ ભારતમાં ક્યાંય કોઈ મહત્ત્વની જગ્યા ઉપર રાજુનું નામ મુકાશે કે પછી બધી જગ્યાએ એક જ પરિવાર છવાતો રહેશે?

*ભક્તિ નિકેતન આશ્રમ, મુ.પો. દંતાણી,*
*તા. પેટલાદ, જિલ્લો : ખેડા.*

*M/s. Jethabhai Doongarshi Transport Pvt. Ltd.*



*M/s. J. D. Roadlines*
*M/s. J. D. Logistics*
*M/s. J. D. Transport Co.*



**TRANSPORT CONTRACTORS & FLEET OWNERS**

**DAILY SERVICE FROM**

**RAJKOT, JAMNAGAR, AHMEDABAD, SURAT, VAPI**
**TARAPURE, MUMBAI TO PUNE & CHINCHWAD**

**Full Truck Load Service All Over Maharashtra & Gujarat**

| PUNE | CHINCHWAD | MUMBAI |
|---|---|---|
| 708/18, Bhavani Peth, Gurunanak Nagar, Pune-411 042 | 128/B, Mohan Nagar, Sanghvi Compound, Chinchwad, Pune-411 019. | Khajurwala Chambers, Gr. Floor, 313/315, N.N. Street, Mumbai - 400 009. |
| **Ph. : 26434611** | **Ph. : 27471378, 27475167** | **Ph. : 23426818, 23448705, 23400597** |

- **VAPI** : (0250) 3244993, 2023291
- **SURAT** : (0261) 2367670, 2367287
- **BHIWANDI** : (02522) 270194, 271987
- **ANDHERI** : (022) 28509760, 93703 19692
- **VASHI** : (022) 27889527, 69517538
- **WAGOLI** : (020) 27052309
- **FURSUNGI** : (020) 26980361
- **VADGAON MAVAL** : (02114) 225629, 9372074359

**E-mail : jdtcompany@gmail.com**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

## પ્રકરણ-૧૮

• સંકલન : પ્રતાપ નારાણજી દંડ •

★ **"પરિવાર સ્વાસ્થ્ય વીમા યોજના" અને "અકસ્માત વીમા યોજના"ઓનું અમલીકરણ.**

★ **આંખની તપાસના કેમ્પ બાદ ૪૫ વ્યક્તિઓના આંખના મોતિયાના સફળતાપૂર્વક ઓપરેશન.**

★ **"બાલ સમૃદ્ધિ યોજના", સ્વામિવાત્સલ્ય જમણવાર અને "શૈક્ષણિક ક્ષેત્રની યોજના"ના દાતાશ્રીઓ દ્વારા વધારાના અનુદાનની જાહેરાત.**

સેમિનારનાં ફળ સ્વરૂપે તેના અંતમાં કચ્છ વિકાસની પ્રક્રિયા ચાલુ રાખવા અને તે અંગે સંગઠિત પ્રયાસો કરવા "કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ" નામની એક સંસ્થાની તથા એક સલાહકાર સમિતિની રચના સર્વાનુમતે કરવામાં આવી હતી.

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલમાં નીચે મુજબના સભ્યોની નિમણૂક કરવામાં આવી હતી : (૧) ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા (અમદાવાદ) - અધ્યક્ષ, (૨) શ્રી પ્રતાપ નારાણજી દંડ (અમદાવાદ) - માનદ્ મંત્રી, (૩) શ્રી અશોક મહેતા (અમદાવાદ) - સભ્ય, (૪) શ્રી હસમુખ ગઢેચા (અમદાવાદ) - સભ્ય, (૫) શ્રી ભરત ઓઝા (અમદાવાદ) - સભ્ય, (૬) શ્રી લક્ષ જૈન (મુંબઈ) - સભ્ય, (૭) શ્રી લાલ રાંભિયા (મુંબઈ) - સભ્ય, (૮) શ્રી કોમલ છેડા (મુંબઈ) - સભ્ય, (૯) શ્રી લીલાધર ગડા (કચ્છ) - સભ્ય, (૧૦) શ્રી કીર્તિ ખત્રી (કચ્છ) - સભ્ય, (૧૧) શ્રી આર. આર. પટેલ (કચ્છ) - સભ્ય, (૧૨) શ્રી શશીકાંત ઠક્કર (કચ્છ) - સભ્ય, (૧૩) શ્રી રસીકભાઈ મામતોરા (કચ્છ) - સભ્ય, (૧૪) શ્રી હીરાલાલ સી. પારેખ (કચ્છ) - સભ્ય, (૧૫) પ્રમુખશ્રી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ (ગાંધીધામ) - સભ્ય, (૧૬) પ્રમુખશ્રી ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ (ભુજ) - સભ્ય.

સલાહકાર સમિતિમાં નીચે મુજબના સભ્યોની વરણી કરવામાં આવી હતી : (૧) શ્રી સુરેશચંદ્ર મહેતા, ભૂતપૂર્વ મુખ્યમંત્રી - ગુજરાત રાજ્ય, (૨) શ્રી ધીરુભાઈ શાહ, અધ્યક્ષ - નાણાં પંચ, ગુજરાત રાજ્ય, (૩) શ્રી નવીનભાઈ શાસ્ત્રી, ભૂતપૂર્વ કાયદા મંત્રી - ગુજરાત રાજ્ય, (૪) શ્રી પુષ્પદાન ગઢવી - સંસદ સભ્ય (કચ્છ વિભાગ), (૫) શ્રી દામજી લાલજી શાહ - ઉદ્યોગપતિ, (૬) શ્રી અમરચંદભાઈ ગાલા - ઉદ્યોગપતિ, (૭) શ્રી ચંદ્રકાંત ગોગરી - ઉદ્યોગપતિ, (૮) શ્રી નેણશી લધાભાઈ ગાલા - ઉદ્યોગપતિ, (૯) શ્રી શશીકાંત જેસરાણી, ચેરમેન - સમસ્ત ભાટિયા ફેડરેશન, (૧૦) શ્રી પ્રેમજી વિઠ્ઠલદાસ ઠક્કર - સામાજિક કાર્યકર.

ઉપરોક્ત સેમિનાર બાદ સમાજનાં કાર્યકર્તાઓ ફરીથી રાબેતા મુજબ અમદાવાદનાં સામાજિક કાર્યોમાં કાર્યરત થઈ ગયા. દરેક વ્યક્તિએ યોગ્ય વ્યાયામ તથા યોગ્ય આહાર દ્વારા પોતાની તંદુરસ્તી જાળવવી જોઈએ અને સમાજનાં સભ્યોમાં તંદુરસ્તી માટે જાગૃતિ આવે તેવા ઉદ્દેશથી સંસ્થા અવારનવાર પ્રાણાયામ, યોગાસનનાં ક્લાસીસ, રમતગમતની હરીફાઈ તથા નિષ્ણાતોના વક્તવ્યનું આયોજન કરે છે તથા રોજબરોજની સારવાની જરૂરિયાત માટે મેડિકલ સેન્ટરની સ્થાપના કરેલ છે. છતાં આજના ઝડપી યુગમાં રોગ અને અકસ્માતોનું પ્રમાણ વધી રહ્યું છે. તેવા આકસ્મિક સંજોગોમાં સમાજનાં સભ્ય પરિવારને કંઈક અંશે ઉપયોગી થઈ શકાય તેવા શુભ આશયથી ઘણા લાંબા સમયની કામગીરીના અંતે **"પરિવાર સ્વાસ્થ્ય વીમા યોજના"** તથા **"અકસ્માત વીમા યોજના"**માં આગળ વધવા માટે સમાજના ટ્રસ્ટ મંડળે નિર્ણય કરેલ હતો. જેના અનુસંધાને દરેક કુટુંબનો રૂા. ૨૫,૦૦૦/- સુધીનો ફેમિલી ફ્લોટર વીમો (કોઈપણ જાતની ઉંમરના બાધ વગર) લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જેમાં આ યોજનામાં વર્ષ દરમ્યાન વીમા કંપની દ્વારા માન્ય સારવાર પાછળ કુટુંબ દીઠ કરેલ ખર્ચ સામે રૂા. ૨૫,૦૦૦/- સુધીનું વળતર મળશે. તથા સમાજ દ્વારા આકસ્મિક મૃત્યુના દુર્ભાગ્યપૂર્ણ કિસ્સામાં કુટુંબની અર્થવ્યવસ્થા તૂટી ન પડે તે ઉદ્દેશથી મુખ્ય વ્યક્તિનો **રૂા. ૨,૫૦,૦૦૦/-નો આકસ્મિક મૃત્યુ વીમો** લઈ તેનું એક વર્ષ માટેનું પ્રીમિયમ ભરવાનો સમાજનાં ટ્રસ્ટ મંડળે નિર્ણય કરેલ હતો.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ૪૧મો વાર્ષિક સ્નેહ મિલન શ્રી કચ્છી જૈન ભવન ખાતેનાં સાંસ્કૃતિક હોલમાં તા. ૨૬-૯-૨૦૦૪નાં રોજ યોજવામાં આવેલ હતો. જેમાં સમાજનાં સભ્યોએ બહોળી સંખ્યામાં ભાગ લીધેલ હતો. સમારંભની શરૂઆત કુ. કાજલ મણિલાલ ગાલા દ્વારા ગવાયેલ સુંદર પ્રાર્થનાથી થયેલ હતી. ત્યારબાદ સંસ્થાના શુભેચ્છક તથા બાલ સમૃદ્ધિ યોજના તેમજ સ્વામિવાત્સલ્ય જમણવારનાં એક દાતા શ્રી બાબુભાઈ વેરશી નાગડાએ સામૂહિક ક્ષમાપના કરાવેલ હતી.

સંસ્થાના મે. ટ્રસ્ટી તથા પ્રમુખશ્રી ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયાએ પધારેલા સૌ સભ્યોને આવકારીને સંસ્થા તરફથી ચાલતી સામાજિક - સેવાકીય પ્રવૃત્તિઓનો અહેવાલ આપેલ હતો.

સમાજનાં સૌથી જૂના એક સભ્ય તથા વસતિપત્રક સમિતિનાં કન્વીનર શ્રી પોપટલાલ નેણશી ધરોડનાં હાથે નવા વસતિપત્રકનું વિમોચન કરવામાં આવ્યું હતું. સંસ્થા તરફથી ચાલતી **બાલસમૃદ્ધિ યોજના** તથા **સ્વામિવાત્સલ્ય જમણવાર**નાં દાતાઓને જાણ થઈ કે

તેમના તરફથી અપાયેલ દાનની રકમનાં વ્યાજમાંથી સમાજને આ યોજનાઓ ચલાવવામાં મુશ્કેલી પડે છે. **તેથી તેઓએ સામેથી સમાજનાં હોદ્દેદારોને બોલાવીને દાનની રકમોમાં સારો એવો વધારો કરી આપેલ હતો.** તેથી બંને યોજનાનાં દાતાઓ (૧) માતુશ્રી પાનબાઈ ધારશી ફુરિયા પરિવાર અને (૨) શ્રીમતી લક્ષ્મીબેન માવજી ધારશી ફુરિયા પરિવાર વતી ઉપસ્થિત રહેલ શ્રીમતી દમયંતીબેન મેઘજી છેડાનું બહુમાન કરવામાં આવ્યું હતું. તથા (૩) માતુશ્રી વાલબાઈ માવજી નાગડા પરિવાર અને (૪) શ્રીમતી સુશીલાબેન બાબુભાઈ નાગડા પરિવાર વતી શ્રી બાબુભાઈ વેરશી નાગડા તથા શ્રી પ્રવીણ માવજી નાગડાનું બહુમાન કરવામાં આવ્યું હતું.

તે વર્ષે સંસ્થાનાં વાર્ષિક સ્નેહ મિલનમાં શ્રી રામાણિયા કચ્છી મૂર્તિપૂજક જૈન સંઘનાં સભ્યો પધારેલ હતા. તેઓનાં હોદ્દેદારોનું સંસ્થાના ટ્રસ્ટીઓ દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું. મેડિકલ સમિતિના કન્વીનરશ્રી ડૉ. હિતેન્દ્રભાઈ શાહે સંસ્થા તરફથી તા. ૨૪-૧૦-૨૦૦૪નાં રોજ યોજાનારા આંખના રોગોના મેડિકલ કેમ્પની વિગત આપી હતી તથા દર્દી દીઠ રૂા. ૧૦૦૦/-ના ખર્ચ સામે સહયોગ આપવા માટે અપીલ કરી હતી. **જેના અનુસંધાને રૂા. ૫૫,૦૦૦/- જેવી માતબર રકમના દાનો નોંધાયા હતા. તથા સમારંભમાં હાજર રહેલા એક શુભેચ્છક તરફથી બાકીની ખૂટતી રકમ આપવાની જાહેરાત થઈ હતી.** આ જાહેરાતને હાજર રહેલા સૌએ તાળીઓથી વધાવી લીધેલ હતી.

આ સમારંભમાં તેજસ્વી વિદ્યાર્થીઓનું, વિશિષ્ટ વ્યક્તિઓનું તથા તપસ્વીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું તથા પાસ થયેલ સૌ વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

સમારંભના અંતમાં સંસ્થાના માનદ્ મંત્રીએ આભાર માનતા પધારેલા સૌ મહેમાનોનું શ્રી રામાણિયા મૂર્તિપૂજક જૈન સંઘ તથા તેમના સભ્યોનું, સ્વામિવાત્સલ્યના દાતાઓનું, સમાજ પરિવારજનોનું, વૈયાવચ્ચ સમિતિ, રસોડા સમિતિ, પુરસ્કાર સમિતિ, વસતિપત્રક સમિતિ તથા 'સંકલ્પ' અને તેના કાર્યકર્તાઓનો આભાર માનેલ હતો.

કેટલાક વર્ષોથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પાલડી ભવનના પટાંગણમાં શરદ પૂનમની રાતે રાસ ગરબા અને દૂધ પૌંઆનો કાર્યક્રમ યોજાતો હતો અને તેમાં સમાજનાં સભ્ય પરિવારો ઉત્સાહપૂર્વક ભાગ લેતા હતા. પણ કેટલાક સભ્યોના મંતવ્ય હતા કે શરદ પૂનમની ઉજવણી સાથે નવરાત્રિમાં પણ કોઈ એક દિવસ ગરબાના કાર્યક્રમનું આયોજન થાય તો સૌ નવરાત્રિ પણ આનંદથી માણી શકે. તેથી તા. ૧૬-૧૦-૨૦૦૪નાં રોજ નવરાત્રિ રાસ ગરબાનો તથા તા. ૨૮-૧૦-૨૦૦૪નાં શરદ પૂનમની રાતે દાંડિયા રાસ તથા રાસ ગરબાના કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. જેમાં સમાજના સભ્ય પરિવારોએ ખૂબ જ મોટી સંખ્યામાં હાજર રહી ઉલ્લાસ અને ઉમંગ સાથે રાસ ગરબાની રમઝટ બોલાવેલ હતી. આ બંને કાર્યક્રમો દરમ્યાન શ્રેષ્ઠ રમનાર અને પારંપરિક વસ્ત્ર પરિધાન માટેના પુરસ્કારો આપવામાં આવ્યા હતા.

શ્રી કચ્છી જૈન સેવા સમાજનાં મેડિકલ સેન્ટરનાં ઉપક્રમે અવારનવાર સમાજોપયોગી તબીબી ક્ષેત્રના કેમ્પોનું આયોજન કરવામાં આવે છે. તેજ રીતે તા. ૨૪-૧૦-૨૦૦૪નાં સમાજના નવનીત મેડિકલ સેન્ટરનાં ઉપક્રમે આંખના રોગની તપાસ તથા હોમિયોપેથી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનું ઉદ્‌ઘાટન શ્રી શાંતિલાલ રામજી ગાલા (નવનીત પરિવાર)એ દીપ પ્રગટાવીને કરેલ હતું. આ કેમ્પમાં આંખના ૧૫૮ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. જે પૈકી ૪૫ વ્યક્તિઓના આંખના મોતિયાના ઑપરેશનો ક્રમાનુસાર મેડિકલ સેન્ટરના આંખના નિષ્ણાતો દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યા હતા. ૩૬ દર્દીઓને તપાસી હોમિયોપેથી દવા આપવામાં આવી હતી.

આ પ્રસંગે શ્રી શાંતિલાલભાઈ ગાલા (નવનીત પરિવાર) તરફથી રૂા. ૧૧,૦૦૦/-નું અનુદાન જાહેર કરવામાં આવ્યું હતું.

આ રીતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ ભાગ્યશાળી છે કારણકે સમાજનાં દાતાશ્રીઓ માંગ્યા વગર સામેથી દાનનો ધોધ વહાવે છે. સમાજની શૈક્ષણિક સહાય યોજનાનાં દાતાશ્રી બિપિનચંદ્ર કાનજી જૈનના નામે શૈક્ષણિક યોજના છેક ૧૯૯૭થી રૂા. ૨,૫૧,૦૦૦/-ના દાનથી શરૂ કરવામાં આવેલ હતી. ત્યારથી આ યોજના અન્વયે સમાજના અનેક વિદ્યાર્થીઓને તેમના આગળનાં અભ્યાસ માટે જરૂરી સહાય કરવામાં આવે છે. યોજના શરૂ થયેલ ત્યારથી યોજનાના દાતાશ્રીનાં કુટુંબીઓ તરફથી અવારનવાર આ યોજનામાં દાનો મળતા રહ્યા છે અને આજે આ યોજના સમાજના અનેકવિધ વિદ્યાર્થીઓને સારી એવી ઉપયોગી સાબિત થઈ રહેલ છે. આ યોજનાના દાતાશ્રી તથા આ સંસ્થાના એક કાયમી ટ્રસ્ટી **શ્રી બિપિનચંદ્ર કાનજી જૈન તરફથી કોઈપણ જાતની માંગણી વગર ઓક્ટોબર-૨૦૦૪માં ફરીથી રૂા. ૫.૦૦ લાખના દાનની જાહેરાત કરવામાં આવી હતી.** આ જાહેરાતથી સમાજને શૈક્ષણિક સહાય યોજનામાં સારૂં એવું પીઠબળ મળેલ છે.

તા. ૧૩-૧૧-૨૦૦૪નાં રોજ નૂતન વર્ષનાં આગમન નિમિત્તે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે નૂતન વર્ષ મિલન સમારંભનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેલ હતા. મનગમતા અલ્પાહાર કર્યા બાદ હર્ષોલ્લાસ સાથે સૌ છૂટા પડ્યા હતા. આ પ્રસંગે સમાજના ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિનાં મોટાભાગનાં સભ્યો ઉપસ્થિત રહેલ હતા.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ નવી નવી પ્રવૃત્તિઓ તો વિકસાવે જ છે પણ સાથે સાથે રાબેતા મુજબની પ્રવૃત્તિઓમાં કંઈક નાવીન્ય લાવે છે. ૬ જાન્યુઆરી, ૨૦૦૫નાં દિવસે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ત્રણ વર્ષ પૂર્ણ કરી ચોથા વર્ષમાં પ્રવેશેલ. તેની કામગીરીમાં ઉત્તરોત્તર વધારો કરવામાં આવેલ છે. કચ્છથી આવતી કચ્છી પ્રજા તેમજ અન્ય જનતાને તે ખૂબજ ઉપયોગી સાબિત થયેલ છે. ત્યાંની પ્રવૃત્તિઓનો વ્યાપ વધારવા માટે કચ્છી વિદ્યાર્થી તથા વિદ્યાર્થિનીઓ માટે હંગામી ધોરણે હોસ્ટેલ ચાલુ કરવામાં આવી હતી અને પ્રથમ વર્ષે જ ૨૦ કચ્છી વિદ્યાર્થીઓએ લાભ લીધેલ હતો.

*(ક્રમશઃ)*

માહિતી

# હક્કો - સેવાઓ પ્રાપ્તિનો ટુ-વે પ્રોજેક્ટ – "આધાર" કાર્ડ

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

ભારતના પ્રત્યેક નાગરિકને એક આગવી ઓળખ પ્રાપ્ત થાય અને દેશની કલ્યાણકારી યોજનાઓનો લાભ ગરીબી રેખા નીચે જીવનારા લોકો મેળવી શકે એવા ઉમદા હેતુથી યુનિક આઈડેન્ટિફિકેશન પ્રોજેક્ટને ૩ માર્ચ, ૨૦૦૩ માં સરકારની માન્યતા મળવા પામી. ઈ.સ. ૨૦૦૬માં આ પ્રોજેક્ટની તજજ્ઞો દ્વારા વિશેષ છણાવટ થયા બાદ, આયોજન પંચના નેજા હેઠળ જાન્યુઆરી ઈ.સ. ૨૦૦૯માં યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઇન્ડિયા (UIDAI)ની સ્થાપના કરવામાં આવી. આ આધાર પ્રોજેક્ટનું વડું મથક દિલ્હીમાં છે.

- **વ્યક્તિગત માહિતી આવરી લેતું આધાર કાર્ડ :**

ઓથોરિટી દ્વારા ફોર્મ ભરનારાઓ અર્થાત્ દેશના તમામ રહેવાસીઓને ૧૨ આંકડા ધરાવતો અજોડ અનન્ય નંબર અપાય છે. જેને "આધાર" નામ અપાયું છે. આ નંબર કે આંકડો એક કેન્દ્રીય ડેટા બેંકમાં સ્ટોર કરાય છે. જેમાં પ્રત્યેક વ્યક્તિની તસવીર, તેની દસ આંગળી તથા અંગુઠાની છાપ, આંખની કીકી તથા આસપાસના કુંડાળાની છાપ પણ લેવામાં આવે છે. આધારકાર્ડની વિલક્ષણતા તો એ છે કે તે વ્યક્તિની ઓળખ પૂરી પાડશે એનું નાગરિકત્વ પૂરવાર નહિ કરે. પરંતુ રહેવાસીની નોંધણીમાં સહાયક બનશે. આ પ્રોજેક્ટનું અગત્યનું પાસું એ છે કે આધાર એ માત્ર આઈડેન્ટિટિ નંબર છે. જે લેવો ફરજિયાત નથી. ઉપરાંત કોઈ પણ સરકારી ખાતાઓ કે સંસ્થાઓ આ નંબરના ઉપયોગ અને અમલ માટે દબાણ કરવાની નથી. ભારતનો કોઈ પણ નાગરિક અરજી કરીને આ નંબર મેળવી શકે છે. પરિણામે વસતિનો કેટલો ભાગ આ નંબર મેળવશે તે સમયજ કહી શકે.

- **આધાર એક વિશિષ્ટ ઓળખ :**

આધારના કુલ ૧૨ ડિજિટ નંબર છે. સદર પ્રોજેક્ટ અન્વયે દેશના તમામ નાગરિકો બિનનિવાસી ભારતીયો, વિદેશી મુસાફરો, ભારતમાં કામ કરતા વિદેશીઓને યુનિક આઈ.ડી.નંબર સ્વતંત્ર આપવાનું આયોજન છે. આ બધાને જુદા કોડ આપવામાં આવે છે. વ્યક્તિનું પૂરું નામ, જન્મ તારીખ શિક્ષણ, જાતિ, ઈમેઈલ - એડ્રેસ વ્યક્તિની સહી, તારીખ સમાવવામાં આવે છે. આધારનો અર્થ Support of Foundation થાય છે. તેના લોગોની ડિઝાઈન શ્રી અતુલ સુધાકર રાવ પાંડે એ બનાવેલી છે. Logo is a yellow sun with a finger print embedded in its centre. આ પ્રોજેક્ટની વહીવટી વ્યવસ્થામાં જૂન ૨૦૦૯ માં ઈન્ફોસિસના કો-ચેરમેન શ્રીનંદન નિલેકણી UIDAIના પ્રથમ ચેરમેન બન્યા. આ બોડીના અન્ય ત્રણ IAS સભ્યો છે. જેમાં શ્રી કે.નારાયણ, ઝારખંડના શ્રીરામ સેવક શર્મા તથા શ્રી અશોક ચૌહાણ છે.

- **હક્કો સેવાઓ અર્થે ટુ-વે પ્રોજેક્ટ**

બાયોમેટ્રિક ઓળખની સાથે ઓળખના અન્ય પરિબળો જાહેર અને ખાનગી એમ વિવિધ પ્રકારની એજન્સીઓ દ્વારા જાહેર સ્રોત અને સેવાઓ પહોંચાડવાનું સરળ બનાવે છે. હક્કો અને સેવાઓ પહોંચાડવાનું આ સાધન ટુવે એપ્રોચ કહી શકાય. કોઈ મધ્યસ્થીઓની મદદ વિનાજ નાગરિકો સાથે એજન્સીઓનો સંપર્ક થાય છે.

- **વ્યક્તિત્વનું અસ્તિત્વ :**

છેલ્લા કેટલાક વર્ષોથી ભારતમાં ગરીબી દૂર કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે. સરકારશ્રી એ તદનુસાર ગરીબ લોકોના જીવન વિકાસ યાત્રા માટે કેટલાક અગત્યના કાર્યક્રમો કે પ્રોજેક્ટ ઘડી કાઢ્યા છે. ગર્ભવતી મહિલા અને તેના બાળકના સ્વાસ્થ્ય અર્થે "જનની સુરક્ષા યોજના" અસ્તિત્વમાં છે. શાળામાં જતા બાળકો માટે "સર્વ શિક્ષા અભિયાન", પુખ્ત વયનાઓ માટે "સ્વાસ્થ્ય વીમા યોજના", ગ્રામીણ બેરોજગારો માટે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરંટી સ્કીમ. આ તમામ લાભો મેળવવા આધારકાર્ડ ઘણું ઉપયોગી છે. આવી વિકાસ યોજનાઓ વ્યક્તિનું અસ્તિત્વ ટકાવી રાખે છે.

- **કલ્યાણકારી યોજના ઘડવા ઉપયોગી :**

આધાર નંબર એક એવો નંબર છે કે જેમાં અપાયેલી માહિતીના આધારે કલ્યાણકારી યોજનાઓને ઓપ આપી શકાય છે. શહેર તેમજ ગ્રામ વિસ્તારની એજન્સીઓને વધુ અસરકારક તેમજ પારદર્શી સેવાઓ લોકોને પહોંચાડવા મદદરૂપ બને છે. આપણા વિકાસમાન રાષ્ટ્ર માટે માનવ સંસાધન ક્ષેત્રે અનેક કલ્યાણકારી પ્રોજેક્ટોને આધાર દ્વારા વેગવાન બનાવી શકાય તેમ છે.

- **દૂરના અંતરેથી ઓળખ ચકાસણી:**

"આધાર" ટેકનોલોજી અને ઈકોસિસ્ટમના અમલ પછી જે રહેવાસીઓ આધારકાર્ડ માટે નોંધણી કરાવશે તેની ઓળખની વારંવાર ચકાસણીનો પ્રશ્ન ઊભો

Meera Marketing
Mfg. Exporters & Suppliers of Stainless Steel & Aluminium Utensils
Specialised in Manufacture of Items of Specific Requirements of Exporters & Institutions
30/2nd Panjrapole Lane, C.P. Tank, Mumbai-400 004. INDIA
Tel. : +91-22-22425857, 22421830 Fax : 91-22-22423281
email id : meeramkt@gmail.com

નહિ થાય. કામની સેવામાં જતા લોકો કે જેઓ એક સ્થળેથી બીજા સ્થળે જાય છે, તેમને એકધારી ઓળખ પૂરી પડાશે. સેલફોન કે લેન્ડ લાઇન કનેક્શન દ્વારા ઑથેન્ટીફિકેશન લોકોને દૂરના અંતરેથી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવા સહાયભૂત નીવડશે.

- **છેતરપિંડી નિવારણ :**

વર્તમાન સમયમાં અનેક અવનવી છેતરપિંડી દેશ અને દુનિયામાં થઈ રહી છે. કોઈ મૃત રહેવાસીનું કોઈ બાબતે રજિસ્ટ્રેશન, એકજ રહેવાસી દ્વારા એકથી વધુ રજિસ્ટ્રેશન, ફોર્મમાં અપાયેલી ખોટી માહિતીઓ – આ બધા માટે બાયોમેટ્રીક સોલ્યુશન આદિ ઉપયોગી સાબિત થાય છે.

- **સ્થળાંતરિતોને ઉપયોગી :**

ઓછી આવક મેળવતો વર્ગ અવારનવાર સ્થળાંતર કરતો હોય છે. આવો વર્ગ વસતિ ગણતરી તથા બીપીએલ સર્વેક્ષણમાંથી પણ બાકાત રહી જાય છે. તેઓ સસ્તા અનાજની યોજના, મફત – ફરજિયાત શિક્ષણ યોજના, આરોગ્ય સુવિધાઓ કે ક્યારેક કૃષિકાર્ડ યોજનાથી વંચિત રહી જાય છે. આ સંદર્ભમાં આધારકાર્ડ ઉપયોગી બને છે. મોબાઈલ માટે સીમકાર્ડ મેળવવા, મકાન ભાડે મેળવવા, જાહેર વિતરણ વ્યવસ્થાનો લાભ મેળવવા આધારકાર્ડ ઉપયોગી બની રહે છે. ખાસ કરીને આંતરરાજ્ય સ્થળાંતર સમયે વ્યક્તિને આ કાર્ડ ઉપયોગી બને છે.

- **ભારતના તમામ રહેવાસીઓને ઉપયોગી :**

આ આધાર કાર્ડની ઉપયોગીતા ભારતના તમામ રહેવાસીને રહેશે. આ કાર્ડમાં પરિવારના નાના બાળકોની ઓળખ પણ સમાવિષ્ટ હોવાથી તેમને પણ ઉપયોગી છે. વ્યક્તિ પાસે પોતાની ઓળખના અન્ય દસ્તાવેજોની અવેજીમાં આ કાર્ડ ઘણું ઉપયોગી છે. પ્રત્યેક વ્યક્તિની સાર્વત્રિક ઓળખનું માળખું આ કાર્ડ દ્વારા ઊભું થાય છે. રેશનકાર્ડ, પાસપોર્ટ, અન્ય સેવાઓની ઉપલબ્ધિ માટે આ કાર્ડ ઉપયોગી સાબિત થાય છે. ૧૨ આંકડાના નંબરોનું વિશાળ માળખું લોકોને ગમે ત્યારે, ગમે ત્યાં અને ગમે તે રીતે અધિકૃત ઓળખ આપવામાં, પ્રસ્થાપિત કરવામાં મદદરૂપ થાય છે.

- **ગુજરાતમાં યુનિક આઈ.ડી. પ્રોજેક્ટ :**

ગુજરાત રાજ્યમાં રાજ્યની સરકારે રાજ્યમાં રહેતા નાગરિકોને યુનિક આઈ.ડી.આપવા માટે યુનિક આઈડેન્ટિફીકેશન ઑથોરિટી ઑફ ઈન્ડિયા સાથે તા. ૯ મી જૂન, ૨૦૧૦ના રોજ સમજણના કરાર (એમઓયુ) કર્યા છે. આ પહેલાં તા. ૨૫-૩-૨૦૧૦ ના રોજ મુખ્યમંત્રીના અધ્યક્ષપદે કેબિનેટ સબકમિટીની રચના કરેલી. તા. ૧૧-૧-૨૦૧૦ ના રાજ્ય યુનિક આઈડેન્ટિફીકેશન ઈમ્પ્લિમેન્ટેશન કમિટી રચાઈ. રાજ્યમાં યુનિક આઈડી (UID) પ્રોજેક્ટ માટે રાજ્ય આયોજન વિભાગ નોડલ ઍજન્સી તરીકે કાર્ય કરશે.

- **સંબંધિત સૂચનો :**

યુનિક આઈડેન્ટિટી કાર્ડ મલ્ટી પર્પઝ હોવા જરૂરી છે. જેમાં બેન્ક કાર્ડ, પાનકાર્ડ, ચૂંટણીકાર્ડ, ડ્રાઈવિંગ લાઇસન્સને સમાવી લેવાય તો સંપૂર્ણ ઓળખ દસ્તાવેજ તૈયાર થઈ શકે. આ કાર્ડમાં વિશેષ જીનેટિક ઓળખ મૂકી શકાય. કાર્ડમાં સારું મટીરિયલ વપરાય કે જેથી લાંબાગાળા સુધી ઘસાય કે ભૂંસાય નહિ. આ કાર્ડ સાથે સ્માર્ટ કે મેગ્નેટીક સ્ટ્રીપ જોડાય તો વધુ આવકાર્ય બને. ખાસ તો વ્યક્તિની જરૂરી માહિતી સવેળા મેળવવા આ આધાર કાર્ડનું અનન્ય મહત્ત્વ છે. ભારત જેવા વિકાસશીલ દેશ માટે ''આધાર પ્રોજેક્ટ'' નું રિલીઝ થવું એ જ ઘણી મોટી ઉપલબ્ધિ છે.

*'સહજાનંદ', ૬/એ લીમડા લેન,*
*સંસ્કાર નગર, ભુજ, કચ્છ - ૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

## કચ્છી સુભાષિતો

કારા કોયલ કાગડો, જુદ્ધા બીંજા રાગ;
હિકડી વાણી મનહરે, બૈ ધિલમેં ચાંપે આગ.
ગજે કન્ના વધુ ના થીજે, તેંજો કજે ન તંત;
હજાર ઉંદર હુંએ ભલેં, બ ધેં ન મિન્ની કે ઘંટ.
સુક્કી માની ઘરજી, તેંતે સભર કજે;
મોંઘીયું મીઠાયું પારક્યું, તેંતે ન ગજજે.
જે વહાણતે ચડજે, તેંજી ગોરજે મ્હેર;
ધરીયામેં વૈઈ મગર સેં, કડેં ન કજે વેર.
ઠકા ઠેકર ને ઠાકરા, તેનું રોજે દૂર;
અદ્ધ વિચ્ચ મેં ફસીપેં, પાણી સંધે પૂર.
ગાંજાઈ-ધારૂડીયો ભલો, તેનું ભલો નાગ;
બૂરે મેં બૂરો દીઠ્ઠો, વેસાઘાતી વાઘ.
છોરે સંધી ઠીસરી, અજાણી સેં ગાલ;
વ્યાજખાઉ વાણીયો, કડેં ન કરીંયે ન્યાલ.
કંધા હુંઓસે નિત્ત કજે, નંઈ ન કજે ચાલ;
અજાણ પાણી મેં બૂડેં, નર વાહન ને માલ.
કંટક મત્થે કુમળો, તોળે પણ ડે સુગંધ;
તીંય કડવા સજ્જનતાં ભલા, જેંજા હિકડાદંધ.

*''રશ્મિનજો રણકાર : ભાગ-૧''માંથી સાભાર*

શુભેચ્છા સહ : સૌ. લીનાબેન હંસકુમાર શાહ

**HEMANT SURGICAL INDUSTRIES LTD.**

647, Girgaum Road, Near Dhobi Talao, Avijah Bldg.,
Gr. Floor, No. 6 & 7, Mumbai-400 002. INDIA
Tel. : 2203 0935 / 36 • Fax : 91-22-2207 7585
Web : www.hemantsurgical.com
E-mail : info@hemantsurgical.com

॥ क्षमा वीरस्य भूषणम् ॥

**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**

''ધુલ્લા વિલા'', બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

તંદુરસ્તી

# મને નવા ફ્લેટમાં રહેવું ગમતું નથી

• ડૉ. મણિલાલ ગડા – ડૉ. દીપ્તિ શાહ (ગડા) •

● **કેસ સ્ટડી :**

ડૉક્ટર, મારા હસબન્ડને સમજાવો કે "નવો ફ્લેટ વેચી દે. મને આ નવા ફ્લેટમાં રહેવું ગમતું નથી." ૪૭ વર્ષની અંજનાએ લેખકની કેબિનમાં પ્રવેશતાં જ કહ્યું. "નવા ફ્લેટમાં મને ગભરામણ થાય છે, રડવું આવે છે, ઘરનું કામ કરવાનું મન થતું નથી, રસોઈ પણ પરાણે કરૂં છું, હું જેલમાં પૂરાઈ ગઈ છું એવું મહેસૂસ થાય છે."

ઊંડાણમાં જતા અન્ય મહત્ત્વની નીચે પ્રમાણેની જાણકારી મળી. અંજનાને રાત્રે ઊંઘ બરોબર આવતી ન હતી. સવારના પરોઢિયે ઊંઘ વહેલી ઊડી જતી હતી પછી ઊંઘ આવતી ન હતી. ભૂખ લાગતી ન હતી. અંજના પરાણે જમતી હતી. છેલ્લા છએક મહિનામાં ત્રણેક કિલ્લો વજન ઘટી ગયું હતું. મહિલા મંડળની મિટીંગ તથા કાર્યક્રમમાં છેલ્લા ચાર મહિનાથી ભાગ લીધો ન હતો (જે પહેલા નિયમિત બધાં જ કાર્યક્રમ તથા મિટીંગમાં અંજના ભાગ લેતી હતી)

ઘરે મહેમાન આવે ત્યારે અંજના વાતચીતમાં રડી પડતી હતી. બહેન જોડે ફોનમાં વાત કરતા પણ રડવું આવી જતું હતું. એક જ વાત મનમાં ઘોળાયા કરતી હતી કે આ ફ્લેટમાં રહેવું નથી. ફ્લેટ વેચી નવા ફ્લેટમાં રહેવા જવું છે. હકીકતમાં તો જૂની જગ્યાએ જ જવું હતું પરંતુ એ જૂની જગ્યા વેચી દીધી હોવાથી ત્યાં રહેવા જવું શક્ય નથી.

અંજનાએ ખૂબ જ હોંશથી નવો ફ્લેટ ખરીદ્યો હતો. ઘણા ફ્લેટ જોયા બાદ આ ફ્લેટ પર જાતે પસંદગી ઊતારી હતી. હોંશથી ઈન્ટિરીયર ડેકોરેશન કરાવ્યું હતું, જેનું કામ દસેક મહિના ચાલ્યું હતું. ફ્લેટનું વાસ્તું પણ સારી રીતે ઉજવ્યું હતું. ફ્લેટની તથા ઈન્ટિરીયર ડેકોરેશનના સૌ કોઈએ વખાણ કર્યા હતા.

કુટુંબીજનોને થયું કે અંજનાએ ઘરની ખરીદી તથા ઘરની સજાવટ હોંશે હોંશે કરી છે. અંજનાની આ ખુશી કોઈનાથી સહન થઈ શકી નથી કોઈની નજર લાગી ગઈ છે. કોઈએ અંજનાને કાંઈ કર્યુ છે એટલે અંજનાની હાલત ખરાબ થઈ છે. નજર ઉતારવા ભૂવાને બતાડ્યું તથા વિધિ કરી. કાંઈ ફરક ન પડ્યો. પુચ્છા આચ્છા કરી. દેશમાં જઈ કૂળદેવીને પગે લાગી આવ્યા. આ બધી વિધિઓ પછી પણ અંજનાની તબિયતમાં કાંઈ ફરક ન પડ્યો. સમય નીકળતો ગયો તેમ તબિયત વધારે બગડતી ગઈ.

અંજના વાતવાતમાં રડી પડતી હતી. પોતાના વિચારોમાં ખોવાઈ જતી હતી. ઘણી વખત વિચારોમાં એટલી બધી ખોવાઈ જતી કે આજુબાજુ શું ચાલી રહ્યું છે એ પણ અંજનાને ધ્યાન ન રહેતું. એક વખત તો ગેસ પર મુકેલ દૂધ તપેલામાંથી બહાર ઊભરાઈ ગયું હતું.

હિતેચ્છુની સલાહથી મનોચિકિત્સક (લેખક)નો અભિપ્રાય લીધો. અંજનાના કિસ્સામાં મનના લક્ષણો (નકારાત્મક વિચારો, વારંવાર રડવાનું, કામ કરવાની ઈચ્છાનું લુપ્ત થવું, હતાશાજનક મુડ, મરવાના વિચારો, અપરાધભાવ, વજન ઘટી જવું, વગેરે) હતા. ઉપરોક્ત લક્ષણો બે અઠવાડિયાથી વધારે સમયથી હતા. (આંતરરાષ્ટ્રીય વર્ગીકરણ મુજબ ઉપરોક્ત લક્ષણો બે અઠવાડિયાથી વધારે સમયથી હોય તો હતાશાની બીમારીનું નિદાન કરાય છે)

● **નિદાન :**

અંજનાનો કિસ્સો હતાશાની બીમારીનો કિસ્સો છે.

● **સારવાર :**

હતાશા પ્રતિરોધક દવાઓ (antidepressant medication) શરૂ કરી. અઠવાડિયા બાદ દવાઓનું પ્રમાણ યોગ્ય માત્રામાં આવ્યું જેથી દવાઓની યોગ્ય અસર થાય અને આડ અસર ન થાય. ધીમે ધીમે ઉપરોક્ત લક્ષણોમાં સુધારો થયો. અઠવાડિયાની સારવારમાં જ રડવાનું ઓછું થઈ ગયું હતું. ત્રણેક અઠવાડિયાની સારવારમાં તો રડવાનું બંધ જ થઈ ગયું. (સગાવહાલા, હિતેચ્છુઓના સમજાવવાથી કે સલાહથી છેલ્લા છ મહિનાનાં રડવાના લક્ષણમાં ફરક પડ્યો ન હતો.)

બે મહિનાની સારવારમાં તો અંજના પૂર્વવત પોતાના રોજિંદા કાર્યો કરવા લાગી. ઊંઘ વ્યવસ્થિત સમયસરની થઈ. વધારે કે ઓછી નહીં. નકારાત્મક તથા મરવાના વિચારો કાબૂમાં આવ્યા. કામમાં ધ્યાન (Concentration) વ્યવસ્થિત થયું. કામમાં થતી ભૂલો બંધ થઈ ગઈ.

એક થેરાપિના સેસનમાં અંજનાએ પછી કહ્યું "ડોક્ટર સાહેબ, મને રડવું તથા નકારાત્મક વિચારો આવતા હતા. મને સમજ હતી કે મારે આ બધું કરવું ન જોઈએ પરંતુ હું શું કરૂં? આ બધું મારા કાબૂમાં ન હતું. મારે વિચારો કરવા ન હતા, રડવું ન હતું પરંતુ આ બધુ મારા કાબૂમાં ન હતું, પોતાની મેળે થઈ જતું હતું. મને નવું ઘર શા માટે ગમતું ન હતું તથા શા માટે બદલવું હતું એ પણ મને સમજાતું ન હતું. મારે નવું ઘર બદલવું નથી. મારે આ જ ઘરમાં રહેવું છે. તમારી સારવારથી મને ખૂબ જ ફાયદો થયો છે. આપનો આભાર."

આ ઘરમાં અંજનાને સારૂં લાગવા માંડ્યું. ઘર ગમવા લાગ્યું. ઘર બદલવાની વાત પર અંજના હસતી અને મક્કમતાથી હવે ના પાડતી હતી.

● **દસેક મહિના બાદ :**

અંજનાએ દસેક મહિના બાદ પોતાના એકના એક દીકરાના લગ્ન ખૂબ ધામધૂમથી

*મેળવજો નીતિથી, ભોગવજો રીતિથી, વાપરજો પ્રીતિથી.*

કર્યા. નવી પરણેલી વહુ પણ આજ ઘરમાં સાસરે આવી. અંજના પૂર્વવત હવે નોરમલ છે.

- **મનોવિશ્લેષણ :**

અંજનાના કિસ્સામાં મનની બીમારી (હતાશાની બીમારી) થવા માટે કારણરૂપ કોઈ નકારાત્મક પ્રસંગ કે બનાવ બન્યો ન હતો. અંજના, પતિ, દીકરો કે અન્ય નજીકના કુટુંબીજનોને મનોવૈજ્ઞાનિક રીતે માહિતી મેળવવાનો પ્રયત્ન કરેલ. પરંતુ દરેક વ્યક્તિએ કહ્યું હતું કે કોઈ નકારાત્મક પ્રસંગ બનવાની એમને જાણ નથી.

મનની બીમારીઓનું નિદાન મનના લક્ષણો પરથી થાય છે :

મનની બીમારીમાં મનના કાર્યો પર નકારાત્મક અસર થાય છે વિચારો, નિર્ણયશક્તિ, લાગણી, વર્તણૂક, વાણી, સહનશક્તિ, ગ્રહણ શક્તિ, સ્મરણ શક્તિ, મિજાજ (મુડ) વગેરે પર નકારાત્મક અસરો થાય છે. આ ફેરફારો વિષે મનોવૈજ્ઞાનિક જાણકારી મેળવી તથા વ્યક્તિની મનોવૈજ્ઞાનિક તપાસ (Mental States Examination - MSE) કરી, જરૂરત પ્રમાણે લેબોરેટરી તથા સાયકોલોજિકલ તપાસ કરવામાં આવે છે તથા નિદાન કરાય છે.

મનની બીમારીના નિદાન માટે કારણ કે નકારાત્મક પ્રસંગનું બનવું જરૂરી નથી. (ઉપરોક્ત અંજનાનો કિસ્સો) કારણ જાણ્યા વગર પણ મનની બીમારીની સારવાર કરી શકાય છે. તથા સારવારના પરિણામો નોંધપાત્ર હોય છે. બાહ્ય કારણ હોય અને એને વ્યક્તિ બદલી ન શકે તો પણ મનની બીમારીની સારવાર કરી શકાય છે જેના પરિણામો અપેક્ષિત આવે છે તથા એ વ્યક્તિ ગુણવત્તાભર્યું જીવન જીવી શકે છે.

મનની બીમારીનું નિદાન તથા સારવાર શારીરિક બીમારીની રીતે જ થાય છે નીચેના કોષ્ટકમાં બંને બીમારીઓની સરખામણી બતાડી છે.

| શારીરિક બીમારી | મનની બીમારી |
|---|---|
| (૧) નિદાન લક્ષણો, લેબોરેટરી તથા એક્સ-રે તપાસ પરથી થાય છે. | (૧) નિદાન લક્ષણો, સાયકોલોજિકલ ટેસ્ટ, લેબોરેટરી તથા એક્સ-રે તપાસ દ્વારા થાય છે. |
| (૨) બીમારી થવાનું કારણ જાણવું અગત્યનું નથી. હકીકતમાં મોટા ભાગની બીમારીઓનું (ડાયાબિટીસ, થાઈરોઈડ, બ્લડ પ્રેશર, કંપવા વગેરેના કારણોની ખબર નથી. શરીરના અવયવોમાં ફેરફાર થાય છે. | (૨) બીમારી થવાનું કારણ જાણવું અગત્યનું નથી. મનના અવયવોમાં (લિમ્બિક સીસ્ટમમાં) ફેરફારો થાય છે. |
| (૩) નિદાન પરથી સારવાર થાય છે. સારવાર માટે કારણ જાણવાની અગત્યતા નથી. | (૩) નિદાન પરથી સારવાર થાય છે. સારવાર માટે કારણ જાણવાની અગત્યતા નથી. |
| (૪) સારવારના પરિણામો નોંધપાત્ર મળે છે. | (૪) સારવારના પરિણામો નોંધપાત્ર મળે છે. |

નકારાત્મક વિચારો આવવા એ મનની બીમારીનું લક્ષણ છે. એ વિચારોને યોગ્ય કે હકીકત ન સમજી લો તથા વિચારો પ્રમાણે અમલ ન કરો. સારવાર કરવી અગત્યની છે.

વિચારો વધારે આવવા, નકારાત્મક વિચારો આવવા એ મનની બીમારીનું લક્ષણ છે. નકારાત્મક વિચારોને હકીકત ન મનાય તથા એને સમજાવવા જવાને બદલે એની સારવાર કરવી અગત્યની છે જેથી અપેક્ષિત પરિણામ મળી શકે. અંજનાના કેસમાં સારવાર કરવાથી વિચારો પર કાબૂ આવ્યો તથા નકારાત્મક વિચારો આપમેળે બદલાયા. જેમ દવાઓ દ્વારા બીમારી પર કાબૂ મેળવ્યો તેમ વિચારો બદલાયા. અંજનાને સમજાવવાની (કાઉન્સેલિંગની) જરૂરત ન હતી.

મનની યોગ્ય સારવાર કરવાથી નકારાત્મક વિચારો પર કાબૂ મેળવાય છે. ત્યારબાદ જરૂરત પ્રમાણે કાઉન્સેલિંગ કરી શકાય.

- **સારાંશ :**

(૧) મનની બીમારી કોઈને પણ થઈ શકે.

(૨) મનની બીમારી થવી એ મનની નબળાઈ નથી. અર્જુનને રણમેદાનમાં હતાશાની બીમારી થયેલ. સારવાર બાદ મહાભારતનું યુદ્ધ અર્જુનને લીધે પાંડવો જીતી ગયા. અબ્રાહમ લિંકન, વિન્સ્ટન ચર્ચિલને પણ મનની બીમારી થયેલ.

(૩) મનની બીમારીના નિદાન માટે કારણ કે નકારાત્મક પ્રસંગની જાણકારી અગત્યની નથી.

(૪) મનની બીમારીની સારવાર નિદાન પરથી કરાય છે. નકારાત્મક પ્રસંગ પરથી નહીં.

(૫) સમયસરનું નિદાન તથા સારવાર થાય તો નોંધપાત્ર પરિણામો મળે છે.

(૬) મનની બીમારી પ્રત્યે સમાજે નકારાત્મક વલણ બદલવું જરૂરી છે.

*મનોસ્મૃતિ પોલીક્લિનિક, 'પ્રભુકૃપા', એલ.બી.એસ. માર્ગ,*
*સર્વોદય હોસ્પિટલની અને હોટલ રાધાકૃષ્ણની બાજુમાં,*
*ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬. ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯*

*ઈશ્વરે કહ્યું છે કે તમને પીડા સહન કરવાની તાકાત આપીશ, રડીને હળવા થવાની રાહત આપીશ.*

# ઈશાને અમદાવાદ નથી ગમતું

વાર્તા

• ડૉ. ઊર્મિલા શાહ •

"સુજ્ઞાનબહેન! તમે તો ખરાં નસીબદાર છો હોં! બે બે દીકરાની મા એટલે નસીબદાર તો હોય જ. પણ તમારે તો બે વહુઓ પણ મુંબઈની આવી... અમદાવાદમાં જ જન્મ્યાં છો, અમદાવાદમાં જ મોટાં થયાં છો ને તોય તમારી આણ મુંબઈ સુધી એવી તે કેવી પ્રસરી કે એક નહીં પણ બે બે વહુઓ મુંબઈની આવી? ને તેમાંય પાછી મોટી તો ડોક્ટર. ડોક્ટર છોકરી મુંબઈ છોડી અમદાવાદ આવવાનું પસંદ કરે એ પણ એક ક્રેડિટ તો ખરી જ. દીકરામાં એવું હીર છે ત્યારે જ મુંબઈની એ ડોક્ટર છોકરીએ અહીં આવવાનું પસંદ કર્યું હશે ને! અને પાછી અહીં પણ એ કેવી સરસ ગોઠવાઈ ગઈ છે! સાચું કહું! આ એને પગલે જ બીજી ય તમારું ઘર ને દીકરો શોધતી આવી છે, સુજ્ઞાબહેન."

અને મને મનોમન થોડો ડર લાગતો. આ બધી વાતો સાંભળું ત્યારે મને થતું, "ક્યાંક કોઈની ટોક તો નહીં લાગે ને! આ તો બધાં નીવડે વખાણ. મોટી વહુ સરસ નીવડી એટલે નાની ય નીવડશે જ એવું તો કેવી રીતે કહેવાય! એક માંના બે બાળકો ય ક્યાં સરખાં હોય છે! તો આ તો બે જુદાં જુદાં માબાપને હાથે ઊછરેલી બે દીકરીઓ. વાણી, વર્તન વિચાર બધાંમાં ય ફેરફાર તો હોય જ ને! 'તુંડે તુંડે મતિર્ભિન્ના' એ હકીકતે ય સ્વીકારવી તો પડે જ ને! ને થયું પણ એવું જ'.

મારી મોટી વહુ મીતા ને નાની ઈશામાં આસમાન-જમીનનો ફરક છે. મોટીને ઘર વહાલું લાગે. ડોક્ટર છે, પ્રેક્ટિસ કરે છે ને છતાંય ઘરરખ્ખુ ઘણી. ઘર વર અને છોકરાં જ એને વહાલાં. હા ડોક્ટર છે એટલે એને પ્રેક્ટિસ તો કરવી જ પડે ને છતાં ય ઘર કેવું સરસ રાખે છે!

...ને મારી ઈશા... મુંબઈમાં મોટી થઈ છે ને! એનો જીવ ઘરમાં ગૂંગળાય. ઘરનું કામ કરે ખરી પણ એને રસ ન પડે. ઘર માંડીને બેઠાં, સંસાર લઈને બેઠાં એટલે બધી પળોજણ કર્યા વિના કંઈ ઓછો જ છૂટકો થાય છે! એટલે ઘરનું કામે ય કરે ખરી પણ...માણસ રસ લઈને કામ કરે ને ફરજિયાત કરવું પડે, મન વિના કરે એમાં આસમાન-જમીનનો ફેર પડે. કેટલાક લોકો ઘર ચલાવે છે તો કેટલાકના ઘર ચાલે છે. એ તો તમે એના ઘરમાં પગ મૂકોને જ તમને ખબર પડે. જે ગૃહિણી રસ લઈને ઘર ચલાવતી ન હોય તેનું ઘર જાણે અવ્યવસ્થિત જ લાગે. પ્રસન્નતા તેમાં ક્યાંય ન વરતાય, પણ આ તો એ મારા ભેગી છે એટલે બધું સચવાઈ જાય છે. તમે માનશો? સવારે હું પાણિયારુ, ચા-પાણી, અડધી રસોઈ જેવું કરી રહું ત્યારે માંડ આઠ વાગે ઊઠીને ઈશા આવે છે. ક્યારેક તો મને ય અકળામણ થાય છે કે એને ટોકું...પણ હું પ્રયત્નપૂર્વક બોલવાનું ટાળું છું. "મારી દીકરી જ આમ મોડી ઊઠતી હોત તો!" ને એમ વિચારી મારા મનની અકળામણને હું હૃદયને એક ખૂણે ભંડારી દઉં છું. અરે! ક્યારેક તો મારા નિશીથને વહેલા જવાનું હોય તો તેનાં ચા-પાણી ય હું જ કરી આપું છું. બિચારો એકલો જ બધું જાતે પતાવી નીકળી જાય. ને છતાંય એમાં ઈશાને ક્યારેય અફસોસ થતો મેં નથી જોયો. ઈશા તો એની જ રીતે મસ્તીથી, મઝાથી જીવવામાં જ માને છે. ક્યારેક હું સમસમી ઊઠું છું પણ પાછી હું ઠંડી પડું છું. એક જ વિચારે... 'છોકરું થશે ને જવાબદારી માથે આવશે એટલે આપોઆપ સુધરી જશે...' ને ઈશ્વરનું કરવું તે ઈશાને સારો દહાડો પણ આવ્યો અને પછી તો ઇશા તરફની મારે કશી જ આશા રખાય એવું નહોતું. 'મમ્મી મને ખાવાનું ભાવતું નથી.' હું એ જે કહે તે, તે જ્યારે કહે ત્યારે કરી આપતી. 'ડોક્ટરે તેને આરામ કરવાનું કહ્યું છે.' લગભગ આખો દિવસ તે રૂમમાં જ ભરાઈ રહેતી. ઘરનું આખા દિવસનું કામકાજ હું સંભાળી લેતી. ને સાંજે નિશીથ આવે એટલે બેઉં તૈયાર થઈ બહાર નીકળી જતાં. હું કહેતી, 'ડોક્ટરે આરામ લેવાનું કહ્યું છે ને!' તો નિશીથ જ બોલી ઊઠતો 'મમ્મી, એ આખો દિવસ ઘરમાં ને ઘરમાં કંટાળી ગઈ છે. અમે જમવાનું પણ બહાર જ પતાવી દઈશું. અમારી રાહ ન જોઈશ."

"પણ બેટા! રસોઈ તો થઈ ગઈ છે. જમીને જાવને! આવા દિવસોમાં બહારનું ખાવાનું સારું નહીં. ઊછરતાં છોકરાંને પોષણે ય સરખું મળવું જોઈએ ને! ને બહારનું ખાતાં ક્યાંક ટાઈફોઈડ કે કમળો થશે તો!"

અને નિશીથ અકળાઈને કહી દેતો. "મમ્મી, તું એ બધી ચિંતા મૂકી દે. હવે અમે મોટાં થયાં છીએ. અમને અમારી રીતે બધું કરવા દે." મારા મન પરનો ભાર વધતો જતો હતો. કહેવાય નહીં ને સહેવાય નહીં તેવી દશામાં જીવી રહી હતી.

સાતમે મહિને સારો દહાડો જોઈ એને મેં ચાંદલો કરી તેના પિયર વિદાય કરી. હૃદયથી આશીર્વાદ આપ્યા. 'પુત્રવતી ભવ' અને જ્યારે મુંબઈથી કોલ આવ્યો કે ઈશાને બાબો આવ્યો છે ત્યારે તો મારા આનંદને કોઈ અવધિ ન હતી. મૂડી કરતાં આમે ય વ્યાજ તો વધુ વહાલું હોય જ ને! નિશીથ તો સાંજે ને સાંજે પ્લેનમાં નીકળી મુંબઈ પહોંચી ગયો. પણ અમે બે, બે દિવસમાં ટિકિટ મળી એટલે ગયાં. ઇશા હોસ્પિટલમાં જ હતી. હું હૉસ્પિટલમાં પહોંચી ગઈ. ઈશાના ખબરઅંતર

તીર્થ પટ
હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર
જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

પૂછ્યા. પણ મારો જીવ દીકરો જોવા ઝંખતો હતો. પણ ઈશાનાં બાએ કહ્યું, 'એને અંદર રાખ્યો છે. બહારના લોકોનો કોઈ ચેપ ન લાગે એટલે...' ને મારી ઈચ્છા મેં મનમાં જ ભંડારી દીધી. ત્રણચાર દિવસ રોજ હૉસ્પિટલ જતી. ઈશા પાસે ખાસો સમય બેસતી પણ ઈશા હું હોઉં ત્યારે ભાગ્યે જ કશું બોલતી. આખરે ચોથે દિવસે તો અમારે પાછાં આવવાનું હતું અને એટલે અમે બંને સવારે જ હૉસ્પિટલ ગયાં. મારી તો જીભ ન ઊપડી. પણ એમણે તો કીધું, 'અમારે અમારો દીકરો જોવો છે.' ને સિસ્ટરે બીજા રૂમમાં બધાં બાળક રાખ્યાં હતાં ત્યાં લઈ ગયાં. બાબો અમને બતાવ્યો... "કેવો મીઠ્ઠો લાગતો હતો તે! બરાબર નાનો નિશીથ જ જોઈ લો. મને મારો નાનો નિશીથ યાદ આવી ગયો. તેને ચૂમી લેવાનું મન થયું. પણ અરે! એને તો હાથે ય ક્યાં અડકાડવાનો હતો! વિજ્ઞાનના વિકાસે મારી લાગણીને જાણે રૂંધવાનું કામ કર્યું હતું. હું લાચાર હતી. ને હું અમદાવાદ પાછી આવી. મારા મનમાંથી મારો દીકરો ખસતો ન હતો.

અને એટલે જ મેં સવા મહિનો થયો ને દિવસ વાર ને ચોઘડિયું જોવડાવી ઈશાને મોકલી આપવા કહેવડાવ્યું. તો ત્યાંથી ઈશાની મમ્મીએ પ્રત્યુત્તર આપ્યો. 'હમણાં એ નહીં આવી શકે. ત્યાં બાબો સચવાય નહીં ને! ત્રીજે મહિને વિચાર કરીશું.' મારાથી શું થઈ શકે! મેં નિશીથને વાત કરી. નિશીથે પણ એવો જ પ્રતિભાવ આપ્યો. 'શું ઉતાવળ છે?' ને હુ ચૂપ રહી. પણ મને ય મનમાં તો લાગ્યું 'શું મેં મારા બે બે છોકરાને મોટાં નથી કર્યાં! હું ય મા જ છું ને! ને મોટી વહુની દીકરો ને દીકરી એ બે ય ક્યાં મારા હાથમાં રમીને મોટાં નથી થયાં!' તે છતાંય હું કંઈ જ ન બોલી...નજર આગળથી એ નાનકડા દીકરાનું મોં આઘું ખસતું ન હતું છતાં ય હું મનને કેળવતી. 'આમ અધીરૂં ન થવાય. આ તો બે-ત્રણ મહિનાની વાત છે. પછી તો તે અહીં જ છે ને!' ને એમ ને એમ ત્રીજો મહિનો ય પૂરો થવા આવ્યો. ચોથા મહિને તો છોકરું લઈને અવાય નહીં એટલે મેં ફરી કોલ કર્યો, 'ઈશાને બાબાને લઈ મોકલી આપો. તેરસનો દિવસ સારો છે. તેરસ એટલે વણપૂછ્યું જ મુહૂરત...' પણ ઈશાનાં મમ્મીએ કહ્યું, 'હમણાં ઈશા ના કહે છે. એને અમદાવાદ ગમતું નથી.' ને મારે માથે જાણે આભ તૂટી પડ્યું. 'શું ઈશા અહીં આવવાની જ ના પાડે છે?' હું ખૂબ મૂંઝાઈ, સાંજે નિશીથ આવે તેની રાહ જ જોતી હતી. નિશીથ આવ્યો ને મેં તેને જમાડી લીધો ને પછી વાત છેડી.

"નિશીથ...ઈશા ક્યારે આવવાની છે? હવે તો બાબો ય મોટો થઈ ગયો."

"મમ્મી...ઈશાને અહીં નથી ગમતું."

"એટલે?" મારાથી પુછાઈ ગયું.

"એ મને મુંબઈ સ્થાયી થવાનું કહે છે, અહીંની જિંદગી તેને ગમતી નથી."

"શું વાત કરે છે? એ જોઈ વિચારીને તો પરણી છે. અહીં ન ગમવા જેવું શું છે? ને હવે આમ દીકરા સાથે...ને તું ય આટલો સરસ ધંધો છોડી કંઈ ત્યાં ઓછો જઈ શકવાનો છે?"

"હું ય એ જ વિચારું છું, મમ્મી. પણ હું તને શું કહું? કેવી રીતે કહું? તને દુઃખ લગાડીને ય શું લાભ?"

અને દીકરો લગભગ સવા વર્ષનો થવા આવ્યો...હજી ઈશા અમદાવાદ આવી જ નથી. નિશીથ આ બધો પથારો છોડી ત્યાં જઈ શકે તેમ નથી. પેલી શીખા... તેને ય બાબો આવ્યો પછી સાત મહિના સુધી તેની મમ્મી તેને સાસરે જ મોકલતી ન હતી ત્યારે ચેતન કેટલો મૂંઝાતો હતો! વાત લગભગ છૂટાછેડા સુધી પહોંચી ગઈ હતી. દરેક માને પોતાની દીકરી ખૂબ જ વ્હાલી હોય. પણ એ દીકરીના વ્હાલના અતિરેકમાં એવાં તે કેમ તણાઈ જવાય કે તેનું દાંપત્ય રોળાઈ જાય! તેનો સંસાર રખડી પડે!!

*૨૫, પાર્થ બંગ્લોઝ, એસ.જી. હાઈવે*
*અમદાવાદ - ૩૮૦ ૦૧૫.*
*મો. : ૯૯૭૯૨ ૩૦૪૦૪*

## 'એ બી સી ડી' ની પ્રાર્થના

એક છોકરો હતો.

ભલોભોળો અને હોશિયાર પણ હતો.

એક દિવસે તે મંદિરમાં ગયો.

મંદિરમાં ભક્તો મંત્રોચ્ચાર કરતા હતા. સ્તુતિગાન પણ કરતા હતા.

સંસ્કૃતના ભારેખમ શ્લોકો અને પ્રાર્થના પણ કરતા હતા.

છોકરો આ બધુ જાણતો નહોતો.

એને મંત્રો, ગાન કે પ્રાર્થના આવડતાં નહોતાં.

તે આંખો બંધ કરી, બે હાથ જોડી દસ-બાર વાર એબીસીડી બોલી ગયો!

મંદિરના પૂજારીએ છોકરાને પૂછ્યું : 'દીકરા, આ પ્રમાણે પ્રાર્થના કરાય નહિ! તું તો એબીસીડી બોલી ગયો!'

'મને પ્રાર્થના, ગીત-ગાન કે શ્લોકો આવડતા નથી. માત્ર એબીસીડી જ આવડે છે...પ્રાર્થના, ગીતો, શ્લોકો એ બધું એ બી સી ડી થી જ બને છે ને! હું દસ - બાર વાર એબીસીડી બોલી ગયો, એ બધા અક્ષરોમાંથી ભગવાન એમને ગમે તેવી સારી લાગે તેવી પ્રાર્થના બનાવી લેશે!'

પૂજારી ચૂપ થઈ ગયા, છોકરાની સમજશક્તિને કારણે.

**<u>બોધ વાક્યો</u> :**

- સાચા હૃદયથી થયેલી પ્રાર્થના પ્રભુ પાસે પહોંચે છે.
- પ્રાર્થના હૃદયને સ્વચ્છ કરે છે.
- પ્રાર્થનામાં ભાવ ભળે તો ભગવાન મળે.
- શબ્દોના મહત્ત્વ કરતાં ભાવનું મહત્ત્વ વિશેષ છે.
- સાચા-પવિત્ર હૃદયમાંથી નીકળેલ કોઈ પણ શબ્દ પ્રાર્થના બની જાય છે.

FAVOURITE

**FAVOURITE SAFETY PRODUCTS**
**MFG. & EXP. OF INDUSTRIAL SAFETY SHOES**
C-1 / B 2007-2006/3, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch (Gujarat)
**Ph. : 91 2646 220690 / 251646 Fax : 91 2646 - 251030**
**Mail : info@favouriteshoes.com Website : www.favouriteshoes.com**

**Dhiren Shah (Dand)**
Director
M. : 98795 00916

## બાલુડેં જયું ગાલિયું



સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

### બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજી બાજુજી સોસાયટી મેં જોકો ચંદુ જમાદાર રેંતા અનીકે પગમેં હેડો વડો પટ્ટો કુરેજો આવ્યો આય? કુરો થ્યો વ્યો સે તપાસ કરે ને ચો....

બચુડો : (તપાસ કરેનેં ચે) અધા, ચંદુ જમાદાર પ્રાણી સંગ્રહાલય મેં જમાદાર જી નોકરી કંઈયેંતા. સે રાતપાળી મેં સોમે યા વા. તડેં હકડો ગધેડો અનીંકે લત મારે ને ભજે વ્યો. ચંદુભાઈ અનકે પુઠ્યા લઠ્ઠ ખણેને વ્યા પણ ગધેડો હથમેં આવ્યો ન. સજો ચક્કર મારે ને પાછા આવ્યા તડેં નંધરાટી અખીંયે સે દઠાં કે પાંજરે મેં કોઈ પટ્ટેવારી ચાધર ઊઢે ને સોત્તો આય. ચંદુભાઈ અનકે જોરથી લકડી માર્યા ને ચ્યાં મું સે ચાલાકી...? લત્ત મારે ને હતે સોમે યો અઈયે... પણ ઉ ગધેડો ન વો, જીબ્રા વો... લઠ્ઠ વગી અતરે ગુસ્સે થે ને જમાદાર કે ચક પાય ને ડગરી કઢે ગેણે... ઈં ગાલ આય.

### ખિલજા મ ભલા

મથુરભાઈ : અલ્યા કરશન, આજકાલ શેનો ધંધો કરે છે?

કરશનભાઈ : વુડન આર્ટિકલ્સનો.

મથુરભાઈ : વુડન આર્ટિકલ્સમાં કોઈ ખાસ આઈટમ...?

કરશનભાઈ : દાતણ... રોજે રોજ તાજા દાતણ.

☺ ☺ ☺ ☺ ☺

ગણપત : અલ્યા તારી પત્ની સાથેનો ઝઘડો પૂરો થયો કે નહીં?

રણમલ : હા થઈ ગયો.. એ ઘૂંટણે પડી મારી પાસે આવી એટલે મેં એને માફ કરી.

ગણપત : આ વાત માન્યામાં નથી આવતી કે તારી પત્ની ઘૂંટણિયે પડે... એણે કહ્યું શું?

રણમલ : કહેશે શું...? 'પલંગ નીચેથી બહાર નીકળો, હું કશું નહીં કરૂં.. એમ જ જવા દઈશ...'

☺ ☺ ☺ ☺ ☺

મોન્ટુ : (એક હોસ્પિટલમાં) આ પ્લાસ્ટિકની બાલદીમાં તિરાડ પડી છે. જરા સાંધી આપો ને...

ડૉક્ટર : (ગુસ્સે થઈને) કાંઈ ભાનબાન છે કે નહીં? હું કોણ છું તેની ખબર છે? ના જોયો હોય મોટો બાલદી સંધાવવાવાળો...?

મોન્ટુ : સાહેબ, જરા શાંતિ રાખો... બહાર બોર્ડ માર્યું છે 'પ્લાસ્ટિક સર્જરી વૉર્ડ' એટલે તમને પૂછ્યું. એમાં કયો મોટો ગુનો કર્યો?

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : કાલે આટલો મોટો ઝઘડો કર્યો! ઘણા મહેણાં માર્યા! તેમાં ધરાયા નહીં કે પાછા મને ગ્લાસ ભરીને દૂધ પીવડાવવા આવ્યા છો?

પતિ : એ તો આજે નાગપાંચમ છે એટલે થયું કે જરા રિવાજ - પરંપરા સાચવી લઉં...

☺ ☺ ☺ ☺ ☺

દર્દી : ડૉક્ટર સાહેબ, આ ફૂલોની માળા કોના માટે છે?

ડૉક્ટર : જુઓ ભાઈ, આજે મારું પ્રથમ ઑપરેશન છે. જે તમારા પર કરવાનું છે. એ જો સફળ જશે તો મારા માટે.... નહીં તો તમારા માટે...

☺ ☺ ☺ ☺ ☺

ગમનલાલ : યાર, ટ્રેનમાં આજે ઉપરની સીટ મળી હતી. તેથી આખી રાત સૂતો જ નહીં. બીક લાગતી હતી.

ચમનલાલ : તો પછી નીચેના બર્થવાળા જોડે આજીજી કરી સીટ બદલાવી લેવી હતી ને...?

ગમનલાલ : પણ નીચેની સીટ પર કોઈ આવ્યું જ નહીં.

☺ ☺ ☺ ☺ ☺

ચંગુ : અરે મંગુ, મોટા ઉપાડે આ નેનો ગાડી લઈ આવ્યો અને અહીં જગ્યા જોઈ પાર્ક પણ કરી... પણ હવે પાના પક્કડ લઈ ગાડીના બે વ્હીલ કેમ ખોલી નાખ્યા?

મંગુ : જરા જોતો હતો. અહિયા બોર્ડ માર્યું છે 'ફક્ત ટુ વ્હીલર માટે જ પાર્કિંગ.'

☺ ☺ ☺ ☺ ☺

રાજુ : અલ્યા સંજુ, કેમ ક્યારનો રડ્યા કરે છે?

સંજુ : મારા માર્ક બહુ ઓછા આવ્યા

રાજુ : કેટલા આવ્યા?

સંજુ : એંસી ટકા.

રાજુ : અરે ભગવાનનો તો ડર રાખ. આટલા માર્કમાં તો બબ્બે છોકરાઓ પાસ થઈ જાય અને તને ૮૦% પણ ઓછા પડે છે?

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*ઈશ્વરે કદી કીધું નથી કે તમને પીડા વગરના દિવસો આપીશ.*

## બોધ કથા

### અડધો કલાક બીજા માટે જીવીએ

વાત અગત્યની હતી. સમજુતી શક્ય હતી અને મોટો સોદો પતવાની અણી ઉપર હતો. ત્યાં જ એકભાઈ... નામ એમનું અનિલભાઈ રાખીશું, ઉઠ્યા અને બોલ્યા, 'ટપુભાઈ, તમે થોડી વાર વિચારો. એટલીવારમાં હું એક કામ પતાવીને આવું છું.'

પણ આપણું કામ પૂરું થવાના આરે જ છે. ત્યાં તમે ક્યાં જાઓ છો? શું તમારા માટે આ કામ અગત્યનું નથી?

અગત્યનું તો છે જ. પણ હું જે કામ માટે જઈ રહ્યો છું તે એના કરતા પણ મહત્ત્વનું છે.

અનિલભાઈ વધુ વાત કરવા રોકાયા વિના સડસડાટ ત્યાંથી ચાલ્યા ગયા. અને ટપુભાઈ જમીનનો નકશો જોતા જ રહ્યા... પૂરા પોણા કલાક પછી અનિલભાઈ પાછા ફર્યા ત્યારે પણ ટપુભાઈનું મોઢું તો ચઢેલું જ હતું.

અનિલભાઈએ ખુરશીમાં બેસતાં કહ્યું, 'બોલો, પછી તમે શું નક્કી કર્યું?' ખીજાયેલા ટપુભાઈએ કહ્યું, 'હું પણ અહીંથી ચાલ્યો ગયો હોત તો સોદો સોદાને ઠેકાણે રહ્યો હોત.'

પણ આ સોદો તો થવાનો છે. એ વાત ઈશ્વરને પણ મંજૂર છે. અને એટલા માટે તો તમે ગયા નહીં. નહીં તો હું અહીં હાજર હોત તો પણ સમજૂતી ન થઈ શકી હોત.

તે પછી થોડી જ વારમાં અનિલભાઈ અને ટપુભાઈ વચ્ચે એક જમીનનો સોદો નક્કી થઈ ગયો. ટપુભાઈ જમીન લે-વેચ કરતા અને અનિલભાઈ બાંધકામ કરતા.

બધું પતી ગયા પછી ટપુભાઈએ પૂછ્યું, 'એવું તે શું હતું કે અનિલભાઈ, તમે સોદો પતવાની તૈયારીમાં હતો છતાં મને મૂકીને ચાલ્યા ગયા?' એ મારી અંગત બાબત છે... જાણીને શું કરશો?

તમને વાંધો ન હોય તો કહો. મને જાણવાની જીજ્ઞાસા છે.

વાત મારા બાપુજીથી શરૂ થાય છે. એમનો પણ મારી માફક બાંધકામનો જ ધંધો. કામ ખૂબ રહે પણ રોજ રાતે બીજાઓ માટે ટિફિન ભરીને ભાખરી ને મગ લઈ જાય. રીક્ષામાં જાય અને રીક્ષામાં આવે. એકાદ કલાકે ઘેર આવે પછી જ શાંતિથી જમે. એકવાર તેઓ ટિફિન ભરીને રીક્ષામાં બેઠા. ત્યાં સિમેન્ટનો વેપારી આવ્યો. તે વખતે સિમેન્ટની ખૂબ તંગી હતી. મારા બાપુજીએ સિમેન્ટના વેપારીને કહ્યું, 'તમે બેસો, હું હમણાં આવું છું. અથવા તો તમારે બીજું કામ હોય તો પતાવીને આવો... હું કલાકમાં તો પાછો આવી જઈશ.'

'મારે બીજે કશે કામ નથી અને બીજે કશે જવાનું નથી.'

'તો થોડી વાર બેસો... ચા-નાસ્તો કરો હું આવી પહોંચું છું...' સિમેન્ટના એ વેપારી પણ મારા બાપુજી ઉપર ધુંવાપુંવા થતા બેસી રહ્યા. પોણા કલાક પછી બાપુજી આવ્યા અને બંને વચ્ચેની સિમેન્ટની ખરીદી પૂરી થઈ.

સિમેન્ટના એ વેપારી ગયા પછી મેં મારા બાપુજીને કહ્યું, 'બાપુજી, તમે જાણો છો કે આપણને સિમેન્ટની કેટલી જરૂર છે... છતાં તમે એમને બેસાડી રાખીને ગરીબોને રોટલા આપવા ગયા!'

દીકરા, ચોવીસ કલાક આખો દિવસ તો હું મારા માટે જીવું છું પણ એ ચોવીસ કલાકમાંથી માત્ર અડધો કલાક શું બીજાઓ માટે ન રાખું? વેપાર ધંધો તો આખી જિંદગી થવાનો છે. આપણા નસીબમાંથી કોઈ કાંઈ લઈ જવાનું નથી. હવે એકવાર નિયમ બનાવ્યો એટલે બનાવ્યો. આપણાં સ્વાર્થ ખાતર એમાં વિલંબ કે બાંધછોડ ન ચાલે. તને પણ કહું છું, ધંધામાં ભલે લાખો રૂપિયા કમાય પણ ચોવીસ કલાકમાં ચોવીસ મિનિટ તો એવી નક્કી કરી રાખજે કે જે બીજાઓ માટે હોય... અને એ ચોવીસ મિનિટને કારણે જ આપણે ઉજળા ફરી શકીશું.

ટપુભાઈ, મારા બાપુજીએ તો મને ઘણું બધું આપ્યું છે, પણ આ જે વાત વારસામાં આપી છે એનું મારે મન મોટું મૂલ્ય છે. અત્યારે પણ હું ટિફિન લઈને ભૂખ્યાને ભોજન આપવા જ ગયો હતો. મારા બાપુજી રીક્ષામાં જતા હતા, ઈશ્વર કૃપાથી હું કારમાં જાઉં છું. અને એક સાચી વાત કહી દઉં. આ બધું ભૂખ્યાને ભોજન આપવાનું, વસ્ત્રો આપવાનું, ક્યારેક પૈસા કે બીજી વસ્તુ આપવાનું એ હું પરલોકનું પુણ્ય કમાવા નથી કરતો કે મારા ધંધાના કાળા-ધોળા ધોવા નથી કરતો પણ માત્ર મારા જીવનના આનંદ ખાતર કરૂં છું. એટલે મહેરબાની કરીને મારી આ અંગત ટેવની વાત તમે કોઈને કહેશો નહીં. એના લીધે કીર્તિનો ખોટો ફુગાવો થાય છે.

એટલામાં અનિલભાઈના પત્ની આવી ચડ્યા. જ્યારે એમણે ચર્ચાની વાત જાણી ત્યારે કહ્યું, 'ટપુભાઈ, તમે હજુ આમને ઓળખતા નથી. એ પણ મારા સસરાજી જેવા છે. નિયમ માટે તો લાખો રૂપિયાનો સોદો પણ જવા દે.... એ તો ઠીક છે પણ અમારા લગ્નની રાતે પણ તે વધારાનું જમવાનું માણસો પાસે ઊંચકાવીને જાતે જ વહેંચવા ગયા હતા. એટલું સારૂં હતું કે એમણે આ નિયમની વાત મને પહેલેથી કરી રાખી હતી એટલે એ બાબતમાં ગેરસમજ ન થઈ. અને ખરૂં કહું, શરૂઆતમાં તો મને આ કામમાં ખાસ રસ નહોતો પણ આજે મને પણ એ કામ ગમવા માંડ્યું છે. એટલે ટિફિન ભર્યા વગર મને ચેન પડે જ નહીં.

ટપુભાઈ જમીનનો સોદો પાક્કો કરીને અનિલભાઈને ત્યાંથી નીકળ્યા તો ખરા પણ અનિલભાઈનું પેલું વાક્ય... **'આખા દિવસમાંથી ખાલી અડધો કલાક પણ બીજાઓ માટે ન રાખી શકીએ તો જીવ્યાનો અર્થ શું?'** મનમાં ઘૂંટાતું જ ગયું, ઘૂંટાતું જ ગયું.

આપણા સમાજમાં પણ આવા કામ કરનારા, બીજાને મદદરૂપ થનારા, ઉપયોગી થનારા લોકો પણ છે જ, જેમને નામનાની કાંઈ પડી નથી. કામ કરીને ભૂલી જાય છે અને નવા કામ માટે, કોઈને ઉપયોગી થવા તત્પર રહે છે. એવા અનામી લોકોના સદ્‌કાર્યની ખૂબ ખૂબ અનુમોદના અને પ્રભુ એમને સહાય કરવા સદાય હાજર જ રહે. એમના કાર્ય અટક્યા વગર ચાલ્યા જ કરે એવી અંતરની અભિલાષા.


***પ્રેષક : ગુલાબચંદ ધારશી રાંભિયા***

*વિરોધીઓના વિચારોનું પણ સન્માન કરો.*

# લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી

| | | | |
|---|---|---|---|
| |  |  |  |
| (૧) ઉમેદવારનું નામ : | **નેહા** | **પારૂલ** | **ગિરીશ** |
| (૨) પિતાશ્રીનું નામ : | અનિશ અરવિંદભાઈ | વસંતભાઈ | સુંદરજી દેવજી |
| (3) માતાશ્રીનું નામ : | હેમાલીબેન | રમીલાબેન | પ્રભાબેન |
| (૪) અટક : | દોશી | ગાલા | સાવલા (શાહ) |
| (૫) જ્ઞાતિ : | કચ્છી ગુર્જર વીસા ઓસવાળ શ્રીમાળી | | કચ્છી વીસા ઓસવાળ |
| (૬) સંપ્રદાય : | સ્થાનકવાસી | | દેરાવાસી |
| (૭) મૂળ વતન : | અંજાર | | ડોણ (માંડવી) |
| (૮) જન્મ તારીખ : | ૧૮-૦૨-૧૯૯૦ | ૧૬-૧૦-૧૯૯૦ | ૦૮-૦૮-૧૯૭૧ |
| (૯) ઉંમર વર્ષ : | ૨૩ | ૨૩ | ૪૨ |
| (૧૦) ઊંચાઈ : | ૫'૯" | ૫'૨" | |
| (૧૧) વજન : | ૬૩ કિ.ગ્રા. | | |
| (૧૨) દેખાવ : | | — | |
| (૧૩) અભ્યાસ : | MBA (Finance - Mktg.) | S.S.C. | S.Y.B.Com. |
| (૧૪) નોકરી ધંધો (પોતાનો) : | | | પોતાનો વ્યવસાય |
| (૧૫) ઉમેદવારની વાર્ષિક આવક : | | | રૂા. ૩.૫ થી ૪.૦૦ લાખ |
| (૧૬) નોકરી ધંધો (પિતાજીનો) : | નોકરી - મર્લિન ઈન્ફ્રા પ્રોજેક્ટ્સ પ્રા.લી. - અમદાવાદ | | |
| (૧૭) સરનામું : | એ-૩૦૧, સત્કાર એપાર્ટમેન્ટ, જજીસ બંગલાની સામે, સમભાવ પ્રેસની બાજુમાં, બોડકદેવ, અમદાવાદ-૧૫. | ભોજાય, તા. માંડવી, કચ્છ. | ૩૦-બી, નવનીત નગર કોવઈ નગર પાસે, મુંદ્રા રોડ, ભુજ, કચ્છ. |
| (૧૮) ફોન નંબર : | ૦૭૯-૨૬૮૭૦૭૦૬ | ૦૨૮૩૪-૨૭૮૬૨૮ | ૯૪૨૮૨ ૯૪૧૦૪ |
| (૧૯) મોબાઈલ નંબર : | ૯૪૨૭૯ ૫૮૨૬૭ | ૯૭૧૨૦ ૩૩૬૩૬ | ૯૮૨૫૨ ૨૦૦૪૪ |
| (૨૦) ભાઈ – બહેન : | ૧ – ૧ | ૧ – ૧ | ૦ – ૩ (પરીણિત) |
| (૨૧) કુંડળીમાં માનો છો? : | હા | – | – |

AMBA
SHIPPING AGENCIES
CLEARING FORWARDING & SHIPPING AGENTS
HIRALAL DAGHA
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E),
Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com
Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776




## 'મંગલ મંદિર' માસ મે-૨૦૧૩

'મંગલ મંદિર' ના માસ મે ૨૦૧૩ અંકમાં તંત્રીલેખમાં તંત્રીશ્રીએ કેટલીક મહત્ત્વની વાત સાવ સહજ રીતે કહી દીધી છે. તેઓ લખે છે 'અહીંના સમાજમાં શ્રદ્ધાનું પ્રમાણ વિશેષ છે, બુદ્ધિ તેના પછીના ક્રમે આવે' આપણી મંદ પ્રગતિનું આ એક મહત્ત્વનું કારણ છે કે બુદ્ધિનું સ્થાન પાછળ છે. શ્રદ્ધા અને બુદ્ધિ એકબીજાના વિરોધી નહીં પણ પૂરક હોવા જોઈએ. વિનોબાજી કહે છે કે જેમ જેમ બુદ્ધિનો ઉપયોગ વધતો જાય તેમ તેમ શ્રદ્ધા વધારે દૃઢ થતી જાય એ શ્રદ્ધા સાચી. એથી ઉલટું થાય તો તે શ્રદ્ધા કાચી. આપણી હાલત એવી છે કે જો બુદ્ધિનો ઉપયોગ કરીએ તો શ્રદ્ધા ડગમગવા લાગે છે.

તંત્રીશ્રીએ એક અન્ય વાત પણ સહજ ભાષામાં કહી દીધી છે. "એક તરફ શ્રદ્ધા અને અન્ય તરફ બુદ્ધિ! તીર્થંકરોનું પણ આવું જ છે. ગત ચોવીસી અને આવતી ચોવીસી. શ્રદ્ધાળુઓ માને, બુદ્ધિમાનો નકારે."

તીર્થંકર મહાવીર સ્વામી નિયતિવાદના વિરોધી હતા. એના અને ગોશાલક વચ્ચે વિરોધનો મુદ્દો જ નિયતિવાદ હતો. તેઓ એકબીજાના દુશ્મન ન હતા. હવે જો આપણે આવતી ચોવીસી અને એના સર્વે તીર્થંકરોની યોજના અને આગાહી અત્યારે કરીએ તો તે નિયતિવાદ થયો. મહાવીરને તીર્થંકર માનનારા જૈનો નિયતિવાદનો સ્વીકાર કેવી રીતે કરી શકે? પણ સત્ય એ છે કે જૈનોએ નિયતિવાદનો સ્વીકાર કરી જ લીધો છે. વાસ્તવમાં શ્રદ્ધા અને બુદ્ધિ બન્ને એકબીજાનો હાથ પકડીને સાથે સાથે ચાલે તો જ જૈનોની પ્રગતિ શક્ય બને. બુદ્ધિ કે તર્કમાંથી જન્મેલી દલીલ શ્રદ્ધાળુઓને ગમતી નથી!

શ્રી દિનેશ પંચાલે સ્ત્રીઓને આવડવી જોઈતી રસોઈકળા વિશે લખેલ છે તે વાંચીને એકાદ વર્ષ પહેલાં મેં ક્યાંક વાંચેલો કિસ્સો યાદ આવે છે. એક છોકરા-છોકરીની સગાઈની વાત ચાલતી હતી. બન્ને એકબીજાના વિચારો અને શોખ વિશે જાણકારી મેળવવા એકાંતે મળ્યા. વાતચીત દરમ્યાન છોકરાએ કહ્યું કે તે માત્ર ઘરની જ રસોઈ ખાય છે. હોટેલમાં કદી જતો નથી અને હોટેલની રસોઈ કદી ખાતો નથી. આ સાંભળીને છોકરીએ 'ના' પાડી દીધી. છોકરીએ પોતાના માબાપને ખુલાસામાં જણાવ્યું કે મારે ૩૬૫ દિવસ બન્ને ટાઈમ રસોઈ કરવી પડે અને કદી હોટલમાં જવાનું અને હોટેલમાં ખાવાનું ન હોય એ મને ન ફાવે. છેવટે રવિવારે અને રજાને દિવસે તો હોટેલમાં ડીનર ન લેવાય તે કેમ ચાલે? અને હકીકતમાં છોકરીને ૧૦-૧૨ વાનગી સિવાય રસોઈ આવડતી જ ન હતી! છોકરો-છોકરી બન્ને ઉચ્ચ શિક્ષિત હતા, બંને જોબ કરતાં હતા અને બંને સારૂં કમાતા હતા.

આનો અર્થ એ પણ થઈ શકે કે હવેની બહુ ભણેલી છોકરીઓ રસોઈકળામાં નિષ્ણાત હોય એમ હોવાનો ઝાઝો સંભવ નથી. વાર-તહેવારે હોટેલ પર આધાર રાખ્યા વગર છૂટકો નથી. હજુ ગઈકાલની વાત ગણાય કે આપણી મા-દાદીઓ જાતજાતની વાનગીઓ ઘેર બનાવતી. પણ હવે એ કળા ભૂલાતી જાય છે. દિનેશભાઈ લખે છે કે લગ્ન પછી સ્ત્રી માટે ભાઈ, બહેન, મા-બાપ (અને અન્ય સગાઓ) પાછળ રહી જાય છે અને સાસરિયાંઓનાં નવા સંબંધો સામે આવે છે.

પરંતુ છેલ્લા ૨૦-૨૫ વર્ષોથી હું ઝીણી આંખે અવલોકન કરું છું તો મને ચિત્ર જુદું દેખાય છે. લગ્ન પછી સાસરિયાંઓના મહેમાનો ઘટતાં જાય છે અને વહુના પિયરિયાંઓનાં મહેમાનો વધતાં જાય છે! આ સાચી વાત છે કે મારી માત્ર ભ્રમણા છે? અને દિનેશભાઈ, તમને એ જાણીને આનંદ થશે કે હવે કોઈ વહુ આંસુ સારીને, રડીને બેસી રહેતી નથી. ઘરમાં પણ હવે સાસુનું રાજ્ય નથી રહ્યું, વહુનું જ રાજ્ય ચાલે છે. "દીકરી ને ગાય દોરે ત્યાં જાય" એ જમાના ગયા, ભૂલી જાઓ. કેટલીક જગાએ તો ખુદ પતિ મહાશયનું પણ વહુ પાસે ખાસ ઉપજતું ન હોય એવુંયે જોવા મળે છે.

અકબર ઈલાહાબાદીનો એક શેર સંભળાવું?

*'અકબર' ડરા નહિ કિસી સુલતાન કી ફૌજ સે*
*લેકિન શહીદ હો ગયે બીવી કી નોંક સે.*

(અર્થાત્ આ અકબર કોઈ સુલતાનની મોટી ફોજથી પણ ડરતો નથી પરંતુ હોય! બીબીની એક જ ત્રાડથી શહીદ થઈ જાય છે!)

તો મિત્રો, આમ વાત છે. (સંભાળજો!)

સુધા મૂર્તિના લેખની પ્રશંસા કયા શબ્દોમાં થઈ શકે? આપણા માટે તો આવી વાત સપના જેવી લાગે છે. આપણો ઈતિહાસ કહે છે કે વિદેશી અને વિધર્મી આક્રમણો સામે આપણે કદી સંગઠિત થઈ શક્યા નથી. બધાએ પોતાનો સ્વાર્થ જ જોયો છે. આજે પણ આપણે સંગઠિત નથી. જ્યાં જુઓ ત્યાં બાર ભાયાને તેર ચોકા.

'ગર્ભ સંસ્કાર' ના લેખમાં જે લખેલ છે તે મને સો એ સો ટકા સાચું લાગે છે. દરેક સંતાન ઈચ્છુક દંપતીએ એ લેખ બરાબર વાંચીને મનન કરવા યોગ્ય છે.

ગમતા લેખો વિશે વિસ્તારથી લખીએ તો પત્ર ઘણો લાંબો થઈ જાય એટલે અનિચ્છાએ પણ બહુ ટૂંકમાં પતાવવું પડે છે. લાલ રાંભિયાના ઉત્તમ લેખમાં એક ઉત્તમ વાક્ય છે "શ્રોતાઓ રડ્યા,

JNK Lifters Pvt. Ltd.
Rental of Telescopic and Crawler Cranes, Hydras and Boomlifts
Kunal Gala - Director
Cel : +91 9833118836
Jayantilal Gala - Director
Cel : +91 9821070747
302, Godrej Coliseum, 3rd Floor, Somaiya Hospital Road, Off Eastern Express Highway, Sion (E), Mumbai-400 022.
Tel. : (022) 24013311 • Fax : (022) 24013322
E-mail : info@jnklifters.com • Web : www.jnklifters.com

હસતાં હસતાં રડ્યા'' હું પણ હસવાની મહેનત કરતાં કરતાં રડ્યો.

'ફાંસીના વરરાજાઓ' માં સ્વામીજીએ ન લખ્યું હોત તો આપણને અમરચંદ બોઠિયા વિશે જાણકારી ન મળત. ઘણા લોકોએ ક્રાંતિકારીઓ વિશે લખ્યું છે છતાં અનેક બલિદાનો પણ ઓળખ્યા અને વણજાણ્યા રહી ગયા છે.

શ્રી મુરજીભાઈ ગડાએ સુબોધ શાહનું લખાણ સુલભ કરી આપ્યું તે માટે તેમનો આભાર માનવો પડે. અમેરિકનોની જે સારી બાજુ તેમણે રજૂ કરી છે તે અપનાવતાં આપણને સો વર્ષ પણ ઓછા પડશે. મારો એક મિત્ર છેલ્લા ૩૩ વર્ષથી અમેરિકામાં રહે છે. તેની સાથે થોડા સમય પહેલાં મુલાકાત થયેલી. તેણે મને કહેલું કે ''આખી દુનિયામાં અમેરિકન સમાજ જેવો ખુલ્લા મનનો સમાજ બીજે નથી. જરાપણ દંભ નહીં, વાણીમાં કે વર્તનમાં તદ્દન નિખાલસ. બીજીબાજુ આખી દુનિયામાં વધુમાં વધુ દંભી સમાજ કોઈ હોય તો તે આપણા દેશનો સમાજ છે. સામાન્ય માણસની વાત જવા દો પણ અત્રે તો બાબાઓ અને બાપુઓ અને ગુરુઓ પણ મહાદંભી છે - એમનો બિલકુલ વિશ્વાસ કરી શકાય નહીં. આપણા દેશની ૧૨૫ કરોડની વસતીમાં પૂરા એક હજાર માણસ જે સાવેસાવ દંભ વગરના, ૧૦૦ ટકા નિર્દંભી, મળવા મુશ્કેલ છે.'' હવે આપણા દેશનું ચિત્ર જુઓ. વારંવાર અખબારોમાં વાંચવા મળે છે કે અમુક દિવસે અમુક તીર્થધામમાં ''પાંચ લાખ ભક્તોનું ઘોડાપૂર'' ક્યાંક ૧૦ અથવા ૨૦ લાખ ભક્તોનું ''ઘોડાપૂર'' આ બધા ''ઘોડાપૂરો'' અને ''હાથીપૂરો'' માં અમેરિકાની સારી બાબતો વિશે તટસ્થતાથી વિચારશે કોણ? અપનાવશે કોણ?

આપણે જેવા છીએ એવા જ રહેવાના છીએ? કદી સુધરવાના નથી?

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

★

### શુભેચ્છા અને વ્યવસ્થા બદલ આભાર

અમારા નૂતન નિવાસ સ્થાન ''શાંતિવન'' ખાતે તા. ૨૮-૩-૨૦૧૩ના રોજ યોજાયેલ વાસ્તુ પૂજનના અવસરે અમારા નિમંત્રણને માન આપીને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના હોદ્દેદારોશ્રી, કાર્યકર્તાઓશ્રી વગેરેએ ઉપસ્થિત રહીને આ પ્રસંગે શુભેચ્છા પાઠવવા બદલ સર્વેના આભારી છીએ.

આ પ્રસંગે બહારગામથી આવેલા અમારા પરિવારજનો અને મહેમાનશ્રીઓને સમાજના પાલડી સ્થિત અતિથિ ભવનમાં ખૂબજ સારી સગવડતા ઉપલબ્ધ થઈ હતી. ભવન કાર્યાલયના દરેક કક્ષાના સ્ટાફવર્ગે પણ તેમના રોકાણ દરમ્યાન ઉત્તમ વ્યવસ્થા જાળવેલ હતી. તે માટે સર્વેનો આભાર.

***માતુશ્રી વિમળાબેન શાંતિલાલ શાહ પરિવાર - અમદાવાદ***

★

### ''કચ્છી સંસ્થા વિશેષાંક''

સાચું કહું તો આટલો દળદાર અંક પૂરેપૂરો વાંચવાનો ઈરાદો ન હતો, પણ એકવાર શરૂ કર્યા બાદ પૂરો વંચાઈ ગયો તેની ખબર જ ન પડી!

અનેક કચ્છી સંસ્થાઓ ભલે પોતાની જ્ઞાતિ અથવા સમગ્ર કચ્છીઓના લાભાર્થે કામગીરી કરતી હોય પરંતુ વિવિધ ક્ષેત્રે કેટલું વિશાળ સ્વરૂપનું કામ કરી રહેલ છે તેની માહિતી મેળવીને અહોભાવ જાગે છે.

આ અંક સંસ્થાઓ માટે તો ઉપયોગી છે જ, પણ તે સિવાય કચ્છની આમજનતા અને ભારતમાં જ્યાં જ્યાં કચ્છીઓ વસે છે તેઓ માટે પણ ઉપયોગી છે. તેઓને આવી સંસ્થાઓની માહિતીની જરૂરત પડ્યે આ વિશેષાંક ખૂબ ઉપયોગી થશે.

આવો વિચાર મુખ્યતંત્રીના ફળદ્રુપ મગજમાંથી જ આવ્યો હોય! (ભૂલચૂક લેવી દેવી!) અને ઉપર દિનેશભાઈની મહેનત રંગ ન લાવે તો જ નવાઈ. ખૂબ ખૂબ અભિનંદન.

એક અન્ય બાબત ઉપર પ્રમુખ - મંત્રીનું ધ્યાન દોરવાની ઈચ્છા છે. છેલ્લા ૨-૩ અંકોમાં આવેલ પત્રોથી લાગે છે કે વિશ્રામ ગૃહ અંગે હજી કચ્છીઓને કે કચ્છી સંસ્થાઓને માહિતી નથી. 'કચ્છમિત્ર' મારફતે પ્રચારની જરૂરત છે. વિચારશો.

***મગનલાલ સંઘવી - અમદાવાદ***

## સ્માર્ટ ફોન

આજકાલ સ્માર્ટ ફોનનો વપરાશ જ્યારે દુનિયાભરમાં વધી રહ્યો છે ત્યારે કયો દેશ કેટલા પ્રમાણમાં તેનો ઉપયોગ કરે છે તેની વિગતો નીચે મુજબ છે.

| | દેશ | કુલ મોબાઈલ ધારકોના વપરાશમાં સ્માર્ટ ફોનના વપરાશના ટકા | સ્માર્ટ ફોન વાપરનારાની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | જાપાન | ૬૬% | ૭૮ મિલિયન |
| ૨. | દક્ષિણ કોરિયા | ૫૯% | ૩૨ મિલિયન |
| ૩. | અમેરિકા | ૪૮% | ૧૭૨ મિલિયન |
| ૪. | સ્પેન | ૩૦% | ૧૮ મિલિયન |
| ૫. | ચીન | ૨૪% | ૨૭૦ મિલિયન |
| ૬. | બ્રાઝીલ | ૨૦% | ૫૫ મિલિયન |
| ૭. | પોલેન્ડ | ૧૬% | ૯ મિલિયન |
| ૮. | મેક્સિકો | — | ૧૫ મિલિયન |
| ૯. | ફિલીપાઈન્સ | ૧૨% | ૧૫ મિલિયન |
| ૧૦. | રશિયા | ૯% | — |
| ૧૧. | ઈન્ડોનેશિયા | — | — |
| ૧૨. | ભારત | ૪% | — |

JASH Mercantile LLP
101, Manratna Business Park,
1st Floor, Junction of Derasar Lane,
Tilak Road, Ghatkopar (East),
Mumbai-400 077.
Tel. : +91.22.44229100 - 199
Fax : +91.22.44229119
E-mail : info@jashmercantile.com
Website : www.jashmercantile.com

# અન્ય સંસ્થાઓના સમાચાર

## ખાદી - ગ્રામોદ્યોગ ગ્રાહકલક્ષી અભિગમ અપનાવે

ભારત સરકારના ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ દ્વારા માન્યતા પ્રાપ્ત કરનાર અને આયુર્વેદિક - કોસ્મેટીકની ૯૦થી વધારે પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરનાર કચ્છ જિલ્લાની સામખિયાળી એવરીડે હર્બલ બ્યુટી કેર એકમ દ્વારા અમદાવાદ ખાતે તાજેતરમાં એક સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ખાદી આયોગના રાજ્ય નિર્દેશકશ્રી, નિયામકશ્રી, ડાયરેક્ટરશ્રી વગેરે ઉપસ્થિત હતા. આ પ્રસંગે એકમના શ્રી રાજેશ શાહે જણાવ્યું હતું કે અગાઉ જે વસ્તુ દેશ ભક્તિના કારણે વેચાતી હતી તેને આધુનિક સ્વરૂપે ‘ઓર્ગેનિક’ કે ‘હર્બલ’ જેવા બ્રાન્ડ હેઠળ માર્કેટિંગ કરવાની આવશ્યક્તા જણાય છે. અન્ય વક્તા શ્રી જય વસાવડાએ સાંપ્રત સમયમાં ખાદી ગ્રામોદ્યોગ માટે સફળ માર્કેટિંગ, આકર્ષક પેકેજિંગ તેમજ ગ્રાહકલક્ષી અભિગમ જેવા મુદ્દા પર ભાર મૂકીને કહ્યું કે ખાદી ભવનો પણ મલ્ટીનેશનલ કંપનીની માફક આક્રમક વ્યૂહરચના અપનાવે તે જરૂરી છે. આ કાર્યક્રમમાં ૭૦થી વધારે ખાદી ગ્રામોદ્યોગ સાથે સંલગ્ન સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત હતા, તેમ ઉપરોક્ત એકમની એક યાદીમાં જણાવાયું હતું.

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન (નલિયાવાસી) મુંબઈ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા નલિયા ખાતે તબીબી કેમ્પ યોજવામાં આવ્યું

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન (નલિયાવાસી) મુંબઈ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં નલિયા - કચ્છ ખાતે તબીબી સારવાર અર્થે બારમો નિઃશુલ્ક કેમ્પ યોજાયેલ હતો જેમાં હાથ-પગનો દુઃખાવો, પેરેલેસિસ, મસ્ક્યુલર ડિસ્ટ્રોફી, સ્પાઈનલ મસ્ક્યુલર ઍટ્રોફી, આંખની તકલીફ, ડિપ્રેસન સંબંધી લગભગ ૫૦૦ દર્દીઓને નિષ્ણાત ડૉક્ટર્સની ટીમ દ્વારા સારવાર આપવામાં આવી હતી. આ અવસરે સંસ્થાના હોદ્દેદારોશ્રી તેમજ સ્થાનિકના અનેક મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા, તેમ ટ્રસ્ટની એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

## માનવ જ્યોત ટ્રસ્ટ દ્વારા એક લાખથી વધારે દર્દીઓને વિનામૂલ્યે દવાઓનું વિતરણ કર્યું

‘માનવ જ્યોત’ના મુલુંડ ખાતેના કાર્યાલય દ્વારા વિવિધ સ્થળોએ આમ જનતા પાસેથી વધારાની દવાઓ એકત્ર કરીને લગભગ રૂા. બે કરોડના મૂલ્યની દવાઓ જરૂરતમંદ એક લાખથી વધારે દર્દીઓને વિનામૂલ્યે વિતરણ કરવાનું ભગીરથ કાર્ય કરેલ છે.

આ બધી દવાઓના વધારાના પૂરવઠાને સમગ્ર મહારાષ્ટ્ર અને ગુજરાતની વિવિધ સંસ્થાઓ, મેડિકલ સેન્ટર્સ તેમજ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલ્સમાં જરૂરતમંદ દર્દીઓને આપવા સંસ્થા સ્વખર્ચે મોકલાવી આપવાનો પ્રબંધ પણ કરે છે, તેમ ટ્રસ્ટી શ્રી લુઠિયાએ જણાવ્યું હતું.

## કચ્છનું ગૌરવ : ચિ. ધ્યાન પટેલ



સાણંદ : કચ્છમાં મોટી વિરાણી, તા. નખત્રાણાના વતની અને “પાટીદાર સંદેશ” સમાચાર પત્રના તંત્રી શ્રી શામજીભાઈ પટેલ (પૂર્વ સંયુક્ત સચિવ, ગુજરાત સરકાર)ના પૌત્ર ચિ. ધ્યાન વિમલભાઈ પટેલે ગઈ તા. ૨૧મી એપ્રિલે નવી દિલ્હી ખાતે યોજાયેલી Brain-O-Brainની રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાત્મક પરીક્ષામાં ચેમ્પિયનશીપ મેળવીને, ટ્રોફી હાંસલ કરી પરિવાર, “પાટીદાર સંદેશ” પરિવાર અને કચ્છનું ગૌરવ વધાર્યું છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે નવી દિલ્હી ખાતે ત્યાગરાજ સ્ટેડિયમમાં દેશના વિવિધ ભાગોમાંથી આવેલા ૨૫૦૦ કરતાં વધુ બાળકોની લેવાયેલી પરીક્ષામાં ચિ. ધ્યાને ફક્ત ત્રણ મિનિટમાં ૪૫ પૈકી ૩૮ Sums (દાખલા) ગણીને આ ટ્રોફી પ્રાપ્ત કરી હતી. ચિ. ધ્યાન હાલમાં અમદાવાદની કોસમોસ કેસલ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ધોરણ-૪ (અંગ્રેજી માધ્યમ)માં અભ્યાસ કરે છે.

## “મંગલ મંદિર” – પ્રાપ્ત થયેલાં લવાજમ

**મે – ૨૦૧૩ દરમ્યાન નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.**

### રિન્યૂ થયેલ લવાજમો

**૧ વર્ષનું લવાજમ**

- હીરજી ખીમજી ધરોડ — ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ

### નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

**૧ વર્ષનું લવાજમ**

- દામિની પીયૂષ કામદાર — ભુજ, કચ્છ
- નીતિન હીરાચંદ શાહ — ડોંબીવલી (ઈસ્ટ), થાણે
- જિતેન્દ્ર હેમરાજ વિસરિયા — મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- ચંપકલાલ શાંતિલાલ વોરા — ભુજ, કચ્છ
- નિરંજન જે. શાહ — ઘાટલોડિયા, અમદાવાદ
- સુરેશ નાનજી ધરોડ — અંધેરી (વેસ્ટ), મુંબઈ
- ભારતીબેન જૈન — બેંગ્લોર

**૩ વર્ષનું લવાજમ**

- વી. એચ. શાહ — મુલુંડ (વેસ્ટ), મુંબઈ

*વિશ્વના સર્વોત્કૃષ્ટ વિચારો અને કથનોનું જ્ઞાન અને તેનું આચરણ જ સંસ્કૃતિ છે.*

# સાર સમાચાર

*સંકલનકર્તા : શાંતિલાલ સંઘવી*

(૧) તારીખ ૮ માર્ચ એટલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ. બરાબર તેજ તારીખ ૨૦૧૩ના દિવસે પાટનગર દિલ્હીમાં બળાત્કારની ૮ ઘટના બની. તેમાં એક માત્ર ૩ વર્ષની અને એક ૬ વર્ષની નાની બાલિકાઓની હત્યા થઈ. ***('ઉજાસ' માર્ચ, ૨૦૧૩)***

(૨) સ્કોટલેન્ડનો જેમ્સ ક્રિસ્ટન નામનો બાર વર્ષનો બાળક અરબી, ગ્રીક, હિબ્રુ અને ફલેમીશ ભાષા શીખી ગયો અને વીસ વર્ષનો થયો ત્યાં સુધીમાં વિજ્ઞાનની તમામ પરિભાષાઓનો પંડિત બની ગયો. ***('અખંડ આનંદ', માર્ચ-૨૦૧૩)***

(૩) જાપાનની ફુકુશિમા અણુ દુર્ઘટનાને બે વર્ષ થયા. હવે જાપાન સરકારે જણાવ્યું છે કે તે વીજ મથકની ૨૦ કિ.મી.ની ત્રિજ્યામાંથી તે મથકનો અણુ કચરો કાઢી નાખીને તે જગ્યાને રહેવા લાયક બનાવતાં લગભગ ૩૦થી ૪૦ વર્ષ લાગશે. ***('લોક સ્વરાજ', એપ્રિલ '૧૩)***

(૪) ફુકુશિમા વીજ નથકના બહારના કચરાને કાઢવા માટે ૩૦થી ૪૦ વર્ષ જોઈશે એમ જણાવ્યા પછી અંદરની સાફસૂફી કરવાનો તો હાલે વિચાર પણ કરી શકાય એમ નથી કારણકે ૨૦૧૧માં એક રોબોટને અંદર ઉતાર્યો હતો તો વિકીરણોમાં અંદર જ ઓગળી ગયો હતો. ***('લોક સ્વરાજ', એપ્રિલ '૧૩)***

(૫) અમેરિકામાં અણુકચરો ભરી રાખવા માટે બનાવાયેલા મથકમાં ૨૦૦૦ લાખ લીટર જેટલો વિકીરણોવાળો પ્રવાહી રાખી શકાય એવી ૧૭૭ ટાંકીઓ બનાવેલ છે. હવે આ ટાંકીઓમાંથી ગળતર થવાની શરૂઆત થઈ છે અને તેમાંથી દસ લાખ ગેલન જેટલું પ્રવાહી વહી ગયું છે. ***('લોક સ્વરાજ', એપ્રિલ '૧૩)***

(૬) પર્યાવરણના આગ્રહી કેન્દ્રના પ્રધાન શ્રી જયરામ રમેશે જણાવ્યું છે કે ભારતીય અમલદારશાહી એ દુનિયાનું સૌથી ખતરનાક પ્રાણી છે. ***('લોક સ્વરાજ', એપ્રિલ '૧૩)***

(૭) બિલ ગેટ્સ અને વોરેન બફેટે પોતાની ૫૦% સંપત્તિ દાનમાં આપવાની જાહેરાત કરી છે. આ અભિયાન એટલે કે 'ગિવિંગ પ્લેજ'માં છેલ્લા સમાચાર મુજબ કુલ્લે ૧૦૫ જેટલા અબજોપતિઓએ પોતાની અડધી સંપત્તિ દાનમાં આપવાની જાહેરાત કરી છે. કેટલાકે તો પોતાની ૯૦% સંપત્તિ આપવાની જાહેરાત કરી છે. અત્યાર સુધી આ સંસ્થા પાસે ૫૦૦ બિલિયન ડોલર (૧ બિલિયન એટલે ૧ અબજ) નું દાન એકત્રિત થઈ ચૂક્યું છે (૧ ડોલર બરાબર રૂા. ૫૫/-). ભારતમાંથી એકમાત્ર અને પ્રથમ શ્રી અઝીમ પ્રેમજીએ પોતાની અડધી સંપત્તિ દાન કરવાની જાહેરાત કરી છે. ***('સાધના', તા. ૩૦-૩-૧૩)***

(૮) ગ્રાધી મલ્લિકાર્જુન રાવ કે જે અગ્રણી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગ્રુપ જી.એમ.આર.ના સ્થાપક છે, તેમણે બાળકોના શિક્ષણ માટે ૩૪૦ મિલિયન ડોલરનું દાન કરેલ છે. ***('સાધના', તા. ૩૦-૩-૧૩)***

(૯) વિદેશમાં અભ્યાસ કરી આવેલા ભારતીય ડૉક્ટરોમાંથી માત્ર ૨૧.૭૬ ટકા ડૉક્ટરો જ ભારતમાં પ્રેક્ટિસ કરવાની યોગ્યતા ધરાવે છે એવી માહિતી તાજેતરમાં આપણી સંસદમાં અપાઈ હતી. ***('સાધના', તા. ૩૦-૩-૧૩)***

(૧૦) અમરેલી જિલ્લાના ગામ કાગદડીના અરજણભાઈ ઠેસીયા, ઉંમર વર્ષ ૮૦. તેમણે સતત ૧૫ વર્ષ એકલા હાથે ગામની નાની તલાવડીને ૧૨ ફીટ ઊંડી ખોદીને અને ૩૦૦ ફીટ જેટલી પાળ બનાવીને પાણી સંગ્રહ માટે તળાવ બનાવેલ છે. ઉપરાંત ખોદકામમાં નીકળેલ માટી અને કાંકરા વડે તળાવથી ગામ સુધીનો રસ્તો પણ બનાવ્યો છે. ***('નયા માર્ગ', તા. ૧-૪-૧૩)***

(૧૧) શ્રી રાજેન્દ્ર કર્ણિક દ્વારા ગુજરાતની જુદી જુદી કોલેજોના અનુસ્નાતક વિદ્યાર્થીઓની અંગ્રેજી તથા ગુજરાતી ભાષા વિષય ચકાસણી કરવામાં આવી. ૨૦૦ વિદ્યાર્થીઓમાંથી માત્ર એક કોલેજનો માત્ર એક જ વિદ્યાર્થી માંડ માંડ પાસિંગ જેટલા માર્ક મેળવી શક્યો. બાકીના ૧૯૯ વિદ્યાર્થીઓ નાપાસ જણાયા. ***('નયા માર્ગ', તા. ૧-૪-૧૩)***

(૧૨) યુનાઈટેડ નેશન ઓર્ગેનાઈઝેશન (UNO)ના શિક્ષણ વિભાગે માર્ચ ૨૦૧૩ના છેલ્લા અઠવાડિયામાં જ જગતના દરેક દેશને આગ્રહપૂર્વક પરિપત્ર પાઠવ્યો છે કે દરેક દેશે પોતાની માતૃભાષામાં જ બાળકોને શિક્ષણ આપવું. ***('નયા માર્ગ', તા. ૧-૪-૧૩)***

(૧૩) આપણા દેશમાં રોજ એક હજારથી વધારે બાળકો કૂપોષણને લીધે મૃત્યુ પામે છે. ગ્લોબલ હંગર ઈન્ડેક્ષના રિપોર્ટ મુજબ દુનિયાના ૨૫% ભૂખ્યા લોકો ભારતમાં છે. ***(સાધના, તા. ૬-૪-૧૩)***

(૧૪) હાલમાં ૪૫૦ મિલિયન લોકો માનસિક વિકૃતિઓથી પીડાય છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૨૦ સુધીમાં ડિપ્રેશન એ વિશ્વમાં બીજો સૌથી મોટો રોગ બની જશે. ***(સાધના, તા. ૬-૪-૧૩)***

GM

GLOBAL MERCANTILE PVT. LTD.

45/A, Mittal Tower, 4th Floor, "A" Wing, 210, Nariman Point, Mumbai-21.
Tel. : +91-22-4213 1900 (99 Lines) • Fax : +91-22-4213 1919
E-mail : global45a@yahoo.com

(૧૫) તાજેતરમાં અમેરિકન હાર્ટ એસોસિએશન દ્વારા પ્રસિધ્ધ કરાયેલા આંકડા મુજબ રીફાઈન્ડ સુગર વાળા એરેટેડ સોફ્ટ ડ્રિંક (એટલે કે ટોઈલેટ ક્લીનર)ને કારણે વિશ્વમાં વર્ષે એક લાખ એંસી હજાર લોકો મૃત્યુ પામે છે. *(સાધના, તા. ૬-૪-૧૩)*

(૧૬) સાઉદી અરેબિયામાં મહંમદ-ઈબ્ન-અબદુલ્લા નામના હજારો માણસો છે. આથી હોસ્પિટલમાં જન્મેલ બાળકને અબદુલ્લા નંબર આપવામાં આવે છે. આથી અબદુલ્લા નામનો કોઈ માણસ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ થાય ત્યારે કેસ પેપરમાં 'અબ્દુલ્લા નંબર..........' લખવામાં આવે છે. *(સાધના, તા. ૬-૪-૧૩)*

(૧૭) આર્થિક સ્તરે પેટ્રોલ અને ખાતર પર સૌથી ઊંચો વેટ દર ગુજરાતમાં છે. ૨૦૦૨માં ગુજરાતનું સરકારી દેવું ૪૫,૩૦૧ કરોડ હતું તે આજે ૨૦૧૨ સુધીમાં ૧.૭૬ લાખ કરોડનું થઈ ગયું છે. જેના પર ગુજરાત રાજ્ય સરકાર રોજનું ૩૪.૫૦ કરોડ વ્યાજ ચૂકવે છે. *('દિવ્ય ભાસ્કર', તા. ૧૦-૪-૧૩)*

(૧૮) અલગ તેલંગણા રાજ્ય માટેની ઝુંબેશમાં અત્યાર સુધીમાં આઠસો જેટલા યુવાનોએ આત્મવિલોપન, આપઘાત દ્વારા પોતાના જીવ આપી દીધા છે. *('દિવ્ય ભાસ્કર', તા. ૧૦-૪-૧૩)*

(૧૯) અમેરિકામાં પેપ્સી, કોકાકોલા, ક્રાફ્ટ વગેરે ચીજો બનાવતી કંપનીઓ તેમના પોતાના બાળકોને કદી પણ આ ચીજો ખાવા કે પીવા આપતી નથી. *('દિવ્ય ભાસ્કર', તા. ૧૦-૪-૧૩)*

(૨૦) મુંબઈ મહાનગરપાલિકાના ખર્ચે ૨૦૦ રાજકારણીઓ લક્ઝરી બસમાં ગુજરાતના મંદિરોના દર્શન કરવા આવવાના છે. *('વિવેકપંથી', માર્ચ-૨૦૧૩)*

(૨૧) દુનિયાના ૧૮૦ દેશોમાંથી ફક્ત ૧૨ દેશો જ અંગ્રેજી ભાષામાં વ્યવહાર કરે છે. બીજા તમામ દેશો પોતપોતાની માતૃભાષામાં વ્યવહાર કરે છે. આ બાર દેશોમાંથી એક દેશ ભારત છે. *('નિરીક્ષક', તા. ૧-૪-૧૩)*

(૨૨) લગભગ ૨૦૦૦ વર્ષ પહેલાં લુપ્ત થઈ ગયેલી પોતાની હિબ્રુ ભાષાને ઈઝરાયલે ફરીથી જીવતી કરીને પોતાના જીવનનો ભાગ બનાવી દીધેલ છે. ઈઝરાયલી પ્રજાના ખમીર પાછળ પણ એની ભાષા છે. *('નિરીક્ષક', તા. ૧-૪-૧૩)*

(૨૩) કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલયે વિશેષ આદેશ બહાર પાડીને સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાઢેરાને તમામ આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટ પર તેમની તમામ તપાસમાંથી મુક્તિ આપી છે. *('સાધના', તા. ૧૩-૪-૧૩)*

(૨૪) જો આપણા દેશમાંથી અંધત્વ નાબૂદ કરવું હોય તો વર્ષે લગભગ એક લાખ નેત્ર ટ્રાન્સપ્લાન્ટ કરવા પડે પરંતુ સવા અબજની વસતિ ધરાવતા દેશમાંથી વર્ષે માત્ર ૨૫,૦૦૦ નેત્રદાન મળ્યા છે. *('સાધના', તા. ૧૩-૪-૧૩)*

(૨૫) તિરૂમાલા તિરૂપતિ મંદિરમાં આઠ હજાર કિલો સોનું જમા થઈ ગયું છે ત્યારે એને ક્યાં રાખવું એ પ્રશ્ન થઈ પડેલ છે. *('દિવ્ય ભાસ્કર', તા. ૧૯-૪-૧૩)*

(૨૬) સહરાનપુરના જાણીતા શાયર અનવર જલાલપુરી અંગ્રેજી, સંસ્કૃત તથા ઉર્દુના વિદ્વાન છે. તેમણે ગીતાના શ્લોકોનો ઉર્દુ શાયરીના રૂપમાં તરજુમો કરેલ છે. *('સાધના', તા. ૧૩-૪-૧૩)*

(૨૭) થોડાક જ સમય પહેલાં ઈટાલીની સરકારે ત્યાંના માફિયા ગ્રુપ પર હલ્લો બોલાવીને આશરે બે અબજ કરોડ ડોલરની માલ મિલકત જપ્ત કરી છે. *(ચિત્રલેખા, તા. ૨૯-૪-૧૩)*

(૨૮) 'વર્લ્ડ મિટિયોરોલોજી ઓર્ગેનાઈઝેશન' અને 'એન્વાયર્નમેન્ટ પૅનલ ઑન ક્લાઈમેટ ચેન્જ' દ્વારા વિશ્વના ૨૫૦૦ વૈજ્ઞાનિકો મળીને સાત વર્ષની મહેનત પછી બહાર પાડવામાં આવેલા અહેવાલમાં જણાવેલ છે કે 'વર્ષ ૨૦૩૨ સુધીમાં દુનિયાની અડધા ઉપરાંત વસતીને જ્યાં પાણી ઓછું હોય એવા સ્થળે રહેવાની ફરજ પડશે. ૨૦૫૦માં ઉપલબ્ધ પાણીના જથ્થામાં ૩૦ ટકા ઘટાડો થશે. ૨૦૮૦ સુધીમાં ત્રણ અબજ વીસ કરોડ લોકોને પીવાનું પાણી નહીં મળે અને લગભગ ૬૦ કરોડ લોકો ભૂખમરાથી મૃત્યુ પામશે. લગભગ આખી દુનિયા માત્ર અડધું પેટ ભરાય એટલું જ ઉત્પાદન કરી શકશે. *('દિવ્ય ભાસ્કર' પૂર્તિ, તા. ૨૧-૪-૧૩)*

*(દુનિયાનો એક પણ ધર્મ, એક પણ ભગવાન, એક પણ દેવી કે દેવ, એક પણ 'પવિત્ર' ધર્મગ્રંથ માણસને વિનાશમાંથી બચાવી નહીં શકે.)*

(૨૯) હમણાં ઉત્તર પ્રદેશમાં ટેનિસ ટુર્નામેન્ટમાં દુનિયાની ૬૮ મહિલાઓએ આવવાની અને રમવાની ના પાડી દીધી છે. *(આપણી આબરૂ આટલી છે!)* *('દિવ્ય ભાસ્કર', તા. ૨૩-૪-૧૩)*

(૩૦) આપણી સંસદની કાર્યવાહીને વારંવાર એટલે કે અસંખ્યવાર મુલતવી રાખવી પડે છે. જ્યારે ઈંગ્લેન્ડની પાર્લામેન્ટને શરૂથી આજ દિવસ સુધીમાં એક પણ વાર સભ્યોના અશિસ્તને કારણે મુલતવી રાખવી પડી નથી. *('નયા માર્ગ', તા. ૧૬-૪-૧૩)*

(૩૧) ચીનની સરકારે હમણાં દરેક યુવાન - યુવતી માટે એના મા-બાપની મુલાકાત લેતા રહેવાનું ફરજિયાત બનાવતો કાયદો ઘડ્યો છે. *('ચિત્રલેખા', તા. ૬-૫-૧૩)*

Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**

E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.

Tel. : 2242 7461 Telefax : 2242 6636

E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com

MFG. ST. STEEL UTENSILS

## શબ્દ રમત-૮૩

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | ૫ | | ■ | ૬ | ૭ | ૮ | ■ |
| ■ | ૯ | | | ■ | | ■ | ૧૦ | ■ | ૧૧ | | |
| ૧૨ | | | ■ | ■ | | ■ | | | | ■ | ■ |
| ૧૩ | | ■ | ૧૪ | | ■ | ૧૫ | | ૧૬ | ■ | ૧૭ | ૧૮ |
| | ■ | ૧૯ | | ■ | ■ | | ■ | | ■ | ■ | |
| ૨૦ | | | ■ | ૨૧ | ■ | ૨૨ | ૨૩ | | ■ | ■ | ■ |
| ■ | ■ | ■ | ૨૪ | | | ■ | | ■ | ૨૫ | | ૨૬ |
| ૨૭ | ૨૮ | ■ | | ■ | ■ | ૨૯ | ■ | ■ | | ■ | |
| ■ | | ■ | ૩૦ | ૩૧ | ■ | ૩૨ | | ■ | ૩૩ | ૩૪ | |
| ૩૫ | | ■ | ૩૬ | | | ■ | ૩૭ | ૩૮ | ■ | | ■ |
| ૩૯ | | | ■ | | ■ | ૪૦ | ■ | | ■ | ૪૧ | ૪૨ |
| ■ | ■ | ■ | ૪૩ | | | ■ | ૪૪ | | | ■ | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૦-૬-૨૦૧૩*

### આડી ચાવીઓ

૧. સોળ વર્ષની નવયૌવના (૩)
૪. છૂપી રીતે શત્રુની બાતમી જાણી લાવનાર (૩)
૬. સીતાજી, પૃથ્વીની પુત્રી (૩)
૯. આંખની કીકી (૩)
૧૧. સુંદર સ્ત્રી (૩)
૧૨. ગાલ (૩)
૧૩. ટપાલ (૨)
૧૪. અતિની ___ નહીં. (૨)
૧૫. હેતુ, કારણ (૩)
૧૭. બંધિ, નિષેધ (૨)
૧૯. સો (૨)
૨૦. તેજીને ___ અને ગધેડાને ડફણાં (૩)
૨૨. એક પાંડુ પુત્ર (૩)
૨૪. દૈત્ય (૩)
૨૫. વીજળી (૩)
૨૭. અંતઃકરણ, દિલ, ઈચ્છા, મરજી (૨)
૩૦. ___ રચવો = છટકુ માંડવું (૨)
(આંટો, વળ, પ્રપંચ)
૩૨. છંદોબદ્ધ સ્તુતિ (૨)
૩૩. પેટ, હોજરી (૩)
૩૫. શારીરિક હાનિ (૨)
૩૬. બાગ બગીચો (૩)
૩૭. આભાસ, ભ્રાંતિ (૨)
૩૯. જાત્રા, યાત્રા (૩)
૪૦. ગાય, ઈન્દ્રિય, વાણી (૧)
૪૧. સ્વામિ, શિવ (૨)
૪૩. ધીરતા (૩)
૪૪. મેશ (૩)

### ઊભી ચાવીઓ

૨. બીકણ (૪)
૩. ઠંડું (૩)
૫. ચહેરો, મુખાકૃતિ (૩)
૭. મેળાપ, મુલાકાત (૩)
૮. માછલાં અને પક્ષી પકડવાની જાળી (૨)
૧૦. નિર્ધન, રંક (૨)
૧૨. માથાકુટ (૪)
૧૪. વીતી ગયેલું (૨)
૧૫. સરખું (૩)
૧૬. કાછિયો (૩)
૧૮. માતા મહિ (૨)
૧૯. બાણ, તીર (૨)
૨૧. લોહી, ખુન્નસ, હત્યા (૨)
૨૩. રામનો પુત્ર (૨)
૨૪. પ્રપંચ, છળકપટ (૪)
૨૫. રાજાઓનો રાજા, શહેનશાહ (૩)
૨૬. ચોર (૩)
૨૮. નવું જન્મેલું (૪)
૨૯. માર્ગ (૨)
૩૧. ___ વગર નમસ્કાર નહીં (૪)
૩૪. છેતરપિંડી (૩)
૩૮. કમળ (૩)
૪૨. વહેમ, શંકા, સંવત (૨)

### માતૃભાષા

ચામડી કરતાં વસ્ત્ર વધારે મહત્ત્વનું ન જ હોઈ શકે. માતા એટલે માતા! માતા મરી જાય તેવા સંજોગોમાં માસી માતા બની રહે તે ચાલે, પરંતુ માતા શા માટે મરે? ગુજરાતીઓ આજકાલ માતૃહત્યાની ઉતાવળમાં છે. માતાના ધાવણ પછી બીજા ક્રમે માતૃભાષા આવે છે.

Aristo™ STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com


नीलम स्टेनलेस स्टील का सरताज - वही है बडा विश्वास !
STAINLESS STEEL
PRESSURE
COOKER
AND PRESSURE PAN
NEW ARRIVAL
neelam
STAINLESS STEEL
Available Sizes :
Pressure Cooker 2.5, 3.5, 5.5, 7.5 Ltrs.
Belly Pressure Cooker 3, 5, 7.5 Ltrs.
Pressure Pan Junior & Senior
Features
Heavy Bottom Thickness
Long-Lasting Stainless Steel Vent Tube
Strong Rim For Enhanced Protection
Anti-Bulging Thermal Base
Energy Saver Base
Induction Base Encapsulated Sandwich Bottom
Made From 18/8 Salem Steel
5 Years Warranty
NEELAM APPLIANCES PVT. LTD.
Innovators in exclusive range of quality stainless steel utensils

### અપ્રિલ-૨૦૧૩ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૩૭નો સમય મર્યાદા બાદ સાચો ઉકેલ મોકલનારના નામ

૧૪. કલ્પેશ પ્રેમચંદ મોમાયા - વારાપધ્ધર
૧૫. જયંતીલાલ વાલજી રાજગોર - ભુજપુર
૧૬. એમ. એમ. ગોર - મુંબઈ
૧૭. કુસુમ લક્ષ્મીચંદ નાગડા - મુંબઈ
૧૮. સુનીલ ખીમચંદ છેડા - અમદાવાદ
૧૯. માનસી સુધીર શાહ - અમદાવાદ
૨૦. સંકેત હસમુખ મહેતા - ભુજ, કચ્છ
૨૧. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ

### મે-૨૦૧૩ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૩૮નો સાચો ઉકેલ મોકલનારના નામ

૧. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૨. સંકેત હસમુખ મહેતા - ભુજ, કચ્છ
૩. જયોતિ લક્ષ્મીચંદ શાહ - અમદાવાદ
૪. નીના અશોક ગોરજી - અમદાવાદ
૫. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ

### કોરડુ મગ

ઉગ્ર સ્વભાવની અને પોતાનું ધાર્યું કરનારી સ્ત્રી પતિમાં પૂરેપૂરી ભળી ન શકે. જે પોતાનું અસ્તિત્વ છોડીને સંપૂર્ણ રીતે પતિમાં ભળી જાય તેનું જ દાંપત્ય જામતું હોય છે. પતિમાં ન ભળી શકનારી પત્ની કોરડુ મગની માફક ચડ્યા વિનાની રહી જાય છે. તે સ્વતંત્ર તો રહેતી હોય છે, પણ સ્વાદ વિનાની, દાંતને કડકડ કરતી રહી જાય છે. ચડેલા મગમાં જે સ્વાદ આવે તે કોરડુમાં ન આવે. લોકો થૂ થૂ કરી નાંખે. આવી પત્નીના પતિને ઘરનું આકર્ષણ ઓછું થઈ જાય. જેને ઘરનું આકર્ષણ ન હોય તે બહાર વધુ ફરવા લાગે.

*– સ્વામી સચ્ચિદાનંદ*

## સુડોકુ

*રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)*

*સુડોકુ ક્રમાંક-૧૦૩૯ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૦-૬-૨૦૧૩ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ જુલાઈ-૨૦૧૩ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

***શરતો :*** *૧. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.*
*૨. ૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

### ક્રમાંક - ૧૦૩૯

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૪ | ૨ | | ૫ | ૭ | | ૧ |
| | ૬ | | | ૩ | | | ૪ | |
| | ૧ | | | | ૪ | | ૩ | ૨ |
| ૩ | | ૧ | | | ૨ | ૫ | | |
| | | ૭ | ૫ | | ૮ | ૩ | | |
| | | ૮ | ૩ | | | ૨ | | ૯ |
| ૪ | ૮ | | ૬ | | | | ૫ | |
| | ૫ | | | ૭ | | | ૯ | |
| ૧ | | ૯ | ૪ | | ૩ | ૮ | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૮ | ૬ | | | | | ૫ |
| | | ૫ | | ૯ | | ૧ | | ૭ |
| ૨ | | | | | ૮ | ૪ | ૬ | |
| ૭ | ૧ | | ૪ | | | | ૯ | ૮ |
| | | | ૧ | ૭ | ૬ | | | |
| ૪ | ૫ | | | | ૩ | | ૭ | ૧ |
| | ૭ | ૧ | ૮ | | | | | ૯ |
| ૮ | | ૪ | | ૫ | | ૭ | | |
| ૬ | | | | | ૧ | ૮ | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૩ | | | ૭ | | ૨ | ૮ |
| | | | ૮ | | ૨ | | | ૪ |
| ૨ | | ૧ | | ૫ | | | ૩ | |
| | ૨ | ૮ | ૯ | | | ૩ | | |
| | ૭ | | | ૬ | | | ૮ | |
| | | ૬ | | | ૫ | ૪ | ૧ | |
| | ૫ | | | ૨ | | ૮ | | ૧ |
| ૬ | | | ૩ | | ૮ | | | |
| ૮ | ૯ | | ૫ | | | ૬ | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | | | ૫ | ૭ | ૧ | | |
| ૧ | | | ૯ | | ૬ | ૭ | | |
| | ૮ | | | | | | ૫ | |
| | | ૫ | | | ૩ | ૨ | | ૧ |
| | | | | ૪ | | | | |
| ૪ | | ૬ | ૨ | | | ૫ | | |
| | ૬ | | | | | | ૧ | |
| | | ૧ | ૬ | | ૨ | | | ૮ |
| | | ૩ | ૮ | ૧ | | | | ૭ |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૩૮

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૫ | ૧ | ૭ | ૨ | ૮ | ૬ | ૪ | ૯ |
| ૨ | ૮ | ૬ | ૪ | ૫ | ૯ | ૭ | ૧ | ૩ |
| ૯ | ૭ | ૪ | ૩ | ૬ | ૧ | ૫ | ૨ | ૮ |
| ૫ | ૩ | ૮ | ૨ | ૧ | ૭ | ૯ | ૬ | ૪ |
| ૪ | ૨ | ૯ | ૫ | ૩ | ૬ | ૮ | ૭ | ૧ |
| ૧ | ૬ | ૭ | ૯ | ૮ | ૪ | ૩ | ૫ | ૨ |
| ૮ | ૧ | ૩ | ૬ | ૭ | ૨ | ૪ | ૯ | ૫ |
| ૬ | ૪ | ૫ | ૧ | ૯ | ૩ | ૨ | ૮ | ૭ |
| ૭ | ૯ | ૨ | ૮ | ૪ | ૫ | ૧ | ૩ | ૯ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૭ | ૪ | ૯ | ૫ | ૩ | ૨ | ૮ | ૬ |
| ૯ | ૬ | ૨ | ૪ | ૭ | ૮ | ૫ | ૧ | ૩ |
| ૫ | ૮ | ૩ | ૬ | ૨ | ૧ | ૯ | ૭ | ૪ |
| ૭ | ૧ | ૯ | ૮ | ૪ | ૫ | ૩ | ૬ | ૨ |
| ૩ | ૪ | ૬ | ૭ | ૧ | ૨ | ૮ | ૯ | ૫ |
| ૮ | ૨ | ૫ | ૩ | ૯ | ૬ | ૧ | ૪ | ૭ |
| ૪ | ૫ | ૧ | ૨ | ૬ | ૯ | ૭ | ૩ | ૮ |
| ૬ | ૯ | ૮ | ૫ | ૩ | ૭ | ૪ | ૨ | ૧ |
| ૨ | ૩ | ૭ | ૧ | ૮ | ૪ | ૬ | ૫ | ૯ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૫ | ૯ | ૬ | ૧ | ૮ | ૪ | ૩ | ૨ |
| ૧ | ૩ | ૨ | ૭ | ૫ | ૪ | ૬ | ૮ | ૯ |
| ૪ | ૮ | ૬ | ૨ | ૯ | ૩ | ૫ | ૭ | ૧ |
| ૮ | ૬ | ૩ | ૪ | ૨ | ૭ | ૧ | ૯ | ૫ |
| ૯ | ૪ | ૫ | ૩ | ૮ | ૧ | ૨ | ૬ | ૭ |
| ૨ | ૭ | ૧ | ૫ | ૬ | ૯ | ૩ | ૪ | ૮ |
| ૬ | ૯ | ૮ | ૧ | ૩ | ૨ | ૭ | ૫ | ૪ |
| ૫ | ૨ | ૭ | ૮ | ૪ | ૬ | ૯ | ૧ | ૩ |
| ૩ | ૧ | ૪ | ૯ | ૭ | ૫ | ૮ | ૨ | ૬ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૨ | ૬ | ૪ | ૮ | ૯ | ૧ | ૩ | ૫ |
| ૪ | ૧ | ૯ | ૩ | ૫ | ૬ | ૭ | ૮ | ૨ |
| ૩ | ૫ | ૮ | ૭ | ૧ | ૨ | ૯ | ૬ | ૪ |
| ૬ | ૯ | ૪ | ૨ | ૭ | ૮ | ૩ | ૫ | ૧ |
| ૮ | ૭ | ૫ | ૯ | ૩ | ૧ | ૪ | ૨ | ૬ |
| ૧ | ૩ | ૨ | ૫ | ૬ | ૪ | ૮ | ૯ | ૭ |
| ૯ | ૮ | ૭ | ૧ | ૨ | ૫ | ૬ | ૪ | ૩ |
| ૨ | ૬ | ૧ | ૮ | ૪ | ૩ | ૫ | ૭ | ૯ |
| ૫ | ૪ | ૩ | ૬ | ૯ | ૭ | ૨ | ૧ | ૮ |

*ધર્માચરણથી આત્મતૃપ્તિનો ઓડકાર મળે છે.*

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

## કર લો દુનિયા મુઠ્ઠી મેં....

આજની દુનિયા આપણે મોબાઈલ વગરની કલ્પી શકતા નથી. આજે દેશના ખૂણે ખૂણે બાળક, યુવાન કે વૃધ્ધ, વેપારી ઈન્ડસ્ટ્રીયાલિસ્ટ કે પછી કચરો વીણનાર કે શાકભાજી વેચનાર, પસ્તી લેનાર કે સટ્ટો રમનાર માટે મોબાઈલ – આ બધાના જીવનનું અભિન્ન અંગ બની ગયું છે.

આજના આધુનિકતાના યુગમાં લગભગ દરેક વ્યક્તિના હાથમાં આવી ગયેલ મોબાઈલ ફોન ૪૦ વર્ષનો થઈ ગયો છે.

સૌપ્રથમ વખત ૩ એપ્રિલ, ૧૯૭૩ના રોજ મોટોરોલા કંપનીના કર્મચારી માર્ટીન કૂપરે દુનિયાને મોબાઈલની ભેટ આપી હતી. ન્યુયોર્કમાં મોટોરોલા ડ્યેનટેક મોડલમાં પ્રથમ વખત તેણે જાહેર જનતા સમક્ષ રીંગ વગાડીને પ્રથમ સેલ્યુલર ફોન રજૂ કર્યો હતો. ચાર દાયકાની સફર કરાવ્યા બાદ હાલમાં મોબાઈલ ફોન ઈન્ડસ્ટ્રીઝ ૮૦૦ અબજ પાઉન્ડ એટલે કે લગભગ ૬૪,૦૦૦ અબજ રૂપિયાનો ધંધો કરી રહી છે.

બજારમાં મૂકવામાં આવેલ પ્રથમ મોબાઈલ ફોનનું મોડલ નવ ઈંચ લાંબુ હતું.

આ મોબાઈલ ફોનમાં ૩૦ સર્કીટ હતી અને તેમાં ૩૮ મિનિટનો ટોક ટાઈમ હતો. તેને ચાર્જ કરવા માટે ૧૦ કલાકનો સમય લાગતો હતો. કૂપરે સેલ્યુલર ફોન પર રીંગ વગાડ્યા બાદ ૧૦ વર્ષે મોટોરોલાએ ડ્યેનાટેક ૮૦૦૦ એક્સ બજારમાં મૂક્યો હતો. જેના પ્રથમ મોડેલની કિંમત ૨૩૦૦ પાઉન્ડ એટલે કે લગભગ પોણા બે લાખ રૂપિયા હતી. આ મોબાઈલનું વજન લગભગ ૧ કિ.ગ્રા. હતું.

મોબાઈલના પિતામહ તરીકે ઓળખાતા કૂપરે જણાવ્યું હતું કે મોબાઈલ ફોનની પ્રારંભિક કિંમત એટલી વધારે હતી કે મને આશા નહોતી કે એક સમયે તેને આટલી હદે સફળતા અને લોકપ્રિયતા મળશે.

હાલમાં ઈન્ટરનેટ દ્વારા સમગ્ર દુનિયાના સંપર્કમાં રાખતા મોબાઈલમાં ટેક્ષ્ટ મેસેજ, ફોટો અને વીડિયો મેસેજ સહિત સંગીતનો આનંદ માણી શકાય છે અને બેન્કિંગ, રેલવે, એર - બસ ટિકિટ બુકિંગ જેવા અનેક કામો થઈ શકે છે. બેન્કિંગ અને બીલ પેઈડ જેવી સુવિધા પણ પ્રાપ્ત થાય છે.

આધુનિક સંશોધકો હવે એવી ક્રાંતિકારી ટેકનોલોજી વિકસાવી રહ્યા છે, જેમાં મોબાઈલ ફોનને તમારી હથેળી પર જ મૂકી દેવામાં આવશે. મતલબ કે તમારો હાથ જ તમારો સ્માર્ટ ફોન બની જશે. ટોકિયો યુનિવર્સિટીના માસતોશી ઈશિકાવા અને તેમની ટીમે એક ખાસ પ્રકારનો કેમેરાનો ઉપયોગ કરીને તેની સાથે હાઈસ્પીડ વિઝન અને બે રોટેશનલ મિરર (અરીસા) જોડી દઈને એવી વ્યવસ્થા ગોઠવી જેનાથી ફોનના કી-બોર્ડ સહિતનો ડિસ્પ્લે વ્યક્તિની હથેળી પર કે અન્ય કોઈ સપાટી પર જોઈ શકાય. તેનાથી વ્યક્તિ ઓફિસમાં હોયકે ઘરે, તો પણ તે મોબાઈલ ફોન ઑપરેટ કરી શકશે. આ સિસ્ટમ દર બે મિલિ સેકન્ડે ત્રિ-પરિમાણીય (૩-ડી) વસ્તુમાં થતા ફેરફારને શોધી કાઢે છે. હાઈસ્પીડ વિઝન વસ્તુની હિલચાલને ટ્રેક કરે છે. જેને કારણે યુઝર ગમે ત્યાં જાય તો પણ તેની હથેળીમાં જ ફોનની ઈમેજ જોવા મળશે, ડિસ્પ્લેમાં કોઈ ફેરફાર થશે નહીં. કોમ્પ્યુટર સિસ્ટમ અલ્ટ્રાસોનીક વેવ ફેંકે છે. જેથી યુઝરને તેના હાથમાં કંઈ ન હોવા છતાં તેની ચામડી પર દબાણ આવતા જ કીબોર્ડ દબાવતા હોય તેવો અનુભવ થાય છે. આ સંવેદના ત્રણ ગ્રામના પદાર્થ જેટલી નાની થાય છે. ઈશિકાવાએ કહ્યું કે તમારે હવે કીબોર્ડની જરૂર નહીં પડે. તમે બહાર જતા હો ત્યારે સ્માર્ટ ફોનની કે કોમ્પ્યુટરની પણ જરૂર નહીં પડે. તમારી પાસે કંઈ નહીં હોય તો પણ તમે ફોન કરી શકશો.

જુદી જુદી કંપનીઓ પોતાના મોબાઈલ ફોનમાં સુવિધાઓ આપીને તમારી સુખ સુવિધામાં વધારો કરે છે. તમે તમારા મોબાઈલને કેવી રીતે તમારો પી.એ. બનાવી શકો તે નીચેની વાત પરથી જાણી શકાશે.

- **ટુ ડુ લિસ્ટ (TO DO LIST) ફ્રી એન્ડ્રોઈડ આઈ.ઓ.એસ. :** એનાથી જરૂરી કામને આગળ રાખી શકો છો. તેને વેબ, ડેસ્કટોપ કે મોબાઈલ ફોનથી ઍસેસ કરી શકાય છે. માત્ર ૬૦૦ રૂપિયાની ફીથી ઈમ્પ્રુવ્ડ ટાસ્ક, લેબલિંગ અને ઈ-મેઈલ દ્વારા ટાસ્કને લિસ્ટમાં સામેલ કરી શકશો.
- **CAM CARD :** જો તમને ફોન પર લાંબી સ્ટોરી વાંચવામાં થાક લાગતો હોય, તો ફેક્ટ વાંચો. સમલીઍપની મદદથી લાંબી સ્ટોરીને નાના નાના ટુકડાઓમાં વહેંચી શકાય છે. તેનાથી ન્યુઝ વાંચવામાં કોઈ મુશ્કેલી થતી નથી.
- **સોશિયલ લાઈફ FLARE GUN :** તમારો મિત્ર સ્ટેશને તમને રીસીવ કરવા આવ્યો, પરંતુ તેને યાદ નથી કે તમે સ્ટેશનથી ડાબી કે જમણી બાજુ ઊભા છો. તેને ટેક્ષ્ટના સ્વરૂપમાં ફ્લેચર અને પોતાના યોગ્ય લોકેશનનો મેપ મોકલી શકો છો.

આ ઉપરાંત તમે મોર્નિંગ એલાર્મ, મોર્નિંગ રૂટીન, હવામાન વિશેની માહિતી વગેરે મેળવી શકો છો.

મોબાઈલના ભય સ્થાનો : વિશ્વ કક્ષાએ પ્રસિધ્ધ થયેલ એક અહેવાલે સેલ્યુલર ફોન ઑપરેટર તથા નગરના સંગઠનોના એ દાવાને ખોટા ઠરાવેલ છે કે, મોબાઈલ ટાવરથી થવાવાળા વિકીરણથી સ્વાસ્થ્ય સંબંધી મુશ્કેલીઓ આવતી નથી.

દસ દેશોના વૈજ્ઞાનિકો અને સ્વાસ્થ્ય વિશેષજ્ઞો દ્વારા તૈયાર કરેલા

*સદાય આંસુ ઉદાસીની કાંખ છોડી લઈ ઘણા મનુષ્યો લાગણી ઉઘરાવતા ફરે છે.*

અહેવાલ મુજબ વિકીરણના સતત સંપર્કથી શરીરનું બાયોલોજીકલ સિસ્ટમ (જૈવિક પ્રણાલી)માં ગરબડ ઊભી થાય છે. એ સિવાય શરીરની રોગ પ્રતિકારક ક્ષમતા તથા ડી.એન.એ.ના પુનઃનિર્માણની ક્ષમતા ઉપર પણ અસર પડે છે. બાળકો, સગર્ભાઓ, સંવેદનશીલ વ્યક્તિઓ પર લાંબો સમય સુધી રેડિયો ફ્રિક્વન્સી ઈલેક્ટ્રોમેગ્નેટીક રેડિયેશનના પ્રભાવમાં રહેવાથી બમણા ડી.એન.એ. સ્પર્શ કોશિકાઓ તૂટી જાય છે. માનવ કોશિકાઓનું પોતાનું એન્ટી ઓક્સિડન્ટ ડિફેન્સ મિકેનિઝમ થાય છે. જેનાથી કોશિકાઓની ક્ષતિપૂર્તિને સારું કરી શકવાની સંભાવના રહે છે.

અમેરિકા, બ્રિટન, ગ્રીસ, રશિયા, સ્વીડન, ભારત સહિત દસ દેશોના વૈજ્ઞાનિકો તથા સ્વાસ્થ્ય વિશેષજ્ઞોના ૧૮૦૦ પેપર ઉપર અભ્યાસ ઉપરથી જાણવા મળ્યું કે ફ્રી રેડિકલ (સૂક્ષ્મ કણ)ના કારણે મગજના કામ કરવાની રીત ઉપર ખરાબ અસર પડે છે. જ્યારે ફ્રિ રેડિકલ અને તેના નિષ્ક્રિય થવામાં સંતુલન ઉપર એક્સીડેન્ટીવ ટ્રેસ એટલે કે અલ્ઝાઈમર, હાર્ટ ફેલ, પાર્કિન્સન્સ જેવી બીમારીઓ થઈ જાય છે. તે ટ્યુમરનું કારણ પણ બની શકે છે.

બાળકોમાં ચીડિયાપણું, માથાનો દુઃખાવો અને ધ્યાન કેન્દ્રિત ના થવું જેવી પરેશાની થાય છે. બાળકોમાં શરૂઆતમાં વિકીરણના સંપર્કમાં રહેવાથી હાઈપર એક્ટિવિટી, શીખવામાં ગરબડ જેવી પરેશાનીની આમ સમસ્યા જોવા મળી છે.

મોબાઈલના ઉપયોગથી આપણી ધીરજ ઘટી છે અને બેદરકાર થતા જઈએ છીએ. બેફિકરાઈથી વાતો કરતાં વાહન ચલાવતાં મૃત્યુને આમંત્રણ આપીએ છીએ અને બીજાના મૃત્યુનું કારણ પણ બનીએ છીએ. ■

## શબ્દ રમત-૮૨નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શિ | | દ | લ | વા | ડી | | કા | | ક | ર | ભ |
| ખા | ડો | | મ | ત | | કો | લ | | | દ | મ |
| મ | લ | મ | | | વ | ટ | | સા | ખ | | ર |
| ણ | | | | આ | ય | | | ગ | | શ્રી | |
| | અ | ખ | ત | રો | | ક | લ | ર | વ | | ગુ |
| અ | | ત | ર | | પ | ર | વા | | ન | મા | જ |
| વ | ર | | સ | જા | ગ | | જ | જ | | સ | રા |
| ર | મ | ત | | ન | | સ | મ | ત | લ | | ત |
| જ | | ડ | ર | | ગ | જા | | ન | ગ | ર | |
| વ | દ | | બ | દા | મ | | હાં | | ન | જ | ર |
| ર | મ | લ | | લ | | લો | ફ | ર | | ત | મ |
| | ન | વા | બ | | લા | ભ | | વ | શ | | ણ |

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકો – સાભાર સ્વીકાર

| *ક્રમ* | *પુસ્તકનું નામ* | *લેખક* |
|---|---|---|
| **(૧)** | **શ્રી નીતિનભાઈ વેલજી પાલાણી તરફથી ભેટ મળેલ પુસ્તકો** | |
| ૧. | Malaysia, Singapure & Brunei | Peter Turner, Chris Taylor, Hugh Finlay |
| ૨. | Sri Lanka | Richard Plunkett, Brigitte Ellmore |
| ૩. | Welcome to Istanbul | |
| ૪. | Discover Goa | |
| ૫. | The Perfect Balance | Swami Anubhavanand |
| ૬. | Maharashtra Road Guide | |
| ૭. | छोटी छोटी बातें | स्वामी अनुभवनंदा |
| ૮. | यू कैन हील योर लाईफ | लुइ्स एल. ए |
| ૯. | પ્રવેશિકા | શ્રી ગોવર્ધનદાસજી |
| ૧૦. | સમાધિકરણ | પારસભાઈ જૈન |
| ૧૧. | આજ્ઞાભક્તિ | પારસભાઈ જૈન |
| ૧૨. | A Road Guide to South India | |
| **(૨)** | **મગનલાલ મોતીચંદ સંઘવી તરફથી ભેટ મળેલ પુસ્તક** | |
| ૧. | શ્રીમદ્ ભવગદ્ ગીતા (કચ્છી ભાષાંતર) | દુલેરાય કારાણી |
| **(૩)** | **"કચ્છી સાહિત્ય અકાદમી" તરફથી ભેટ મળેલ પુસ્તકો** | |
| ૧. | ચીંગાર | ડૉ. કાંતિ ગોર 'કારણ', રવિ પેથાણી 'તિમિર' |

*એપ્રિલ-૨૦૧૩ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૮૧ના સમય મર્યાદા બાદ ઉકેલ મોકલાવનારના નામ*

| | | | |
|---|---|---|---|
| ૧૫. | કિશોર જે. શાહ | - ભુજ | બધા સાચા |
| ૧૬. | જયંતીલાલ વાલજી રાજગોર | - ભુજપુર | બધા સાચા |

*મે-૨૦૧૩ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૮૨ના ઉકેલ મોકલાવનારના નામ*

| | | | |
|---|---|---|---|
| ૧. | શાંતિભાઈ વ. શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૨. | પ્રતાપ નારાણજી દંડ | - અમદાવાદ | બધા સાચા |
| ૩. | અજિત મનહરલાલ મહેતા | - અમદાવાદ | બધા સાચા |
| ૪. | ચંદ્રાબેન મહેન્દ્ર શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૫. | પ્રભા મહેન્દ્ર શેઠિયા | - વલસાડ | બધા સાચા |
| ૬. | જ્યોતિ લક્ષ્મીચંદ શાહ | - અમદાવાદ | ૨ ભૂલ |
| ૭. | નીના અશોક ગોરજી | - અમદાવાદ | ૨ ભૂલ |

*જેના પર તમારું જોર નથી તેના માટે દુઃખ કરવાનું બંધ કરી દો. – શેક્સપિયર*

★ **અદાણી પોર્ટ સેઝમાં પર્યાવરણને નુકસાન :** મુંદ્રા ખાતે આવેલ અદાણી પોર્ટસેઝની કામગીરીથી પર્યાવરણને થયેલા નુકસાન અંગે પર્યાવરણ મંત્રાલય દ્વારા રચાયેલી સુનિતા નારાયણ કમિટીનો અહેવાલ રજૂ કરવાનો તાજેતરમાં હાઈકોર્ટ દ્વારા હુકમ કરવામાં આવ્યો હતો. ૧૮મી એપ્રિલે રજૂ કરવામાં આવેલા રિપોર્ટમાં પર્યાવરણની સમતુલા ખોરવવા બદલ અદાણી ગ્રુપ પાસેથી રૂા. ૨૦૦ કરોડનો દંડ વસુલ કરવાની ભલામણ કરી હતી. આ પ્રકારના એક મુદ્દા પર હાઈકોર્ટ સમક્ષ કરાયેલી રીટમાં રજૂઆત કરવામાં આવી હતી કે મુંદ્રા તાલુકાના તુણા ગામ પાસે જેટી પ્રોજેક્ટ વિકસાવવા અદાણી ગ્રુપ દ્વારા દરિયાઈ ક્રીક પૂરવામાં આવી હતી.

★ **'ચાયના કેન્ટન' :** ચીન ખાતે યોજાયેલી વિશ્વના સૌથી મોટા ચાયના કેન્ટન વ્યાપાર મેળાની ગાંધીધામ ચેમ્બર ઑફ કોમર્સના પ્રતિનિધિઓએ તાજેતરમાં મુલાકાત લીધી હતી અને ભારત-ચીન વચ્ચે વ્યાપારી સંબંધો વિકસાવવા અંગે ચર્ચા વિચારણા કરાઈ હતી. કચ્છના કંડલા અને મુંદ્રા બંદરના કારણે આંતરરાષ્ટ્રીય વ્યાપાર ક્ષેત્રે ભારે પ્રગતિ થઈ છે. આ મેળાની ૧૨૦ જેટલા દેશોના પ્રતિનિધિઓએ મુલાકાત લીધી હતી.

★ **બિદડામાં આંખના પડદા માટે શિબિર :** બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત આરોગ્યધામ ખાતે એન્કરવાલા આઈ રેટીના સેન્ટરમાં તાજેતરમાં યોજાયેલ કેમ્પમાં ૬૧ દર્દીઓની આંખ તપાસ કરવામાં આવેલ હતી. જેમાં આંખના નબળા પડદા ધરાવતા દર્દીઓની આધુનિક મશીનો દ્વારા તપાસ કરીને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે આ વિભાગ માટે જાણીતા કચ્છી ઉદ્યોગપતિ શ્રી દામજીભાઈ એંકરવાલાએ અદ્યતન સાધનો સહિત આ સેન્ટર માટે પોતાના પરિવાર તરફથી માતબર રકમનું દાન આપ્યું છે.

★ **૧૧૪ વર્ષ બાદ દીક્ષા મહોત્સવ :** મુંદ્રા તાલુકાના મોખા ગામે ૧૧૪ વર્ષ બાદ સાધુજી મહારાજનો ભાગવતી દીક્ષા મહોત્સવ તાજેતરમાં આઠ કોટી નાની પક્ષ જૈન સંપ્રદાયમાં ઉજવાયો હતો. આચાર્ય પૂ. સૂરજી સ્વામીએ દીક્ષાર્થી અંકિતભાઈ સતરાનું અંકિતજી સ્વામી નામાભિધાન કર્યું હતું. આ અવસરે પૂ. નાનાલાલજી સ્વામીએ પોતાના પ્રવચનમાં દીક્ષા પ્રસંગે તપ-ત્યાગમાં વધારો કરી ભગવાન મહાવીરના માર્ગે આગળ વધવા અનુરોધ કર્યો હતો.

ઉપરોક્ત પ્રસંગે નાની પક્ષ સંપ્રદાય સકળ સંઘના પ્રમુખ શ્રી દામજીભાઈ એન્કરવાલા, ઉપપ્રમુખ શ્રી હરખચંદભાઈ સાવલા, ટ્રસ્ટી શ્રી ધીરેન્દ્રભાઈ સંઘોઈ, શ્રી લાલચંદભાઈ ગોગરી, જાણીતા સંગીતકાર શ્રી આણંદજીભાઈ, શ્રી જાદવજીભાઈ એન્કરવાલા, સકળ સંઘ કચ્છના કન્વીનર શ્રી જયંતીભાઈ શાહ, મંત્રી ગિરીશભાઈ, ભુજ સંઘના પ્રમુખ નીતિનભાઈ શાહ, મુંદ્રા સંઘના પ્રમુખ શ્રી ભૂપેન્દ્રભાઈ મહેતા તથા ગામેગામના શ્રાવક - શ્રાવિકાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

★ **કંડલાની ભૂમિકા આંતરરાષ્ટ્રીય સ્તરે :** વિશ્વના તાકાતવર રાષ્ટ્રો હવે આર્થિક ક્ષેત્રે તેમજ પોતાનું વ્યૂહાત્મક સ્થાન મજબૂત બનાવવા દરિયાપાર જઈને બંદરો વિકસાવી રહ્યા છે. અલબત્ત તેના પછવાડે સુરક્ષાની વ્યૂહાત્મક ગણતરી પણ હોય છે. જાણકાર સૂત્રોએ આપેલી માહિતી પ્રમાણે ઈરાન સરકારે થોડા સમય પહેલાં ભારત સરકારને દરખાસ્ત મૂકી હતી. જેમાં ત્યાંના ચાબહાર બંદરને વિકસાવવા અપીલ કરાઈ હતી. ઈરાનનું આ બંદર નોર્થ - સાઉથ ટ્રાન્ઝિસ્ટ કોરીડોરમાં અત્યંત મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ભારત સરકાર તેને વિકસાવવા અત્યંત પ્રયત્નશીલ છે. સૂત્રોએ આપેલી માહિતી પ્રમાણે બંદર સંચાલનમાં બહોળો અનુભવ ધરાવતા કંડલા પોર્ટ ટ્રસ્ટની કામગીરી અંગે ઈરાનના ભારત ખાતેના રાજદૂત થોડા સમય અગાઉ ગાંધીધામ - કંડલા આવ્યા હતા અને ત્યારે તેમને તમામ પ્રકારની વિગતો અપાઈ હતી. આમ પણ વ્યૂહાત્મક દૃષ્ટિએ કંડલા ઈરાનના ચાબહાર બંદરથી ખાસ દૂર ગણાય નહીં. આથી ઈરાનનું બંદર વિકસાવવામાં કંડલા બંદરની ભૂમિકા મહત્ત્વની બને તો કોઈ આશ્ચર્ય નહીં હોય.



સંકલન : દિનેશ આર. મહેતા

★ **ગાંધીધામ કચ્છી ગુર્જર જૈન સમાજ :** બૃહદ્ ગાંધીધામ કચ્છી ગુર્જર જૈન સમાજ દ્વારા આજના સ્પર્ધાત્મક યુગમાં વિદ્યાર્થી, ધંધાદારી તથા દરેકને ઉપયોગી કારકિર્દી - વિકાસ કાર્યક્રમનું પ્રથમ વખત તાજેતરમાં આયોજન કરાયું હતું. જેમાં સફળતા અને નિષ્ફળતા વિશે પ્રકાશ પડાયો હતો.

આ કાર્યક્રમમાં અમદાવાદના 'માસ્ટર માઈન્ડ' એકેડેમીના ચિરાગ ઉપાધ્યાયે લક્ષ્ય અને ભવિષ્ય અંગે વીડિયો દ્વારા ઉચ્ચ અભ્યાસ અને નિષ્ફળતા અંગેના સાત કારણો અને સફળતા મેળવવા માટેના ચાર નિયમો સંબંધી ટેકનિકલ જાણકારી આપી હતી.

★ **તાપથી અબોલા પશુઓને બચાવવા અનોખો યજ્ઞ :** ડગાળા ગામની ગાયોનું ધણ ખરા બપોરે ટાઢા છાંયડે તળાવના પટમાં

*મનુષ્યની ઈચ્છાઓ અનંત અને અપાર હોય છે.*

## આદિપુરમાં દીક્ષાંત સમારોહ

નૈતિક કાર્યપ્રણાલી અનુસરીને માત્ર પોતાનું નહીં પણ લાભાર્થીનું વિચારીને કાર્ય કરશો તો સંસ્થાના અને કંપનીના વિકાસની સાથે તમારો પોતાનો પણ વિકાસ થશે. સતત અભ્યાસ કરો, નિરીક્ષણ કરો, પૃથ્થકરણ કરો તથા જવાબદારીપૂર્વક નવીન તકોનો લાભ ઊઠાવો એવી શીખ આપતા ગુજરાત ટેકનોલોજી યુનિ.ના કુલપતિ ડૉ. અક્ષય અગ્રવાલે આદિપુર ખાતે તાજેતરમાં ટીમ્સના દીક્ષાંત સમારોહમાં દીક્ષાંત પ્રવચન આપતા મુખ્ય મહેમાનપદેથી વધુમાં બોલતાં ભારતમાં ઉચ્ચ શિક્ષણની પરિસ્થિતિ અંગે ભારે ખેદ વ્યક્ત કર્યો હતો.

ડૉ. અગ્રવાલ નાદુરસ્ત તબિયતના કારણે આવી શક્યા નહોતા. તેમણે વીડિયો મારફતે તોલાણી ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ સ્ટડીઝના છાત્રોને આ પ્રસંગે સંબોધતાં જણાવ્યું કે ઉત્તમ યુનિવર્સિટીઓની શ્રેણીમાં ભારતનો ૨૧૮મો ક્રમ છે! અન્ય દેશોના વિદ્યાર્થીઓ ભારતમાં અભ્યાસ કરવા આગળ આવે તેવું વાતાવરણ સર્જવા તથા તેવી યુનિવર્સિટીઓનું નિર્માણ કરવા ડૉ. અગ્રવાલે ઉપસ્થિત શિક્ષણશાસ્ત્રીઓને જણાવ્યું હતું.

રાજકોટના શ્રી રામકૃષ્ણ આશ્રમના સ્વામી સર્વસ્થાનંદજીએ અતિથિ વિશેષપદેથી સંબોધન કરતાં ભારતની વિશ્વપ્રસિધ્ધ તક્ષશિલા તથા નાલંદા વિશ્વ વિદ્યાલયનું ગૌરવ લેવા જણાવ્યું હતું. ડૉ. રમણ, બિલ ગેટ્સ, સ્ટીવ જોબ્સ, અઝીમ પ્રેમજીના ઉદાહરણો આપીને જણાવ્યું કે મહાન પુરુષો પોતાના દૃષ્ટિબિંદુથી પ્રગતિ કરતા હોય છે. શૈક્ષણિક માળખા કરતાં છાત્રોની ધગશ જરૂરી છે. ભારતની શૈક્ષણિક સંસ્થાઓમાં ભારત સરકારને ખર્ચે ભણી-ગણીને વિદેશોમાં ધન કમાનાર છાત્રોને ટકોર કરતાં ઉમેર્યું હતું કે, આ છાત્રોએ પોતાના દેશના વિકાસ વિશે વિચારવું જોઈએ. આપણી સરસ્વતી વિદેશોમાં લક્ષ્મી પેદા કરવા વપરાય છે તે અંગે તેમણે દુઃખ જાહેર કર્યું હતું.

બેસે અને ઢળતી સાંજે ગામની ગૌશાળાઓમાં પરત આવે તે માટે ડગાળા ગામના સેવાભાવીએ તળાવ પટમાં થાંભલા ઊભા કરી તેનાં ઉપર નાળિયેર - કેળાના પાંદડાઓ ગોઠવી કુદરતી છાંયડો ઊભો કરી દેતાં ધોમધખતા તાપમાં પણ ડગાળા ગામની ગાયો છાંયડે બેસે તેવી વ્યવસ્થા કરી છે. ગામના સરપંચશ્રીએ જણાવ્યું કે આ ઉપાય માટે વધારાનો કોઈ ખર્ચ થતો નથી, માત્ર મહેનત કરવી પડે છે. કુદરત ગરમી આપવાનું કામ કરે છે ત્યારે ડગાળાના સેવાભાવીઓએ પોતાની રીતે કામ કરીને જીવદયા પ્રત્યેની ભાવના બતાવી આપી છે.

★ **દેના બેંક ભદ્રેશ્વર શાખામાં ઉચાપત :** રાષ્ટ્રીયકૃત બેંકો પર લોકોનો ભારે ભરોસો હોય છે. પરંતુ મુંદ્રા તાલુકાનાં ભદ્રેશ્વર ખાતેની દેના બેંકનો બનાવ લાલબત્તી સમાન છે. અહીં તાજેતરમાં લાખો રૂપિયાની ઉચાપત થઈ છે. પાછળથી ઉચાપતના આધારવાળા કિસ્સાઓમાં બેંકે જે-તે ખાતેદારના ખાતામાં ઉચાપત થયેલી રકમ જમા બતાવેલ છે. આ કારણે બેંકના ચોથા વર્ગના એક કર્મચારીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

★ **ઈ-મેઈલ દ્વારા ઠગાઈ :** ઈ-મેઈલ ઉપર ઈનામ લાગ્યું હોવાનું જણાવી ક્લિયરન્સ માટે ખાતામાં રકમ જમા કરાવી આધુનિક ઢબે ઠગાઈ કરતી ટોળકી કાયદાના સકંજામાં આવી ગઈ છે. પશ્ચિમ કચ્છ પોલીસને બાતમીના આધારે મુંબઈથી બે ઈસમોને પકડવામાં સફળતા મળી છે. થોડા સમય અગાઉ ભુજ સિટી પોલીસમાં ભુજ ખાતેના લશ્કરના સુબેદારે આ બાબતની ફરિયાદ લખાવતાં જણાવ્યું હતું કે તેમને એક ઈ-મેઈલ આવ્યો હતો અને તેમાં જણાવવામાં આવ્યું હતું કે, તેમને પાંચ લાખ પાઉન્ડનું ઈનામ લાગ્યું છે. ફરિયાદના આધારે ઈનામ લાગ્યાની લાલચ આપતી ટોળકીના બે ઈસમોને અનેક ચેકબુક, બેંકબુક, એ.ટી.એમ. કાર્ડ વગેરે સાથે પોલીસે ઝડપી લીધા હતા.

★ **સમૂહલગ્નોમાં ૨૬૧ યુગલો :** અખાત્રીજના દિવસે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના સમૂહ લગ્નોમાં ૨૬૧ યુગલોએ પ્રભુતામાં પગલા પાડ્યાં હતાં. ૧૩ જેટલા કચ્છના વિવિધ ગામોના સમૂહ લગ્નોત્સવ ઉજવાયો હતો. મંગળ ફેરા સાથે યુગલો જીવનભર સાથે રહેવાના કોલ સાથે લગ્નના બંધનમાં બંધાયા હતા. અનેક દાતાઓએ ભેટ સોગાદો આપી હતી.

★ **કંડલા પોર્ટને ખિતાબ :** દેશના પ્રથમ હરોળના કંડલા મહાબંદરને પ્રતિષ્ઠિત મેજર પોર્ટ ઑફ ધી યર ગેટવે ઍવોર્ડ - ૨૦૧૩ તાજેતરમાં એનાયત થતાં પોર્ટની યશકલગીમાં એક છોગું ઉમેરાયું છે.

નેશનલ શિપિંગ બોર્ડના ચેરમેનના હસ્તે કે.પી.ટી. ચેરમેન ડૉ. પી.ડી. વાઘેલાએ ઍવોર્ડ ટ્રોફી અને પ્રમાણપત્રનો સ્વીકાર કરેલ. કાર્ગો હેન્ડલિંગ ક્ષેત્રે પોર્ટે સતત પાંચમા વર્ષે પણ અવ્વલ નંબર જાળવી રાખ્યો છે. વર્ષ ૨૦૧૨-૧૩માં શિપિંગ મંત્રાલયના ૮૯ મિલિયન મેટ્રિક ટનના લક્ષ્યાંક સામે પોર્ટે ૯૩.૬૩ મિલિયન મેટ્રિક ટન કાર્ગો હેન્ડલિંગ કર્યો હતો.

★ **ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ :** તાજેતરમાં જાહેર કરાયેલા ગુજરાત રાજ્યના ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં કચ્છ જિલ્લાના કુલ ૧૧૫૪ માંથી ૧૦૪૧ છાત્રો સફળ થયા હતા. આમ કચ્છ જિલ્લાએ આ વખતે ઐતિહાસિક ૯૦.૨૧ ટકા પરિણામ મેળવ્યું છે. એ-વન ગ્રેડમાં કચ્છના ચાર છાત્રોને સ્થાન મળ્યું છે. કેન્દ્રવાર પરિણામ પર નજર કરતાં વિતેલા બે વરસની સફળતા જાળવી રાખીને ૯૪.૫૨ ટકા પરિણામ સાથે જિલ્લામાં માંડવીએ મોખરે રહેવાની હેટ્રિક કરી છે. જ્યારે ભુજ ખાતેની સ્વામિનારાયણ વિદ્યાલયમાં શરૂઆતથી જ ૧૦૦ ટકા પરિણામ લાવતી રહી છે. આ વર્ષે પણ ૧૦૦ ટકા પરિણામ મેળવવામાં સફળતા હાંસલ કરી છે.

★ **પ્રાચીન દરગાહ ભદ્રેશ્વરમાં :** એક જાપાનીઝ સંશોધક ઇતિહાસકાર અને આર્કિટેક્ટની વાત સાચી માનવામાં આવે તો કચ્છ અને ગુજરાતના પુરાતત્ત્વીય ક્ષેત્રે એક નવું છોગું ઉમેરાશે. કચ્છના ભૂકંપ પછીના પુનર્વસન પ્રોજેક્ટ પર કામ કરી રહેલા

જાપાની પ્રો. ફુકામી નાઆંકોના સંશોધન બાદના દાવા પ્રમાણે મુંદ્રા તાલુકાનાં ભદ્રેશ્વરમાં આવેલી ઈબ્રાહીમ દરગાહ, એ ઈસ્લામી સ્થાપત્યનું ભારતનું પ્રથમ ઉદાહરણ છે. આ મહિલા પ્રાધ્યાપકના જણાવ્યા મુજબ ૧૧મીથી ૧૪મી સદી વચ્ચે કચ્છનું આ ભદ્રેશ્વર બંદરીય શહેર હતું. જેમાં આવેલી તોરણાકાર દીવાલ ૧૧૫૯નો સ્થાપત્ય નમૂનો છે. આ અગાઉનું ઉદાહરણ ૧૧૯૮ના દિલ્હીમાં આવેલા વારસાનું છે. એ સમયે ભદ્રેશ્વરમાં જૈન રાજાનું શાસન હતું. તેમણે આ વિસ્તારમાં મુસ્લિમ સમુદાયને સ્થાયી કર્યા. જેમણે આ દરગાહ બાંધી હોવાનું મનાય છે.

★ **અનઅધિકૃત બાંધકામ નિયમિત થઈ શકશે :** અનઅધિકૃત વિકાસ નિયમિત કરવા અંગેના અધિનિયમ, ૨૦૧૧ – તેમાં સુધારા અધિનિયમ, ૨૦૧૩ના સરકારના નિર્ણયનો લાભ લઈ વધુ લોકોને પોતાના અનઅધિકૃત બાંધકામ નિયમિત કરાવી લેવા ભાડાના ચેરમેને ભુજ ખાતે જણાવ્યું હતું. આ સુધારા અધિનિયમ, ૨૦૧૩થી ફોર્મ પણ એક જ સાદુ અને સરળ ભરવાનું રહે છે. ભરવાની થતી ફીના ધોરણો અત્યંત નજીવા છે. રહેણાંક માટે ૫૦ ચો.મી. સુધી : રૂા. ૨૦૦૦/-, ૫૦ ચો.મી.થી વધુ ૧૦૦ ચો.મી. સુધીના રૂા. ૪૦૦૦/-, ૧૦૦ ચો.મી.થી વધુ અને ૨૦૦ ચો.મી. સુધીના રૂા. ૮૦૦૦/-, ૨૦૦ ચો.મી.થી વધુ ૩૦૦ ચો.મી. સુધીના ૧૨૦૦૦/-, ૩૦૦ ચો.મી.થી વધુ ૧૨૦૦૦ + ૩૦૦ ચો.મી.થી વધુ પ્રતિ ચો.મી. દીઠ ૧૦૦ રૂા. લેવામાં આવશે (રહેણાંક સિવાયના માટે ઉપરોક્ત ચાર્જ બે ગણા લેવાશે.)

★ **કચ્છના ઘુડખર - ટપાલ ટિકિટમાં :** ભારતીય ટપાલ ખાતાએ તાજેતરમાં કચ્છના જંગલી ગધેડા 'ઘુડખર' અને લડાખના જંગલી ગધેડાની રૂા. ૨૦ અને રૂા. ૫ની ખાસ ટપાલ ટિકિટ, મિનિએચર સીટ, ફર્સ્ટ ડે કવર અને ફોલ્ડર બહાર પાડેલ છે. અગાઉ કચ્છના વિષયો 'કચ્છ મ્યુઝિયમ'ની ૧૯૭૮માં અને પંડિત શ્યામજી કૃષ્ણવર્માની ૧૯૮૯માં ટિકિટો બહાર પડ્યા પછી ઘણા લાંબા સમય પછી કચ્છને ટપાલ ટિકિટ ઉપર સ્થાન મળ્યું છે.

★ **કાઠડામાં અનોખું રાસોત્સવ - સપ્ત રમત :** કાઠડાની પ્રગતિથી ખેડૂત અને તત્કાલીન સરપંચે અનોખા દાંડિયારાસનું સંશોધન કર્યું છે. આ રમતમાં સાત પ્રકારના દાંડિયા રાસ રમાય છે. અરીસા સામે ઊભા રહીને તેમણે દાંડિયારાસના ખેલ તાજેતરમાં રચ્યા હતા. ચારણી પહેરવેશમાં ઉપર દાંડી, ટપલા, ચલતી, ડબલ દાંડી, સાત દાંડી, બખ અને ધમાલ – સાત પ્રકારના દાંડિયા રાસનું ઝુમખું રચાય છે. આ રમત નિહાળી ખુશ થયેલા ગુજરાતના સૌપ્રથમ મુખ્યમંત્રી શ્રી જીવરાજ મહેતાએ તે સમયે કાઠડા રાસમંડળીને સાંસ્કૃતિક પારિતોષિકથી નવાજ્યું હતું. ઉપરાંત ગાંધીનગર, અમદાવાદ તેમજ કચ્છ કાર્નિવલના પ્રસંગે ચારણી પહેરવેશમાં રમાયેલી આ રમત નિહાળીને મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ પણ કાઠડાની સપ્ત રમતને બિરદાવી હતી.

★ **૭૨ જિનાલય ખાતે વર્ષીતપ પારણા ઉત્સવ :** કચ્છમાં ૭૨ જિનાલય મહાતીર્થ ખાતે સમૂહ વર્ષીતપ પારણા મહોત્સવ નિમિત્તે તાજેતરમાં વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. મુંબઈના ૧૨૫૦ શ્રાવક-શ્રાવિકાઓ અને ૯૬ જેટલા સાધુ-સાધ્વીજી, પાલીતાણાના ૧૧ વર્ષના બાલમુનિ સાથે આચાર્ય દેવેશે સળંગ ૪૪-૪૪ વર્ષીતપના પારણા કરાવવામાં આવ્યા હતા. જિનાલય મધ્યે પ.પૂ. કંચનસાગરજી મ.સા. ૨૮ વર્ષના દીક્ષા પર્યાયમાં ૨૩મા વર્ષીતપનું પારણું કર્યું. શ્રી વેલજીભાઈ ચનાભાઈ ગાલાએ ૯૬ વર્ષની ઉંમરે વર્ષીતપના પારણા કર્યા હતા. ઈક્ષુરસ દરેક તપસ્વીઓને આપી પારણા કરાવવામાં આવ્યા હતા.

★ **રત્નાપરમાં થાઈલેન્ડના જામફળ :** સમગ્ર કચ્છમાં વાતાવરણની અસર અને કુદરતી પ્રકોપના કારણે ક્યારેક રોકડિયા પાક તેમજ બાગાયતી ઉત્પાદનમાં ખેડૂતો હંમેશાં નુકસાની ભોગવતા આવ્યા છે. આમ છતાં પ્રગતિશીલ ખેડૂતો અવનવા પાક લેવા પ્રયત્નશીલ અને પ્રયોગશીલ રહ્યા છે. તેવો એક પ્રયોગ ગઢશીશા - રત્નાપરમાં થાઈલેન્ડના જામફળનો સફળ રહ્યો છે.

બાગાયતી પાકમાં મુખ્ય કેરીની અલગ અલગ જાતનું વાવેતર ઉપરાંત તાઈવાન પપૈયા, દાડમ, ખારેક, સક્કરટેટી, કલીંગર જેવા પાકનું ઉત્પાદન લેવાઈ રહ્યું છે. આ તમામ વચ્ચે રત્નાપરના જાગૃત કિસાન શ્રી દેવજીભાઈ વાસાણી (પટેલ)એ થાઈલેન્ડ જામફળનું આઠ એકર જમીનમાં વાવેતર કર્યું હતું અને તે પણ ટપક સિંચાઈ અને છાણિયા ખાતરની મદદથી.

આ થાઈલેન્ડ જામફળમાં એક એક વૃક્ષમાં ૧૦ કિલો જેટલા જામફળનું ઉત્પાદન મેળવાય છે અને તે પણ ૩૦૦થી ૮૦૦ ગ્રામ વજન સુધીના એક ફળ મળે છે.

★ **સ્ટેમ્પ ડ્યુટી પેટે ૮૦ કરોડની નોટિસ :** કચ્છની સ્ટેમ્પ ડ્યુટી મૂલ્યાંકન તંત્રના નાયબ કલેક્ટરે કરેલી કાર્યવાહીની વિગતો જોઈએ તો પ્રતિષ્ઠિત એલ. એન્ડ ટી.ની કંપનીને કચ્છમાં સામખિયાળી - ગાંધીધામ નેશનલ હાઈવે છ લાઈનનો માર્ગ કિ.મી. ૩૦૬.૦૦ થી ૩૬૨.૧૬ વિકસાવવા કરેલા ખર્ચ વસૂલ કરવા આ સ્થળેથી પસાર થતા વાહનો પાસેથી ટોલ ટેક્સ વસુલવા અધિકારો અપાયા છે. આ ટોલ પ્લાઝાના બોમ્બે સ્ટેમ્પ એક્ટ, ૧૯૫૮ અનુસાર કુલ કિંમતનો એક ટકો રકમ સ્ટેમ્પ ડ્યુટી પેટે જમા કરાવવાની થાય, તે કંપનીએ ન કરાવતાં રૂા. ૮ કરોડની સ્ટેમ્પ ડ્યુટીની રકમ ભરપાઈ કરી જવા અને સ્પષ્ટતા કરવા એક નોટિસ દ્વારા તાજેતરમાં તાકીદ કરવામાં આવી છે.

***(સમાચાર પત્રો પર આધારિત)***

આપણા વડીલોનો વારસો
**શુધ્ધ કાંસાના વાસણ**
પ્રાપ્તિ સ્થાન :
**પારસ મેટલ વર્કસ**
૯૦, કંસારા ચાલ,
કાલબાદેવી રોડ, મુંબઈ-૨.
ફોન : ૨૨૪૨૧૫૯૧, ૨૨૪૨૨૮૬૮

# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **શૈલેષ ઈશ્વરલાલ મહેતા**
  ૩, હીરેન એપાર્ટમેન્ટ, જીવરાજ મહેતા હોસ્પિટલ રોડ,
  પ્રજાપતિ ગાર્ડનની બાજુમાં, વાસણા,
  અમદાવાદ-૩૮૦ ૦૦૭. મોબાઈલ : ૯૪૨૭૦ ૬૧૯૯૬
- **ભરતકુમાર તારાચંદ શાહ**
  ડી-૪૦૩, ગાર્ડન રેસીડેન્સી,
  શ્યામ વિલા બંગલાની પાછળ, ગાલા જીમખાના રોડ,
  બોપલ, અમદાવાદ-૩૮૦ ૦૫૮.

## શરણાઈ

- **શુક્રવાર, તા. ૧૭-૫-૨૦૧૩**
  **ચિ. બીજલ ભરત શામજી ઓભાયા (કેનિયા) (બારોઈ - અમદાવાદ)**
  **ચિ. મહેશ હરીલાલ વેલજી દેઢિયા (વડાલા - નાલાસોપારા)**

*અભિનંદન.*

## સગપણ

- **ગુરૂવાર, તા. ૧૧-૪-૨૦૧૩**
  **ચિ. હિમાંશુ વીરેન્દ્ર દામજી છેડા (સુથરી - અમદાવાદ)**
  **ચિ. હીરલ ગોવિંદજી ધરમશી (સુથરી - અમદાવાદ)**
- **ગુરૂવાર, તા. ૧૬-૫-૨૦૧૩**
  **ચિ. નમિતા અનિલ પાસુભાઈ શાહનંદ (ડુમરા - અમદાવાદ)**
  **ચિ. નીમિત હસમુખભાઈ વિસરિયા (ગઢશીશા - અમદાવાદ)**

*અભિનંદન.*

## અભિનંદન



શ્રીમતી હેમાલીબેન તથા શ્રી અનિશભાઈ અરવિંદભાઈ દોશી (અંજાર - અમદાવાદ)ની સુપુત્રી **કુ. નેહા** એ વર્ષ ૨૦૧૩માં Finance તથા Marketing (Dual Specialization) માં MBAની ડિગ્રી પ્રાપ્ત કરી છે.

*આપશ્રી પ્રગતિના શિખરો ઉત્તરોત્તર સર કરો તેવી શુભેચ્છા.*

*શંકાની ક્ષમતા ફક્ત વિધ્વંસની નિશાની છે, સર્જનની નથી. શંકા ક્યારેય નવું સર્જન કરી શકતી નથી. જ્યારે શ્રધ્ધા સર્જન કરી શકે છે.*

## સાભાર સ્વીકાર

### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

★ માતુશ્રી વિમળાબેન શાંતિલાલ શાહ પરિવાર (હ. ડૉ. ધીરેન શાંતિલાલ શાહ (કાર્ડિયોલોજિસ્ટ સર્જન) તથા હેતલબેન ડૉ. ધીરેન શાહ (આર્કિટેક્ટ)) તરફથી તેમના નૂતન ગૃહ પ્રવેશ નિમિત્તે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને રૂા. ૧૧,૦૦૦/-ની સપ્રેમ ભેટ.

### સાધર્મિક સહાય

★ શ્રી કીર્તિ જમનાદાસ શાહ - મુંબઈ તરફથી રૂા. ૨૦૧/-

### વૈયાવચ્ચ ખાતે

★ શ્રી રસિકલાલ ભાણજી બૌઆ - વેરાવળ તરફથી રૂા. ૨૦૧/-

★ શ્રીમતી જ્યોતિબેન છેડા - મુંબઈ તરફથી રૂા. ૨૦૧/-

### 'મંગલ મંદિર'ને સપ્રેમ

★ શ્રી અનિશભાઈ અરવિંદભાઈ દોશી (અંજાર - અમદાવાદ) તરફથી પુત્રી કુ. નેહાએ MBA (Finance - Marketing)ની ડિગ્રી પ્રાપ્ત કરેલ તેની ખુશીમાં રૂા. ૫૦૧/-ની ભેટ.

★ શ્રી ભરતકુમાર તારાચંદ શાહ (માંડવી - અમદાવાદ) તરફથી તેઓના નૂતન ગૃહ પ્રવેશ નિમિત્તે રૂા. ૫૦૧/-ની ભેટ.

★ હીરલ ગોવિંદજી ધરમશી (સુથરી - કચ્છ) તરફથી રૂા. ૨૦૧/-

*સંસ્થા ઉપરોક્ત અનુદાનનો સાભાર સ્વીકાર કરે છે તથા સર્વે દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન**
*૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : (૦૭૯) ૨૬૫૭ ૭૪૬૮, ૨૬૫૭૮૮૯૨*

## પરિપત્ર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની **૨૫મી વાર્ષિક સામાન્ય સભા, રવિવાર, તા. ૨૮-૭-૨૦૧૩ ના રોજ સવારે ૯.૩૦ કલાકે** "શ્રી કચ્છી જૈન ભવન", પાલડી ખાતે સંસ્થાના કાર્યાલયમાં મળશે. આ સભામાં સંસ્થાના ***ફક્ત નોંધાયેલા*** સભ્યોને અચૂક પધારવાનું હાર્દિક આમંત્રણ છે.

### કાર્યસૂચિ

૧. ગત તા. ૨૨-૭-૨૦૧૨ના રોજ મળેલ સામાન્ય સભાની કાર્યવાહીની નોંધનું વાંચન અને બહાલી.
૨. બંધારણની કલમ ૬(ખ)(૨) મુજબ નિવૃત્ત થતા ૩ (ત્રણ) દાતા ટ્રસ્ટીઓની તથા કલમ-૬(ખ)(૩) મુજબ નિવૃત્ત થતા ૨ (બે) માનદ્ ટ્રસ્ટીઓની તથા ૧ (એક) સ્વજન ટ્રસ્ટીની ખાલી પડેલી જગ્યા ઉપર ચૂંટણી / વરણી કરવા બાબત. તથા બંધારણની કલમ-૫(ગ) મુજબ કારોબારી સમિતિના નિવૃત્ત થતા ૬ (છ) સભ્યોની ખાલી પડેલી જગ્યા માટે ચૂંટણી/વરણી કરવા બાબત.
૩. ગત વર્ષ દરમિયાન થયેલ કાર્યવાહીનો અહેવાલ અને તે અંગે ચર્ચા - વિચારણા કરવા બાબત.
૪. વર્ષ ૨૦૧૨-૨૦૧૩ના ઓડિટ થયેલ હિસાબો અંગે ચર્ચા-વિચારણા કરી બહાલી આપવા બાબત.
૫. વર્ષ ૨૦૧૩-૨૦૧૪ માટે ઓડિટરશ્રીની નિમણૂક કરવા બાબત.
૬. પ્રમુખશ્રીની સંમતિથી રજૂ થનાર અન્ય બાબતો અંગે ચર્ચા વિચારણા કરવા બાબત.

**પ્રતાપ નારાણજી દંડ - *માનદ્ મંત્રી***

*__તા.ક.__ : (૧) કોરમના અભાવે મુલતવી રહેલ સભા અડધા કલાક બાદ ફરી તે જ સ્થળે મળશે અને ત્યારે નિયમાનુસાર કોરમનો બાધ રહેશે નહીં. (૨) વર્ષ ૨૦૧૨-૨૦૧૩ના ઓડિટ થયેલ હિસાબો અંગે જેમણે જે કંઈ પૂછવાનું હોય તેમણે પોતાનાં સૂચનો, પત્ર દ્વારા તા. ૧૫-૭-૨૦૧૩ સુધીમાં પાલડી ઓફિસે સાંજના ૧૭.૦૦ કલાક સુધી મોકલી આપવા. વર્ષ ૨૦૧૨-૨૦૧૩ના હિસાબો લખેલ ચોપડા જેમણે નિરીક્ષણ કરવાના હોય તેઓએ અગાઉથી જાણ કરી, ઓફિસ સમય દરમ્યાન (રવિવાર તથા જાહેર રજાના દિવસ સિવાય) પાલડી ભવન પરની ઓફિસે, એકાઉન્ટન્ટ પાસેથી મેળવીને નિરીક્ષણ કરી શકશે તથા ખુલાસો મેળવી શકશે. (૩) વાર્ષિક સામાન્ય સભા પૂરી થયા બાદ સમૂહભોજનનો સહુ સભ્યોએ લાભ લેવા વિનંતી છે. આ અંગે પોતાની હાજરીની નોંધ હાજર રહેનાર સભ્યોએ તા. ૨૦-૭-૨૦૧૩ સુધી પાલડી ઓફિસે જણાવવા વિનંતી છે. (૪) તા. ૨૭-૧-૨૦૧૩ બાદ નોંધાયેલ સભ્યો સભામાં હાજરી આપી શકશે, પરંતુ ઉમેદવારી કે મતદાન કરી શકશે નહીં.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ચૂંટણી પંચની રચના

*તા. ૨૭-૫-૨૦૧૩*

ગત **તા. ૧૦-૫-૨૦૦૯** ના રોજ સામાન્ય સભાએ નક્કી કરેલ ચૂંટણીના નિયમ-૧ મુજબ વર્ષ ૨૦૧૩-૧૪ માટે ટ્રસ્ટ મંડળના નિવૃત્ત થતા ૬ તેમજ કારોબારી સમિતિના નિવૃત્ત થતા ૬ સભ્યોની ચૂંટણીનું કાર્ય નિયમ મુજબ ચલાવવા માટે નીચેના બે સભ્યોની ચૂંટણી પંચ તરીકે નિમણૂક કરવામાં આવેલ છે.

- **શ્રી આણંદજી વેલજી વીરા**
  ૧૦૧, પ્રાંગણ, સાધના સ્કૂલ પાસે, પ્રીતમ નગર, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
  ફોન : (રહે.) ૨૬૫૭૭૫૩૪૨, (વ્ય) ૨૬૫૭૭૫૩૮૪
- **શ્રી હસમુખ બાબુભાઈ શાહ**
  "ખાંડવાલાનો બંગલો", બંગલા નંબર ૫૧/બી, નારાયણ નગર સોસાયટી, નારાયણ નગર છેલ્લા બસ સ્ટેન્ડ પાસે,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. ફોન : ૨૬૬૦૩૪૫૮, (ઓ) ૨૬૬૦૮૯૮૮

*ટ્રસ્ટ મંડળ વતી,*

**અશોક મહેતા**

*મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિ માટે ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીની જાહેરાત

સંસ્થાના બંધારણ અનુસાર આ વર્ષે નિવૃત્ત થતા ૬ ટ્રસ્ટીઓ તેમજ ૬ કારોબારી સભ્યોની ચૂંટણી વર્ષ ૨૦૧૩-૨૦૧૪ માટે કરવાની નીચે પ્રમાણે અમો જાહેરાત કરીએ છીએ.

- **વિભાગ-૧ દાતા ટ્રસ્ટીઓ (૩ જગ્યા)**

બંધારણની કલમ-૬(ખ)(૨) મુજબ આ વિભાગમાં મુરબ્બી અને પેટ્રન સભ્યો ઉમેદવારી કરી શકશે. આ વિભાગમાં નીચેના ટ્રસ્ટીઓ નિવૃત્ત થાય છે :

૧. શ્રી હીરજી પાસુભાઈ શાહ
૨. શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ
૩. શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા

- **વિભાગ-૨ સામાન્ય ટ્રસ્ટીઓ (માનદ્ ગ્રૂપ) - (૨ જગ્યા)**

બંધારણની કલમ-૬(ખ)(૩) મુજબ આ વિભાગમાં માનદ્ સભ્યો ઉમેદવારી કરી શકશે. આ વિભાગમાં નીચેના ટ્રસ્ટીઓ નિવૃત્ત થાય છે :

૧. શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી
૨. શ્રી કાંતિલાલ રામજી શાહ

- **વિભાગ-૩ સામાન્ય ટ્રસ્ટીઓ (સ્વજન ગ્રૂપ) (૧ જગ્યા)**

આ વિભાગમાં સ્વજન તેમજ જૂના બંધારણ મુજબના આજીવન સભ્યો ઉમેદવારી કરી શકશે. આ વિભાગમાં નીચેના ટ્રસ્ટી નિવૃત્ત થાય છે.

૧. શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર

- **નિવૃત્ત થતા કારોબારી સભ્યો (છ જગ્યા)**

૧. શ્રી લક્ષ્મીચંદ શામજી વીરા
૨. શ્રી પદમશી ચત્રભુજ ડાઘા
૩. શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા
૪. શ્રી હીરેન કુંવરજી શાહ
૫. શ્રી કિશોર મુલજી લાલકા
૬. શ્રી પંકજ મેઘજી ગોગરી

આ મુજબ ૬ ટ્રસ્ટીઓ અને ૬ કારોબારીના સભ્યોની ચૂંટણી કરવાની છે અને તે માટે ઉમેદવારી પત્રકો મંગાવવામાં આવે છે.

- **નોંધ :**

૧. નિવૃત્ત થતા સભ્યો ફરીથી ઉમેદવારી કરી શકશે.
૨. ટ્રસ્ટી તરીકે સામાન્ય સભ્યો તેમજ ૩૫ વર્ષથી નીચેની ઉંમરના સભ્યો ઉમેદવારી કરી શકશે નહીં.
૩. કોઈપણ સભ્ય એકથી વધારે જગ્યા ઉપર તેમજ એક જગ્યાએ ચાલુ રહીને અન્ય જગ્યા ઉપર ઉમેદવારી કરી શકશે નહીં. એક જગ્યાએ રાજીનામું આપીને જ અન્ય જગ્યા માટે ઉમેદવારી કરી શકશે.
૪. સભ્યોએ અધિકૃત ફોર્મમાં માંગવામાં આવેલ પૂરી વિગત સાથે ઉમેદવારી પત્ર ભરીને આપવાનું રહેશે. અધૂરી વિગતવાળું પત્રક રદ થવાને પાત્ર ગણાશે.
૫. જે તે કેટેગરીના સભ્યો, ટ્રસ્ટીપદ માટે તે જ કેટેગરીમાં ઉમેદવારી કરી શકશે.

- **ચૂંટણી પ્રક્રિયાનો કાર્યક્રમ**

૧. ઉમેદવારી પત્રો સમાજની પાલડી ઓફિસેથી તા. ૧-૭-૧૩થી તા. ૧૧-૭-૧૩ દરમ્યાન સવારના ૧૦થી સાંજના ૫ વાગ્યા સુધી મળશે.

*વંદન એ ચંદન કરતાં વધુ શીતળ છે.*

૨. પૂરેપૂરાં ભરેલાં ઉમેદવારી પત્રકો બંધ કવરમાં તા. ૧૩-૭-૧૩ના સાંજના ૫ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.

૩. ઉમેદવારી પત્રકોની ચકાસણી કરી ઉમેદવારોનાં નામ તા. ૧૫-૭-૧૩, સોમવારના સવારે ઓફિસના નોટિસ બોર્ડ ઉપર જાહેર કરવામાં આવશે.

૪. તા. ૨૦-૭-૧૩, શનિવારના સાંજના ૫ વાગ્યા સુધી ઉમેદવારો પોતાનાં ઉમેદવારી પત્રકો પાછાં ખેંચી શકશે.

૫. ઉમેદવારોની છેલ્લી પરિસ્થિતિની વિગતો તા. ૨૨-૭-૧૩, સોમવારથી સમાજની ઓફિસે નોટિસ બોર્ડ ઉપર જાહેર કરવામાં આવશે.

૬. જરૂર પડ્યે ચૂંટણી તા. ૨૮-૭-૧૩, રવિવારની સામાન્ય સભામાં કરવામાં આવશે અથવા બિનહરીફ ચૂંટાયેલ ઉમેદવારનાં નામો જાહેર કરવામાં આવશે.

૭. સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. (સમય : ચૂંટણી અંગેના એજન્ડાના સમયે હાજર રહેલા સભ્યો મતદાન કરી લે ત્યાં સુધી / ચૂંટણી પંચ મતદાન પૂરું થયેલ જાહેર કરે ત્યાં સુધીનો રહેશે.)

૮. કોઈપણ ઉમેદવાર સ્વેચ્છાએ ચૂંટણી પંચ સમક્ષ જાતે હાજર થઈને અથવા પત્ર દ્વારા છેલ્લા દિવસે ઉમેદવારી પાછી ખેંચી શકશે. એ કારણે જો કોઈ અન્ય ઉમેદવાર બિનહરીફ થાય તો ચૂંટણીની જરૂરત નહીં રહે.

• **નોંધ :**

૧. તા. ૨૭-૧-૨૦૧૩ સુધી નોંધાયેલા સમાજના સભ્યો જ ઉમેદવારી કરી શકશે તેમજ મત આપી શકશે.

૨. ચૂંટણી અંગેની કોઈ કાર્યવાહી અંગે મતભેદ - વાદવિવાદ થાય તો તે અંગે ચૂંટણી પંચનો નિર્ણય આખરી અને બંધનકર્તા ગણાશે.

**હસમુખ બાબુભાઈ શાહ**
**સભ્ય – ચૂંટણી પંચ**

**આણંદજી વેલજી વીરા**
**સભ્ય – ચૂંટણી પંચ**

## પુરસ્કાર સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યોના ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને સમાજ વતી હાર્દિક અભિનંદન.

આપણા સમાજમાં ઉત્તીર્ણ થયેલા દરેક વિદ્યાર્થીઓને દર વર્ષે સમાજના નિયમાનુસાર પુરસ્કૃત કરવાની પ્રથા અમલમાં છે. આ માટેના ફોર્મ 'મંગલ મંદિર'ના આ અંકમાં અન્યત્ર (પાના નં. : ૯૫-૯૬ ઉપર) છાપવામાં આવેલ છે. જે ફોર્મ ભરીને તા. ૩૦-૬-૨૦૧૩ સુધીમાં સમાજના પાલડી ભવન કાર્યાલય પર મોકલી આપવા વિનંતી. ફોર્મ ભરતી વખતે ફોર્મની પાછળ આપેલી સુચનાઓની નોંધ લેવી.

☞ આપનાં બાળકો પુરસ્કારથી વંચિત ન રહે તેના માટે વાલીઓને વિનંતી કે ફોર્મ સમયસર, પૂરતી માહિતી સાથે મોકલાવી આપશો.

☞ બાળવર્ગથી ધોરણ-૭ સુધીના ઉત્તીર્ણ થનાર દરેક વિદ્યાર્થીને પુરસ્કાર મળશે. મેળવેલ માર્કસની ટકાવારી કે ગ્રેડનો કોઈ બાધ નથી.

☞ ધોરણ-૫ અને તેથી ઉપરના વર્ગમાં ભણતા વિદ્યાર્થીઓની માર્કશીટ સામેલ કરવાની તકેદારી જરૂરથી લેશો.

☞ ઉચ્ચ કક્ષામાં ભણનાર વિદ્યાર્થીઓની માર્કશીટ પછીથી આવે એમ હોય તો તેની નોંધ સાથે ફોર્મ ભરીને અવશ્ય મોકલાવી આપવું. (જ્યારે માર્કશીટ આવે ત્યારે તે પણ પહોંચતી કરવી.)

☞ જેના ફોર્મ અમોને મળેલ નહીં હોય તેઓનો પુરસ્કાર સંબંધી કોઈ જ વાદવિવાદ સાંભળવામાં ન આવે તો અમને દરગુજર કરશો.

☞ ધોરણ-૮ અને તેનાથી ઉપરના વર્ગને "સરસ્વતી સન્માન"ના દિવસે અને બાળવર્ગથી ધોરણ-૭ સુધીના વિદ્યાર્થીઓને સમાજના સ્વામિવાત્સલ્યના કાર્યક્રમના દિવસે પુરસ્કાર આપવામાં આવશે.

☞ પુરસ્કારપાત્ર વિદ્યાર્થીઓના વાલીઓને વિનંતી કે તેઓના પુરસ્કાર જે તે દિવસે જ મેળવી લેવા. ત્યાર પછી ક્ષમા.

***કન્વીનર - પુરસ્કાર સમિતિ***

NGR NUTAN
GUJARAT ROADLINES
ગુજરાત - મહારાષ્ટ્ર

**પ્રો. પ્રફુલ મેઘજી ભાણજી શાહ (મો. ૦૯૪૨૨૧ ૧૪૨૯૪)**
B/29, Transport Nagar Free Zone, Bhandara Road, NAGPUR-440 008.
**Ph. : (0712) 2681733, 2682733 Fax : (0712) 2680433**

## શ્રી બિપિનચંદ્ર કાનજી રવજી જૈન (નાની ખાખરવાળા)

## શૈક્ષણિક લોન યોજના

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારજનોનાં બાળકો વર્ષ ૨૦૧૩ દરમ્યાન અભ્યાસ કરતાં હોય અને તેમના માટે શિક્ષણ સંબંધી લોન લેવા ઈચ્છતા હોય તેઓએ પાલડી ખાતેના સમાજ કાર્યાલયમાંથી જરૂરી ફોર્મ મેળવીને તા. ૧૫-૭-૨૦૧૩ સુધીમાં વિદ્યાર્થી દીઠ સંપૂર્ણ વિગત સાથેનું ફોર્મ તેજ સ્થળે પરત કરવા વિનંતી છે.

આ શૈક્ષણિક લોન અમદાવાદ - ગાંધીનગર સ્થિત આર્થિક રીતે જરૂરતમંદ સભ્ય પરિવારના અભ્યાસ કરતાં બાળકો માટે જ છે.

અવ્યવસ્થિત અને અધૂરી વિગતવાળાં ફોર્મ માન્ય કરવામાં આવશે નહીં. લોન માટેના ફોર્મમાં આપણા સમાજના ટ્રસ્ટીની સહી હોવી જરૂરી છે.

***કન્વીનર - આણંદજી વીરા***

## "સંકલ્પ"

### શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ

*આગામી કાર્યક્રમ*

"સંકલ્પ" દ્વારા, સંકલ્પના સભ્યો માટે, તારીખ ૧૬ જૂન, ૨૦૧૩ રવિવારના રોજ વડોદરા - ઈફકો ગાર્ડનની એક દિવસીય પિકનિકનું આયોજન કરવામાં આવેલ છે. તથા વળતા ખંભાતની ખાડી તથા ખેડા તથા અન્ય કોઈ સ્થળે સમય અને સંજોગોની અનુકૂળતાએ લઈ જવામાં આવશે. આ પિકનિકમાં સામેલ થનાર સભ્યો માટે 'સંકલ્પ' દ્વારા સવારનાં ચા-નાસ્તો, બપોરનું જમવાનું તથા સાંજનું જમણ વિ.ની વ્યવસ્થા કરવામાં આવશે.

★ **પ્રયાણ** : રવિવાર, તા. ૧૬-૬-૨૦૧૩ સવારે ૫.૩૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી બસ ઉપડશે.

★ **આગમન** : રવિવાર, તા. ૧૬-૬-૨૦૧૩ના રાત્રિના લગભગ ૧૦.૩૦ વાગે અમદાવાદ પરત.

★ **ચાર્જ** : રૂા. ૪૦૦/- પ્રતિ વ્યક્તિ (પાંચ વર્ષ સુધીના બાળકો માટે નિઃશુલ્ક) તથા પાંચથી દસ વર્ષ સુધીના બાળકો માટે રૂા. ૨૫૦/- રાખેલ છે.

વહેલા તે પહેલાના ધોરણે ફક્ત ૫૬ નામો જ નોંધવામાં આવશે.

**<u>નોંધ</u>** : પિકનિકમાં આવનાર સભ્યો માટે બોટિંગ તથા સ્વિમિંગની વ્યવસ્થા રાખેલ હોતાં સૌએ પોતાની સાથે સ્વિમિંગ ડ્રેસ અને વધારાના વસ્ત્રોની વ્યવસ્થા કરવાનું ઉચિત થશે.

પિકનિકના કાર્યક્રમ અંગે જરૂરી ફેરફાર 'સંકલ્પ' દ્વારા થઈ શકશે.

***સંપર્ક સૂત્ર***

*પીયૂષ સાવલા : મો. ૯૮૭૯૪૯૬૧૩૯* *નીતિન શાહ : મો. ૯૯૭૯૮૮૨૪૦૧*

*પારસ વીરા : મો. ૯૩૭૪૫૩૬૦૨૧*

***મંત્રી — 'સંકલ્પ'***

## પુત્રવધૂનો સાસુમાને પત્ર

***પૂજ્ય પ્રિયજનના માતાશ્રી,***

સવિનય આપને જણાવવાનું કે મારા આગમનની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે આપના જીવનમાં મિશ્ર અનુભૂતિ અનુભવતા હશો. આપ સ્નેહના દરવાજે દસ્તક દઈને જીવન સંગીતમાં સ્નેહમયી સૂરાવલિને આવકારો છો એવું અનુભવજો.

અમારા લગ્ન નક્કી થયા છે ત્યારે તમારા પ્રિય પુત્રના જીવનમાં મારું સ્થાન બની રહ્યું છે. આ સાથે કુટુંબની સાથે મારું જોડાણ થવાનું છે. આ સમયે તમારા ઘરમાં મારા આવવાની થોડી જ વાર છે. ત્યારે તમારા મનની અનુભૂતિ હું કંઈક અંશે સમજી શકું છું. મારા આગમનથી મારા અને તમારા બધાના જીવનમાં બદલાવ આવશે. સંબંધોની સરિતામાં નવા નીર ઉમેરાશે.

આજ સુધી જે પુત્રની સર્વે જરૂરિયાત અને કાળજી તમે લેતા હતા તે હવેથી આપના આ કામમાં હું હાથ લંબાવીશ. તમે તો અત્યાર સુધી પુત્રના જ 'મા' હતા. હવે તમારે પુત્રવધૂની વિશેષ 'મા' બનવાનું થશે. મારા માટે આ પરિવાર, ઘર જીવનશૈલી બધું જ ઘણું નવું હશે તો એ બધાને અનુરૂપ થવામાં મને તમારો સહકાર ખાસ જોઈશે. કદાચ મને કંઈ ન આવડે તો પ્રેમથી શીખવાડશો. તમારા પુત્ર પાસે મેં તમારા સ્નેહાળ વર્તનની વાત સાંભળી છે. મને તેનો પૂરો અનુભવ કરાવજો. મને બધી બાબત જાણવા અને શીખવા પૂરતો સમય આપજો. તમારી એક આંખમાંથી લાગણીથી ભરપૂર વાત્સલ્યને હું પામવા ઈચ્છું છું. વ્યવહાર, રીતભાત આ બધા વિશે મને પૂરક માહિતી આપજો. મારી ભૂલ મને એકાંતમાં કહેશો તો મને ગમશે. કુટુંબની વડીલ સ્ત્રીઓની વચ્ચે પણ મારી ભૂલને મારૂં સ્વમાન સાચવીને વ્યક્ત કરશો તો સારૂં લાગશે. મારી ક્ષમતાને જાણવાનો પ્રયત્ન કરી તેને આગળ ધપાવવા મદદ કરશો તો અતિશય ગમશે. સમયની દૃષ્ટિએ તમારા અને મારી વચ્ચે અંતર છે પણ તમારા જૂના કટુ અનુભવને ભૂલી મારા જીવનમાં સૌભાગ્ય સુખો મેળવવા મદદ કરશો તે મને ગમશે.

તમારી આવી સ્નેહાળ કાળજી માટે મને બહુ માન થશે. તમારા હૃદયમાં દિકરીથી વિશેષ સ્થાન પામવાની આશા છે. આપણે તો ખૂબ લાંબા સમય સુધી સાથે રહેવાનું છે. દીકરી તો સમય આવ્યે પોતાના ઘેર ચાલી જશે. પરંતુ પુત્રવધૂ અંતિમ ક્ષણો સુધી સાથે રહેશે. તેના પ્રત્યે સ્ત્રીસહજ વાત્સલ્ય દર્શાવજો. સ્પર્ધા કે ઈર્ષ્યાની છૂપી લાગણીથી દૂર રહેજો. આપણે તો પ્રેમની પવિત્રતાથી પાવન થઈ પુણ્યશ્લોકી બનવાની ઝંખના રાખવાની છે હું પણ મારા તન, મન અને સેવા સમર્પણથી આપને પ્રસન્ન કરીશ. પત્રને લક્ષમાં લેવા બદલ આભાર.

***લિ. આપની પ્રેમાળ આજ્ઞાંકિત પુત્રવધૂ***

***(લેખન : શિલ્પા મહેતા - માધાપર, કચ્છ)***

*ગઈકાલની અસફળતાઓને ભંડકિયામાં દાટી દઈને મેદાનમાં ઊતરો.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## એપ્રિલ / મે - ૨૦૧૩

- **મંગળવાર, તા. ૨૩-૪-૨૦૧૩**

  સ્ટાફના રીવાઈઝ્ડ પગારનો મુસદ્દો શ્રી પ્રતાપભાઈ દંડ તથા મેડિકલ સમિતિના શ્રી કાંતિલાલભાઈ સાવલા, શ્રી અશ્વિનભાઈ સાવલા, ડૉ. હિતુભાઈ શાહ, શ્રી કે.આર. શાહ વગેરે પર તેમના અભિપ્રાય અર્થે મોકલી આપવામાં આવ્યો.

  ★

  મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે 'જીતો'એ વરઘોડો કાઢેલ હતો. ચાલુ વર્ષે તેની પધરામણી શ્રી કચ્છી જૈન ભવન પર થઈ શકેલ ન હતી.

  ★

  ભુજમાં ગુર્જર સમાજ જે મેડિકલ સેન્ટર ઊભું કરવા માંગે છે તેઓને જરૂરી માર્ગદર્શન આપવા બાબતે શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી અશ્વિનભાઈ સાવલા, ડૉ. હિતુભાઈ, શ્રી કે.આર. શાહ વગેરે સાથે ચર્ચા કરવામાં આવી.

- **બુધવાર, તા. ૨૪-૪-૨૦૧૩**

  મંગલ મંદિર, મે-૨૦૧૩ના ૫૫ (પંચાવન) પાનાનું બીજું પ્રુફ રીડિંગ કરવામાં આવ્યું.

- **ગુરૂવાર, તા. ૨૫-૪-૨૦૧૩**

  સ્ટાફના પગાર વધારાની દરખાસ્ત બાબતે મેડિકલ સમિતિના સભ્યો સાથે ચર્ચા વિચારણા કરી તેને ફાઈનલ રૂપ આપવા માટે ટ્રસ્ટ મંડળની આગામી મીટિંગમાં મૂકવાનું નક્કી કરવામાં આવ્યું.

  ★

  કચ્છના સર્વાંગી ઇતિહાસની બીજી પ્રત માટે નવા ૪ પ્રકરણ ઉમેરવાના જે તે તજજ્ઞને તેમના વિષયના લેખ મોકલી આપવા પત્રો લખવામાં આવ્યા.

  ★

  શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના ઈમ્પેક્ટ માટે ભરેલ ફોર્મ સામે અમ.મ્યુનિ. કોર્પો.નો અનેક મુદ્દાઓના ખુલાસા માંગતો પત્ર આજે મળ્યો.

- **શનિવાર, તા. ૨૭-૪-૨૦૧૩**

  'મંગલ મંદિર' મે-૨૦૧૩ના અંક માટેનું પ્રુફ રીડિંગ આજે પૂરું કરવામાં આવ્યું.

- **રવિવાર, તા. ૨૮-૪-૨૦૧૩**

  આજરોજ ડૉ. ધીરેન શાહના નવા મકાનના વાસ્તુ પૂજનમાં શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના અનેક ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી સમિતિના સભ્યો તથા અન્ય સભ્યો સારા પ્રમાણમાં ઉપસ્થિત રહેલ હતા.

- **સોમવાર, તા. ૨૯-૪-૨૦૧૩**

  'મંગલ મંદિર' માટે વર્ષ ૨૦૦૨થી વર્ષ ૨૦૦૫ દરમ્યાનની પોસ્ટ ખાતા દ્વારા લીકેજ રેવેન્યુ ચાર્જિસના રૂા. ૧,૨૩,૦૦૦/- ભરવાની જે નોટિસ આવેલ હતી તે સામે ઍડવોકેટ શ્રી ધન્વીન કે. પૂજ દ્વારા હાઈકોર્ટમાં રિટ કરવામાં આવી.

  ★

  શ્રી સોમચંદભાઈ લોડાયા સાથે ફોન પર વાત થતા જાણવા મળ્યું કે તેઓ અમદાવાદ છોડીને નજદીકના ભવિષ્યમાં જ ભુજ ટ્રાન્સફર થતા હોવાથી આવાસ યોજનામાં તેમને ફાળવવામાં આવેલ ફ્લેટ નં.-૧૦૫ તેઓશ્રી એકાદ મહિનામાં જ ખાલી કરી આપશે.

  ★

  કન્સલ્ટન્ટ શ્રી કે.કે. ગજ્જર ભવન પર આવેલ હતા. શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના ઈમ્પેક્ટ સામે અમ. મ્યુનિ. કો. તરફથી જે ખુલાસાઓ માંગવામાં આવેલ છે તેના દરેક મુદ્દાના જવાબો તૈયાર કરી, એકાદ અઠવાડિયામાં અમ.મ્યુનિ.કો.ની ઉસ્માનપુરા ઓફિસે મોકલી આપવાનું નક્કી કરવામાં આવેલ હતું.

  ★

  એવરી ડે હર્બલ બ્યુટી કેરવાળા શ્રી રાજેશભાઈ શાહ ભવન પર આવેલ હતા. તેઓની ૬૦ પ્રોડક્ટ્સમાંથી કેટલીક પ્રોડક્ટ્સનું ભવન પરથી વેચાણ કરવા શ્રી ભાવેશ ગડા સાથે બેસીને ચર્ચા કરવામાં આવેલ હતી.

- **મંગળવાર, તા. ૩૦-૪-૨૦૧૩**

  'મંગલ મંદિર'ના પોસ્ટિંગ માટે પોસ્ટ ખાતાની રૂા. ૧,૨૩,૦૦૦/-ની ડિમાન્ડ અંગે આજે પોસ્ટ ખાતા સામે હાઈકોર્ટમાંથી સ્ટે મેળવવામાં આવેલ.

- **ગુરૂવાર, તા. ૨-૫-૨૦૧૩**

  કચ્છના સર્વાંગી ઇતિહાસની બીજી પ્રત માટે જે સૂચિ ઇતિહાસના દરેક લેખના લેખકશ્રી પાસેથી મંગાવવાની રહે છે તેની વિગતો આજરોજ ભવન પર શ્રી હંસરાજભાઈ કંસારા સાથે બેસીને તૈયાર કરવામાં આવેલ હતી.

- **શુક્રવાર, તા. ૩-૫-૨૦૧૩**

  'મંગલ મંદિર' પર પોસ્ટ ખાતા દ્વારા આવેલ ગેરવાજબી લેણાની રકમ સામે હાઈકોર્ટમાંથી મેળવેલ સ્ટે આજરોજ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, પોસ્ટ વિભાગ, અમદાવાદ પર બજાવવામાં આવ્યો.

- **રવિવાર, તા. ૫-૫-૨૦૧૩**

  શ્રી કચ્છી જૈન ભવન પર ટ્રસ્ટ મંડળની એક મીટિંગ મળેલ હતી. અંદાજિત ૧૫ ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. સ્ટાફ માટેના નવા પગાર ધોરણના માળખાને મંજૂરી આપવામાં આવી. હવે પછી સમૂહ શ્રધ્ધાંજલિ સભા ન રાખવા નિર્ણય લેવામાં આવ્યો. સભ્યપદ માટે આવેલ નવી અરજીઓની દરખાસ્તને મંજૂર

*ઉગ્ર શબ્દોમાં વટ પડે છે, પ્રભાવ નથી પડતો.*

કરવામાં આવી. સુવર્ણ જયંતી મહોત્સવ પૂર્ણાહુતિ સમારોહ, મુંબઈ અતિથિ ભવન વગેરે બાબતે પણ ચર્ચા કરવામાં આવી.

- **સોમવાર, તા. ૬-૫-૨૦૧૩**

મે-૨૦૧૩ના 'મંગલ મંદિર'ના અંકો પોસ્ટ દ્વારા મોકલી આપવામાં આવ્યા.

★

શિક્ષણ અને ઇતર ડેવલપમેન્ટ સમિતિ દ્વારા તા. ૯-૬-૨૦૧૩ના સંમેલન માટે સમાજના સભ્ય પરિવારોના ૨૦ વર્ષથી ૫૦ વર્ષની વયજૂથના સભ્યોના સરક્યુલર પત્રો આજ રોજ પોસ્ટ કરવામાં આવ્યા.

★

આજરોજ શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપભાઈ દંડ ઍડવોકેટ શ્રી ભીખુભાઈ પાસે બ્રા.મિ.મં. સોસાયટી સામે વર્ષ ૨૦૦૪માં હાઈકોર્ટમાં કરવામાં આવેલ રિટ અંગે તેઓની ઓફિસે રૂબરૂ જઈને ચર્ચા કરી આવ્યા.

- **મંગળવાર, તા. ૭-૫-૨૦૧૩**

આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર મેડિકલ સમિતિની એક મીટિંગ મળેલ હતી. ૯ વ્યક્તિઓ ઉપસ્થિત રહેલ. રાત્રે ૭થી ૮ની ફીઝિયોથેરાપી માટે યોગ્ય પ્રચાર કરવાનું નક્કી કરવામાં આવ્યું. ફીઝિયોથેરાપી વિભાગ માટે લેસર મશીન (અંદાજિત કિંમત રૂા. ૨.૫૦ લાખ), હોટ પૅક (અંદાજિત કિંમત રૂા. ૧૯,૦૦૦/-) તથા સી.પી.એમ. મશીન (અંદાજિત કિંમત રૂા. ૩૫,૦૦૦/-) ખરીદવા ચર્ચા વિચારણા કરવામાં આવી. સ્કિન વિભાગમાં પણ લેસર મશીન વાપરી શકાય કે નહીં તેની ચકાસણી કરવી. આયુર્વેદ વિભાગ માટે પ્રચાર કરવો. સોનોગ્રાફી, કલર ડોપ્લર તથા ઈકોના દર્દીઓને કલર પ્રિન્ટ આપવાનું નક્કી કરવામાં આવ્યું. દર મહિને સરેરાશ ૯૦૦ સોનોગ્રાફી થતી હોવાથી સોનોગ્રાફી વિભાગ સવારના ૭ થી સાંજના ૭ સુધી ચાલુ રાખવાનું નક્કી કરવામાં આવ્યું. વધારાનું એક નવું સોનોગ્રાફી મશીન ખરીદવા સાદા મશીનના, ૩-ડી અને ૪-ડી મશીનના ભાવો મંગાવવાનું નક્કી કરવામાં આવ્યું.

- **બુધવાર, તા. ૮-૫-૨૦૧૩**

આજરોજ સાંજના ૭ વાગે યલો પેજિસ સમિતિની એક મીટિંગ મળેલ હતી. ૫ સભ્યો ઉપસ્થિત રહેલ હતા. ડિરેક્ટરીમાં દરેક સભ્ય કયા ઘટક સમાજનો છે તે ઘટક સમાજના કયા ટૂંક નામ લખવા તે નક્કી કરવામાં આવ્યું. બાકી રહેતા ફોર્મની સ્કુટીની કર્યા બાદ તે મંગાવવાનું નક્કી કરવામાં આવ્યું. અત્યાર સુધી આવેલ ફોર્મમાં રહી ગયેલ માહિતી પૂરી કરાવવાનું નક્કી કરવામાં આવ્યું. ૧૫ ઓગસ્ટ, ૨૦૧૩ના કોઈ પણ સંજોગોમાં યલો પેજિસ ડિરેક્ટરી પ્રકાશિત કરવાનું નક્કી કરવામાં આવ્યું. આ ડિરેક્ટરીમાં આપવાના વિવિધ માહિતીઓના કોઠા તૈયાર કરી, પ્રિન્ટિંગમાં મોકલી આપવાનું તેમજ ડિરેક્ટરીમાં લેવાની જાહેરાતો માટે સઘન પ્રયાસો કરવાનું નક્કી કરવામાં આવ્યું.

- **ગુરુવાર, તા. ૯-૫-૨૦૧૩**

કચ્છી યલો પેજિસના ૩ ઘટક સમાજના સરનામા સ્કુટીની કરી તેઓના ફોર્મ મંગાવવાનું નક્કી કરવામાં આવ્યું. અન્ય ૩ ઘટક સમાજના પણ સ્કુટીની કરેલ સરનામા બાદના ફોર્મ મંગાવવાનું નક્કી કરવામાં આવ્યું. આ કામગીરી બપોરના ૧ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી ચાલેલ હતી. લગભગ ૧૫૦ જેટલા નવા ફોર્મ આવવાની આથી શક્યતા રહેવા પામેલ છે.

- **શુક્રવાર, તા. ૧૦-૫-૨૦૧૩**

ઈમ્પેક્ટ અંગેના ફોર્મ ભરેલ હોવાના કારણે અમ. મ્યુનિ. કો.ના અધિકારીઓએ આજરોજ "શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ"ની મુલાકાત લીધેલ હતી અને કેટલીક જરૂરી વિગતો મોકલી આપવાની સૂચના તેઓશ્રી આપી ગયેલ હતા.

- **સોમવાર, તા. ૧૩-૫-૨૦૧૩**

આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા તથા શ્રી પ્રતાપભાઈ દંડ જળસિંચાઈ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર ગયેલ હતા અને આ વિભાગના ચીફ એન્જિનિયર શ્રી ગુલાટી સાથે કચ્છને ફાળવાયેલ ૧.૦૦ એમ.એ.એફ. વધારાના પાણી અંગે વિસ્તૃતપણે ચર્ચા કરી હતી.

- **મંગળવાર, તા. ૧૪-૫-૨૦૧૩**

આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા તથા શ્રી પ્રતાપભાઈ દંડ શ્રી મલયભાઈ ઝવેરીને સાથે લઈને શ્રી જે.એન. સિંઘ, મેનેજિંગ ડાયરેક્ટર, સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ, નવા સચિવાલય, ગાંધીનગરની મુલાકાત લીધેલ હતી. તેઓની આ પદે તાજેતરમાં જ નિમણૂક થયેલ હોવાથી પ્રથમ તો તેમને અભિનંદન આપ્યા. ત્યારબાદ કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના ૦.૫ એમ.એ.એફ. નિયમિત પાણી માટે તેઓશ્રી સાથે ચર્ચા કરેલ હતી અને જે જે કામો હાથ પર લેવાયેલ નથી તે બાબત તેઓને એક પત્ર પણ સુપરત કરેલ હતો. તેઓએ જણાવેલ કે તેઓ તા. ૧૭-૫-૧૩ તથા તા. ૧૮-૫-૧૩ આ બાબતે કચ્છની મુલાકાત લેનાર છે.

★

આજરોજ કે.કે. ગજ્જર ભવન પર આવેલ હતા. ઈમ્પેક્ટને લગતી આપણે જે વિગતો અમ.મ્યુનિ. કો.ને મોકલી આપવાની છે તેની તેઓ સાથે ચર્ચા કરેલ હતી. એ ચર્ચા મુજબ આજકાલમાં જ તેઓ શ્રી કચ્છી જૈન ભવન પરની વિગતોનો જવાબ અમ.મ્યુનિ. કો. પર મોકલી આપશે તેવું નક્કી કરવામાં આવેલ હતું.

- **બુધવાર, તા. ૧૫-૫-૨૦૧૩**

કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના વધારાના પાણી અંગે ચાલુ વર્ષ દરમ્યાન કોઈ નાણાં ફાળવાયેલ ન હોવાથી આજરોજ જળસિંચાઈ મંત્રી શ્રી બાબુભાઈ

બોખીરિયા તથા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને તે સંબંધી જરૂરી પત્રો લખીને મોકલી આપવામાં આવેલ હતા.

- **શુક્રવાર, તા. ૧૭-૫-૨૦૧૩**

ઈમ્પેક્ટના અનુસંધાને શ્રી કચ્છી જૈન ભવન માટે અમ.મ્યુનિ. કો.માંથી આવેલ પત્રનો જવાબ આજરોજ મ્યુનિ. કોર્પોરેશન પર મોકલી આપવામાં આવેલ.

- **સોમવાર, તા. ૧૮-૫-૨૦૧૩**

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ દ્વારા લખાવાયેલ "કચ્છનો સર્વાંગી ઈતિહાસ" ગ્રંથ મિમાંસાનો કાર્યક્રમ અમદાવાદની લબ્ધ પ્રતિષ્ઠિત સંસ્થા લાલભાઈ દલપતભાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડોલોજી દ્વારા આજરોજ રાખવામાં આવેલ હતો. આ સમારંભના પ્રમુખ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના અધ્યક્ષ શ્રી અશોક મહેતા હતા અને ગ્રંથની મીમાંસા શ્રી મહેન્દ્ર સાકરચંદ દોશી દ્વારા કરવામાં આવેલ હતી. ઈન્ડોલોજી સંસ્થાના અધ્યક્ષ ડૉ. જીતુભાઈ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ હતા. ગ્રંથ મીમાંસાનો પ્રતિભાવ શ્રી હંસરાજભાઈ કંસારાએ આપેલ હતો. ડૉ. જીતુભાઈ વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કરેલ હતા. ■

## ઊડતી નજરે....

### એપ્રિલ-૨૦૧૩ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........................................................<br>જેમાંથી – | **૯,૭૫૫** |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ.............................. **૪૪૪** | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ................................................... **૭૦** | |
| | (ખ) | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ............................... **૨૬** | |
| | (ગ) | સોનોગ્રાફી ............................................................................. **૮૯૯** | |
| | (ઘ) | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ........................................ **૧૧** | |
| | (ચ) | બોડી ચેક-અપ ......................................................................... **૩૯૬** | |
| | (છ) | અન્ય .................................................................................. **૭,૯૦૯** | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ...................................................... **૨,૪૦૭**<br>શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં લાભ લેનાર વ્યક્તિઓ ......... **૫,૮૯૦**<br>શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર વ્યક્તિઓ ................................ **૧,૩૧૮**<br>કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ ........................ **૧,૮૨૩** | **૧૧,૪૩૮** |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........................................................ **૮૫૫**<br>શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ......... **૩,૨૪૪** | **૪,૦૯૯** |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........................................................ **૬૧૩** | **૬૧૩** |
| | | એપ્રિલ - ૨૦૧૩ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ................. | **૨૫,૯૦૫** |

CUT FROM HERE

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વર્ષ ૨૦૧૩ની વિવિધ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલાઓનું માહિતી પત્રક

**(નોંધ : ફોર્મ ભરતાં પહેલાં પાછળની સૂચનાઓ અવશ્ય વાંચી જવી)**

નોંધણી ક્રમાંક

તા. :

વાલીનું પૂરું નામ અને અટક ____________________

(વાલીનું નામ) (દાદાનું નામ) (અટક)

કચ્છમાં ગામ ____________ તાલુકો ____________ જ્ઞાતિ/પેટા જ્ઞાતિ ____________

પત્રવ્યવહારનું પૂરું સરનામું ____________________

____________________ પીન ____________ ફોન ____________

તા. – – ૨૦૧૩ વાલીની સહી ____________

| ક્રમ | વિદ્યાર્થીનું નામ – પિતા – દાદા – અટક | વય | ઉત્તીર્ણ કરેલું ધોરણ | કયા ધોરણમાં આવ્યા | મેળવેલ માર્ક | કુલ માર્ક | કુલ ટકા | પરીક્ષા પાસ કરી હોય તે શાળા/કૉલેજનું નામ અને સ્થળ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

*પુરસ્કારપાત્ર વિદ્યાર્થીના વાલીઓને વિનંતી કે તેઓના પુરસ્કાર સ્વામિવાત્સલ્યના દિવસે જ મેળવી લેવા. પછીથી ક્ષમા.*

**ફોર્મ ભરીને મોકલવાની છેલ્લી તારીખ : ૩૦-૬-૨૦૧૩**

*(નામ વધુ હોય તો બીજું પાનું જોડવું)*

# સૂચનાઓ

(૧) આ પુરસ્કાર યોજના આ સમાજ હેઠળ આવરાયેલા અમદાવાદ - ગાંધીનગર અને તેની આજુબાજુના વિસ્તારોમાં વસવાટ કરનાર કચ્છી જૈન પરિવારોના અભ્યાસ કરતા બાળકો માટે છે.

(૨) ફોર્મમાં માગ્યા પ્રમાણેની પૂરી વિગતો સ્પષ્ટ વંચાય તે રીતે ગુજરાતી ભાષામાં સારા અક્ષરે ભરવી. નામો ટૂંકાક્ષરી ન લખતાં પૂરેપૂરાં લખવાં. ભરેલું ફોર્મ **તા. ૩૦-૬-૨૦૧૩** સુધીમાં મળી જાય તે રીતે આ સરનામે મોકલવું. **પુરસ્કાર સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬.** અન્યત્ર મોકલાયેલાં ફોર્મની કે ટપાલમાં મોડાં કે ટપાલમાં ગેરવલ્લે ગયેલાં ફોર્મની જવાબદારી સ્વીકારાશે નહી. પરબિડિયા પર યોગ્ય મૂલ્યની ટિકિટો (ટપાલના નવા દર પ્રમાણે) લગાડવી. દંડ થયેલી ટપાલ સ્વીકારાતી નથી.

(૩) ધોરણ-૫થી ઉપરના વર્ગના દરેક વિદ્યાર્થીએ ફોર્મની સાથે ગુણ પત્રકની અધિકૃત નકલ જોડવી ફરજિયાત છે. **જે વિદ્યાર્થીઓના ગુણપત્રક પછીથી આવવાના હોય તેમણે તેની નોંધ ફોર્મમાં જરૂરથી લખવી.**

(૪) શૈક્ષણિક ક્ષેત્રે કોઈપણ વિશિષ્ટતા મેળવનાર વિદ્યાર્થીઓના ફોર્મ સાથે આવી વિશિષ્ટતાના અધિકૃત પુરાવા (વર્તમાન પત્રમાંના ઉલ્લેખો વગેરે)ની અધિકૃત નકલો સાથે અલગ કાગળ પર ઉલ્લેખ કરવો.

(૫) નીચેની વિગતો અનુસાર ચાલુ વર્ષે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ પુરસ્કારને પાત્ર છે.

(ક) નર્સરી/બાલમંદિર/કે.જી. થી ધો ૭ સુધીના વર્ગોમાં ઉત્તીર્ણ થયેલા તમામ વિદ્યાર્થીઓ પુરસ્કારને પાત્ર છે. ઉત્તીર્ણ થયેલ ધોરણ-૫ થી ઉપરના વિદ્યાર્થીએ માર્કશીટ મોકલવી જરૂરી છે.

(ખ) ધોરણ-૮ અને તેથી ઉપરના વર્ગના દરેક વિદ્યાર્થીએ ફોર્મની સાથે ગુણપત્રકની અધિકૃત નકલ જોડવી ફરજિયાત છે.

(ગ) (i) ધો. ૮થી પૂર્વસ્નાતક **(Under graduate)** સુધીના તેમજ સર્ટિફિકેટ, ડિપ્લોમા કે તેમના સમકક્ષ વર્ગની પરીક્ષામાં **૬૦.૦ ટકા ગુણ** કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર દરેક વિદ્યાર્થી પુરસ્કારને પાત્ર છે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીના GUJCET નું પરિણામ જરૂરથી બીડવું.

(ii) સ્નાતક **(Graduate)** વર્ગની પરીક્ષામાં **૫૦.૦ ટકા** કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર દરેક વિદ્યાર્થી પુરસ્કારને પાત્ર છે.

(iii) અનુસ્નાતક **(Post Graduate)** વર્ગની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર **દરેક વિદ્યાર્થી** પુરસ્કાર પાત્ર છે. આવા વિદ્યાર્થીઓનાં ગુણપત્રકની અધિકૃત નકલો ફોર્મ સાથે બીડવી જરૂરી છે.

(૬) **પોતાનું ફોર્મ સમાજને મળી ગયું છે કે કેમ તે નિશ્ચિત કરવા ઈચ્છનારે પોતાના સરનામાવાળું પોસ્ટકાર્ડ (પૂરતી સ્ટેમ્પવાળું) સાથે બીડવું, જેના પર ફોર્મ મળી ગયાની પહોંચ અત્રેથી મોકલી આપવામાં આવશે. સંસ્થાની ઓફિસે રૂબરૂ ફોર્મ આપી જનારે પોતાના ફોર્મનો નોંધણી ક્રમાંક મેળવી લેવો.**

**_પુરસ્કાર સમિતિ_ : પંકજ ગોગરી (કન્વીનર), મનીષ વીરા, શ્રીમતી સ્મિતા શાહ, શશીકાન્ત ગાલા, વિમેશ શાહ, પૂજન ગોરજી, નિમેષ ગોગરી.**

***પંકજ મેઘજી ગોગરી,*** *કન્વીનર - પુરસ્કાર સમિતિ*

GILL & CO. PVT. LTD.

IMPORTERS - EXPORTERS & COTTON MERCHANT

"5", Aishwarya-1, 68, B.M.M. Society, Old Sharda Mandir Railway Crossing,
Ellisbridge, Ahmedabad - 380 006.
Phone : 079 - (O) 2658 6088 (R) 2658 1733 Telefax : 079 - 2658 6088
Mobile : 98253 28836 / 93742 08010 / 93742 08011

Registered Office : NTC House, Narottam Morarjee Marg,
Ballard Estate, P.O. Box. No. 86, Mumbai - 400 038.
Phone : (022) 2261 5001 (4 Lines)
Fax : (022) 2262 0598, 2265 5069 Telegram : "GILLCO, MUMBAI"
Email : gillco@gillcot.com

: BRANCHES :
ADONI / AHMEDABAD / AMRAVATI
BHATINDA / NEW DELHI / UJJAIN


# મહિલા ઉત્કર્ષ સમિતિ

## (શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ)

સમિતિ દ્વારા તા. ૧૭-૪-૨૦૧૩ના રોજ પાલડી ભવન ખાતે યોજાયેલ એક કાર્યક્રમમાં ઈન્ફિનિટી ઈન્ડિયા ફાઉન્ડેશનના શ્રી પારસ પરમારે ગર્ભ સંસ્કાર જ્ઞાન વિષય પર વિસ્તૃત માહિતીની રજૂઆત કરી હતી.

તે ઉપરાંત કૂકિંગ નિષ્ણાત શ્રીમતી પૂર્વા મહેતાએ વિવિધ પ્રકારની આઈટમોનું ડેમોન્સ્ટ્રેશન કરીને ઉપસ્થિત સભ્યોને તે વિશેની જાણકારી આપી હતી.

જેનો સંપૂર્ણ અહેવાલ ગત અંકમાં પ્રસિદ્ધ થયેલ છે. તે પ્રસંગની તસવીરી ઝલક અત્રે પ્રસ્તુત છે.

કન્વીનર : સુરુ જયદીપ શાહ



ગર્ભ સંસ્કાર સેમિનારના વકતા શ્રી પારસ પરમારનું બહુમાન કરતાં સમિતિના સભ્યો



કુકિંગ ડેમોન્સ્ટ્રેશન આપતાં કુકિંગ એક્સપર્ટ શ્રીમતી પૂર્વા મહેતા

**Since 1958** **Leading. Innovating. Growing.**

# GET ASSOCIATED WITH AN AWARD WINNING ORGANIZATION



CFBP-Jamnalal Bajaj Award - 2011
for Fair Business Practices on April 20, 2012




Apollo-CV Award - 2012
for Best Practice Adopter of the Year on April 30, 2012

Winner of FOUR Excellence Awards in 3 months.




Ceat India Road Transportation National Award
for Customer Experience - 2012




Ceat India Road Transportation National Award
for Excellence in Personnel Management - 2012

**ISO 9001 : 2008**

## Our Divisions

**V-Trans**
Reliable Hard Freight Transport

**V-Xpress**
Timebound Multimodal Express Cargo Service

**V-Logis**
Warehousing & Inventory Management

***In just three months V-Trans bags 4 prestigious excellence awards in 4 different categories in recognition of its relentless pursuit of Quality***

**V-Trans** is a total logistics solutions provider having over 425 branches spread across 26 states in India. With over 53 years of expertise, we offer surface transport, express cargo service (including air & rail) and integrated warehousing facilities all under one roof through V-Trans, V-Xpress and V-Logis divisions respectively.

## Our Deliverables

- Unique marine insurance cover of all goods from booking to delivery
- Centralised Customer Service Cell with Toll Free Number
- Specialists in safe and Speedy movement of goods
- Specialists in movement of small parcels from 10 kg onwards to Bulk goods, Half / Full Truck Loads, ODC and Projects to suit tailor made requirements
- Dedicated Corporate and Key Account Management
- Fleet of over 600 vehicles of all sizes and dimension

**Corporate Office : V-Trans (India) Limited**
5-A, Navre Apartments, S. V. Marg, Sion (West),Mumbai - 400 022. Tel: 022 - 2402 0880. Fax: 022-24043144
Email: info@vtransgroup.com Web: www.vtransgroup.com

**V-Trans Toll Free no. : 1800-220-180** **V-Xpress Toll Free no. : 1800-220-240**

*With*

*Best Compliments*

# ASHAPURA

## GROUP OF INDUSTRIES

**ASHAPURA GROUP OF INDUSTRIES**

Jeevan Udyog Building, 3rd Floor, 278, Dr. D. N. Road,

Fort, Mumbai - 400 001, INDIA.

Tel. : +91-22-6665 1700 Fax : +91-22-2207 9395 / 2207 4452

E-mail : ashapura@vsnl.com

Website : www.ashapura.com

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2012-2014 Valid upto 31st December, 2014.
Published on 1st of Every Month and Permitted to Post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978

A World Class Exterior & Interior Acrylic Paints




*You Can't Buy Better Even At Higher Price !*

INDOCEM (INDIA) PVT. LTD.
(An ISO 9001: 2000 Certified Company)

**Ahmedabad** : 27541226, 27544161, 25743401, Fax : 079-27544199, **Bangalore** : 080-26758800, 26758028, **Baroda** : 0265-2412446, 2434041, **Bhopal** : 0755-2556785, **Bhuj** : 02832-223290, 250959, **Goa** : 0832-2752582, **Hubli** : 0836-2251415, **Hyderabad** : 040-24740401, 55598874, **Mangalore** : 0824-2410320, 4252325, **Mumbai** : 022-26858636, 26858639, **Nasik** : 0253-2511247, **Pune** : 020-26110951, **Rajkot** : 0281-2222766, **Surat** : 0261-2543332,